ફેબ્રુઆરી, ૨૦૧૫

# પાવન હૃદય દૂત



મૂળ સામયિકની સ્થાપના ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-



# *CONGRATULATION DADDY AND MUMMY ON YOUR 25TH WEDDING ANNIVERSARY*



(03-02-1990)
**Shashikant Parmar**



(03-02-2015)
**Pushpa Parmar**

*Congratulations and Best Wishes for completing 25 years together.*

*We wish that God showers blessings on you and may the years ahead be filled with joy, peace and happiness.*

*"Love would have a better reputation if there were more couples like you. More people would believe in marriage if they saw the commitment between you two.*

*The world would be a better place if there were more parents like you.*

*Congratulations for being the epitome of love, marriage and parenthood"*

*We love you very much dad & mom.*

*Live long and prosper.*



**Sumeet S. Parmar**



**Paresh S. Parmar**

***From:***

***B-22, Sapana Safalya, 25th Road, Bandra (W), Mumbai - 400050***

'પ્રભુનો માની લો આભાર! એ છે ભલાઈનો ભંડાર, એની કરૂણા શાશ્વત, અપરંપાર.'

(સ્રોત ૧૦૭:૧)






લગ્નસંસ્કાર
૨૭ ફેબ્રુઆરી, ૧૯૬૫

લગ્નસંસ્કાર સુવર્ણજયંતી
૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫

ઈશ્વરપિતાની અસીમ કૃપાથી અમારાં વ્હાલાં મમ્મીપપ્પા તેમનાં લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે ત્યારે અમે સમગ્ર પરિવાર પ્રભુ પરમેશ્વરનો આભાર માનીએ છીએ. ઈશ્વરપિતા તેમને પુષ્કળ આશીર્વાદિત કરે તથા તેમનું જીવન પ્રભુના મહિમાર્થે વપરાય એ જ અભિલાષા.




અમે છીએ આપનાં આભારી પુષ્પો
જયંતિ - નિર્મળા
જોયલ - નિચંતા
પુષ્પા - સ્વ. પરેશ
પ્રજ્ઞેશ - પ્રતીક
જ્યોતિકા - વિપુલ
શ્રેયા - વિઆન
સ્વ. સંગીતા
સિસ્ટર કુસુમ



હિલ સ્ટ્રીટ, કઠલાલ, જિ. ખેડા

સુંદર મજાનું સપનાનું ઘર

**ખાસ ખુશ ખબર... તદ્દન વાજબી ભાવે**

**મિલ્ક સીટી આણંદના સાનિધ્યમાં આકાર લઈ રહેલ નયનરમ્ય ટાઉનશીપ એટલે...**

**સમર્પણ પાર્ક**

**૨૫ લાખમાં...**

**3 BHK**

**કાર પાર્કિંગ સાથે**



## ખાસ ખુશખબર

શહેરના ઘોંઘાટ અને પ્રદૂષણથી દૂર, ખુલ્લી જગ્યામાં, કુદરતના સાનિધ્યમાં બાગ-બગીચા સહિતનું આયોજન. કુલ ૪૧ બંગ્લોઝ જેમાં 3 બેડરૂમ રેસીડન્સ, લેન્ડસ્કેપ ગાર્ડન્સ, સિનિયર સિટિઝન સીટીંગ, પેવર પાથવેઝ, વોકવેઝ વગેરે જીવનજરૂરી સુવિધાઓ સાથે સુંદર રીતે વણી લેવામાં આવેલ છે. "સમર્પણ પાર્ક" સૌથી ઝડપથી વિકસી રહેલ જિંટોડીયા રોડ પર કોઈપણ હાઈરાઈઝ બિલ્ડીંગ સિવાયના વિસ્તારમાં અને આપની રોજિંદી જરૂરિયાતોની તદ્દન નજીક.

**સુવિધાઓઃ-** (૧) સોસાયટીની ફરતે કંમ્પાઉન્ડ વોલ (૨) બે કોમન પ્લોટ (૩) દરેક મકાનને અલાયદી ૧૦૦૦ લીટરની સિન્ટેક્ષ-રેનો પાણીની ટાંકી (૪) કોમન બોરવેલ (૫) દરેક મકાનને ડ્રેનેજ ખાળકૂવો (૬) ગેસ લાઈનની સુવિધા (૭) લોન પેપર ઉપલબ્ધ (૮) દરેક મકાનને કમ્પાઉન્ડ વોલ (૯) સોસાયટીના અંદરના રોડ પેવર બ્લોક ફીટીંગ સાથે (૧૦) સોસાયટીનો આકર્ષણ મેઈન ગેટ.

**—ઃ બુકીંગ સંપર્ક ઃ—**

| | | |
|---|---|---|
| **રવીન્દ્ર એસ. પરમાર** | **કમલેશ જાદવ**<br>**૭૩૫૯૬ ૬૪૧૪૨** | **રશ્મિનભાઈ**<br>**૮૧૪૧૨ ૫૮૪૪૩** |
| **સ્થળઃ- આદ્યસક્રાંત સોસાયટી સામે, પ્રકૃતિપાર્કની બાજુમાં, ચાવડાપુરા, આણંદ** | | |

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેશ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
ફાધર રત્નાસ્વામી

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમ:** બિનલ પી. મેકવાન

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**તંત્રીલેખ**
સંતપદ ✧ જસવંત મેકવાન ૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૧૦
સવિતાબહેન પરમાર ✧ વિનુભાઈ કાપડિયા ✧ બકુલ મેકવાન ✧ જેક્સન વી. પરમાર ✧ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૧
ફાધર વિલિયમ "રિશ્તા" ✧ હસમુખ ક્રિશ્ચિયન ✧ ફાધર રીચર્ડ લોપિસ એસ.જે. ✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન

**લેખો**
ઈશ્વરના રાજ્યના કામદાર ✧ ફાધર નિલેશ પરમાર ૧૩
પ્રેમના માર્ગે ચાલવા... ✧ બ્રધર દોમિનિક સાવીઓ ૧૪
'દૂત' તથા યુવાસમાજ ✧ ભાવિન જે. પરમાર ૧૬
યુવાશક્તિ અને રાજકારણ ✧ રાજેશ ક્રિશ્ચિયન ૧૮
આહ્વાન: 'યુવાનો - ડિજિટલ ટેક્નોલોજીને આરે' ✧ સહતંત્રી ૨૦
સ્વ. બ્રધર પોલ મેકવાન એસ.જે. ✧ ફાધર લોરેન્સ ધર્મરાજ એસ.જે. ૨૨
મેઘધનુષના સાત રંગ ✧ ફાધર સંદિપ મધુકર ૨૩
આસક્તિ–મુક્તિમાં અવરોધક ✧ જોન કાનીસ ૨૪
કુમાર સુવર્ણચંદ્રક વિજેતા કવિ ✧ પ્રફુલ્લ રાવલ ૨૬
શુભસંદેશ અને પરિવાર ✧ ફાધર એન્ડ્રુ સિલ્વેરા, એસ.જે. ૨૮

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧-૩૪


એક યુવકનું મનોમંથન ✧ રેવ. ડો. ચંદ્રકાન્ત પથિક ૩૫
સ્વ. ફાધર બાસીલ પરમાર એસ.જે. ✧ સંકલન: સહતંત્રી ૩૬
અપરાધની તીવ્ર લાગણી ✧ ફાધર વર્ગીસ પોલ એસ.જે. ૩૮
શ્રદ્ધાંજલિ: ફાધર પીટર ફર્નાન્ડીઝ ✧ રમેશ પી. મેકવાન ૩૯
સ્કાઉટિંગ અને વિશ્વબંધુત્વ ✧ પ્રકાશ એસ. પરમાર ૪૦

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૫૪

**આવરણ:** સંન્યસ્ત જીવન વર્ષમાં ગુજરાત ઈસુસંઘના પ્રથમ ગુજરાતી ઈસુસંઘી સ્વ. ફાધર બાસીલ એલ. પરમાર ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ જન્મના ૧૦૦ વર્ષ પૂર્ણ કરે છે, ત્યારે 'દૂત'ના તંત્રી તરીકે ૧૫ વર્ષ સુધી સેવા આપનાર સ્વ. ફાધર બાસીલને પ્રણામ.


આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ

**વડાધર્મગુરુ ફ્રાન્સિસ કહે છે...**



*"ત્યાગ કરવા માટે તપઋતુ સારો સમયગાળો છે. રોજબરોજના જીવનમાંથી કશાકનું સ્વાર્પણ કરી જરૂરિયાતમંદને મદદરૂપ બનીએ. વાસ્તવિક દુષ્ટતા અને નબળાઈઓ વચ્ચેથી દિશા પરિવર્તન માટે તપઋતુ સાનુકૂળ વાતાવરણ સર્જે છે."*

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

**લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું**

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

**કાર્યાલયનો સમયઃ**

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

**લવાજમ**

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

**એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર**

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : રૂા. ૧૧,૦૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

**લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત**

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**

# તંત્રીલેખ

# સંતપદ

ગોઆના એક અંતરિયાળ ગામડામાં ડુંગર પર એક વૃદ્ધ દાદીમા પોતાની એક પાળેલી બિલાડી સાથે એકલાં રહે. તે દિવસોમાં હજુ ત્યાં સુધી વીજળીની સુવિધા પહોંચી ન હતી એટલે, સાંજ પડે ત્યારે તે મીણબત્તીનો ઉપયોગ કરતાં. ધીમે ધીમે તેમણે બિલાડીને એવી તાલીમ આપી હતી કે દાદીમા વાળુ કરીને, પ્રાર્થનાની પુરાણી પુસ્તિકામાંથી સાંજની પ્રાર્થના કરી લે ત્યાં સુધી બિલાડી મીણબત્તી પકડી રાખે.

એક વખત દાદીમાએ સાંજના ભોજન માટે પોતાન પડોશીઓને આમંત્રણ પાઠવ્યું. જોકે ઉંડેઉંડે તો પોતાની બિલાડીની તાલીમ પ્રદર્શિત કરવાની દાદીમાની ઈચ્છા ખરી! બિલાડીની કરતબ સાંભળીને પડોશીઓ તો પહેલેથી જ હેરાન થઈ ગયા હતા. એકાદબે જણ તો બિલાડીની પરીક્ષા કરવાનું પણ મનોમન નક્કી કરીને આવ્યા હતા. સાંજ ઢળી દાદીમાએ મીણબત્તી સળગાવી. બિલાડી તેનુ રખોપું કરવા લાગી. પડોશી મહેમાનોમાંથી એક જણ પોતાની સાથે માંસનો એક ટુકડો લઈ આવ્યા હતા. બહુ જ સાવધાનીપૂર્વક, બિલાડી ટૂકડો જુએ અને બેધ્યાન બને એમ તેમણે કોશિશ કરી પણ બિલાડી સ્થિર રહી.

થોડીવાર પછી બીજા પડોશીએ બિલાડીને અજમાવી જોઈ; તેઓ એક માછલી લઈ આવ્યા હતા પણ માછલીની સામે બિલાડીએ ઊંચી આંખ કરીને જોયું સુદ્ધાં નહીં. બન્ને પડોશી માની ગયા કે ખરેખર દાદીમાની બિલાડી લાજવાબ છે! હવે ત્રીજા પડોશીએ અંતિમ મોરચો ખોલ્યો. તેઓએ બિલાડીની ખ્યાતી સાંભળી હતી અને ગમે તે રીતે બિલાડીને ચલિત કરવા માગતાં હતાં એટલે એક નાનકડા પાંજરામાં ઉંદર લઈને આવ્યાં હતાં. દાદીમા પોતાની બિલાડીની તાલીમ પર ફિદા હતાં, પડોશીઓ પણ વળી વળીને વખાણ કરતાં હતાં ત્યાં જ ત્રીજા પડોશીએ પાંજરામાંથી ઉંદર મુક્ત કર્યો અને ધડામ દઈને બિલાડીએ ઉંદર પર તરાપ મારી... મીણબત્તી હોલવાઈ ગઈ. દાદીમાના ચહેરા પરની શરમ અંધકાર સાથે ભળી ગઈ!

જો દાદીમાને બિલાડીની 'મર્યાદા' વિશે સભાનતા હોત તો કદાચ ચિત્ર જુદું હોત! કાંતો બિલાડીને વધારે તાલીમ આપીને દૃઢ કરી હોત અથવા તો તેની કરતબ વિશે શેખી મારવાનું છોડી દીધું હોત! પણ બિચારાં દાદીમા... આ તો માત્ર એક કાલ્પનિક વાર્તા. કોઈ સામયિકમાં વાંચી હશે પણ સૌ પ્રથમ હું મારી જાતને પ્રશ્ન કરું તો, શું હું મારી મર્યાદાઓથી સભાન છું? જો મને મારી મર્યાદાઓની સભાનતા હોય તો રોજબરોજના વર્તન વ્યવહારમાં મને ઝાઝી તકલીફ નહીં પડે. મને જીવનજંગ ખેલવામાં સરળતા રહેશે.

વ્યક્તિ, પરિવાર, સમાજ, પ્રદેશ, રાજ્ય, રાષ્ટ્ર એમ સૌને પોતાની લાક્ષણિક્તા-વિશેષતાઓ સાથે મર્યાદા-નબળાઈઓની સભાનતા હોય તો...? આપણામાં ઈશ્વરદત્ત ઘણી સારી બાબતો-સદ્‌ગુણો છે. તેનાથી પણ સત્વરે પરિચિત થવાની જરૂર છે જ. જે આપણને સ્વખ્યાલ અને આત્મવિશ્વાસના નિર્માણમાં મદદરૂપ બની શકે છે. વિશેષમાં આ પણ એટલું જ મહત્ત્વનું છે, વધારે મહત્ત્વનું છે કે આપણે આપણી મર્યાદાઓ જાણતા હોઈએ. કઈ બાબતો એવી છે જે આપણને વિકાસ માટે નડતરરૂપ છે? ક્યાં ક્ષેત્રો છે જેનાથી હું અજાણ છું? મારી વ્યક્તિગત પ્રતિષ્ઠા, પદ-ગૌરવ, સામાજિક મોભો, જીવનમૂલ્યો-આદર્શ વગેરેને નુકસાન કરી શકે એવી ચીજવસ્તુઓ, અપેક્ષાઓ-અરમાનો, વાણી -વર્તન-વલણ-વ્યવહારથી મારે અવગત બનવું જ રહ્યું. કોઈપણ ઘડીએ શક્તિ કરતાં અશક્તિનું પલ્લુ નમી જાય તો જીવન મુશ્કેલીમાં મૂકાય જાય! રાતની ઉંઘ અને દિવસનું ચૈન છીનવાઈ જાય!

વિશ્વના ઈતિહાસ પર દૃષ્ટિપાત કરીએ તો મહાનપુરુષોના વ્યક્તિત્વમાં હકારાત્મક બાબતો સાથે કેટલીક નકારાત્મક બાબતોની નોંધ તેમણે જાતે જ લીધી છે અને એટલે જ તેઓ મહાન બની શક્યા. સદ્‌ગુણો સાથે નબળાઈઓ, મર્યાદાઓ અને અપૂર્ણતાઓ (ખામીઓ)થી પણ તેઓ માહિતગાર હતા. મર્યાદાઓને પ્રમાણિત કરી ન્યાયી ઠેરવવા કે બહાનાબાજી ચલાવી યર્થાથપણું પુરવાર કરવાની કોશિશ કરવાને બદલે તેઓએ નિખાલસ ભાવે પોતાની મર્યાદાઓનો સ્વીકાર-એકરાર કર્યો હતો, એટલું જ નહિ ઢાંકપિછોડો કરવાને બદલે, તેના પર પ્રભુત્વ મેળવવા, પોતાની યથાશક્તિ કોશિશ જારી રાખી હતી.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી આવા એક મહાન વિભૂતી હતા જેમણે પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં કબૂલ કર્યું હતું : 'સખેદ હું મારી મર્યાદાઓથી સભાન છું.' એ જ ગાંધીજીએ વિશ્વના સૌથી મહાન પુરુષ, નૈતિક મૂલ્યોના તાકાતવર તરીકે પોતાને સિદ્ધહસ્ત કરી દુનિયાને અચંબામાં નાખી દીધી છે!

સંત અગુસ્તિને પણ એ પ્રમાણે જ કર્યું છે. પોતાની આત્મકથા 'કન્ફેશન ઓફ સેન્ટ અગુસ્તિન'માં પોતાની ગંભીર ભૂલોનો એકરાર પશ્ચાતાપ કર્યો છે, જેને કારણે કેથોલિક ધર્મસભામાં વિશ્વંદનીય સંત બની ગયા.

મર્યાદાઓથી સભાન બનીને આપણે સફળતા અને સાર્થકતા-સંતપદ તરફ નિશ્ચિતરૂપે એક પગલું આગળ ભરીએ છીએ. જો આ કદમ ભરીએ નહીં તો ક્યાંય અધવચ્ચે ભટકી જવાની શક્યતા છે.

એક નાનકડું છિદ્ર વિશાળકાય જહાજની જળસમાધિ માટે નિમિત્તરૂપ બની શકે છે! જહાજ ડુબે તે પહેલાં જ તેની શોધ કરી, તેનો ઈલાજ કરી વહાણ સહીસલામત કિનારે હંકારી જવામાં જ શાણપણ છે.

માબાપ-ગુરુજનોની મર્યાદા પ્રત્યેની સભાનતા સ્વીકાર અને સંતગતિ, સંતાનો, વિદ્યાર્થીઓને માટે આદર્શરૂપ બની રહેશે. માનવજાતના ઈતિહાસમાં એવાં અનેક ઉદાહરણ મળી અને જ્યાં મર્યાદા-પાપ ઓળંગીને ઉન્નત-સંતજીવન પ્રાપ્ત ન કર્યું હોય!!

સંતાન, વિદ્યાર્થી અને ભક્તજન, પોતાનાં માબાપ, ગુરુજન અને ધર્મગુરુને આદર્શ તરીકે જુએ છે, તે સંજોગોમાં એક વ્યક્તિ તરીકે, નાનેરાં આગળ વડીલોની ભૂમિકા નમૂનારૂપ હોવી જ જોઈએ, ખરાબ નમૂનો આપનાર માટે ઈસુએ કેવી ચેતવણી આપી છે! 'પાપનું મૂળ જ ખોદી નાખો'ની શીખ આપતાં ઈસુએ કહ્યું : 'જે કોઈ મારામાં શ્રદ્ધા રાખનાર આવા નાનેરા જનોમાંના એકાદને પાપમાં પ્રેરે છે તેને તે પહેલાં જ ગળે ઘંટીનું મોટું પડ બાંધીને ઉંડા દરિયામાં ડુબાડી દેવામાં આવે એ જ એને માટે બહેતર છે.' (માથ્થી ૧૮:૬) એટલે બદત્તર જીવન પોતાને તેમજ અન્યને માટે નુકસાનકારક છે એ ન ભૂલવું જોઈએ.

બીજા હાથે પરમાત્માએ પોતાનાં સંતાનોને, પવિત્ર જીવન જીવવા, સંત બનવા હાકલ પણ કરી છે, પ્રભુ ઈસુ શિષ્યોને કહે છે : 'તમારે તો તમારા પરમપિતા જેવા પૂર્ણ છે, તેવા જ પૂર્ણ બનવાનું છે.' (માથ્થી : ૫:૪૮). ભગવાન ઈસુના ઉત્તરાધિકારી સંત પીતર પણ લખે છે; 'તમને હાકલ કરનાર ઈશ્વર જેવો પવિત્ર છે, તેવા પવિત્ર તમે પણ તમારા સર્વ વ્યવહારમાં બનો. કારણ શાસ્ત્રમાં લખ્યું છે' 'પવિત્ર બનો, કારણ હું પવિત્ર છું.' (૧ પીતર ૧:૧૫-૧૬) પરમેશ્વરની હાકલને પ્રત્યુત્તર આપતાં જે વ્યક્તિ ખરેખર ઈશ્વર અને માનબંધુના પ્રેમમાં સફળ બને છે, તે અચૂક સંત બને છે. ખ્રિસ્તના અનુયાયીઓ માટે આથી બીજો કોઈ વિકલ્પ હોઈ શકે!

'સમય પાકી ગયો છે, ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે. હૃદયપલટો કરો અને શુભસંદેશ ઉપર શ્રદ્ધા રાખો' (માર્ક ૧:૧૫). હાકલ કરનાર ઈસુ શિષ્યોની જેમ દરેકને આમંત્રણ પાઠવે છે. 'મારી પાછળ પાછળ આવ.' જકાતદારો અને પાપીઓ સાથે પંગતમાં બેસનાર ઈસુની ફરોશી સંપ્રદાયના શાસ્ત્રીઓ ટીકા કરે છે ત્યારે પાપીઓનો પક્ષ લઈ ઈસુ કહે છે, 'વૈદ્યની જરૂર સાજાંને નથી હોતી, માંદાને હોય છે. હું પુણ્યશાળીઓને નહિ પણ પાપીઓને બોલાવવા આવ્યો છું.' આ રીતે ઈસુ નબળાઈઓ સાથે મને સ્વીકારે છે, પણ ફરી પાપ ન કરવા અને પાપથી દૂર રહેવા તાકીદ પણ કરે છેઃ માર્ક ૯:૪૨-૪૮.

ખ્રિસ્તયજ્ઞ દરમિયાન ક્ષમાયાચનામાં આપણે સૌ પાપનો એકરાર કરીએ છીએ: 'બૂરું કરીને જે કર્તવ્ય ચૂકીને, મન વચન કર્મથી મેં અસંખ્ય પાપ કર્યા છે. એ મારો દોષ છે, મારો પોતાનો દોષ છે.' કબૂલ કરીને પાપની માફી માટે દયા માંગીએ છીએ. એટલે પોતાની મર્યાદા ઓળખી બૂરું કરનારા પાપથી આપણે બચી શકીએ, પણ કર્તવ્યભાન વિશે પણ વિચારવું પડે. બીજાની આંખમાંનો ભારટિયો જોવાને બદલે પોતાની આંખમાંની રજ જોવાનો આદેશ દંભીઓને આપ્યો છે, પણ બીજાઓને પણ સન્માર્ગે વાળવા માટે ઈસુ સુંદર રસ્તો બતાવે છે. "જો તારો ભાઈ કંઈ અપરાધ કરે, તો તેને મળીને એકાંતમાં તેની ભૂલ સમજાવજે. જો તે તારું સાંભળે, તો તેં તારા ભાઈને પાછો રસ્તે આણ્યો સમજજે. પણ જો તે તારું ન સાંભળે, તો બીજા એકબે જણને તારી સાથે લઈને જજે, જેથી બેત્રણ સાક્ષીઓની રૂબરૂ બધું પુરવાર થઈ શકે. અને જો તે તેમનું પણ સાંભળવાની ના પાડે, તો ધર્મસંઘને વાત કરજે. અને જો તે ધર્મસંઘનું પણ સાંભળવાની ના પાડે, તો પછી તું એને વિધર્મી કે જકાતદાર જેવો જ ગણજે. (માથ્થી ૧૮:૧૫-૧૭)

એટલે જ્યાં જ્યાં આપણને આપણા સ્વજનો, પરિવારજનો, માનવબંધુની મર્યાદા જણાય ત્યાં શુભસંદેશ ચીંધ્યા રાહે તેને સન્માર્ગે વાળવાની ફરજ બને છે. દારૂના વ્યસનના રવાને ચડેલા કેટલા યુવાનો ભરજવાનીમાં ભયંકર મોતને ભેટે છે. દારૂડિયાને ગાળો ભાંડતા તેનાં પત્ની-બાળકોની લાચારીને વામણા બની જોઈ રહીએ છીએ. પણ એ યુવાનને વ્યસનના ખોપમાંથી બહાર લાવવા જો મેં કંઈ ન કર્યું હોય તો 'કર્તવ્ય ચૂકી' ગયાનું પાપ કરું છું. 'મારે શું?' 'કરે તે ભોગવે', 'મરશે એના પાપે' વગેરે ઉદ્‌ગાર બંધ કરી ક્યારેક પ્રેમ-સમજાવટ-પ્રાર્થના કરીને સન્માનર્ગે લાવવાની મારી ફરજ વિશે હું સભાન બનું તે જરૂરી છે. જો આપણે તેમ નહીં કરીએ તો ઈસુએ શાસ્ત્રીઓને જે ચેતવણી આપી હતી તે આપણને પણ આપે છેઃ ઈસુ પયંગબર યશાયાએ કરેલ દંભીઓનું વર્ણન યાદ અપાવે છેઃ

ઈસુએ કહ્યું, "તમો દંભીઓનું યશાયાએ યથાર્થ વર્ણન કરેલું છે : 'આ લોકો મને મોઢેથી તો માન આપે છે, પણ તેમનું હૃદય મારાથી ઘણું ઘણું દૂર છે. તેઓ મારી પૂજા કરે છે તે નકામી છે, કારણ, તેઓ માણસના કરેલા નિયમોને ધર્મસિદ્ધાંતો તરીકે પ્રબોધે છે.' (માર્ક ૭:૬-૭)

ગિરિપ્રવચનમાં 'પરમસુખનો માર્ગ'ની સમજ આપતાં ઈસુ, પરમપિતાની ઈચ્છા પ્રમાણે વર્તનારને 'ધરતીનું લૂણ' અને 'દુનિયાના દીવા' કહીને સન્માને છે, પણ ઈશ્વરેચ્છાથી વિમુખ જનારને 'લૂણ'ને ફગાવી દેવાની ચીમકી આપે છે. આજ્ઞાઓનું પાલન કરનારને ઈશ્વરના રાજ્યમાં મહાન ગણવાની હૈયાધારણા સાથે નાનામાં નાની આજ્ઞાનો ભંગ કરનાર કે બીજાને તેમ કરવા પ્રેરણા આપશે તેને ક્ષુદ્રમાં ક્ષુદ્ર ગણવા ચેતવણી આપે છે. ફરોશીઓને-શાસ્ત્રીઓને બહુજ કડક શબ્દોમાં 'આંધળા નાયકો, મૂરખાઓ, દંભીઓ, ધોળેલી કબર જેવા જંગલી ઘાસ કહીને ઠપકો આપે છે. જો હું રોજરોજ કે રવિવારના ખ્રિસ્તયજ્ઞમાં દેવળમાં હાજરી આપતો હોઉં અને પાપનાં પ્રલોભનથી દૂર રહેવા અને બીજાને દૂર રાખવા તલભાર કોશિશ ન કરતો હોઉં તો હું પણ એ જ ઠપકાને પાત્ર છું. સંત પાઉલ પણ તિમોથી પરના પહેલા પત્રમાં 'ખોટા ઉપદેશકો'ને ચેતવણી આપે છે, જે મારા માટે પણ હોઈ શકે.

ઠપકો આપવાની હિંમત કરનાર ઈસુ આપણી મર્યાદાઓથી પણ અવગત છે. માથ્થી (૪:૧-૧૦)માં શેતાને કરેલી ઈસુની કસોટીમાં શેતાનને દેકરો આપનાર અને ગેથશેમાની વાડીમાં કસોટીમાંથી પાર

ઉતરવા પ્રાર્થના કરનાર ઈસુ, શિષ્યોને પણ જાગતા રહી પ્રાર્થના કરવા અનુરોધ કરે છે. એક પાપ સિવાય સઘળી માનવપ્રકૃતિ ધારણ કરનાર ઈસુ માનવસહજ નબળાઈઓ બરાબર ઓળખે છે, એટલે જ હૃદયને અસ્વસ્થ થવા દીધા વિના કે હિંમત હાર્યા વિના, તેમને અનુસરવા શીખ આપે છે. ધર્મસંઘના પાયો બનનાર પીતરે ઈસુનો ઈન્કાર કર્યો હતો પણ 'છાતીફાટ રુદને' તેને બચાવ્યો હતો. એટલે ઈશ્વરથી દૂર ગયા પછી પણ પરત આવવાની કૃપા મળે જ જો આપણે ઈચ્છીએ તો - ઈશ્વરની કૃપાનો સાક્ષાત્કાર માણી ચૂકેલા સંત પોલ જાહેરમાં એકરાર કરે છે: 'હું નિર્બળ હોઉં ત્યારે જ હું સબળ હોઉં છું' એ પ્રમાણે પવિત્ર આત્મા પ્રેરિત જીવન જીવનારને પવિત્ર આત્માનાં ફળ-પ્રેમ, શાંતિ, આનંદ, ધૈર્ય, સૌજન્ય, ભલાઈ, વફાદારી, સૌમ્યતા, આત્મસંયમની પ્રાપ્તિ માટે પણ તેઓ પ્રોત્સાહન આપે છે. કલોસ્સાના ધર્મસંઘ પર સંત પાઉલના પત્રમાં ઈસુમય જીવન ગાળવા, સ્વર્ગની વસ્તુઓ પાછળ પડવા, જૂનું છોડી નવું ધારણ કરવા, કૌટુંબિક ધર્મની, સમજ ખૂબ જ ચીવટ અને સરળતાથી આપે છે.

જીનીવાના ધર્માધ્યક્ષ સંત ફ્રાન્સિસ દે સેલ્સે ૧૬૦૮માં ભક્તજનોને દરેક પ્રકારની પરિસ્થિતિમાં અને પ્રત્યેક વ્યવસાયને અનુરૂપ ભક્તિ કરવા જે શિખામણ આપી હતી તે આજે પણ એટલી જ પ્રસ્તુત છે : 'અમીર-ઉમરાવો, કામદારો, નોકરો, રાજાઓ, વિધવાઓ, યુવતીઓ અને પત્નીઓ એમ દરેકે ભક્તિ જુદી જુદી રીતે કરવાની હોય છે.' એથી વિશેષ આ ભક્તિને પ્રત્યેક જણની શક્તિ, પરિસ્થિતિ અને વ્યવસાયને અનુરૂપ બનાવવી જોઈએ. 'વ્યક્તિ પ્રમાણે ભક્તિની ભિન્નતા અને અસરકારાકતા વિશે પ્રશ્ન કરે છે : 'એક ધર્માધ્યક્ષે કાર્પુજિયન મઠવાસી જેવું એકાંત જીવન જીવવાની કામના કરવી જોઈએ? શું વિવાહિતોએ સંન્યાસ્તોની જેમ નિર્ધનતામાં રહેવું જોઈએ? એક કામદારે સંન્યાસીની જેમ દેવળમાં બેસીને કલાકો સુધી પ્રાર્થના કરતા રહેવું જોઈએ? આવી રીતે ભક્તિ કરવી હાસ્યાસ્પદ બની જાય. આનાથી ઘણી અવ્યવસ્થા સર્જાય. દુનિયા જે ભક્તિ અને વિવેક વચ્ચેનો ભેદ સ્વીકારવા તૈયાર નથી તે ભારે અવસ્થા સર્જે છે. જ્યારે સાચી ભક્તિ આ માટે જરાયે જવાબદાર નથી.

સાચી ભક્તિ કદીએ હાનિકારક હોતી નથી, તે આપણાં કર્મને પરિપૂર્ણ કરે છે, જીવન પરિસ્થિતિને સમૃદ્ધ અને આકર્ષક બનાવે છે, પરિવારમાં સુખ શાંતિ લાવે છે, પતિપત્ની વચ્ચેનો પ્રેમ વધુ ગાઢ અને રાજા પ્રત્યેની વફાદારીને વધુ નિષ્ઠાવાન અને દરેક પ્રકારના વ્યવસાયને વધુ સુખદ અને પ્રેમસભર કરે છે. એથી ઉલટું કોઈપણ ભક્તજનની જીવન પરિસ્થિતિ સાથે તાલમેલ ન હોય તે બેશક જુઠ્ઠી ભક્તિ છે.'

એથી આગળ સંતે સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરવા જુના કરારમાં આબ્રાહમ, ઈસહાક, યાકોબ, દાવિદ, યોબ, ટોબિત, સારા, રિબકા અને યહુદિથનાં જીવનને નમૂનારૂપ ગણી અનુસરવા સૂચન કર્યું છે. વળી નવા કરારના સંત યોસેફ, સંત સિપ્રિયાન, સંત મોનિકા, સંત ગ્રેગોરી જેવા અનેકવિધ સંત નમૂનારૂપ છે, જેમણે સામાન્ય માણસના જીવનમાં સંતપદ અર્જિત કર્યું છે.

સંન્યસ્તવર્ષ દરમિયાન પરમેશ્વરની હાકલને ઓળખવા અને અનુસરવા, તપઋતુના આરંભે આપણી મર્યાદાઓ ઓળખવા અને ઓળંગવા તેમજ 'યુવા વિશેષાંક' નિમિત્તે યુવાનોને નમૂનારૂપ બનવા સૌને અરજ કરું છું. 'માણસ માત્ર ભૂલને પાત્ર' સહજ છે, પણ માનવમાંથી સંતપદ ધારણ કરવાનું કહેણ છે. પછી આપણે પણ સારાં ફળ આપી શકીશું અને અંતે ઈશ્વરના રાજ્યના હકદાર પણ બનીશું.

— જસવંત મેકવાન

Email: jasvantmacwan@ymail.com

## આહ્વાન : એપ્રિલ, ૧૫ માટે, 'ઈસુનું પુનરુત્થાનનો મારા જીવનનો અર્થ'

પાસ્ખા પર્વ એટલે ઈસુના પુનરુત્થાનનું પર્વ. ઈસુના પુનરુત્થાનનો મારા જીવનમાં કોઈ વિશેષ અર્થ છે ખરો? મારા જીવનની કઈ પુરાણી પ્રકૃતિને દફનાવી દેવી જોઈએ? મારા વિચાર, વાણી, વર્તન, વલણ, વ્યવહારમાં ઈસુના પુનરુત્થાનનો આનંદ પ્રગટ થાય છે ખરો? વગેરે બાબતોને વાચા આપવા માટે આપને આમંત્રણ છે. આપના વિચારો આશરે ૫૦૦ શબ્દોમાં માર્ચ ૧૦ સુધીમાં કાર્યાલયમાં મળે તે રીતે મોકલી આપવા વિનંતી. તે સાથે આપનું પુરુ નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી, પાસપોર્ટ સાઈઝનો ફોટો વગેરે આપવા વિનંતી.

બીજી નવેમ્બર, 'સર્વ સદ્ગત ભક્તોનો તહેવાર'ના સંદર્ભમાં ૨૦૧૩ નવેમ્બર 'દૂત' માટે, સપ્ટેમ્બર-૧૩માં, કેથોલિક ધર્મસભાના શિક્ષણ અનુસાર ખ્રિસ્તી સમાજની મૃત્યુ વિષયક પરંપરાઓ અને રીવાજો વિશે ચિંતન કરવા આહ્વાન આપ્યું હતું, જેના સંદર્ભમાં જુદાજુદા ક્ષેત્રનો વ્યક્તિઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. વળી ત્યાર પછી પત્રલેખકોએ પ્રશ્ન દ્વારા આ મનન ચિંતનનો દોર ચાલુ જ રાખ્યો હતો જે સમાજ પરિવર્તન માટે લાભપ્રદ ગણી શકાય.

'કેથોલિક ધર્મશ્રદ્ધાનું પાયાનું શિક્ષણ' 'મારી શ્રદ્ધા' (૧૯૯૨માં પ્રકાશિત કેથોલિક ધર્મસભાનો ધર્મશિક્ષણના મહાગ્રંથનો સંક્ષિપ્ત ગ્રંથ)ના વાચનથી આપતા પ્રશ્નોના ઉત્તર મળી રહેશે એવી અપેક્ષા. તેમ છતાંયે અગામી 'દૂત' અંકમાં 'મૃત્યુ વિષયક' એકાદ લેખ દ્વારા તેને વાચા આપવાની કોશિસ જરૂર કરીશું. આપના સમજદારીપૂર્વકના સહકાર બદલ આભાર.

— સહતંત્રી

# કાવ્યધારા



## મોતની કવિતા

ભણાવ્યા કરું રોજ કવિતા
સોનેરી સાંજની!
ઊતાર્યા કરું કવિતામાં
તારાના સ્મિત ને ચમકતી ચાંદની!
પણ હવામાં આજ
ઘુમરાય બળેલા માંસની ગંધ—
વીંટળાઈ વળે મને
ડૂસકાં, ચીસો ને ક્રંદન...
મારી કોમળ કવિતાનાં
પૃષ્ઠો પર ઉપસી આવ્યા છે
ઊના ઊના રક્તના ડાઘ...
વર્ગખંડમાં હવે
સુગંધી સવારને બદલે
ભણાવું છું
રસ્તે રઝળતા મોતની કવિતા....

— સવિતાબહેન પરમાર

## આધાર પ્રભુનો

વર્ષોની અતિ મહેર
થઈ રહી દુઃખની લહેર...
ઘર ગયાં... વાહન ગયાં
ગયાં સ્વજનો ને બાળ...
ફળથી લચેલા બગીચા ગયા તણાઈ
સર્વત્ર પાણી... પાણી... પાણી...
ના મળે, ખાવાનું,
ના મળે, પાણી પીવાનું,
ના મળે, ઓઢવાનું...
બસ, હવે તો જીવન મળે
એજ આશા...
સુંદર કાશ્મીર લાગે ના સુંદર!
પ્રભુ નામ લાગે પ્યારું
બસ આધાર પ્રભુનો!

— વિનુભાઈ કાપડિયા

## પ્રભુ તારી વાણી...

તારી પાવન વાણીનો રણકાર,
પ્રભુ મને ઘેલો કરે;
ઘેલો કરે રે મને ઘેલો કરે,
તારી પાવન વાણી...

તારી વાણીમાં જીવન-ધબકાર,
પ્રભુ મને ઘેલો કરે,
ઘેલો કરે રે મને ઘેલો કરે,
તારી પાવનવાણી....

જિંદગીમાં થાયે જ્યારે સુનકાર,
પ્રભુ મને ઘેલો કરે,
ઘેલો કરે રે મને ઘેલો કરે,
તારી પાવન વાણી...

તારી વાણી છે એક જ આધાર,
પ્રભુ મને ઘેલો કરે,
ઘેલો કરે રે મને ઘેલો કરે,
તારી પાવન વાણી...

— બકુલ મેકવાન

## હવે

ના કર આટલી આકરી પરીક્ષા હવે,
બહુ જોઈ લીધી તારી પ્રતીક્ષા હવે.

દિવસ ઊગે, રાત પડે, સમય તો જાય છે,
કેટકેટલી કરું જીવનની સમીક્ષા હવે?

જીવનમાં પ્રલય છે કે પ્રલયમાં જીવન!
બસ, એ જાણવાની બાકી છે ઈચ્છા હવે.

હિમાલય જેવા પ્રશ્નો તો સામે જ છે,
ના આપ બીજી પ્રશ્ન પુસ્તિકા હવે.

કંટાળ્યો જોઈને બધે આ કર્કશતા,
ચાલ્યો શોધવા ગીતો સૂરીલા હવે.


— જેક્સન વી. પરમાર

## માતૃભાષા મહિમા

(વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે)

કોમળ હોઠ પરથી
ફૂટી કૂંપળ અક્ષરની,
જાણે હૂંફાળી માટીમાંથી ફૂટી
હૈયાની વાણી—
એ જ માતૃભાષાની લ્હાણી!
આંખ વિસ્મયથી કેવળ જોતી હતી,
હાથ હેતથી કેવળ લહેરાતા'તા,
નાકને સુગંધ જ હતી વહાલી,
ને ગાલને ગમતા'તા કોમળ સ્પર્શ,
એ વેળા
હોઠની પાંદડીઓ પર ફૂટતા'તા
જે આનંદકણ
એ જ હતા માતૃભાષાના
કાલાકાલા ઘેલાઘેલા અક્ષરો!
જે ધીરે ધીરે બન્યા શબ્દો....
એ જ માતૃભાષા!
કેમ ભૂલી જાય છે એ માને?
જોને, તારામાં રમતા
એ શિશુને તેડી લેવા
એ હાથ ફેલાવીને કેવી ઊભી છે!

— સિલાસ પટેલિયા





# તમારો પત્ર

### (૧)

જાન્યુઆરીના 'દૂત'માં શ્રી જોન મેકવાનનો અને તે પૂર્વે 'દૂત'માંના મારા પત્રએ ચર્ચા ઉપાડી છે તે ગમ્યું ને ખાસ તો તંત્રીને પત્ર દ્વારા લોકશિક્ષણ કરી શકાય છે તેની નક્કર સાબિતી મળી. આશા રાખીએ કે આ હકીકતને ધ્યાનમાં રાખી 'દૂત'માં પત્રોને વિશેષ મહત્ત્વ આપશે તથા ખાસ વિષય પસંદ કરી વાચકોનાં મંતવ્યો મંગાવશે. એવું થાય તો 'દૂત'ના પત્રોનું ધોરણ પણ ઊંચુ આવશે. અત્યારે તો એ ઘણું નીચું છે. ઠીક, પણ આ તો વિષયાંતર થઇ ગયું. જોનભાઇએ કેથોલિક ધર્મસભામાં પ્રસ્તુત બાબતે કેવી માન્યતાઓ છે તે જાણવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જે ઈચ્છનીય છે. 'દૂત'માં એ વિષયે વિસ્તૃત છણાવટ થાય એ ઘણું લાભદાયી બની રહેશે.

વિશ્વના બધા ધર્મ-સંપ્રદાયોમાં પાપી ને પુણ્યશાળીને તેના મૃત્યુ બાદ કેવો બદલો મળવાનો છે તે વિશે ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે : દા.ત. કેટલાક ખ્રિસ્તી સંપ્રદાયો એવું માને છે કે બેપ્ટિસમ લીધેલ (મુક્તિ પામેલ) દરેક વ્યક્તિ મૃત્યુ બાદ સીધો સ્વર્ગ(પેરેડાઇસ) માં જાય છે એટલે તેને માટે શોક (રડારડ) કરવો નહિ. રડારડ કે શોક કરવો એ તો સંત પાઉલ કહે છે તેમ, શ્રદ્ધાની ઊણપ છે; શોક તો અવિશ્વાસીઓ કે વિધર્મીઓ (પેગન) જ કરે.

બધા ધર્મોની માન્યતાઓની માહિતી પીરસવાનો અહીં અવકાશ નથી પણ ઈચ્છુકોએ તે મેળવી લેવા ખાસ ભલામણ કરું છું. મૃત્યુ બાદ પાપીઓને થનાર સજા બાબતે બધા ધર્મોની માન્યતાઓની સરખામણી કરીએ તો રોમન કેથોલિક સંપ્રદાયની માન્યતા ક્રુર લાગે છે!

તો જોનભાઇ, હવે શું કરવું? કોનું, ને શું માનવું? આનો એક જ જવાબ છે. વર્તમાન યુગમાં વિજ્ઞાન અને જ્ઞાનની સીમાઓ ઘણી વિસ્તરી છે જેણે આપણી ઘણી બધી જૂની પુરાણી માન્યતાઓ બદલી નાખી છે. તોડી નાખી છે. એવા પરિપ્રેક્ષ્યમાં ઉપરોક્ત માન્યતાઓ પણ કાલગ્રસ્ત થઇ ગયેલી ગણાય. હા, પરલૌકિક બાબતો ને અપાર્થિવ વિશ્વ અંગેના સિદ્ધાંતો તથા માન્યતાઓ એટલે કે ધર્મની કલમોને (દેવવિદ્યા) પ્રયોગશાળામાં સાબિત ન કરી શકાય એ બિલકુલ સાચી વાત. તેમ છતાં ધર્મ-સંપ્રદાયની જે માન્યતા તર્કની એરણે ટકી શકતી હોય તેને માનવી. આવું વલણ તથા અભિગમ આપણ સહુને અનેક અનિષ્ટ, દૂષણ અને અંધશ્રદ્ધામાંથી બચાવી લેશે. વળી, એ પણ કહેવું ઘટે કે જીવનમાં આવો અભિગમ કેળવવા કે અપનાવવા બહોળુ વાંચન, બહોળો માનવસંપર્ક અને ભારે હિંમત અત્યંત આવશ્યક તથા અનિવાર્ય છે.

— ફાધર વિલિયમ (રિશ્તા)

### (૨)

જાન્યુઆરીના 'દૂત'માં ડો. ફાધર અરસકુમારનો પત્ર મૃતકોને મૃત્યુ બાદ કેવો બદલો મળે છે તથા અલ્પપાપ, ઘાતકપાપ વગેરે બાબતો વિશે કશીયે સ્પષ્ટતા કરતો નથી. શ્રી જોન કાનીસે ફાધર વિલિયમનાં કેટલાંક મંતવ્યો વિશે પ્રશ્ન કર્યો હતો અને આ બાબતો અંગે સ્પષ્ટતા માગી હતી, પણ હકીકતે જવાબથી આનાથી વાચકોમાં ગોટાળો થવાનો સંભવ છે. અગાઉ ધર્મશિક્ષણ (કેટેકીસમ) માં અલ્પપાપ તથા ઘાતક પાપની વ્યાખ્યા, શોધનાગ્નિ તથા નર્કની સમજ, વિવેકબુદ્ધિની પરીક્ષા (એક્ઝામીનેશન ઓફ કોન્સીયન્સ) ના સંદર્ભ મદદરૂપ થવા ઘાતકપાપો - અલ્પપાપોનું લીસ્ટ આપવામાં આવતું હતું જેનાથી ધર્મશિક્ષણ વિશે સાચું તથા અધિકૃત જ્ઞાન મળતું હતું. આ બધી બાબતો વિશે ડો. ફાધર અરસકુમારે વિગતે લખવું જોઇએ જેનાથી અમને રોમન કેથોલિક મતાવલંબીઓને ધર્મના સિદ્ધાંતો તથા ધર્મશિક્ષણ વિશે સાચી અને સ્પષ્ટ સમજણ પ્રાપ્ત થાય. હકીકતે 'દૂત'ની એ ફરજ છે અને અમારો એ હક્ક પણ છે. આશા છે કે આગામી અંકમાં પ્રસિદ્ધ થનાર લેખમાં મારી પૃચ્છાઓનો પ્રત્યુત્તર મળશે.

— હસમુખ ક્રિશ્ચિયન (રૂદણ)

### (૩)

ઈસુના બલિદાનને પ્રતાપે આપણને સંપૂર્ણ મુક્તિ, પાપોની માફી, શાશ્વત જીવન, સ્વર્ગનું સુખ, ઈશ્વરનું સાંન્નિધ્ય અને સંતોના સહવાસની પ્રાપ્તિ થાય છે. શરત કેવળ શ્રદ્ધાની છે.

યોહાનના ગ્રંથમાં ઈસુ પોતે જ કહે છે : 'જે શ્રદ્ધા રાખે છે તે જીવન પામી ચૂક્યો છે.' મુશ્કેલી એક જ છે : આપણી શ્રદ્ધા અધૂરી છે, છીંછરી છે, અપૂર્ણ છે તેથી આપણે શંકા આણીએ છે. 'પ્રભુ મારી શ્રદ્ધા છે, પણ એ મજબૂત બનાવો.' એ પ્રાર્થના એટલે શોધનાગ્નિ! આપણી શ્રદ્ધા છે કે ઈસુએ આપણું તારણ કર્યું છે પણ તોય ક્યાંક ઊણપ છે. એ ઊણપ જ્યાં સુધી પૂરાય નહીં ત્યાં સુધી આપણે અને આપણા પ્રિયજનો અધૂરા! પ્રભુ અમને પ્રાર્થના કરતાં શીખવાડો. અમારા પ્રિયજનો તમારા સાંન્નિધ્યમાં છે એ શ્રદ્ધા મજબૂત બનાવો. એ આપણા દિલની તાલાવેલી એટલે શોધાગ્નિ! શોધનાગ્નિ આપણા માટે છે, નહીં કે આપણા મૃત પ્રિયજનો માટે!

હવે પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવા વિશે! પંદર વર્ષ પહેલાં મૃત્યુ પામેલી મારી બા માટે હું પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરું જેથી કરીને તેના આત્માને શાંતિ મળે... તો હું પ્રભુ પાસેથી દયા, કૃપા,

તારણ વેંચાતાં લઉં છું એમ થયું. માર્ટિન લ્યુથરને ધર્મસભા સાથે એ ધારણાને લીધે જ વાંધો હતો! તો શું આપણે, પ્રભુના સ્વર્ગરાજ્યમાં સ્થાન પામેલા માટે (એમની અને આપણી પ્રભુ ઈસુ ઉપરની શ્રદ્ધાને લીધે) પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવાનું બંધ કરવાનું? મારું એમ માનવું છે કે આપણે એ પ્રિય વ્યક્તિના સ્મરણાર્થે પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવો જોઈએ. પવિત્ર ખ્રિસ્તયજ્ઞ - Eucharistનો અર્થ જ આભારનો યજ્ઞ થાય.

આપણી પ્રિય વ્યક્તિને મળેલ શાશ્વત જીવનની ભેટ બદલ આપણી પ્રિય વ્યક્તિના આદર્શ-સંસ્કારી-નિસ્વાર્થ જીવનને લીધે આપણને મળેલ શ્રદ્ધા અને જીવનની ભેટ બદલ પ્રભુ ઈસુના બલિદાનને પ્રતાપે સમગ્ર વિશ્વને મળેલ તારણની ભેટ બદલ કે જેનું એક સુંદર પ્રતીક આપણી પ્રિય વ્યક્તિ છે - એ તમામ ભેટો બદલ ઈશ્વરનો આભાર માનવા - આપણી પ્રિય વ્યક્તિના સ્મરણાર્થે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવો એ અત્યંત યથાર્થ ગણાય.

પૂણ્યજનોનો સત્સંગ ત્યારે જ અનુભવાય. ધર્મસભા એટલે આ ધરતી ઉપર ઈશ્વર ભણી યાત્રા કરી રહેલા ધર્મજનો અને ઈશ્વરનું સાંન્નિધ્ય પામવા તલસતા આપણા પ્રિયજનો તેમ જ પોતાના ઉદાર-પ્રેમાળ-પવિત્ર જીવન દ્વારા ઈશ્વરના સાંન્નિધ્યમાં સ્થાન પામેલા પવિત્ર જનો... ધર્મસભા ઈશ્વરની સ્તુતિના નિરંતર ગાન ગાયા કરે એ એક જ એના અસ્તિત્વનું કારણ છે. આપણે બધા ધરતી ઉપરના ધર્મજનો ઈશ્વર ભણી પ્રયાણ કરી રહેલાઓ અને ઈશ્વરના સાન્નિધ્યમાં વસતાં સંતજનો ઈશ્વરની પ્રાર્થના કરતાં કરતાં ઈશ્વરની મુક્તિ પામવાનું ભાગ્ય મેળવીએ નહીં ત્યાં સુધી શોધનાગ્નિની પરિકલ્પના એક વાસ્તવ છે. ઈસુ આપણી શ્રદ્ધા મજબૂત બનાવે એ જ મારી અભ્યર્થના!

— ફાધર રીચર્ડ લોપિસ એસ.જે.

**(૪)**

સૌ પ્રથમ 'સંન્યસ્ત જીવન વર્ષ' આમંત્રિત તંત્રી લેખે ૨૦૧૫ના શુભારંભે સારો પ્રકાશ પાડ્યો છે. ખ્રિસ્તીધર્મની સાચી ઓળખ જ સંન્યાસીવર્ગ છે. જેવો રાજા તેવી પ્રજા ઉક્તિનુસાર સંન્યાસી જેવો સારો નમૂનો આપીને જીવન જીવશે તેવા શ્રદ્ધાળુઓ તેમને અનુસરશે. પવિત્રતા, પ્રસન્નતા અને પરિવર્તકતાના આહવાન સાથે સર્વોપરિ સદ્‌ગુણોથી ભરપૂર એવા સંન્યાસીઓ જ ખ્રિસ્તીધર્મને ઉજાળી શકશે. રેવ. ફાધર વિનાયક જાદવને અભિનંદન.

ફાધર શૈજી કુટ્ટમપુરમ દ્વારા લિખિત 'ઈશ જનેતા માતા મરિયમ' લેખ માતા મરિયમનું અનોખું સ્થાન ધર્મસભામાં છે તે પૂરવાર કરે છે. ઈશ્વરપુત્ર શબ્દ માતા મરિયમ દ્વારા માનવ બને છે. માતા મરિયમને ઈશ્વરે જેમ બોલાવ્યાં તેમ દરેકને નામ દઈને બોલાવે છે. આપણે નમ્ર બનીને એ હાકલને સ્વીકારીએ, લેખકશ્રીને અભિનંદન.

'નવા વર્ષમાં નવું શું?' ફાધર રત્નાસ્વામી લિખિત લેખમાં નવીનતા લાવવા કોણ સમર્થ છે? માત્ર નવાં કપડાં, ગૃહસજાવટ, ભવ્ય રોશની દ્વારા જ નવીનતા નથી આવતી. પવિત્ર આત્માના આગમનથી શિષ્યો નવા માણસ બન્યા હતા, જેથી પવિત્ર આત્માના સદ્‌ગુણો દ્વારા નવીન બની શકાય છે. ફાધર રત્નાસ્વામીને અભિનંદન.

શ્રી. પિયુષ એમ. દ્વારા લખાયેલ 'સંત પરિચય' ૨૦૧૫ના વર્ષમાં ઉજવાતા સંતોના તહેવારો વિશે વિસ્તૃત માહિતી આપી ધર્મજનોને જરૂરી ભાથું પૂરું પાડ્યું. શ્રી પિયુષભાઈને અભિનંદન.

'નગર નગર આનંદ ભર્યો રે' શ્રી બકુલ મેકવાન દ્વારા લખાયેલ લેખ ઉત્તમ જણાયો. ફાધર જોસેફ વાઝ વિશે ભાગ્યે જ કોઈ કશું જાણતું હશે. તેમના જન્મથી માંડી અંત સુધીની વિસ્તૃત માહિતી આપી ધર્મજનો ઘણા માહિતગાર કરવા બદલ બકુલભાઈને અભિનંદન.

તદ્‌ઉપરાંત તંત્રીશ્રી દ્વારા લખાયેલ લેખ 'સંત ફ્રાન્સિસ દે સેલ્સ' ઘણો માહિતી સભર રહ્યો. સોળમા સૈકીમાં ઘણી હાડમારીઓ અનેક કઠિનાઈઓની વચ્ચે પણ એકલા હાથે ઝઝૂમીને તેમણે ઈસુના પ્રેમની જ્યોત જલતી રાખી. સચોટ વર્ણન ધર્મજનોને કરાવવા બદલ તંત્રીશ્રીને અભિનંદન.

આ ઉપરાંત અન્ય લેખો અને કાવ્યો પણ ઘણાં સુંદર રહ્યા છે. વાચકોને જરૂરી જાણકારી આપતા લેખો લખવા બદલ સર્વ લેખકશ્રીઓ તથા કવિમિત્રોને ખૂબ અભિનંદન.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

## કવિ/લેખક... 'દૂત' લેખનકાર્ય માટે નિમંત્રણ

### એપ્રિલ ૨૦૧૫ની ત્વારિખ મહત્ત્વના દિવસો

૦૧ - એપ્રિલફૂલ દિન
૦૭ - વિશ્વ આરોગ્ય દિન
૧૫ - મહિલા બચત દિન
૧૮ - વિશ્વ સંસ્કૃતિ દિન
૨૨ - વિશ્વ ભૂમિ દિન
૨૩ - વિશ્વ પુસ્તક દિન
૨૪ - માનવ એકતા દિન / મહિલા અધિકાર દિન
૨૯ - વિશ્વ નૃત્ય દિન
૩૦ - બાળમજૂરી દિન

### ધર્મસભાના મહત્ત્વના દિવસ

૦૨ - પુણ્ય ગુરુવાર
૦૩ - ગુડ ફ્રાઈડે
૦૪ - પવિત્ર શનિવાર
૦૫ - પાસ્ખા પર્વ
૧૨ - દિવ્ય દયાનો તહેવાર
૧૬ - લુર્ડસના સંત બનદિત
૨૫ - શુભસંદેશકાર સંત માર્ક

# ઈશ્વરના રાજ્યના કામદાર

✍ ફાધર નિલેશ પરમાર

*રેક્ટર સેન્ટ જોસફ સેમિનરી, પાસ્ટર સેન્ટર, નડિયાદ*

યુવાનોને મારો સીધો જ પ્રશ્ન શું તમે ઈશ્વરના રાજ્યના કામદારો બની શકો? જો જો હાંસિયામાં ન ધકેલી દેતા. આ પ્રશ્નનો જવાબ તો આજનું યુવાધન જ આપી શકે. 'ફસલ ખરેખર મબલક છે પણ કામ કરનારા થોડા છે એટલે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે પોતાની ફસલ લણવા માણસો મોકલે' (માથ્થી ૯:૩૭-૩૮). આ કલમનો આજના યુવાનો ભાગ્ય જ વિચાર કરતા હશે. આજના ટેક્નોલોજી અને સાયન્સના યુગમાં આજનો યુવાવર્ગ ઘેલો બન્યો છે. 'કર લો દુનિયા મુઠીમેં' તેમ તેની બધી આંગળીઓ ને અંગૂઠો મોબાઈલના બધાં બટનો ઉપર જ ફરે છે અને પોતાની કારકિર્દી ભૂલી જાય છે. આમ તેની નાવડી મધદરિયે થાય છે ત્યારે ખાલી મુઠી લઈને મારે પુરોહિત-સાધ્વી બનવું છે એવું વિચારે છે. આ વખતે ઘણો જ સમય વિતી ગયો હોય છે!

અરે, મારે યુવાવર્ગને ક્યાં દોષ દેવો, આ તો તેને ગળથૂથીમાં જ મળે છે. બાળક મોબાઈલ, ટેબ અને કમ્પ્યુટરની દુનિયામાં ઉછરે છે તેના કારણે સન્યાસી થવાનો વિચાર હરગિજ આવતો નથી. નાનું બાળક રડતું હોય તો તેનાં માબાપ મોબાઈલ રમવા આપે છે અથવા ટીવી સામે બેસાડી દે છે! હાકલ નિયામક તરીકે જ્યારે હું સમુહમાં પૂછા કરું કે પુરોહિત કોને બનવું છે તો બધાં જ માથાં નીચે જાય છે, કેમ કે પુરોહિત કે સાધ્વી કોઈના કેરિયરમાં આવતું નથી!

આજે સર્વત્ર તેડાં ઓછાં છે એવુ રુદન સાંભળવા મળે છે. બધાં મંડળો તેડાંઓની શોધમાં ફરે છે. જ્યારે યુવાવર્ગને પુછવામાં આવે કે તમારે પુરોહિત કે સાધ્વી બનવું છે ત્યારે તેઓ તરત જ કહે છે "આ સિવાય બીજી બીજી કોઈ વાત કરો." કુટુંબની મુલાકાત દરમિયાન માબાપને પૂછવામાં આવે કે તમારા બે દીકરામાંથી કોઈને પુરોહિત બનવા મોકલો, તેઓ કહે છે 'નાનો હોંશિયાર છે તે વધારે ભણે એમ છે આ મોટાનું મગજ એવું જ છે ફાધર, એને લઈ જાવ.' આમ સન્યસ્તજીવન બીજી કેટેગરીનું ગણાય છે! પણ પ્રભુ તેમનાં રાજ્યમાં કામ કરવા માટે ચોક્કસ કામદારો તો મોકલતા જ રહે છે. તેમ છતાંયે 'તેડાંના દુકાળ' માટે કેટલાંક પરિબળ જોઈએ તો –

**પ્રભુની હાકલને આડે આવતાં પરિબળો :**

(૧) નાનું કુટુંબ : પહેલાં કુટુંબના સભ્યોની સંખ્યા વધારે હતી પણ અત્યારે કુટુંબ સંકોચાયું છે. દરેક કુટુંબમાં બાળકોની સંખ્યા એક કે બે જ હોય છે. આવા સંજોગોમાં માબાપ પણ બાળકને સન્યસ્ત જીવનમાં મોકલતાં ખચકાય છે. જ્યારે કુટુંબમાં એક જ બાળક હોય અને તે પોતાની ઈચ્છા ફાધર કે સિસ્ટર બનવા વ્યક્ત કરે તો માતાનો જીવ ચાલતો નથી. 'મારી સેવા કોણ કરશે?' એવો પ્રશ્ન ઉભો થાય છે. પણ માબાપે આવી ચિંતા ન કરવી જોઈએ. જેને રામ રાખે (સોરી) ઈસુ રાખે તેને કોણ ચાખે! (૨) કુટુંબમાં આધ્યાત્મિકતાનો અભાવ : એવાં કેટલાય કુટુંબો છે જેમાં પ્રાર્થનાનું વાતાવરણ હોતું નથી. બાળકોમાં આધ્યાત્મિક્તા માબાપ તરફથી મળે છે. કૂવામાં હોય તો જ હવાડામાં આવે! આવા સંજોગોમાં સન્યસ્ત જીવન તરફ વળવાનો વિચાર ક્યાંથી આવે? તેડાંનું પારણું તો કુટુંબ જ છે. આથી જ્યાં ધાર્મિક વાતાવરણ હોય ત્યાં વધું તેડાં મળે છે. (૩) મોડલનો અભાવ : આજનો યુવાવર્ગ પોતાને જે ઠીક લાગે તે કરે છે. તેને યોગ્ય દિશાસૂચન મળી રહેતું નથી. ઘણીવાર ખોટી સોબતમાં પડી જાય છે અને ત્યાંથી બીજા રસ્તે વળે છે પરિણામે પોતે પોતાનું જીવન બરબાદ કરી નાખે છે અને જ્યારે પાછું વળીને જુએ છે ત્યારે ઘણો દૂર પહોંચી ગયો હોય છે પાછો વળી શકતો નથી.

**વધુ તેડાં માટે મનોમંથન :**

હાકલ એ સર્વ લોકોની છે માટે ફક્ત પુરોહિત કે સાધ્વીવર્ગ જ પ્રયત્ન કરે તે યોગ્ય નથી, ધર્મજનો પણ તેમાં યોગદાન આપી શકે. આ માટે જરૂરી છે બીજાને પ્રોત્સાહન આપવું અને એ માર્ગે દોરી જવા. (૧) કુટુંબમાં આધ્યાત્મિકતા : માબાપે કુટુંબમાં ધાર્મિક વાતાવરણ ઉભું કરવું. સવાર સાંજ પ્રાર્થના અને દર રવિવારે ખ્રિસ્તયજ્ઞમાં હાજરી આપી પોતાનાં સંતાનોને આ દિશામાં પ્રેરણા આપવી. માબાપે પોતાના સંતાનો માટે પ્રાર્થના કરવી જેથી પોતાના કુટુંબમાંથી હાકલ મળે. (૨) સપર્ક : પુરોહિત અને સાધ્વી વર્ગે યુવાવર્ગના સતત સંપર્કમાં રહેવું જેથી હાકલની પરખ જાણી શકે. જે યુવાનો તૈયારી બતાવે તેમને તરત જ આ દિશામાં સારું અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું. બધા મંડળો સાથે મળી હાકલ શિબિરનું આયોજન કરવું જેથી સન્યસ્તજીવન તરફ આગળ વધતા યુવાન-યુવતીઓને બહોળી પસંદગી મળી રહે. પુરોહિત અને સાધ્વીવર્ગે પણ કુટુંબોની મુલાકાત લઈ તેમાં ધાર્મિક વાતાવરણ જળવાઈ રહે તેવો પ્રયત્ન કરવો.

Email : frnilu@gmail.com
Mo. 9427548442

**વિજ્ઞાપનદાતાઓ માટે અગત્યની સૂચના**

એપ્રિલ, ૨૦૧૫થી 'દૂત' અંકથી જાહેરાતના નવા દર અમલમાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

નિયામક: ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ

# પ્રેમના માર્ગે ચાલવા...

## (ફેબ્રુઆરી મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર દોમિનિક સાવીઓ

કેદીઓ, ખાસ કરીને યુવાન કેદીઓ, પોતાનું જીવન ગૌરવભેર ફરી ઉભું કરી શકે અને છૂટાં પડેલાં પરણીત દંપતીઓ ખ્રિસ્તી સમાજમાં આવકાર અને ટેકો પ્રાપ્ત કરે એ હેતુ માટે સાચું પરિવર્તન લાવવા નિસ્વાર્થ પ્રેમના માર્ગે ચાલવા પ્રાર્થના.

'હું કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા' (માથ્થી ૨૫:૩૬). આજે દુનિયામાં ગુનાઓ વધતા જાય છે અને આપણે આ ગુનાઓ ઘટાડવા માટે પુષ્કળ પ્રયત્ન કરીએ છીએ પણ ઘણી વાર નિષ્ફળ બનીએ છીએ. આવી પરિસ્થિતિમાં ઈસુના વિચાર આપણને એક ઉત્તમ માર્ગ બતાવે છે. એ છે નિ:સ્વાર્થ પ્રેમનો માર્ગ.

### નિર્દોષ કેદીઓનું જીવન :

આજે ભારતભરમાં ૧૩૯૪ જેલમાં ૩,૮૫,૧૩૫ કેદીઓ છે. તેઓમાં ૨,૫૪,૮૫૭ કેદીઓ અદાલતના ફેંસલાની રાહ જોઈ રહ્યા છે અને ઘણા કેસોમાં બને છે તેમ જેલમાં પૂરાયેલા બધા કેદીઓ ગુનેગાર ન પણ હોઈ શકે! પણ જ્યારે તેઓ નિર્દોષ છે એમ પુરવાર થઈને સમાજમાં આવે છે ત્યારે ઘણીવાર સમાજ તેઓને સ્વીકારતાં અચકાય છે. એવી એક વ્યક્તિ છે શ્રી મેનન. તેઓ એક બેંકમાં નોકરી કરતા હતા. પણ પોતાની ભૂલ ન હોવા છતાં છેતરપીંડીના ગુના હેઠળ તેમને જેલમાં પૂરવામાં આવ્યા હતા. તેમને ખબર હતી કે પોતે નિર્દોષ હતા પણ તેમના સમુદાયમાં તેમનું સ્થાન છીનવાઈ ગયું; પંદર વરસ તેમની જોડે રહીને તેમના સુખ દુ:ખમાં ભાગીદાર બનેલી તેમની પત્ની પણ તેમને સ્વીકારવા તૈયાર નહોતી. તેણે તો મેનનને છુટાછેટા આપવા માટે માંગણી પણ કરી.

શ્રી મેનન જ્યારે સંપૂર્ણ નિરાશ થઈને બેઠા હતા ત્યારે તેઓ Prison Ministry Indiaના સંપર્કમાં આવ્યા. આ આખી ઘટનાને ટૂંકમાં કહીએ તો, તેઓ તેમની સામેના કેસોમાં નિર્દોષ પુરવાર થઈને બહાર આવ્યા અને એમની બેન્કે તેમને પાછા એ પદવી પર નોકરીમાં પાછા લીધા. હવે શ્રી મેનન એ દેશની બધી બેન્કોના ઉપરી તરીકે પદબઢતી મેળવી. પણ તેમની પોતાની પત્ની હજી પણ તેમને સ્વીકારવા તૈયાર નથી! ઈસુની ગણના પણ ગુનેગારમાં કરવામાં આવી. ઈસુ પોતે નિર્દોષ હોવા છતાં ક્રૂસ ઉપર મરી ગયા. આજે પણ ઈસુની જેમ કેટલા નિર્દોષ લોકો સજાનો ભોગ બને છે!

### પસ્તાવો અને પ્રાયશ્ચિત કર્યા પછી પણ સ્વીકાર થતો નથી

હવે ખરા ગુનેગારોની વાત કરીએ. આપણને પ્રશ્ન થઈ શકે છે કે શું ખ્રિસ્ત ગુનેગારો અને પાપીઓમાં પણ વસી શકે? ઈસુ સુંદર શબ્દોમાં કહે છે કે "હું જ્યારે કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા." (માથ્થી ૨૫:૩૬) ઈસુના આ શબ્દો આપણને સમજાવે છે કે ઈસુ માનવજાતને પાપી કે પુણ્યશાળી દૃષ્ટિથી જોતા નથી પણ સૌને તેમનાં સંતાન તરીકે પ્રેમ કરે છે અને સૌના અંતરમાં વાસ કરે છે. ઈસુના ઉપરોક્ત શબ્દો આપણને એકબીજા પ્રત્યેની આપણી ફરજ સમજાવે છે. આપણો પ્રેમ ફક્ત હૃદયમાં રાખવાને બદલે ભૂખ્યાને ખોરાક અને તરસ્યાને પાણી આપવામાં, માંદાઓ અને કેદીઓની મુલાકાત લેવામાં દર્શાવવાની જરૂર છે.

કેમકે સાચો પ્રેમ કોઈપણ વ્યક્તિને બદલી શકે છે. કિસન નામનો એક પરિણીત પુરુષ બીજી સ્ત્રી સાથે સંબંધ રાખતાં પકડાઈ જાય છે અને તેને જેલ ભેગા થવું પડે છે. તેનાં માતાપિતા અને ભાઈઓ એને ધિક્કારે છે પણ એની પત્ની દર મહિને બે વાર તેને મળવા આવે છે અને કિસનને જેલમાંથી બહાર લાવવા સખત પ્રયત્નો કરે છે. પોતાની પત્નીના સાચા પ્રેમનો અનુભવ કરીને કિશનભાઈ પોતાના પાપનો પસ્તાવો કરે છે અને જીવનના અંત સુધી તેની પત્નીને વફાદાર રહેવાનો દૃઢ સંકલ્પ કરે છે. હવે કિસનભાઈને બીજી કોઈપણ શિક્ષાની જરૂર નથી કેમકે એમની પત્નીના સાચા પ્રેમ એમનું મન ચોખ્ખું કરી દીધું છે.

ઈસુ, પ્રેમનું આ રહસ્ય, ૨૦૦૦ વરસ પહેલાં જાણતા હતા. એટલે જ તેમણે પ્રેમના માર્ગ ઉપર ખૂબ ભાર મૂક્યો. પણ આજે જ્યારે એક કેદી જેલમાંથી બહાર આવે છે ત્યારે એ ચોરી કરીને જેલમાં ગયો હોવાથી તેને બાકીની જિંદગી એક ચોર તરીકેના લાંછન સાથે જ વિતાવવી પડે છે. હવે એ વ્યક્તિના અસ્તિત્વનું કોઈ ઝાઝું વજૂદ રહેતું નથી. એક ગુનેગાર સંત બને તોય તે ગુનેગાર તરીકે જ ઓળખાય છે. સમાજમાં પણ લોકો એને એક સામાન્ય નાગરિક તરીકે સ્વીકારવા તૈયાર હોતા નથી. તેઓ કોઈ નોકરીની શોધમાં જાય ત્યારે અપરાધીના લેબલને કારણે નોકરી મળતી નથી. તે પરણવા ઈચ્છે ત્યારે તેને પરણવા કોઈ તૈયાર થતું નથી. અને તેની હાલની પરિસ્થિતિ જેલમાં હતો તેની પરિસ્થિતિ કરતાં પણ ખરાબ બની જાય છે.

આવી પરિસ્થિતિમાં બધાને વાકેફ કરવા અને ઈસુની પ્રેમની આજ્ઞા સૌને સુધારે એમ બતાવવા આપણા વડાધર્મગુરુએ જેલમાં જઈને કેદીઓ સાથે પાસ્ખાનું પર્વ ઉજવ્યું હતું. અને આજે તેઓ આપણને પણ આમંત્રણ આપે છે કે આ કેદી ભાઈબહેનો ઉપર પણ આપણે પ્રેમ રાખીએ અને જ્યારે તેઓ જેલમાંથી બહાર આવે ત્યારે તેઓ સમાજમાં ગૌરવભેર જીવવા માટે પૂરતો ટેકો આપીએ. આપણે જો આ પ્રમાણે ન વર્તીએ તો આપણે આડકતરી રીતે આવી વ્યક્તિઓને ગુનેગારના જીવન તરફ દોરી જઈએ છીએ.

### ન્યાય ના તોળો :

કવિ કણણદાસ, દક્ષિણ ભારતના એક પ્રખ્યાત કવિ કહે છે. જન્મમાં બાળક સંત છએ અને તેના પાપમાં આપણનો સંગ છે. એનો અર્થ એ છે કે કોઈ ગુનો કરે તે માટે સમાજના બધા સભ્યો અમુક રીતે જવાબદાર છે કારણ કે સમાજમાં આપણનું ઘડતર થાય છે અને સમાજમાં જે કંઈ બને છે તે સમાજના બધા સભ્યો ઉપર અસર કરે છે. જો સમાજનો એક વ્યક્તિ ગુનેગાર બને તો તેમાં સમાજના બધા સભ્યોની પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી છે! પ્રભુ ઈસુ જાણતા હતા. જ્યારે ફરોશીઓ અને શાસ્ત્રીઓ વ્યભિચાર કરતાં પકડાયેલી એક સ્ત્રીને પથ્થરથી મારી નાખવા માંગે છે, ત્યારે ઈસુ તેમને કહે છે, તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે (યોહાન ૮:૭). કોઈનો ન્યાય તોળતાં પહેલાં ઈસુના આ શબ્દો યાદ કરવાની જરૂર છે. "કોઈનો ન્યાય તોળશો નહિ જેથી તમારો પણ ન્યાય નહિ તોળાય." (માથ્થી ૭:૧).

### કેદીઓને પોતાનું જીવન ફરી ઉભું કરવા મદદ :

બીજાના દુઃખ માટે લાગણી થવી એક બાબત છે. અને એ દુઃખની લાગણીનો પોતે અનુભવ કરીને એને મદદ કરવી એ બીજી બાબત છે. અહીં આપણે કેદીઓની બાબતમાં સંત પાઉલની જેમ વર્તવું જરૂરી છે. સંત પાઉલ ફિલેમોન પરના પત્રમાં ઓનેસિમસ નામના એક ગુલામને કેદી તરીકે નહિ બલ્કે પોતાના વ્હાલા ભાઈ તરીકે સ્વીકારવા માટે વિનંતી કરે છે. અહીં સાચા ઈસુપંથી તરીકે આપણી જવાબદારી સમજાવવામાં આવે છે. સંત પાઉલની જેમ આપણે પણ કેદીઓને આપણાં ભાઈબહેન તરીકે નિહાળી તેમના ઉપર સાચો પ્રેમ રાખીએ. સાચો પ્રેમ પાપીને પુનિત બનાવે છે.

### છૂટાં પડેલાં પરણિત દંપતીઓને ટેકો :

કેદીઓની બાબતમાં ઉપરોક્ત જે રજૂ કરવામાં આવ્યું છે, તે છૂટાં પડેલાં દંપતીઓની બાબતમાં પણ અમૂક રીતે લાગુ પડે છે. આપણે જાણીએ છીએ કે ખ્રિસ્તી ધર્મમાં લગ્ન સંસ્કાર દ્વારા બંધાયેલું દામ્પત્ય જીવન એક અતૂટ બંધન છે અને તે જીવનના અંત સુધી ટકાવી રાખવાની ફરજ દરેક પતિપત્નીની હોય છે. પરંતુ અમુક કારણસર એ બંધન તૂટી જાય છે ત્યારે તે ધર્મસભા, સમાજ અને કુટુંબ ઉપર ઘણી નકારાત્મક અસર કરે છે. આ કારણથી ધર્મસભામાં દાંપત્ય જીવનમાંથી છૂટાં પડેલાં સ્ત્રીપુરુષોને તેનાથી સભાન કરવા ખાતર અમુક રીતે શિક્ષા કરવામાં આવે છે. જેમ કે, પરમપ્રસાદથી વંચિત રાખવા. પણ જો આપણે તેમના ઉપર ન્યાય તોલીને બેસીએ તો એ પ્રભુ ઈસુની પ્રેમની આજ્ઞા વિરુદ્ધનું પાપ છે. બીજા ઉપર ન્યાય તોળવા સમર્થ છે ફક્ત ઈશ્વર. મહાશ્રી પોપે કહ્યું છે, બીજા ઉપર ન્યાય તોળનાર હું કોણ છું? આપણે દરેકે આવું વલણ સ્વીકાર કરવું જોઈએ. છૂટાં પડેલાં પરણિત દંપતીઓ પોતાની ભૂલ સમજી નવેસરથી સારું જીવન જીવવા પ્રયત્ન કરે ત્યારે ખ્રિસ્તી સમાજમાં તેમનો આવકાર થાય અને તેમને આવું જીવન જીવવા આપણે ટેકો આપીએ એ હેતુ માટે આપણે પ્રાર્થના કરીએ. ●

## લગ્નજીવનનાં ૩૫ વર્ષ પૂરા કરવા બદલ અભિનંદન



**જયંતીભાઈ બી. મેકવાન સંગ રંજનબેન જે. મેકવાન**

**લગ્ન તારીખ: ૧૮-૦૨-૧૯૮૦**

અમારા વંદનીય મમ્મી-પપ્પા,

આપને લગ્નજીવનના ૩૫ વર્ષ પૂરાં કરવા બદલ હાર્દિક શુભેચ્છા તેમજ લાખ લાખ અભિનંદન.

આ શુભદિવસે અમારા બધાંની અંતરની અભિલાષા તથા ઈશ્વરપિતા આપ બંનેને આવનાર વર્ષોમાં આધ્યાત્મિક આશીર્વાદથી ભરપૂર કરી, તંદુરસ્તી બક્ષે એજ ઈશ્વરના કાર્યો કરવાની શક્તિ, હિંમત, બળ અને પ્રેરણા આપી, દીર્ઘાયુ બક્ષે એવી પરમપિતાને પ્રાર્થના.

**આપનાં વ્હાલાં બાળકો**

**કામિની - વિપુલ**
**અર્નવ**
**(બેલ્જીયમ)**

**લવીના - જીગર**

**હેતલ - પવન**
**(વડોદરા)**

બી/૭, બેરીઝ એવન્યુ, ચાવડાપુરા, આણંદ

## Happy Birthday BENEDICT

"Your beauty and love chase after me, everyday of my life." Psalm 23/6



Many Happy Returns of the Day
**BENEDICT** (King-Beny)

*With best wishes and blessings form*
Martina and Leonard Lawrence (Mom-Dad)
(Grandma-Grandpa)
Lily & Anthony Lawrence
Manjulaben & Nashwan Gamit
Love & blessing from entire Lawrence family (Rajkot)
& Gamit family (Pithadra)

# 'દૂત' તથા યુવાસમાજ

✍ ભાવિન જે. પરમાર (G.E.S. Class-II)

*મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન કોલેજ ધનપૂર*

મને 'દૂત તથા યુવા સમાજ' વિશે લખતાં પહેલાં થયું કે લાવ જરા ચકાસણી તો કરી જોઉં કે યુવાસમાજ 'દૂત' સામયિક વિશે કંઈ જાણે પણ છે કે? એટલે મે કેટલાક યુવાનો પાસે જઈ તેમને 'દૂત' વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યાં. જેમ કે 'દૂત'ના લેખો વિશે તેમનું શું માનવું છે, 'દૂત'માં કેવા લેખો લખી શકાય? તેમના જીવનમાં 'દૂત'નું મહત્ત્વ છે વગેરે. આ પ્રશ્નોના જવાબો અપેક્ષામાં દુઃખદાયક મળ્યા. મોટાભાગના યુવાનો 'દૂત'ના લેખ વાંચવાનું તો ઠીક 'દૂત' વિશે જાણતા પણ નથી. 'દૂત' વિશે જાણનાર કેટલાક લોકોને એ વાંચવાનો રસ કે સમય નથી. આવા ગંભીર પરિણામો જાણ્યા પછી થોડું મનન કરતાં યુવાસમાજ કેમ 'દૂત' નથી વાંચતો? તેનાં કેટલાંક કારણો મારી સામે આવ્યાં. 'દૂત' ન વાંચવા પાછળના કેટલાક કારણો મને આ પ્રમાણે લાગે છે.

૧. કોઈપણ સમાજ, કુટુંબમાં સામાન્ય રીતે એવા પ્રકારની વ્યવસ્થા હોય છે કે પિતા કમાય અને માતા ઘર સંભાળે. પણ અત્યારે ભૌતિક જરૂરિયાતો વધતા પતિપત્ની બંને કમાતાં થયાં. પરિણામે બાળકને ઘરમાં માતા દ્વારા મળતી પરંપરાગત ધાર્મિક, સામાજિક, નૈતિક કેળવણીનો દર ઘટ્યો. પોતાના બાળકને એકાંત ન સાલે માટે ટી.વી., કમ્પ્યુટર, મોબાઈલ જેવાં ઉપકરણો વસાવાયાં. સરવાળે વાંચનનું સ્થાન ફિલ્મો, ગેમ્સ તથા ઈન્ટરનેટે લીધું.

૨. આજના સમયમાં ટેકનોલોજી પ્રવાહ ખૂબ જ ઝડપથી પસાર થઈ રહ્યો છે, તેમાંય ઈન્ટરનેટ તો વિશેષ સ્થાન ધરાવે છે. હા ઈન્ટરનેટ માનવસમાજ માટે ખૂબ જ ઉપયોગી છે પરંતુ તેનાં માઠાં પરિણામો પણ આપણે જોઈ શકીએ છીએ. જેમ કે યુવાસમાજ આજના સમયમાં ઈન્ટરનેટ તેમાં પણ ખાસ વોટ્સ અપ, ફેસબુક, બ્લોગ, વિવિધ સર્જ એન્જીનસ જેવા સોશ્યિલ નેટવર્કના કારણે પુસ્તકો હાંસિયામાં ધકેલાયાં. એમાંય અત્યાધુનિક ટેકનોલોજીથી ટેવાયેલા યુવાનોને રોમાંચક બાબતોમાં વધારે રસ પડે છે. પરિણામે ધાર્મિકવાંચનનો તો કોઈ પ્રશ્ન જ ઉઠતો જ નથી. આજે ઈન્ટરનેટ ઉપરથી કેટલાક પુસ્તકો તથા સામયિકો વિશે માહિતી મળે છે તેવા N-LIST વિશે કેટલા યુવાનો જાણે છે તે મોટો પ્રશ્ન છે.

૩. ભૌતિકવાદી પ્રવાહમાં સંયમને સ્થાન નથી જે મળે તે ભોગવી લેવાની વૃત્તિને કારણે આજે યુવાસમાજની માનસિકતાને અને સંબંધોનાં સમીકરણો બદલાયાં છે. ફેશન, ગુડ લુકિંગ, વ્યસનો, દેખાદેખી, આમ અલગ જ દેખાવાની યુવાસમાજની વિચારધારામાં વાંચનનો નંબર ન જ હોય અને હોય તો તે છેલ્લો જ હોય તે સ્વાભાવિક છે.

૪. વળી, આજે મત મુજબ સંતાનો પ્રત્યે પરિવારની વધુ પડતી અપેક્ષાના ભારે તેમને વાંચન સાહિત્યથી વિમુખ કર્યા હોય તેમ તમને લાગતું નથી? ટેકનિકલ પ્રવાહ તરફ લોકોનું આકર્ષણ અને પ્રાશ્ચાત્ય વિચારસરણીનાં પ્રભાવ હેઠળ ભારતીય ધર્મ, પરંપરા, નીતિમૂલ્યો ધરાવતું સાહિત્ય ઉવેખાય છે. ટૂંકમાં ઓછી મહેનતે વધુ મેળવી લેવાની વૃત્તિએ યુવાનોને ગેરમાર્ગે દોર્યા છે સાથે શ્રમની મહત્તા ઘટાડી છે તેમ મારું માનવું છે. ઉપરાંત આજે દરેક માતાપિતા પોતાના સંતાનને ડોક્ટર, એન્જિનિયર કે ઉચ્ચ હોદ્દા પરના અધિકારી બનાવી દેવાની અભિલાષા રાખે છે તેથી તેમની પાસે માત્ર અભ્યાસલક્ષી સાહિત્ય વાંચવા માટે તેમના પર ભાર મૂકે છે. તો 'દૂત' જેવા સામયિકને વાંચવા માટે પ્રેરણા આપે તે તો ભૂલી જવા જેવું છે.

૫. આવા કારણો સિવાય એમ પણ કહી શકાય તે ધાર્મિક સામયિકો કેટલાક માળખામાંથી બહાર નીકળતા નથી પરિણામે પ્રગતિશીલ વિચારસરણી ધરાવતો યુવાન કેટલીક બાબતો સ્વીકારી શકતો નથી અને ધર્મ તથા તેને લગતી સાહિત્યિક સામગ્રી તરફ નિરસ બને છે.

સામાજિક અને ધાર્મિક સામયિક તરીકે જો 'દૂત'ની ચર્ચા કરવાની હોય તથા યુવાસમાજ કેવી રીતે આ 'દૂત' વાંચવા પ્રત્યે પ્રેરાય તો કહી શકાય કે 'દૂત'માં કેટલીક બાબતો ઉમેરવી જોઈએ. જેમ કે,

૧. આજે વૈશ્વિક પ્રવાહમાં જોડાવા અને ટકવા માગતો યુવા સમાજ વિશાળ ફલક પર ઉડવા, વિસ્તરવા ઈચ્છે છે. આજે કારકિર્દીનું મહત્ત્વ વધ્યું છે. અભ્યાસના ક્ષેત્રો પણ અસંખ્ય છે એવા સમયે પસંદગી બાબતે મુંઝવણ અનુભવતા યુવાનને તે માટે માર્ગદર્શન આપી શકાય તેવા લેખોને 'દૂત'માં સ્થાન આપવું સજોઈએ.

2. U.P.S.C., G.P.S.C., I.B., I.B.P.S., P.S.I., LSI, Banking, CEBI, આ સિવાય ટુરિઝમ, ડિઝાઈનિંગ, ટેક્સટાઈલ, મેનેજમેન્ટ વગેરે જેવા ક્ષેત્રોમાં નોકરીની ઉત્તમ તકો રહેલી છે. વળી, આજના યુવાસમાજ માટે સૌથી મહત્ત્વનું છે રોજગારી મેળવવી. આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા રોજગારીના વિવિધ ક્ષેત્રો અંગેની ટૂંકી માહિતી, વિગત, જે તે ક્ષેત્રોમાં રહેલી રોજગારીની ઉત્તમ તકોની વાત (આછી ઝલક) પણ 'દૂત'માં સમાવવી જોઈએ.

૩. આ સિવાય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ બનેલા અથવા વિવિધ ક્ષેત્રોમાં સફળ બનેલા યુવા સિતારાઓના

ઇન્ટરવ્યુ તેમની સફળતાની વાત 'દૂત'માં સમાવેશ કરી શકાય. જેમ કે ટેક્સટાઇલ બિઝનેસમાં નામના મેળવનાર વંદનાબેન, રાજકારણ ક્ષેત્રે વિપુલ મેકવાન, International Moverment of Catholic Studentના પ્રમુખ રહી ચૂકેલા મેહુલ ડાભી, પોતાના વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ મેળવનાર કર્મચારીઓ, શિક્ષકો, વ્યક્તિઓ, યુવાનોની માહિતી 'દૂત'માં લઇ શકાય જેથી યુવાવર્ગ તેને વાંચવા માટે પ્રેરાય.

૪. ટેકનિકલ સિવાય કળાક્ષેત્રે પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. આથી સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્રકાર, અને અન્ય આવા કળા-કારીગરીના કાર્યક્ષેત્ર તેમાં રહેલી તકોની માહિતી આપવા સિવાય તેમાં રહીને કેવી રીતે પ્રોફેશનલ બની શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

૫. સમાજમાં બનતી સારીનરસી, મહત્ત્વની બાબતો અંગે ચર્ચા, સ્પર્ધા કે નિબંધ સ્પર્ધા કરવી જેથી યુવા તેના વિશે વિચારતો વિશ્લેષણ કરતો થાય અને સામાજિક પ્રવાહોથી વાકેફ રહે તથા યુવા સમાજમાં પ્રવર્તતી માનસિકતાથી પણ પરિચિત બને.

૬. આ સિવાય યુવાનની નવી કલમને પ્રોત્સાહન આપતો એક વિભાગ કે જેમાં ગુણવત્તા ધરાવતા ગદ્યપદ્ય સાહિત્યનો સમાવેશ કરી શકાય.

અત્યાધુનિક ટેકનોલોજી વાપરતા યુવાનને ધર્મની ચમત્કારિક બાબતો ક્યારેક ગળે ન ઉતરે તેથી તે માનવા તૈયાર ન થાય તે વાત સમજાય તેવી છે. પરંતુ તે આખરે તો તે માનવ છે તેણે જીવવા માટે જરૂર છે પ્રેમની, હૂંફની, મિત્રતાની સચ્ચાઈની. યુવાવસ્થામાં લાગણીઓના ચઢાવ-ઉતારના પ્રસંગો વધુ બનતા હોવાથી તે બાબતમાં યોગ્ય માર્ગદર્શનના અભાવે તે કુમાર્ગે ચળે છે અથવા આત્મઘાત તરફ વળે છે. આ સમયે તેને ટકાવી રાખે તે ધર્મ છે કારણ કે ધર્મનો અર્થ જ ધારણ કરનાર છે. યુવાનને તેની જીવન રાહ પર ટકાવી રાખવા માટે નૈતિક માર્ગદર્શન તે 'દૂત' પૂરું પાડે જ છે પરંતુ સાથે સાથે આધુનિક સંદર્ભને ધ્યાનમાં રાખી ધર્મનું વિશ્લેષણ કરી તેને નવા આયામોનો ઉઘાડ કરી આપવામાં આવે કે તેને તે માટે પ્રેરણા આપવામાં આવે તો તેનો દૃષ્ટિકોણ વિકસે તે ખરા અર્થમાં ધર્મને સમજતો થાય. આજનો યુવાન વૈશ્વિક પ્રવાહમાં ટકી રહે તે માટે તે પોતાના મૂળિયાં જાળવી રાખે તે પણ જરૂરી છે. આવી કોઈ સિમિત સંપ્રદાયને ધર્મ નામ આપવાના બદલ ભારતીય સંસ્કૃતિ, મૂલ્યસત્તા અને દર્શનનું જો તે પરિશીલન કરે અને દૃષ્ટિકોણ તેટલો વિકસાવે કે તે પોતે ધર્મની શોધ કરી શકે સાથે જીવનની ઘણી નબળી ક્ષણો પચાવી પણ શકે.

ઔદ્યોગિક પરિવર્તનના પરિણામે આવેલ નગર જીવનની આડપેદાશો જેવી કે એકલતા, હતાશા, નિરાશા, બેરોજગારી જેવા ઘણા આર્થિક, સામાજિક, માનસિક અને સાંવેદનિક સંઘર્ષો યુવાનો વેઠતા હોય છે. આવા પ્રશ્નોમાં 'દૂત' જો તેમના ફ્રેન્ડ, ફિલોસોફર તથા ગાઈડની ગરજ સારે તો યુવાનોના રોજિંદા જીવનનો એક ભાગરૂપ, પ્રેરણા સ્તોત્રરૂપ બની રહે. ●


**સલામત અને સફળ યાત્રા માટે...**

# પુણ્યભૂમિ યાત્રા મે – ૨૦૧૫

**:: સ્થળ ::**

ઇઝરાયેલ, પેલેસ્ટાઇન, ઇજિપ્ત, જોર્ડન અને દુબઈ સીટી ટુર

ફી રૂા. ૯૫,૦૦૦/- અંદાજિત (૧૧ દિવસ)

**નોંધઃ** *તા.૩૦મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા અને પાસપોર્ટની બે ઝેરોક્ષ કોપી સાથે ફી ભરવાની રહેશે.*

**:: યાત્રામાં જોડાવા કે વધુ માહિતી માટે સંપર્ક કરો ::**

**અમદાવાદ ધર્મપ્રાંતીયા યાત્રા કમિશન**

**ફાધર પીટર ડીસા (મો. ૯૪૨૭૫ ૨૨૨૮૪)**

કરમસદ

# Wanted Teacher for the year 2015-2016

1. English / S.S. teacher : B.A. / M.A., B.Ed. preferably with teaching experience.
2. P.T. Teacher : C.P. Ed. / D.P. Ed
3. Librarian : Bachelore of Library / any other Course in Library

Application invited for the above from:

a) Females only
b) Those with fluency in English.

Send your application with complete bio-data within 10 days.

To,
The Principal,
St. Ursula School,
Near Reliance Petrol Pump, N.H. No.-8,
Dabhan - 388320 Ta - Nadiad, Dist Kheda
Ph. No.: 0268-2581819

# યુવાશક્તિ અને રાજકારણ

✍ રાજેશ ક્રિશ્ચિયન

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

આપણો ભારત દેશ મજબૂત લોકશાહી ધરાવતું વિશ્વનું મહાન રાષ્ટ્ર છે. ૧૯૪૭ની આઝાદી પછી ૬૭ વર્ષમાં અનેક ચડતીપડતી જોવા છતાં આપણી લોકશાહી વધુને વધુ સશક્ત બનીને ઊભરી આવી છે. છેલ્લી ચૂંટણીમાં મતદારોએ બેલેટ બોક્ષના એક બટન વડે સમગ્ર સરકાર બદલી નાંખી અને ત્રીસ વર્ષ પછી કોઈ એક રાષ્ટ્રીય પક્ષને સંપૂર્ણ બહુમતી આપી મજબૂત લોકશાહીનો પરચો બતાવ્યો છે પરંતુ ભારતના રાજકારણના આટલાં વર્ષોના પરિવર્તનમાં આપણો સમાજ એટલે ખ્રિસ્તી પ્રજાનું સ્થાન ક્યાં?

ગત ચૂંટણીના પરિણામો તરફ દૃષ્ટિપાત કરીએ તો કુલ ૫૪૧ સાંસદોમાં ભારતની જનસંખ્યાના ૨.૩% એટલે કે બે કરોડ ચાલીસ લાખની આબાદીમાંથી ખ્રિસ્તી સાંસદોની સંખ્યા ફક્ત આંગળીના વેઢે ગણી શકાય એટલી જ. સાડા તેર ટકા જેટલી જનસંખ્યાવાળી બીજી લઘુમતી એવા મુસ્લિમ સાંસદોની સંખ્યા પણ ઘટીને ૩૫માંથી ૨૮ની થઈ ગઈ છે. આ એક એવા પ્રવાહનું નિર્દેશ કરે છે કે જ્યાં: મજબૂત લોકશાહીનું ભૂંગળ વાગતું હોવા છતાં – લઘુમતી સંપ્રદાયને રાજકારણના ઉચ્ચ સ્થાનેથી ધીરે ધીરે હડસેલી દૂર કરી દેવામાં આવી રહ્યો છે અને બહુમતિ હિંદુ સમાજને જ આધિપત્ય સોંપવામાં આવી રહ્યું છે. અને હવે આપણે સાંભળી રહ્યાં છીએ 'હિંદુ રાષ્ટ્ર'નો નારો!!! શું આ સાચી લોકશાહી છે? જો આપણે ચેતીશું નહીં અને જાગ્રૃત નહીં થઈએ તો આનાં માઠાં પરિણામ ભોગવવા જ પડશે!

ખ્રિસ્તીસમાજે ભારતના વિકાસમાં અગત્યનો ફાળો આપ્યો છે. શિક્ષણ, આરોગ્ય તથા સમાજ ઉત્થાન અને સેવાના ક્ષેત્રે ખ્રિસ્તી સમાજનું યોગદાન બહુમૂલ્ય ગણાય છે. ખ્રિસ્તીસમાજ શિક્ષિત સમુદાય ગણાય છે, ઉપરાંત દેશદાઝ પણ ખરી જ. રાષ્ટ્રને વફાદાર પ્રજા. આમ છતાં આજદિન સુધી એક પણ ખ્રિસ્તી રાષ્ટ્રપતિ કે ખ્રિસ્તી વડાપ્રધાન જોવા મળ્યા નથી. દેશને અત્યાર સુધી ત્રણ મુસ્લિમ રાષ્ટ્રપ્રમુખ મળ્યા છે. અરે, પંજાબ જેવા એકાદ પ્રાંત પૂરતી જ બહુમતિ ધરાવતા અને કુલ વસ્તીના બે ટકાથી પણ ઓછી જનસંખ્યાવાળા શીખ સમુદાયમાંથી પણ એક રાષ્ટ્રપતિ આપણે જોયા કરે છે. શું કોઈક દિવસ એવો સૂરજ ઉગશે જ્યારે આપણે ખ્રિસ્તી રાષ્ટ્રપ્રમુખ કે ખ્રિસ્તી વડાપ્રધાન જોઈ શકીશું?

આપણા દેશની સમસ્યાઓ તરફ નજર નાંખીએ તો ગરીબી, નિરક્ષરતા, આરોગ્ય, બેકારી, ભ્રષ્ટાચાર જેવા અસંખ્ય વિકરાળ પ્રશ્નો મોં ફાડીને ઊભા છે! આ સમસ્યાના ઉકેલ માટે સમગ્ર દેશે એક થવું પડે. જ્યારે સમગ્ર દેશની વાત કરતા હોઈએ ત્યારે ખ્રિસ્તી સમાજ પણ તેમાં સામેલ હોય જ. આ સમસ્યાઓ પ્રત્યે યુવાનોની વિશેષ જવાબદારી બની રહે છે. આપણી જનસંખ્યાના ૬૫% વસ્તી ૩૫ વર્ષની નીચેની ઉંમરના યુવા લોકોની છે. આ યુવાશક્તિ દેશના પરિવર્તનમાં અગત્યની ભૂમિકા ભજવી શકે. આ મહાભગીરથ કાર્ય માટે યુવાનોએ રાજકારણમાં પ્રવેશવું જ પડશે. રાજકારણમાં યુવાનો એટલે ૧૮ થી ૨૫ વર્ષની વ્યક્તિ નહીં, પરંતુ ૩૦ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતા લોકો. પિસ્તાલીસ-પચાસ વર્ષની ઉંમરવાળી વ્યક્તિ પણ રાજકારણમાં તો યુવાન જ ગણાય.

ખ્રિસ્તી સમાજના યુવકયુવતીઓ હવે સારી રીતે અભ્યાસ કરી શિક્ષિત બની રહ્યાં છે. અલગ અલગ કાર્યક્ષેત્રે ઉચ્ચ પદ હાંસલ કરી નામના મેળવી રહ્યાં છે. શું આમાંથી થોડા યુવાનયુવતીઓ રાજકારણને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરી ન શકે? અત્યારે જમાનો એવો છે કે સમાજમાંથી એકાદ બે વ્યક્તિ રાજકારણમાં ઉચ્ચ સ્થાને ન હોય તો કોઈ પણ રાજકીય પક્ષ, તે સમાજનો ભાવ પણ પૂછતો નથી. ફક્ત ચૂંટણી ટાણે વોટ મેળવવા જ યાદ કરશે. આ સંદર્ભે આપણા સમાજમાંથી થોડા તરવરિયા, ઉત્સાહી અને યોગ્ય યુવકયુવતીઓને શોધી કાઢી તેમને રાજકારણ માટે તૈયાર કરી ન શકીએ? રાજકારણ પ્રત્યેની આભડછેટ દૂર કરી દરેક રાજકીય પક્ષમાં આપણે ઉચ્ચ હરોળ સુધી પહોંચવું પડશે. મંઝિલ દૂર છે અને એટલી જ મુશ્કેલ પણ છે પરંતુ એ માટે સમાજે નક્કર વિચારવું પડશે. આપણો એકાદ ભાઈ કે બહેન રાજકારણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતો હોય તો આપણે બધાંએ તનમનધન અને સમયની બનતી બધી મદદ કરવી જોઈએ. લાંબેગાળે આ મદદ લેખે લાગશે અને સમગ્ર સમાજને મદદરૂપ બનશે.

ધર્મસભાએ પણ યોગ્ય માર્ગદર્શન, મદદ અને સહકાર પૂરો પાડવો જોઈએ. જરૂર પડ્યે ધર્મગુરુઓ ને ભગિનીઓએ પણ રાજકારણમાં ઝંપલાવવું પડશે. આપણે જોઈ રહ્યાં છીએ કે હિંદુ સમાજમાંથી ફાયર બ્રાન્ડ સાધુસાધ્વીઓ સંસદ હોલ ગજવી રહ્યાં છે. ફાધર સૂર્યાએ વર્ષો પહેલાં આંકલાવના સરપંચ તરીકે સેવા આપી જ હતી. આપણી ઘણી સંસ્થાઓ ધર્મજનોની નેતાગીરી (Lay Leadership) તૈયાર કરવામાં બહુમૂલ્ય યોગદાન આપી રહી છે. બેંગ્લોર સ્થિત NBCLC સંસ્થા વર્ષોથી આવી આદર્શ નેતાગીરી તૈયાર કરી રહી છે. ગુજરાત ખાતેની સંસ્થાઓ જેવી કે વલ્લભ વિદ્યાનગરની 'અંકુર' સંસ્થા, અમદાવાદ સ્થિત 'ખેડા સોશ્યિલ સર્વિસ સોસાયટી કે પછી સેંટ ઝેવિયર્સ સોશ્યિલ સર્વિસ સોસાયટી અને 'પ્રશાંત' જેવી સંસ્થાઓ આમાં માર્ગદર્શકની ભૂમિકા ભજવી શકે અને યોગ્ય માળખું તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે તેમ છે.

દેશમાં ઘણાં રાજ્યોની બાગડોર યુવા મુખ્ય પ્રધાનના હાથમાં સોંપવામાં આવી રહી છે. ઘણી જગ્યાએ યુવક-યુવતીઓ ગ્રામ પંચાયતોનો વહીવટ સંભાળી રહ્યાં છે. રાજસ્થાનમાં એક ઉચ્ચ શિક્ષિત યુવા મહિલાએ મોટા પગારવાળી નોકરી છોડીને ગ્રામ

પંચાયતના પ્રમુખનું પદ સંભાળ્યું છે અને ગામનો વહીવટ સૂપેરે નિભાવી ગામની કાયાપલટ કરી છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં ઘણી ખ્રિસ્તી મહિલાઓ ગ્રામ પંચાયતમાં સભ્ય બન્યાં છે અને ગામના વહીવટમાં અગત્યની ભૂમિકા ભજવી રહ્યાં છે. ખ્રિસ્તી યુવાધન પણ આ રીતે રાજકારણમાં પા પા પગલી ભરી પોતાનું સ્થાન મજબૂત કરી શકે અને આ રીતે સામાજિક જવાબદારી નિભાવીને આદર્શ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે.

ભારતના રાજકારણમાં ખ્રિસ્તી સમાજનો કોઈ અવાજ કે ઓળખ ન હોવાને પરિણામે આપણી ધાર્મિક સંસ્થાઓ અવારનવાર હુમલાનો ભોગ બનતી આવી છે. આ લખી રહ્યો છું ત્યારે આજે ઉત્તરાયણની વહેલી સવારે દિલ્હી સ્થિત દેવળમાં તોડફોડના સમાચાર આવ્યા છે. સમગ્ર દેશમાં હુમલાઓની આવી ઘટનાઓ રોજિંદી બની રહી છે. છેલ્લી ચૂંટણી પછી 'ઘર વાપસી'ના નામે ધર્માંતરણના કાર્યક્રમો જાહેરચોક યોજાઈ રહ્યા છે. આવા કાર્યક્રમોનો સીધો ટાર્ગેટ લઘુમતિ ખ્રિસ્તી અને મુસ્લિમ સમુદાય જ છે. આવી ઘટનાઓને ખાળવી હોય તથા આદર્શ સમાજ અને દેશનું નવનિર્માણ કરવું હોય તો એક ઉપાય રાજકારણમાં આપણી ઓળખ પ્રસ્થાપિત કરવી એ પણ અગત્યનું છે. હાલમાં ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા સમગ્ર દેશમાંથી વધુને વધુ લોકો તેમના પક્ષમાં જોડાય તે માટે અભિયાન ચાલી રહ્યું છે. તે જ રીતે કોંગ્રેસ ઉપાધ્યક્ષ યુવા નેતા રાહુલ ગાંધીની સીધી દોરવણી હેઠળ ગત ચૂંટણી સમયથી યુવકયુવતીઓને રાજકારણની તાલીમ આપી તૈયાર કરવામાં આવી રહ્યાં છે. અક્સ (AAKS) આમ આદમી કા સિપાહીના નેજા હેઠળ તાલીમ મેળવતાં આ યુવાધનમાંથી જ ભવિષ્યની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી થશે. શું આપણે ગામડે ગામડે રાજકારણની તાલીમ પામેલાં યુવકયુવતીઓની ફોજ તૈયાર ન કરી શકીએ? સમાજ અને ધર્મસભાએ સાથે મળીને વિચારવા જેવો મુદ્દો તો ખરો જ... ●


**હિન્દી બાઈબલ અધિવેશન - "દિવ્ય કિરણ"**

(ટ્રેન તથા લક્ઝરી બસ દ્વારા)

**પોટ્ટા રિટ્રીટ પ્રવાસ - કેરાલા**

**૩૧મી મે રવિવારથી ૫મી જૂન, શુક્રવાર ૨૦૧૫**

૩ દિવસ કેરાલા દર્શન

**પ્રવાસ ફીઃ રૂા. ૩,૮૦૦/-**

**૨૭-૦૫-૨૦૧૫ થી ૦૭-૦૬-૨૦૧૫ રવિવાર સુધી (પ્રવાસ દિવસઃ ૧૦)**

આજે જ રિઝર્વેશન કરાવો.

રૂા.૨,૦૦૦/- એડવાન્સ ફી આપીને ૨૫-૦૩-૨૦૧૫ બુધવાર સુધીમાં અવશ્ય નામ નોંધાવશો.

**સંપર્ક કરોઃ** કેરેસ્મેટીક બંધુઃ હેમંતભાઈ માધવભાઈ મેકવાન (મો. ૯૪૨૭૬ ૩૫૮૯૫)

વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



**૧૦મી હેપી બર્થડે એન્ડ હેપી ફર્સ્ટ કોમુન્યન**

**વ્હાલસોયા પ્રજ્ઞીલ (સોનુ)**



**Birth date: 19-02-2006**

**શુભેચ્છા ધરાવતાં વ્હાલસોયાં**

**કલ્પેશ ડિસોઝા (પપ્પા) પ્રજ્ઞા ડિસોઝા** (મમ્મી)

**કાંતિભાઈ એન. ક્રિશ્ચિયન (દાદા T.D.O.), સ્વ. શારદા કે. ક્રિશ્ચિયન (દાદી)**

**સ્વ. પીટરભાઈ જી. ક્રિશ્ચિયન (વડદાદા)**

**પાઉલભાઈ જી. ક્રિશ્ચિયન (વડદાદા), મોનીકાબેન પી. ક્રિશ્ચિયન (વડદાદી)**

૧૯, નિલગીરી પાર્ક સોસાયટી, ઝેવિયરનગરની પાછળ, પાધરિયા - આણંદ

ફોનઃ ૨૫૬૮૬૯




આહ્‌વાન

# ‘યુવાનો - ડિજિટલ ટેક્‌નોલોજીને આરે’

✍ સંકલન: સહતંત્રી

ડિસેમ્બર, ૨૦૧૪ ‘દૂત’ અંકમાં ફેબ્રુઆરી, ૨૦૧૫ માટે ‘યુવાનો ડિજિટલ ટેકનોલોજીને આરે’ આહ્‌વાન આપ્યું હતું, જેનો સમખાવા પૂરતો પ્રતિસાદ મળ્યો છે. આ બાબત ઘણા ચિંતાજનક પ્રશ્ન ઊભા કરે છે. જેમણે પ્રતિભાવ મોકલ્યા છે, તેમનો આભાર.



**આશીર્વાદ કે અભિશાપઃ** આજના યુવાનો ડિજિટલ ટેકનોલોજીના આરે છે, તેઓ કોઈપણ કામ ટેકનોલોજીના આધારે જ કરવા માગે છે. આમ જુઓ તો ટેકનોલોજી, માનવજાત-જીવન માટે ઘણી રીતે સહાયરૂપ બની રહે છે, પણ જો ટેકનોલોજીનો ઉપયોગ નિયંત્રિત રીતે કરે તો, પણ જો ટેકનોલોજી આપણું નિયંત્રણ કરે તો આપણે તેના આદી અને ગુલામ બની જઈશું. તેથી જ અત્યારના ટેકનોલોજીના યુગમાં જીવતા યુવાનોયુવતીઓએ ટેકનોલોજીના બંધાણી કે ગુલામ ન બનતાં તેનો સમજીને ઉપયોગ કરવો જોઈએ.

આજના યુવાનોયુવતીઓ મોબાઈલ, ફેસબુક, વોટ્‌સએપ, સેટેલાઈટ ચેનલ્સ, કમ્પ્યૂટર, ટી.વી. વગેરે... એક-એક અનેક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તે એક સારી બાબત છે, પણ તેઓએ તેના બંધાણી કે ગુલામ ન બનવું જોઈએ. ઈન્ટરનેટ કે ગુગલ આપણને કોઈપણ જાણકારી ગણતરીની મિનિટમાં જ આપે છે તે એક સારી બાબત છે પણ જો તમે હમેશા મોબાઈલ, ઈન્ટરનેટ પર રચ્યા-પચ્યા રહેશો તો તમે પોતાના જ પરિવારથી તેમની લાગણીઓથી દૂર થતાં જશો. મોબાઈલ, ઈન્ટરનેટ, કોમ્પ્યૂટર યુઝર્સ કલાકોના કલાકો એક જ જગ્યાએ એક જ પોઝિશનમાં બેસી રહે તો અનેક રોગોના ભોગ બની શકે છે. તેનાથી પાચનતંત્ર, આંખોના, મણકાના રોગો તથા મોબાઈલમાંથી નીકળતા રેડિયેશનથી કેન્સર જેવી બીમારી પણ થઈ શકે છે. તેથી આજના યુવાનોએ ટેકનોલોજીનો ઉપયોગ જરૂરત પૂરતો મર્યાદિત જ કરવો જોઈએ.

આજના યુવાનો intellectual indigo Child છે તેઓ ટેકનોલોજીનો આર્થિક ઉપયોગ કરે છે અને તે પણ સરળતાથી પણ તેનાથી તેઓ પોતાના સ્વજનોની લાગણીઓથી દૂર થતાં જાય તો તે દુઃખદ બાબત છે. તેથી યુવાનોયુવતીઓએ ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ નિયંત્રણમાં રહીને કરવો જોઈએ. ડિજિટલ ટેકનોલોજી તમને તેના બંધાણી તે ગુલામ ન બનાવી દે તે ખ્યાલ રાખીને તેનો ઉપયોગ કરે તો તે ટેક્‌નોલોજીનો શ્રેષ્ઠતમ ઉપયોગ કર્યો કહેવાશે. ડિજિટલ ટેક્‌નોલોજીનો નિયંત્રિત ઉપયોગ આર્શીવાદ બની રહેશે. જ્યારે અનિયંત્રિત ઉપયોગ તમને તેના ગુલામ બનાવી રોગોના ભોગ બનાવશે. ટેક્‌નોલોજીનો જો સમજીને ઉપયોગ કરીએ તો આશીર્વાદ નહિતર અભિશાપ!

— જ્યોતિ સી. મેકવાન

**ઉપયોગ વ્યક્તિ નિર્ભરઃ** ડિજિટલ ટેકનોલોજીના ગુલામ બનવું કે નહીં એ તો જે તે વ્યક્તિ ઉપર નિર્ભર છે. ટેકનોલોજીનું આપણા ઉપર નહીં બલકે આપણું ટેકનોલોજી ઉપર નિયંત્રણ હોવું જોઈએ. વ્યક્તિએ મનોમંથન કરીને વહેલી તકે સજાગ થઈ જવાનો સમય પાકી ગયો છે કે પોતે ટેકનોલોજીની ગુલામ છે કે નહીં? આજની યુવાપેઢીને આપણે સ્ક્રિન જનરેશન પણ કહી શકીએ, કેમકે આ યુવાપેઢી પોતાનો મોટાભાગનો સમય કાં તો કોમ્પ્યૂટરની સ્ક્રિન ઉપર ગાળે છે કાં તો મોબાઈલની સ્ક્રિન ઉપર ગાળે છે.

ટેકનોલોજીએ એટલી મોટી હરણફાળ ભરી છે કે છેક અંતરિયાળ ગામમાં રહેતા લોકો સુધી એન્ડ્રોઈડ ફોનના માધ્યમ દ્વારા તેણે લોકોના દિલો દિમાગ ઉપર કબજો જમાવી દીધો છે. આપણા ભારતમાં ૧૦૦ મિલિયન એક્ટિવ ફેસબુક યુઝર્સ છે. વર્તમાન સમયમાં કેટલાય યુવાનયુવતીઓ કાર્યાલયોમાં અને મુસાફરી દરમિયાન ટેકનોલોજી સંગ એટલા બધા બિઝી જોવા મળે છે કે ન પૂછો વાત! આ દરેક યુવકયુવતીએ પોતાની જાતને પ્રશ્ન કરવો રહ્યો કે શું આ ડિઝિટલ ટેકનોલોજી તેમના નિયંત્રણમાં છે કે નહીં? એક જ મોબાઈલમાં આજકાલ એટલું બધું સમાવી દેવામાં આવ્યું છે કે વ્યક્તિ સારા નરસાનું ભાન ભૂલી ટેકનોલોજીનો બેફામ ઉપયોગ કરવા લાગી છે. જીવનમાં બે પ્રકારના નિયંત્રણો અત્યંત આવશ્યક છે. એક નિયંત્રણમાં એવું છે કે એમાં વ્યક્તિએ એની માનવસહજ વૃત્તિઓ ઉપર નિયંત્રણ રાખવું જોઈએ. બીજું નિયંત્રણ એવું છે કે એમાં જે વસ્તુઓનો આપણે ઉપયોગ કરીએ છીએ એ ઉપર નિયંત્રણ રાખવું રહ્યું. બ્રેક વિનાનું સ્કૂટર લઈને નીકળી પડીએ તો અકસ્માત થવાની શક્યતાઓ વધી જાય છે પણ જો આપણા સ્કૂટર ઉપર આપણું નિયંત્રણ હશે તો એમ નહીં થાય.

સિક્કાની બે બાજુની જેમ ટેકનોલોજીની પણ બે બાજુ છે. એક ઊજળી બાજુ છે જે અંતર્ગત ડિઝિટલ ટેકનોલોજીના ઉપયોગથી આપણો વિકાસ થાય છે, આપણને ફાયદો થાય છે એ બધી વાતો આવી જાય છે. બીજી અંધારી બાજુમાં ટેકનોલોજીનો જે રીતે દુરુપયોગ કરવામાં આવે છે અને એથી જે માઠાં પરિણામ ભોગવવાં પડે છે એ બધી વાતોનો સમાવેશ થઈ જાય છે. નિયમિત વોટ્‌સએપનો ઉપયોગ કરનારાઓમાં કેટલાયને લાગતું હશે કે એમાં કશું ખોટું નથી! અલબત્ત આ વોટ્‌સએપ ઉપર જે ચેટિંગ કરવામાં આવે છે એમાં તમે મર્યાદા રાખો છો ખરા? ૩૦ વર્ષથી વધારે વયના કેટલાક યુવક-યુવતીઓ ભણેલા હોવા છતાં વિવેક ચૂકી ગયા હોય એવી સ્થિતિ પ્રવર્તી રહી છે. શું ગામડાનાં યુવાનો કે શું શહેરના યુવાનો, બધે જ

સ્થિતિ એકસમાન છે. યુવાનયુવતીઓ ટેકનોલોજીના ગુલામ ન બને એ માટે ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે એ અત્યંત જરૂરી છે. માણસે ટેકનોલોજીનું નિર્માણ કર્યું એટલે સ્વાભાવિક રીતે આપણે સહુએ તેની ઉપર અંકુશ રાખવો જોઈએ. ક્યાંક એવું ન બને કે ટેકનોલોજી આપણા ઉપર હાવી થઈ જાય અને એની આપણને ખબર પણ ન પડે!

— અમિત ચૌહાણ

**નેટવર્કિંગ એન્ડ યુથઃ** કામકાજના સ્થળે કે નવરાશના સમયે અસંખ્ય લોકો સોશ્યિલ નેટવર્કિંગ સાઈટ્સનો ભરપૂર ઉપયોગ કરે છે. નવા નવા મિત્રો સાથે મૈત્રી કેળવવી અને તે પછી રુચિના વિષયમાં લગાતાર વાર્તાલાપ કરવામાં અન્ય દેશના યુવાનોની જેમ ભારતના યુવાનો પણ અગ્રેસર છે. અને એ રીતે વડીલોની રોકટોકમાંથી મુક્ત મને સામાજિક સંબંધની ક્ષિતિજ વિકસાવે છે, પરિપકવતા પ્રતિ પ્રયાણ કરે છે. સોશ્યિલ નેટવર્કિંગની પ્રતાપે યુવાનોને ઉંચી ઉડાન માટે દૃષ્ટિ અને વ્યવસાયિક માર્ગદર્શન મળે છે, જેને આપણી સામાજિક મૂડી ગણી શકીએ. આ સામાજિક મૂડીની ભૂમિકા શી હોઈ શકે? એ પ્રશ્ન જરૂર ઉભો થાય.

જ્યારે લોકોને નેટવર્કિંગ દ્વારા રોજગાર મળે ત્યારે તે જ સંદર્ભ દ્વારા નિત્ય નવી તક મળતી રહે છે, જેને હું સામાજિક મૂડી અને મહત્ત્વનું પ્રદાન માનું છું. સોશ્યિલ નેટવર્કિંગમાં દરેક બાબત સાચી લાગે છે પણ 'સામાજિક વેગળાપણું' પણ એક ગંભીર પ્રશ્ન બને છે. એક સમયે સયુંક્ત પરિવારમાં, સમાજમાં રહેતો માનવી પેઢી દર પેઢી અનુભવજ્ઞાન મેળવતો હતો. શિક્ષણ, રમતગમત સંસ્કૃતિ વગેરેનું જ્ઞાન અનાયાસે પ્રાપ્ત થતું હતું. હવે અત્યારે અત્યાધુનિક ઉપકરણો-સ્માર્ટ ફોન, ટેબલેટ વગેરે દ્વારા જીવનપયોગી પ્રત્યેક ક્ષેત્રનું જ્ઞાન આસાનીથી મેળવે છે, પણ છેવટે તે બધાના ઉપયોગ-ઉપભોગમાં માનવ સમાજથી અળગો થાય છે, એકલવાયો બને છે. આજે બાળક ગળથૂથીમાંથી જ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરવાનું શીખી લે છે ને કલાકો તેની સાથે ગાળી શકે છે? સ્માર્ટ ફોન કે નેટવર્કિંગ સાઈટ્સના વપરાશથી અજાણ-અભણ, સમુદાયથી બાકાત ફેંકાય જાય છે.

ભારતના યુવાનો માટે આ જ સંજોગો જોખમકારક ઉભા થાય છે. ઓન લાઈન હજારો મિત્રો હોવાનો દાવો કરનાર ઓફ લાઈન મિત્રની દરકાર કરશે? તેની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય એટલી અલ્પ હોઈ શકે? આજકાલ માણસની લાગણીઓ સ્થગિત થઈ ગઈ જોવા મળે છે, કારણ મોટાભાગના લોકો પાસે પોતાની લાગણી વ્યક્ત કરવા માટે કે વાત સાંભળવા માટે વ્યક્તિનો દુકાળ પડ્યો હોય એમ લાગે છે. મિત્રોની છબીઓ સાચવવી એ હવે જૂનવાણી લાગે છે કારણ હવે માનવ વધારે ને વધારે આપમતલબી બની ગયો છે. ઝડપી જગતની રીતભાત શીખતાં તે હવે ઝડપથી સમાજથી અલિપ્ત બની રહ્યો છે! રોજબરોજ કપડાંનાં બદલાતી ફેશનની જેમ હવે માનસિકતા પણ દરરોજ બદલાતી રહે છે! કેટલીક વાર પ્રતિકૂળ વળગણો પણ આધુનિકતાના નામે ચલાવ્યે રાખે છે! સોશ્યિલ સાઈટસ પરની મૂલ્યહીન વિચારધારાઓનો ઘણીવાર યુવાનો પીછો છોડતા નથી! નેટવર્કિંગ મિત્રવર્તુળમાં 'મોર લાઈક' બનવાનું સ્વમાન સહજ છે.

દરેક બાબતની બે બાજુઓ હોય છે, એમ સોશ્યિલ નેટવર્કિંગ સાઈટસની હકારાત્મક અને નકારાત્મક બાજુમાંથી કઈ પસંદ કરવી એ યુવાનો પર નિર્ભર છે. ઘડીના છઠ્ઠા ભાગમાં તમે નેટવર્કિંગ દ્વારા સમગ્ર વિશ્વમાં છવાઈ જાઓ છો! ધંધા રોજગાર અને વાણિજ્ય વિષયકમાં કોર્પોરેટ વર્લ્ડમાં તે મહદ્ ઉપયોગી છે. ઓફ લાઈનથી ઓનલાઈનનો વેગ તીવ્ર છે. એટલે અંગત સબંધના અનુસંધાનમાં ક્યારેક જોખમકારક બની શકે. વળી તરુણાવસ્થા માટે આપત્તિજનક બની શકે કારણ હજુ તેમનામાં સારાસારની પરિપકવતા સંપૂર્ણ પાંગરી ન હોય!

સુરક્ષિત રહો, ખુશ રહો, આવશ્યકતા અનુસાર તેનો ઉપયોગ જરૂર કરો અને સંસ્કૃતિનો આદર કર્યો.

— મૂળ લેખિકા : વંદના મોકારિયા
Email : vandana.molcariall@gmail.com
— ભાવાનુવાદ : જોન ફિલીપ મેકવાન

## 'બાઈબલ ડાયરી' જોઈએ છે? ઉતાવળ કરો?

ગુજરાત સાહિત્ય પ્રકાશ - આણંદ દ્વારા પ્રથમ વખત પ્રકાશિત 'બાઈબલ ડાયરી'નું લોકલાગણીને માન આપી પુનઃ મુદ્રણ કરવામાં આવ્યું છે.

પ્રથમ વખત મોં ધોવા જનારને પસ્તાવું પડ્યું હતું એટલે વહેલા તે પહેલાના ધોરણે વર્ષ ૨૦૧૫ ની 'બાઈબલ ડાયરી' આપને હવે કાર્યાલયમાંથી (રિસેસ અને રજાના સમય/દિવસ સિવાય) મળી રહેશે. હવે આ વર્ષે પુનઃ મુદ્રણ કરવામાં આવશે નહીં, જેની વાચકોએ ખાસ નોંધ લેવી.

'બાઈબલ ડાયરી' વિશે વિગતવાર જાણવા
જુઓ 'દૂત' ડિસેમ્બર, ૨૦૧૪ કવરપેઈજ ૮૭


**:: પ્રાપ્તિ સ્થળ ::**
**ગુજરાત સાહિત્ય પ્રકાશ, ગામડી-આણંદ**
નિયામક : ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ

## દાન માટે અપીલ

ગામ વડોદના પરમાર ફ્રાન્સિસભાઈ સીમોનભાઈનાં પત્ની સાબીનાબેનની બન્ને કિડની ફેઈલ હોઈ કિડની ટ્રાન્સપ્લાટ માટે તેના હોસ્પિટલની સારવાર અર્થે માતબર રકમની જરૂર છે.

"મારી આર્થિક સ્થિતિ નબળી હોવાથી આ ખર્ચને પહોંચી શકું તેમ નથી. આપ બધાં ધર્મબંધુઓને મને મદદ કરવા અરજ કરું છું. દિવ્ય દયાસાગર ઈસુ આપને આશીર્વાદ આપે એવી પ્રભુ પ્રાર્થના."

B.O.B. Account No. 07980100005598
Ph. No.: 83474 88616



# સ્વ. બ્રધર પોલ મેકવાન એસ.જે.

✍ ફાધર લોરેન્સ ધર્મરાજ

*સોશ્યિસ, ગુજરાત જેસુઈટ પ્રોવિન્સ*

નિર્મળ મિરિયમ શાળા - નડિયાદમાં પ્રાથમિક શિક્ષણ મેળવતા નાનકડા વિદ્યાર્થી પોલે, બ્રધર અગુસ્તિન લોબોને - તેમના સમર્પિત જીવન નિહાળતાં જ, ઈસુસંઘી ધર્મબંધુ બનવાની પ્રેરણા થઈ હતી. વિનયાલયા-મુંબઈ જેસુઈટ નોવિશિયેટમાં ૧૯૬૧માં તેઓ જોડાયા. અહીં જ નોવિશિયેટ અને જુનિયરેટ પૂર્ણ કરી તેઓને પૂણેની દી નોબિલિ કોલેજમાં મોકલવામાં આવ્યા જ્યા ૧૫ વર્ષ - ૧૯૮૦ સુધી સેવા આપી. કોલેજના પ્રથમ ધર્મબંધુ મંત્રી( Minister ) હોવાને કારણે કાર્યાલયનાં પણ ઘણાં કામકાજ તેમણે ઉપાડ્યાં હતાં.

યુનાઈટેડ નેશનલ હાઈ કમિશ્નરના શરણાર્થી કાર્યાલય થાઈલેન્ડની સરહદ પર કમ્બોડિયા અને વિયેતનામ શરણાર્થીને સહાયરૂપ બનવા ૧૯૮૦માં તેમની નિમણૂંક થઈ. ૫૦,૦૦૦ જેટલા શરણાર્થીઓની સુવિધા માટે બાંધકામ, સફાઈ સ્વાસ્થ્ય, વીજળી અને પાણી વગેરેની જવાબદારી બ્રધરને શિર હતી. સફળ કામગીરી માટેનું અને હાઈ કમિશન કાર્યાલય તરફથી સક્ષમ કાર્યદક્ષતાનું પ્રમાણપત્ર અને જેસુઈટ જનરલ ફાધર અરુપ્પે 'અભિનંદન પત્ર' મેળવનાર બ્રધરે એક મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

સામાજિક સેવા કાર્ય અને આદિવાસી સામાજિક કેન્દ્ર ડેડિયાપાડા, રેલવા અને નાની સિંગલોટીના કાર્યકર્તા અને મિશનના ખજાનચી તરીકે ૧૯૮૧થી સાત વર્ષ તેમણે સેવા આપી. ફાધર બેરેચીના સહયોગમાં તેમણે દક્ષિણ ગુજરાતમાં પ્રથમ શૈક્ષણિક પ્રોજેક્ટ આરંભ કર્યો, ત્રણ પ્રાથમિક શાળાઓ ખોલી, એક હાઈસ્કૂલ અને ત્યારપછી હાયરસેકન્ડરી સ્કૂલ શરૂ કરી. આજ સમયે 'દૂધ સહકારી મંડળી'ના વ્યવસ્થાપનને વધારે ગુણવત્તા સભર બનાવવા માટે ફાધર બેરેચીએ બ્રધરને નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ આણંદમાં, તે અંગેના કૌશલ્ય પ્રાપ્ત કરવા મોકલી આપ્યા.

ડેડિયાપાડાથી તેમના જીવનયાત્રા આફ્રિકા ખંડમાં - ઈથોપિયામાં પ્રસ્થાન કરે છે, જે તેમના અનેક સ્વપ્નમાનું એક હતું. અહીં જેસુઈટ રીલિફ સર્વિસ (JRS)ના ક્ષેત્રીય નિયામક (Field Director) તરીકે તેમને જવાબદારી મળી, જેમાં એકસાથે અનેકવિધ પ્રોજેક્ટનો કાર્યભાર સંભાળવાનો હતો. ૭૦,૦૦૦ સ્થળાંતરિત દેશવાસીઓના પુર્નવસવાટની જટિલ કામગીરી તેમણે પૂર્ણ કરી હતી. ઈથોપિયા સરકાર સાથેનો ઈસુસંઘનો આ પ્રોજેક્ટ, આદર્શ પ્રોજેક્ટ બની રહ્યો. અહીં પણ બ્રધરને આરોગ્ય મંત્રાલય તરફથી પ્રશસ્તિપત્ર મળ્યો હતો. ગુજરાત ઈસુસંઘના પ્રાન્તધ્યક્ષની સહમતી સાથે, ઈસ્ટ આફ્રિકાના પ્રાન્તાધ્યક્ષ, બ્રધરને શરણાર્થી સહાય માટે સોમાલિયા( આફ્રિકા) મોકલવા માંગતા હતા. આ સમયગાળા દરમિયાન ટર્શનશિપ માટે ૧૯૮૯માં બેંગલોરમાં તેમનું ગમન થયું. અહીં તેમણે ધર્મશિક્ષણનો ડિપ્લોમા કોર્સ પૂર્ણ કર્યો. સોમાલિયા જવાના વિઝા ન મળતાં ૧૯૯૦માં તેમને ખંભાત મિશનમાં મોકલવામાં આવ્યા. ખંભાતમાં તેમણે આઠ વર્ષ વહીવટકર્તા, ખજાનચી અને એગ્રિકલ્ચર પ્રોજેક્ટના ડાયરેક્ટર તરીકે સેવા આપી. તદુપરાંત હોસ્ટેલ અને હાઈસ્કૂલનું મકાન, પુરોહિત નિવાસના મરામત, કમ્પાઉન્ડ વોલનું બાંધકામ તેમણે પૂર્ણ કર્યો. નગરા 'કરુણામયી માતા' તીર્થધામ માટેની જમીન સંપાદન કરવાથી માંડી, તેના વિકાસ અને બાંધકામ સાથે વરસડામાં હાઈસ્કૂલ અને હોસ્ટેલના બાંધકામની જવાબદારી તેમણે સ્વીકારી હતી. સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-ગાંધીનગરનું વિસ્તરણ કામ પણ તેમની જ દેન છે. ફાધર હેરેરોના નિધન પછી ટેકનીકલ શાળાનું અધુરું બાંધકામ અને પુરોહિત રહેઠાણ-અંકલેશ્વરનું કામકાજ પૂર્ણ કરવા બ્રધરની બદલી અંકલેશ્વર થઈ.

૧૯૯૮માં પ્રેમલ જ્યોતિમાં અમદાવાદમાં પ્રોવિન્સ કુરિયામાં કામ કરવા તેમને આમંત્રણ મળ્યું. એક ધર્મબંધુ તરીકે આ જવાબદારી મેળવનાર તેઓ પ્રથમ ધર્મબંધુ હતા અને ઝેવિયર કેળવણી મંડળ વેહિકલ ઓફિસનો ચાર્જ પણ તેમણે સંભાળ્યો હતો. ઈસુસંઘ પ્રાન્ત ગુજરાત ટ્રસ્ટના મંત્રી અને ખજાનચી સાથે તેઓ ઝેવિયર કેળવણી મંડળ પ્રા.લિ.ના સેક્રેટરી પણ હતા. ગુર્જરવાણીમાં નિવાસ કરતાં સેંટ ઝેવિયર્સ કોલેજ કેમ્પસ પેરિશ ચર્ચના બાંધકામમાં પણ તેઓ નિગરાની રાખતા હતા.

બ્રધર પોલ કેટકેટલા ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે કાર્યભાર સંભાળતા હતા, તેમ છતાંયે અનેક કેન્દ્રના વિકાસમાં ઉમદા ફાળો તેમણે આપ્યો. તેઓ વિશ્વસનીય હતા. માનવીય સંબંધ જાળવવામાં તેઓ માહિર હતા. ખૂબજ સરળતાથી કોઈને પણ મિત્રભાવ બતાવે અને જીવનપર્યંત મૈત્રી ટકાવે પણ ખરા. એક બહેત્તર વહીવટકર્તા હતા, કામકાજમાં વ્યવહારકુશળ હતા. હિસાબમાં એક્કો હતા. સર્જનાત્મકતા તેમના શ્વાસમાં હતી. ગુજરાતીમાં અસરકારક રજૂઆત કરી શકતા, લખી શકતા. ઈસુસંઘમાં જોડાયા પહેલાં, તેમનું લેખિત નાટક વડોદરા ટાઉન હોલમાં ભજવાયું હતું.

એક એક્ષજેસુઈટ બ્રધર, મિ. સુલેમાનના ઈન્દ્રણજ સ્થિત 'વિકલાંગ બાળકો'ના કેન્દ્રમાં છેલ્લાં વીસ વર્ષથી તેઓ સહયોગ આપતા હતા. તેમના આધ્યાત્મિક ઉત્થાન અને ધર્મવિભાગની પાળકીય જવાબદારીમાં સહાયરૂપ બનવાના હેતુસર એક વર્ષ માટે દેવવિદ્યાના અભ્યાસ માટે તેમને મોકલ્યા. ૨૦૧૪માં નાની શિંગલોટીમાં ફાર્મ, બિલ્ડિંગ ઈન્ચાર્જ અને ખજાનચી તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. ૨૫મી ડિસેમ્બરના રોજ ઉમરપાડા પાસે એક માર્ગ અકસ્માતમાં તેઓ મરણને શરણ થયા. પરમાત્મા ધર્મબંધુ પોલને શાશ્વત જીવન આપે. ●

# મેઘધનુષના સાત રંગ

✍ **ફાધર સંદિપ મધુકર**

*યુથ ડાયરેક્ટર, અમદાવાદ ધર્મપ્રાંત*

*Don't just have career or acedemic goals. Set golas to give you balanced successful life. Balanced means ensuring health, realationship and mental peace. These all should be in good order. Don't make life serious. We are temparary here. We are like a prepaid card with certain validity. If we are lucky, we may live 50 or more. So live the life fully.*

ઉપરોક્ત સંદેશ ભારતના ઉદ્યોગપતિ રતન તાતાએ ૨૪ નવેમ્બર, ૨૦૧૪ના રોજ વોટસઅપ પર મૂક્યો હતો. "ફક્ત કારકિર્દીનો જ જીવનમાં ધ્યેય ન રાખતાં, સર્વાંગી વિકાસ અને સફળતાનો ધ્યેય રાખવો જોઈએ. એટલે કારકિર્દી ઉપરાંત અન્ય સાથેના સંબંધ, શારીરિક તંદુરસ્તી, માનસિક શાંતિનો પણ ખ્યાલ રાખવો અનિવાર્ય છે. આપણું જીવન પ્રીપેઈડ કાર્ડ જેવું છે, ગમે ત્યારે વેલિડિટી પૂરી થઈ શકે એમ છે. જો આપણે નસીબદાર હોઈએ તો ૫૦ વર્ષ કે તેથી વધારે વર્ષ મળે અને એટલે જ જીવનને ભરપૂરપણે જીવવું જોઈએ."

સંત યોહાનના ગ્રંથ (૧૦:૧૦)માં ભગવાન ઈસુ કહે છે : "હું એટલા માટે આવ્યો છું કે, એમને જીવન મળે અને ભરપટ્ટે મળે." એટલે પ્રભુ આપણને જીવનનો ભરપૂર આનંદ માણવા કહે છે. બીજા હાથે બાઈબલમાં તત્ત્વદર્શી(૧૨:૧)ના ગ્રંથમાં 'કોહેલેથ' યાદ અપાવે છે : "તારી જુવાનીમાં, હજુ માઠા દિવસો આવ્યો નથી ત્યારે જ તારા સર્જનહારને સ્મરી લે." અર્થાત જીવનને ભરપટ્ટે માણતી વખતે સર્જનહારનો ખ્યાલ કરવો, ધર્મભીરું બનવું અતિ આવશ્યક છે, જેથી જીવનની ઢળતી સંધ્યાએ તનમનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે. છેલ્લા દોઢેક વર્ષથી યુવાનોના સીધા સંપર્કમાં આવ્યા પછી મને લાગે છે કે યુવાનો પાસે શક્તિ છે, સમય છે, પણ ક્યારેક દૃષ્ટિ કે દીર્ઘદૃષ્ટિનો અભાવ ક્યાંક જોવા મળે છે. એક ફોન માત્રથી ધર્મસભાને મદદ કરવા દોડી આવે છે, આદેશ પ્રમાણે વર્તે છે. કેટલાક હજુ સ્વકેન્દ્રી છે, કેવળ પોતાના જ વિચારમાં કે વિકાસમાં (!) રચ્યાપચ્યા રહે છે. કેટલાક લઘુતાગ્રંતિથી પીડાતા, વડીલ મિત્રને વશવર્તે છે. ત્યારે યુવાનોને સતત માર્ગદર્શન અને પ્રેરણા મળતાં રહે તેને હું મારું પ્રથમ કર્તવ્ય માનું છું.

કેથોલિક યુવાનોને જન્મ આપનાર માબાપ ઉપરાંત પાણી અને પવિત્ર આત્માથી જન્મ આપનાર ધર્મસભા પણ માતા છે, આપણા જીવનથી માબાપ અને ધર્મસભા, બન્નેને ગૌરવ મળે એ પ્રકારનું આપણું જીવન હોવું જોઈએ. મેઘધનુષના સાત રંગોને લીધે જ તેનું સૌંદર્ય અખંડ છે. ગ્રામીણ યુવાનોથી માંડી મહાનગરમાં વસતા યુવાનોના સર્વાંગી વિકાસમાં જ ધર્મસભાના સપ્તરંગી મેઘધનુષની રચના કરી શકાય. ઈન્ડિયન કેથોલિક યુથ મૂવમેન્ટ, અમદાવાદ ધર્મપ્રાંત, પ્રત્યેક ડીનરી અને પ્રત્યેક ધર્મવિભાગના યુવાનોનો સર્વાંગી વિકાસ થાય તો જ મેઘધનુષના સાત રંગથી ધર્મસભાનું મેઘધનુષ સર્વાંગસુંદર બને. યુથ ઓફિસ તરફથી આયોજીત વિવિધ કાર્યક્રમ - પ્રવૃત્તિઓમાં યુવાનો જોડાય, બીજાને જોડાવા પ્રેરણા આપે અને એમ પ્રત્યેક યુવાનના વિકાસમાં, ધર્મપ્રાંતની પ્રગતિ શક્ય છે.

જેઓ બે પાંદડે થયાં છે તેવા યુવાનો પોતાના વતનના યુવાનો માટે કંઈક કરી છૂટે તો કેટલું ઉમદા ગણાય! પરદેશમાં વસતાં પરિવારો સમાજ પ્રત્યે ઋણ અદા કરે તો? યુથના યુવાનો વર્ષમાં કેટલીક વાર સમાજસેવા માટે સમય-નાણાં ખર્ચે છે. આપણી છાત્રાલયમાં ભણતાં ભાઈબહેનો માટે ક્યારેક સમય સંપત્તિ ફાળવી શકીએ તો? સમાજના કેટલાંક પરિવાર દારૂણ ગરીબમાં સબડે છે તેવા જરૂરિયાતમંદ પ્રત્યે અનુકંપાશીલ બની શકીએ તો? સંન્યસ્તસંઘમાં જોડાયેલા યુવાનો તો પ્રેષિતિક પ્રવૃત્તિમાં ઝંપલાવે છે, પણ કેટલાંક ધર્મજનોનાં સંગઠનોમાં યુવાનો સક્રિય બની શકે તો? ગામડાની ભજનમંડળીઓ મરવાને વાંકે જીવે છે. ક્યાંક સમ ખાવા પૂરતી હયાત છે. વિવિધ વાદ્યમાં પારંગત યુવાનો, કંઠ-કૌશલ્યનો ઉપયોગ ઈશસ્તુતિ માટે કરે તો... હા એ કબૂલ કરવું પડશે કે હવે શહેરમાં મોટાભાગનાં દેવળનાં ક્વાયર ગ્રુપ કોઈપણ ગ્રુપ કરતાં કાબેલિયતમાં કોઈ રીતે ઉતરતી કક્ષાનાં નથી! પણ બધે જ 'ઓલ ઈઝ વેલ' માની લેવાની ભૂલ કરવાની મારી ઈચ્છા નથી!

જરૂરિયાતમંદની સેવામાં અમદાવાદ ધર્મપ્રાંતના મોટાભાગના ધર્મવિભાગમાં સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલની વડીલ સ્ત્રી પુરુષોની કોન્ફરન્સ કાર્યરત છે, પણ યુવાનોની આવી કોન્ફરન્સનું શું? અમદાવાદની એક યુથ કોન્ફરન્સ બે એક વર્ષ ચાલી પછી સમેટાઈ ગઈ. ઉમરેઠ ધર્મવિભાગમાં ડિવાઈન મર્સી યુથ કોન્ફરન્સ શરૂ થઈ છે, ડિનરી યુથ કો-ઓડિનેટર સલેશિયન ફાધર મંયક પરમારની નિશ્રામાં યુવાનો રચનાત્મક સામાજિક પ્રવૃત્તિમાં જોડાયા છે. આવી યુથ કોન્ફરન્સ પ્રત્યેક ધર્મવિભાગમાં હોય તો? અરે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સીનિયર કોન્ફરન્સમાં યુવાનો જોડાતા નથી આ એક દુઃખદ નિશાની છે. અઠવાડિયામાં બે કલાકનો સમય આપવાના નિર્ધાર સાથે કોન્ફરન્સમાં જોડાઈએ તો? હજુ તો જેમ જેમ અવલોકન અને નિરીક્ષણ કરીએ તેમ અનેક પડકારો છે, યુવાનો વિના કોણ એ સંભાળી શકે? આવો તમને સાદ કરીએ છીએ. સ્વવિકાસ સાથે સમાજ અને ધર્મસભાનો વિકાસ કરીએ.

ડાયોસીસન યુથ સેન્ટર
યુથ ઓફિસઃ C/o સંત જોસફ ચર્ચ, ચર્ચ રોડ, કરમસદ-૩૮૮૩૨૫
મો. ૯૬૬૨૨૪૬૪૦૦

# આસક્તિ—મુક્તિમાં અવરોધક

✍ જોન કાનીસ

*પૂર્વ તંત્રી 'દૂત'*

કવિ કલાપીનું એક કાવ્ય મારે ભણાવવાનું આવતું- 'ભરત.' રાજા ભરતની કથા એનું વિષયવસ્તુ હતી.

રાજા ભરત એની ઉત્તરાવસ્થામાં રાજ્યનો વૈભવ છોડી, સંસારનાં મોહ-માયાનો ત્યાગ કરીને ગંડકી નદીના તીરે આશ્રમ બાંધીને રહે છે. તપ અને સાધનામાં એના દિવસો પસાર થાય છે. એક દિવસ પ્રભાતે એ નદીએ સ્નાન કરવા જાય છે. ત્યાં સિંહગર્જનાનો ભયંકર ધ્વનિ એના કાને પડે છે અને એનાથી ડરીને મૃગલાંઓ ઝરણું કૂદીને દોડતાં એ નિહાળે છે. અચાનક એક નાનકડું ગભરું મૃગબાળ ઝરણું કૂદવા જતાં પાણીમાં પડ્યું ને પાણીના ધસમસતા પ્રવાહમાં તણાવા લાગ્યું! એની આંખોમાં નિસહાયતાનો ભાવ રાજર્ષિ ભરતે નિહાળ્યો; અને આ જડ, કઠોર તપસ્વીના દિલમાં એ મૃગબાળ પ્રત્યે કરુણા પ્રગટી. છેવટે રાજર્ષિ ભરત એ મૃગબાળને બચાવી લે છે. એને પાણી બહાર લઈ આવે છે.

એને લાગે છે કે એનું કાર્ય પૂરું થયું હતું. એણે એ મૃગબાળને એના રસ્તે જવા દેવું ઘટે. પણ એના દિલમાં આ મૃગબાળ પ્રત્યે ચિંતા ને દયાના ભાવ પ્રગટ્યા. અને ઋષિ આ મૃગબાળને પંપાળતા પોતાના આશ્રમે લઈ આવે છે. દિવસો વીતે છે. ઋષિ અને આ મૃગબાળ વચ્ચે સ્નેહના તાણાવાણા વણાય છે. દિનરાત આ મૃગ, ઋષિની આગળ પાછળ ફર્યા કરે છે. હવે એ મૃગબાળ મોટું-પુખ્ત થઈ ગયું હતું. ઋષિને લાગ્યું કે પોતે હવે એની આસક્તિમાંથી મુક્ત થઈ અન્ય મૃગલાંઓ સાથે ભળવા છૂટું મૂકી દેવું જોઈએ. પણ ઋષિ વિચારે છે- 'અરે, આ બિચારું મારી સાથે જ મોટું થયું ને મારી સાથે હળીભળી ગયું છે. એ બીજાં હરણો સાથે ભળી શકશે? વળી કદાચ વનમાં એ કોઈ સિંહનો શિકાર બની જાય તો?

અને ઋષિ આ મૃગને છોડી ન શક્યા. જપ-તપ કરતાં પણ એમનું મન આ મૃગનું જ ચિંતન ને ચિંતા કરતું રહ્યું. દિવસો પસાર થતા રહ્યા અને એક દિવસ ઋષિ પથારીવશ થયા. પોતા પર ઊતરી રહેલા મોતના ઓળાને એ જોઈ શક્યા પણ આ મૃગ પરની આસક્તિ જરા પણ ઓછી ન થઈ. અને છેવટે ઋષિને અસ્તકાળ પાસે આવી ઊભો. પેલા મૃગને પણ એની ખબર પડી ગઈ હતી. એ ઋષિના પગ ને કપાળ ચાટતું હતું. ઋષિની આંખોમાંથી આંસુ સરી રહ્યા. ઋષિ કહે છે- 'રે મૃગબાળ બાપુ, આ આશ્રમમાં મારા વિના હવે તું કેવી રીતે જીવીશ? તું એકલું-અટૂલું, નવું ટોળું શોધવું પણ તારા માટે હવે શક્ય નથી. શું તું અકાળે જ મૃત્યુ પામીશ?' અને આમ બોલતો રાજર્ષિ ભરત મૃત્યુ પામ્યો. 'કથા એવું કહે છે કે, 'જન્મશે મૃગ એ ઋષિ, વાંછના જે રહી તે તે પૂરી સૌ કરવી પડે.'

કથા કાવ્યનો સંદેશ સ્પષ્ટ છે. ઋષિને મુક્તિ નહિ મળે - મોક્ષપ્રાપ્તિ નહિ થાય. અને એનું કારણ આસક્તિ. મૃત્યુકાળે પણ ઋષિ મૃગ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરી ન શક્યા. એટલે જ કવિ મનસુખલાલ ઝવેરીએ કહ્યું છે-

'દુષ્કરમાં સૌથી દુષ્કર શું હશે? મોહ ને મ્હોરાં ઊતારી જીવવું'

અનેક પ્રકારની નાનીમોટી આસક્તિઓનાં બંધનમાં આપણે જકડાયેલા હોઈને મુક્તિના દ્વાર આપણે માટે ખૂલી શકતાં નથી. કોઈ ને કોઈ વળગણ આપણને વળગેલું હોય છે. પછી એ સંપતિનું વળગણ હોય યા સત્તાનું, પત્નીનું કે સંતાનનું, ટી.વીનું કે મોબાઈલનું.

બાઈબલનો પેલો યુવાન મુક્તિના દ્વાર પાસે આવીને, મુક્તિ પામ્યા વિના વિલા મુખે પાછો ચાલ્યો જાય છે. કારણ, બાઈબલ કહે છે તેમ એ યુવાન ભારે સંપતિનો ધણી હતો. અને ઈસુએ એ સંપતિનો ત્યાગ કરવા જણાવ્યું હતું. સામે પક્ષે આબ્રાહામ છે. એકનો એક દીકરો, પાછલી ઉંમરમાં થયેલો અને ઈશ્વર એની આહુતિ માગે છે અને આબ્રાહામ કોઈ દલીલ કર્યા વગર દીકરાને લઈ મોરિયા પહાડ પર ચાલ્યો જાય છે.

ઈશ્વર પ્રાપ્તિનો-મુક્તિનો માર્ગ કઠિન છે, કારણ એ માટે સાંકડા દરવાજે થઈને જવાનું છું. અનાસક્તિનો માર્ગ એ સાંકડો દરવાજો કહી શકાય. આપણે ઘણુંબધું છોડી દેવા તૈયાર હોઈએ પણ કશુંક એવું છે જે આપણાથી છૂટતું નથી. એક શરાબી વ્યક્તિના મોઢે મેં ઘણીવાર આ સાંભળ્યું છે- 'સાહેબ, કહો એ બધું છોડી દેવા તૈયાર છું, સિવાય કે દારૂ.' અને પ્રભુ તમને જે અત્યંત પ્રિય છે તે જ માગતો હોય છે એવો મારો અગંત અનુભવ છે.

ફાધર ઈગ્નાસ(કથાકાર) એમની કથામાં ઘણીવાર પેલા ગામડાના વૃદ્ધની વાત કહે છે. ફાધર એમના ઘેર જાય છે અને સુંદર મોટું મકાન જોઈ પૂછે છે- "દાદા, આ મકાન કોનું?" "ભગવાનનું, ફાધર." અને એમનાં ખેતરો જોઈ પૂછે છે- "દાદા, આ ખેતરો તમારાં?" "ના ફાધર, ભગવાનનાં.' અને આ દીકરા-દીકરીઓ?" તો કહે- "ફાધર ભગવાનનાં, બધું ભગવાનનું." અને છેવટે એક સ્ત્રી ફાધરને ચ્હા આપવા અવો છે અને ફાધર પૂછે છે, "દાદા, આ સ્ત્રી..." અને દાદા વચ્ચે જ બોલી ઊઠે છે- "ફાધર, એ મારી સ્ત્રી છે, મારી."

યસ, બધું ભગવાનનું, પત્ની સિવાય. એટલે જ કવિ પ્રીતમે હરિના મારગને શૂરાઓનો માર્ગ કહીને કહ્યું છે,

'સુત, વિત, દારા, શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને.'

રાજા ભરત રાજપાટ, રાજ્યની બધી સુખ-સંપતિ, વૈભવ, સત્તા, રાજમહેલ બધું જ છોડી શક્યો પરંતુ એ મૃગબાળ પ્રત્યેની આસક્તિનો એ ત્યાગ કરી ન શક્યો અને એ નાનકડી આસક્તિ

જ એના બંધનનું કારણ બની - એની મુક્તિમાં એ અવરોધ બની રહી. ફેબ્રુઆરીથી તપઋતુ શરૂ થશે ત્યારે ઘણી બધી બાબતોનો ત્યાગ કરવાની જાણે કે એક સ્પર્ધા શરૂ થશે. કોઈ ચાળીસ દિવસ ભોજનનો ત્યાગ કરશે, કોઈ શરાબ કે અન્ય વ્યસનનો ત્યાગ કરશે, કોઈ સવારની મીઠી નિદ્રાનો ત્યાગ કરશે (કારણ, ચર્ચનો સમય, છ-સવા છનો હોય છે ને?) સારી બાબતો છે, પ્રશંસનીય છે પણ પ્રભુને અને તારા અંતરાત્માને પૂછજો. પ્રભુ શાની આહૂતિ માગે છે? શાની આસક્તિ ત્યજવા કહે છે? ભોજનની કે નિંદા-કુથલી કરવાની વૃત્તિનો? આપણે નિયમિત પરમયજ્ઞમાં ભાગ લઈએ છીએ પણ પરમયજ્ઞ જીવીએ છીએ ખરા? પરમયજ્ઞમાં પણ ઘણાને જગા બદલતા જોયા છે, કારણ, પાસે આવી ગયેલ વ્યક્તિને શાંતિપ્રદાન કરવાનું કઠે છે. અહીં આપણે અહમ્‌ની આહુતિ આપવી પડે.

હમણાં જ નાતાલ ગઈ. ઈસુનો જન્મોત્સવ આપણે ઉજવ્યો, પણ ઈસુનો સંદેશ સમજ્યા? સ્વીકાર્યો? સંત પાઉલ કહે છે- 'પોતે ઈશ્વર સ્વરૂપ હોવા છતાં તેઓ ઈશ્વર સાથેની સમાનતાને વળગી રહ્યા નહિ.' ઈસુએ દેવત્ત્વની આસક્તિ રાખ્યા વિના આપણા જેવા જ માનવ બની ગયા અને આપણી મુક્તિનું કારણ બની ગયા. ઈસુએ આપણે ખાતર સ્વર્ગના સુખોનો ત્યાગ કર્યો તો આપણે આપણી જ મુક્તિ ખાતર વિવિધ આસક્તિઓનાં બંધનમાંથી મુક્ત થવા પ્રયાસ નહિ કરીએ? ●

### સ્વ. બ્રધર પોલને શ્રદ્ધાંજલિ

સ્વ. બ્રધર પોલ પ્રભુની વાડીના એક મૂકસેવક હતા. તેઓ ધર્મસભામાં નમૂનારૂપ હતા. તેમણે ઈસુસંઘ અને ધર્મસભાને અનહદ પ્રેમ કર્યો હતો. સંન્યસ્ત જીવનમાં સૌથી વધારે મહત્ત્વનું વ્રત-આજ્ઞાધીનતા છે. બ્રધર પોલના જીવનમાં ઉપરીના આજ્ઞાપાલનમાં ક્યાંય નાનું સરખું છિદ્ર શોધનારને પણ નહીં મળે તેવી તેમની અણિશુદ્ધ આજ્ઞાધીનતા. પોતાને સોંપેલ જવાબદારીમાં તેઓ ઉપરીને સો પ્રતિશત વફાદાર હતા. તેઓ સાદગીના સિપાઈ હતા, જેમણે ગરીબને અસીમ ચાહ્યા હતા. પોતાને મળેલ જવાબદારી સ્મિત વદને પૂરી કરી હતી. તેમના નિધનથી આપણે એક વફાદાર, બહેત્તર અને પરિશ્રમ યોદ્ધો ગુમાવ્યો છે. તેઓ આપણા માટે નિરંતર વિનંતી કરતા રહેશે એજ એક આનંદનું કારણ છે. પ્રભુ, તેમના આત્માને શાંતિ અર્પે, એજ પ્રાર્થના. — બિશપ થોમસ મેકવાન

### સ્વ. શૈલેષભાઈ સીરિલભાઈ ચૌહાણ



જન્મ: ૨૨-૦૭-૧૯૭૧
અવસાન: ૨૨-૦૧-૨૦૧૫

પ્રિય શૈલેષભાઈ,

નાની ઉંમરે તમે અલવિદા લીધી તે અમે સ્વીકારી શકતા નથી. ગુજરાત સાહિત્ય પ્રકાશના કર્મચારીગણ રોજ સવારે અને સાંજે તમને અચૂક યાદ કરે છે. તમારો હસતો ચહેરો અને કામ કરવાની સદૈવ તત્પરતા પ્રેરણારૂપ હતા.

પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે અને આપના પરિવારજનોને આશ્વાસન આપે એજ અમારી અભ્યર્થના.

**ગુજરાત સાહિત્ય પ્રકાશ પરિવાર**


# કાશ્મીર પ્રવાસ

**જોવાલાયક સ્થળો:** અંબાજી, જોધપુર, બિકાનેર, અમૃતસર, સુવર્ણમંદિર, જલિયાવાલા બાગ, વાઘા બોર્ડર, જમ્મુ-શ્રીનગર, સોનમર્ગ, ખીલનમર્ગ, ગુલમર્ગ, દાલ સરોવર, નિશાતબાગ, શાલીમારબાગ, પહેલગાંવ, દિલ્હી, આગ્રા, જયપુર, ઉદેપુર, અજમેર.

**બસ ઉપાડવાનું સ્થળ:** વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ

**બસ ઉપડવાની તારીખ:** ૧૮-૦૫-૨૦૧૫ થી ૦૩-૦૬-૨૦૧૫

**આખી ટિકિટ:** રૂા. ૧૦,૦૦૦/- **અર્ધી ટિકિટ:** ૭,૦૦૦/-

સવારે ફૂલ ચા-નાસ્તો, બપોરે ફૂલ નાસ્તો અથવા જમણ. સાંજે જમણ સમય અનુસાર નોનવેજ તથા બે ટાઈમ મીઠાઈ.

**:: આયોજક ::**

**મેકવાન કાંતિલાલ આશીર્વાદ (કાંતીસર)**
મોબાઈલ: ૯૭૨૬૩ ૬૦૬૪૭

**લગ્ન વિષયક:** લગ્ન ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરે, બાયોડેટા મોકલે. કોઈ પણ પ્રકારની ફી નથી.

**ડી.જે. માટે સંપર્ક કરો:** ફોન નં. ૭૬૨૬૦ ૨૨૦૫૪ (આણંદ)



હેરી કેટરર્સ આયોજીત

# કાશ્મીર પેરેડાઈઝ

(કાશ્મીર પ્રવાસ રેલ્વે તેમજ ટેમ્પો ટ્રાવેલર બસ દ્વારા)

ઈશ્વર કૃપાથી મે, ૨૦૧૨ તેમજ ૨૦૧૩માં અમારા કાશ્મીર પ્રવાસનું સફળ આયોજન થવાથી અને લોકલાગણીને માન આપીને ફરી એકવાર કાશ્મીર પ્રવાસનું આયોજન કરેલ છે.

● ટેમ્પો ટ્રાવેલર દ્વારા સાઈડસીન ●
શ્રીનગર, ગુલમર્ગ, ખીલનમર્ગ તેમજ મોગલ સમ્રાટના ગાર્ડન

| **પ્રવાસ તારીખ:** | **પરત** |
|---|---|
| ૦૨-૦૫-૨૦૧૫ (સર્વોદય એક્ષપ્રેસ દ્વારા) | ૧૨-૦૫-૨૦૧૫ |

| **પ્રવાસનું મૂલ્ય** | **અર્ધી ટિકિટ** | **થ્રીટાયર એ.સી.** |
|---|---|---|
| સ્લીપીંગ કોચ: ૧૬,૦૦૦ | ૧૪,૫૦૦ | ૧૮,૦૦૦ |

રેલ્વે તેમજ બસ પ્રવાસ હોવાથી ૩૧ માર્ચ, ૨૦૧૫ સુધીમાં રીઝર્વેશન કરવાનું હોવાથી વહેલી તકે બુકીંગ કરાવી લેવું.

*હેરી કેટરર્સ તેમજ ડેકોરેશનનું કામ અમને સોંપીને આપ રીલેક્ષ રહો. વેજ-નોનવેજ.*

: સંપર્ક : **કિરીટ ક્રિશ્ચિયન (મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨)**
ગ્રેસ પેલેસ, ૬૨, અનુપમનગર સોસાયટી, સી.ટી.એમ., અમદાવાદ

**હેરી ક્રિશ્ચિયન** - અમદાવાદ ૮૭૫૮૯ ૬૦૮૦૮
**ઈમાનુએલ ક્રિશ્ચિયન** - અમદાવાદ ૯૮૯૮૧ ૧૩૨૬૨




# કુમાર સુવર્ણચંદ્રક વિજેતા કવિ

✍ **પ્રફુલ્લ રાવલ**

'કુમાર ટ્રસ્ટ' (હીરાબહેન ચેરિટી ફાઉન્ડેશન, મુંબઈના સહયોગ દ્વારા) 'કુમાર-સુવર્ણચંદ્રક'-૨૦૧૩ યોસેફ મેકવાનને અર્પણ કરવાનો સમારંભ ડિસેમ્બર ૨૯, ૨૦૧૪ને સોમવાર સાંજે ૫.૩૦ કલાકે. ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદમાં યોજાયો.

'કાગળની આ વસાહતોમાં રહ્યો પુરાઈ, ભાઈ!' એમ કહેતા યોસેફ મેકવાનની વ્યથા તો છે : 'શબદ દીવો પેટાવ્યા કર્યો પણ જાગ્યા ન અંતર, સાંઈ!' કવિની મનીષા તો શબદ થકી સાંઈને જગાવવાની રહી છે. એ જ યોસેફ મેકવાનની શબ્દસાધનાનો પથ રહ્યો છે. આજ કવિને 'પોતામાં રમમાણ' રહ્યાનો અફસોસ પણ થયો છે. 'આમ જુઓ તો' ગીતમાં 'જીવતર-વસ્તર' વણવાની વાત કરે છે તો 'મને કૈં તમન્નાઓ'એ ઉસાલમાં કવિ કહે છેઃ 'જમાને જમાને લૂંટાતો રહું છું!' વળી એમનો પ્રશ્ન છે : 'હું કોણ?' આ સવાલ સતત પડઘાય છે અને કવિને લાગે છે, 'એની જ છે આ સઘળી બબાલ!' આજુબાજુ જાણે સહુ આત્મા વેચે છે. એવા 'લોકોની ભીડ વચ્ચે' પણ કવિએ 'મીણબત્તી પ્રકાશિત રાખી છે, જીવનના અનેક રંગો જોયા, જાણ્યા, સહ્યા ને નાણ્યા પછી પણ શબ્દ સાથે જ તાલમેલ સાધીને પોતાનો દીવો સળગતો રાખનાર યોસેફ મેકવાનની કવિતામાં અનુભવની અભિવ્યક્તિ છે. એટલે તો એમનો શબ્દ ભાવકને સ્પર્શે છે. વીતેલી વીસમી સદીના સાતમા દાયકાથી કાવ્યસર્જનમાં પ્રવૃત્ત થનાર યોસેફ મેકવાને આજ પર્યન્ત શબ્દ સાથે નાતો જાળવી રાખ્યો છે. આ નાતા પાછળ બળ છે ધર્મનું. ઈસુ પ્રત્યેની એમની આસ્થા ભીતરને ભર્યું ભર્યું રાખે છે. અલબત્ત, એમની કવિતાના અવાજમાં વેદના છે તો કરુણાની અનુપસ્થિતિ નથી. માણસ માત્રમાં રહેલો આક્રોશ અને તેનું પ્રતિબિંબ યોસેફ મેકવાનની કવિતામાં છે.

'સ્વગત' (૧૯૬૯)ના પ્રકાશનથી ગુજરાતી કવિતાક્ષેત્રે પ્રવેશનાર યોસેફ મેકવાન જન્મે ખ્રિસ્તી. ૨૦ ડિસેમ્બર ૧૯૪૦માં અમદાવાદમાં જન્મ થયો. એમના પિતાનું નામ ફિલિપભાઈ. એ હતા અમદાવાદની AMTSમાં ડ્રાઈવર. ભણતર બે ધોરણ સુધીનું. પરિશ્રમ એ જ જીવન છે એની સમજ યોસેફને બાળપણથી હતી. અભણ માતા પાસેથી વ્યવહારનું જ્ઞાન મળ્યું. મીઠાખળીની મ્યુનિસિપિલ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધું. પછી તત્કાળે ઉત્તમ શિક્ષણ આપતી પાલડીની દિવાન બલ્લુભાઈ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. પ્રારંભે વાડીલાલ સારાભાઈ સામેની ઠાકર્સ હાઈસ્કૂલમાં ભણવાનું બન્યું. ૧૯૫૭માં એસ.એસ. સી.ની પરીક્ષા પાસ કરીને એલ.એ. શાહ આર્ટ્સ કોલેજમાં દાખલ થયા. પરંન્તુ પિતાની તબિયતના કારણે કોલેજ છોડવી પડી. કમાવવું અનિવાર્ય બન્યું. કોલેજના સ્વપ્ન જોનારા યુવાન યોસેફ છાપાં નાખવા જવાથી આજીવિકાનો આરંભ કર્યો. સાથે કપડાં પર ડિઝાઈન કરીને દનિયું મેળવતા રહ્યા. પિતા ફિલિપભાઈના સહકાર્યકરની સિફારસથી જમાલપુરમાં આવેલી AMTSની વર્કશોપમાં હેલ્પરની નોકરી મળી - તેય બદલી રૂપે. બધા દિવસ કામ ન મળે. પહેલો પગાર આવેલો તે નવ રૂપિયા પાંસઠ પૈસા. ત્યારે યોસેફ મેકવાને મનોમન નિર્ધાર કર્યો, ભણવું તો છે જ. દરમિયાન ૧૯૫૯માં એમ્પલોયમેન્ટ એક્સચેઈન્જ દ્વારા ગુજરાત સરકારના આઈ.જી.પી. વિભાગમાં નોકરી મળી. આવકની સ્થિરતા થઈ એટલે ભણવાની જિજ્ઞાસા વળી સળવળી અને એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કર્યો. આ ગાળામાં કવિતા લખવા તરફ મન વળ્યું. બુધસભામાં જવાનું શરૂ કર્યું. યોસેફ મેકવાને લખ્યું છે : '૧૯૬૦-૬૧થી મારી કાવ્યયાત્રા આરંભાઈ. 'કુમાર' બુધસભામાં અમે સમવયસ્ક કવિઓ હોંશે હોંશે જતા. મુ. બચુભાઈ કાવ્યો વાંચતા ને અમે મુગ્ધભાવે તે માણતા. ત્યાં થતી ચર્ચાઓએ અમને ઘડ્યા. એ સમય યાદ કરતા અદ્‌ભુત રોમાંચ અનુભવાય છે. સામયિકોમાં કાવ્યો પ્રગટ થતાં ત્યારે તો વળી ઓર આનંદ થતો.'

૧૯૬૩માં શેઠ ચી.ન. વિદ્યાલયમાં નોકરી મળી તેના મૂળમાં કવિતાલેખન જ હતું. ૧૯૬૮માં બી.એ. થયા. તલોદ આર્ટ્સ કોલેજમાંથી ૧૯૭૦માં એમ.એ કર્યું. શિક્ષકની નોકરી તો ચાલુ જ હતી. એમ.એ. થયા પછી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અને એસ.એન. ડી.ટી. કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું. પરન્તુ શેઠ ચી.ન. વિદ્યાલયમાં તો શિક્ષક રહ્યા જ. ત્યાં પાંત્રીસ વર્ષ કામ કરીને નિવૃત્ત થયા. નિષ્ઠાથી શિક્ષણ કર્યું. વિદ્યાર્થીઓમાં પ્રિય અને વિદ્યાર્થીઓ એમને પ્રિય. Higher Secondaryના વિદ્યાર્થીઓને વિદાય આપતા લખેલું કાવ્ય એની સાક્ષી પૂરે છે. એક બાજુ શિક્ષણ કાર્ય તો સાથે કાવ્યસર્જન થતું રહ્યું તો વળી ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડમાં પંદર વર્ષ સેવા આપી. આકાશવાણી, અમદાવાદ-વડોદરાની પરામર્શ સમિતિમાં દસ વર્ષ સભ્ય રહ્યા ત્યારે વસુબહેન ભટ્ટ નિયામક હતાં. વળી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળમાં સક્રિય કામગીરી કરતા રહ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિમાં સભ્ય પણ રહ્યા છે એમણે 'ગુજરાતી લેખક મંડળ'ના મંત્રી તરીકે મંડળની કામગીરી કરી. આજે મંડળના સામયિક 'લેખક અને લેખન'નું સંપાદન કરે છે. એમણે 'ગુર્જરવાણી' દ્વારા સાહિત્યકારો, સંગીતકારો, કલાકારોની દસ્તાવેજી ટૂંકી ફિલ્મ તૈયારી કરી છે.

'સ્વગત'નું પ્રકાશન ૧૯૬૯માં થયું એ સાથે એમવી કવિ ઓળખ સ્થિર થઈ. એમની રુચિ પ્રશિષ્ટ. એમને જીવનમાં શ્રદ્ધા. જગતને પણ એમણે ભાવથી જોયું. સૌન્દર્ય તરફ અનુરાગ તો પ્રણય એમની કવિતા મળે અને સમાજની સચ્ચાઈ પણ ડોકાય. ક્યારેક આક્રોશ તો ક્યારેક વેદનાના સૂર સંભળાય. બધાં સાથે મનુષ્ય પરત્વે આસ્થા જરાય અળપાઈ નહીં. 'સ્વગત'માંનાં કાવ્યો કવિ યોસેફ મેકવાનની કવિપ્રતિભાને ઉજમાળે તેવાં છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને 'સ્વગત'ની કવિતા 'પરંપરા અને નવીનતાના સીમાડે ઉભેલી' લાગી છે. 'સૂરજનો હાથ'માં આધુનિકયુગની છિન્નભિન્નતા જોવા મળે છે. હરિવલ્લભ

ભાયાણીનાં મતે 'આ રચનાઓમાં ઠરેલ ઊર્મિની ઋજુ પ્રાસાદિક, સુઘડ, હૃદ્ય અભિવ્યક્તિ લાક્ષણિકરૂપે કાવ્યરૂપને પામે છે.'

ત્યારબાદ પણ એમનું કાવ્યસર્જન ચાલતું રહ્યું છે અને એક ઠરેલ કવિનું ભાવ ઉઘડતું રહ્યું છે. કાવ્યલેખન સાથે યોસેફ મેકવાને સમકાલીન અનુકાલીન સર્જકોની કવિતાનો આસ્વાદ પણ કરાવ્યો છે. એમની કાવ્યસૂઝ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦૧૧ના 'ગુજરાતી કવિતાચયન' (૨૦૧૨)માં પમાય છે. એક સંપાદક તરીકેની એમની છબી આ ચયનથી ઉપસે છે. બાળસાહિત્યનું એમનું પ્રદાન પ્રશસ્ય છે. સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેઓ પુરુસ્કૃત થયા છે. એમના બાળકાવ્યસંગ્રહ 'તોફાન' તથા બાળવાર્તાસંગ્રહ 'વાહ રે વાર્તા વાહ' એને 'આવ હયા, વારતા કહું'ને પારિતોષિક મળ્યાં છે.

'હળવા હાથે' (૧૯૯૭, ૨૦૦૦) એમના હાસ્યનિબંધોનો સંચય છે. રતિલાલ બોરીસાગરે યોગ્ય રીતે લખ્યું છે, 'યોસેફમાં જીવનને હળવી નજરે જોવાની સ્વાભાવિક શક્તિ છે એટલે એમને હાસ્યનિષ્પત્તિની શક્યતા ને ક્ષમતાવાળા વિષયો સહજ રીતે મળી આવે છે.' હાસ્ય નિબંધકાર તરીકે યોસેફ સર્વથા સફળ રહ્યા છે. પોતાના જીવનની વાત એમણે કશાય ક્ષોભ વગર નોંધી છે. એ સાથે એમની જીવનયાતના પણ પમાય છે. મહાભારત શબ્દનો વિનિયોગ જીવન ઝંઝાવતને નિર્દેશ છે. રુચિર ગદ્ય આ સ્મરણકથાને દીપાવે છે. અનુભવના નીંભાડામાં તવાયેલા તરુણની ગાથા કોઈપણ વાચકને સ્પર્શી રહે છે.

યોસેફ મેકવાનની પ્રતિભા પુરસ્કૃત પણ થતી રહી છે, 'સ્વગત'ને ગુજરાત રાજ્યનું બીજું ઈનામ પ્રાપ્ત થયેલું. 'સૂરજનો હાથ'ને પણ ગુજરાત રાજ્યનું બીજું ઈનામ મળેલું અને કવિ જયંત પાઠક એવોર્ડ એનાયત થયેલો. યોસેફ મેકવાનની કવિપ્રતિભા એમની સતત વિકસતી જતી કાવ્યયાત્રાથી શોભી રહે છે. પરંપરા સાથે આધુનિકતા પણ એમની કવિતામાં છે. ભાવના ઉભાર પછી પણ કાવ્યત્વ કથળતું નથી. એમના તંદ્રિલ કાવ્યોનું જૂથ નોખું છે. ત્યાં કવિનું પ્રણયી તેજ ઝળકે છે તો 'જીવવાનો અર્થ દરેકને પોતાનો હોય છે.' એવું વિધાન એમની ચિંતન મુદ્રાને વ્યક્ત કરે છે. પ્રયોગ પણ આ કવિએ કર્યો છે. ઉસાલ એનો નમૂનો છે. સદાય શબ્દ સાથે યોગ સાધવા મથતા યોસેફ કહે છેઃ

'તારા સુધી આવી શક્યો, તે શબ્દની કૃપા
મારા સુધી હું પ્હોંચવા કરતો મથામણો.'

આમ, સતત મથામણો વચ્ચે જીવતા યોસેફ મેકવાનને કુમાર ચંદ્રક પ્રદાન થયો છે ત્યારે અભિનંદન આપતાં આનંદ થાય છે. ●

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે, પ્રતિષ્ઠિત સાહિત્યકારને 'કુમાર સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવે છે. કવિ યોસેફ મેકવાન, 'દૂત' સાથે સંકળાયેલા છે ત્યારે આ પ્રસંગે સમગ્ર ધર્મસભા વતી હાર્દિક અભિનંદન.

\- તંત્રી


**પુષ્પક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

**ઉનાળું વેકેશન પ્રવાસ**

**કેરાલા સાથે તામીલનાડુ પ્રવાસ રેલ્વે તેમજ બસ દ્વારા** | લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

પોંડીચેરી, વેલાંગની, રામેશ્વર, કન્યાકુમારી, કોવાલમ, ત્રિવેન્દ્રમ, એલેપ્પી, થેક્કડી, મુન્નાર, કોચીન

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૫ | રૂા. ૧૭૦૦૦/- | રૂા. ૧૦૦૦૦/- | ૧૦-૫-૨૦૧૫ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

**કાશ્મીર પ્રવાસ રેલ્વે તેમજ બસ દ્વારા** | લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

શ્રીનગર-ગુલમર્ગ, સોનમર્ગ, પહેલગાંવ-દાલ સરોવર-ચશ્મેશાહી ગાર્ડન-નિશાંત ગાર્ડન-શાલીમાર ગાર્ડન

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૦ | રૂા. ૧૨૦૦૦/- | રૂા. ૯૫૦૦/- | ૨૬-૦૫-૨૦૧૫ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

**સીમલા, કુલુ મનાલી, કાશ્મીર રેલ્વે તેમજ બસ દ્વારા** | લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

દિલ્હી, આગ્રા, હરીદ્વાર, ઋષીકેશ, શિમલા કુફરી(સ્વખર્ચે) કુલુ-મનાલી રોહતાંગ(સ્વખર્ચે) શ્રીનગર, અમૃતસર, વાઘાબોર્ડર, દિલ્હી (ડ.ડ.) (અમદાવાદ

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૮ | રૂા. ૧૭૫૦૦/- | રૂા. ૧૨૫૦૦/- | ૧૨-૦૫-૨૦૧૫ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

નોંધ :- રેલ્વે રીઝર્વેશન સમય મર્યાદામાં કરાવવાનું હોવાથી પૂરુંનામ સરનામું - ઉંમરનો દાખલો, ફોન નંબર - ઓછામાં ઓછું રેલ્વે પ્રવાસની તારીખના ૭૦ દિવસ પહેલા અમોને મોકલી આપવાનું રહેશે. બસ અથવા રેલ્વે પ્રવાસ કરનારે રૂા. ૫૦૦૦/- ડીપોઝીટ આપવાની રહેશે.
પ્રવાસમાં આવનાર પ્રવાસીએ અમારા નિયમોનું ફોર્મ અવશ્ય ભરવાનું રહેશે.

-: બુકીંગ અને વધુ વિગત માટે મળો :-

(બ્લેસી) ફ્રાન્સીસ સાયમન M. 9825303840, 9426615840, 7874427019

| પુષ્પા ડીકોસ્ટા | પ્રિમુસ મેકવાન | કાન્તિભાઈ એસ. ચૌહાણ | અંબાલાલ મેકવાન |
|---|---|---|---|
| M. 9879581840 | M. 98244 29883 | M. 98790 59036 | M. 9925168904 |

ઓફિસ : ૭, મારૂતીનંદન કોમ્પ્લેક્ષ, ખોખરા, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮

# શુભસંદેશ અને પરિવાર

✍ ફાધર એન્ડ્રુ સિલ્વેરા એસ.જે.

*ધર્મગુરુ, લેખક, વિવિધ ક્ષેત્રીય તાલીમકાર અને માર્ગદર્શક*

પાવનપિતા નામદાર પોપ ફ્રાન્સિસે ઓક્ટોબર-૨૦૧૪માં વેટિકન ખાતે ત્રીજી અખિલ વિશ્વ ધર્માધ્યક્ષ પરિષદ બોલાવી હતી, જેના સમાપનમાં કાર્ડિનલ એર્દોએ આપેલ ભાષણનો સારાંશ અને પરિષદમાં શુભસંદેશનો પ્રચાર અને પરિવાર સમક્ષ પડકારની ચર્ચાના મહત્ત્વના અંશ.

વર્તમાન સમયમાં કુટુંબનું અસ્તિત્વ જ જોખમાઈ રહ્યું છે. એટલે જ ધર્મસભાએ એના વિશે આશા અને અનુકંપાની દૃષ્ટિ રાખીને કુટુંબની સુંદરતા અને એના મૂલ્યનું જતન કરવું રહ્યું. વૈશ્વિકરણ, મીડિયાનો પ્રભાવ, ભોગવાદ, સગવડિયાપણું, પૈસા, સત્તા અને માનપાનની સાઠમારીમાં ખોવાઈ ગયેલો માણસ એકલવાયો અને વ્યક્તિગત બનતો જાય છે. એટલે જ માણસને એના કુટુંબમાં બેઠો કરવો પડે. માણસના મૂળિયાં કુટુંબમાં ખૂંપાઈ જાય તો જ એ સમાજનિર્મિત કરી શકે. આજના ભોગવાદી પર્યાવરણમાં ફસાયેલી કુટુંબ-વ્યવસ્થાને કથળતી જોઈને હિંમત હારશો નહિ. ઈશ્વરે ધર્મસભાને ઈશ્વરદત્ત શ્રદ્ધાદાનનો વારસો આપ્યો છે. પુરુષ અને સ્ત્રી વચ્ચેના લગ્નસંબંધને ધર્મશ્રદ્ધા અધિકૃત માન્યતા આપે છે પણ સમલિંગી સહજીવનને આપણી શ્રદ્ધાની પરંપરામાં માન્યતાનો કોઈ અવકાશ જ નથી. સ્નાનસંસ્કારદીક્ષિત સ્ત્રીપુરુષ આજીવન એકતા અને અખંડિતતાના નાતે ધર્મસભાના અધિકૃત લગ્નસંસ્કાર દ્વારા સંલગ્ન થાય છે.

એક ઠોસ વાત સમજી લઈએ કે લગ્ન એ કેથલિક ધર્મસભાનો અધિકૃત ધર્મસંસ્કાર છે અને એ અતૂટ કે અખંડિત છે. ધર્મસભામાં છૂટાછેડાને અવકાશ નથી. બીજી બાજુ મુશ્કેલીમાં મૂકાયેલા લગ્ન ફોક કરવા એટલે એ સાબિત પૂરવાર કરી આપવું કે ધર્મસભાના નીતિનિયમ મુજબ લગ્ન થયાં જ નહોતાં. પણ ખ્રિસ્તી લગ્નની અખંડિતતા વિશે કોઈ પ્રશ્ન જ ન ઉદ્‌ભવે, એટલે જ સગાઈ થઈ ગયેલાં યુગલોએ પોતાના લગ્નની સઘન પૂર્વતૈયારી કરવી રહી. એ માટે સગાઈ અને લગ્ન વચ્ચે કમસે કમ એક વર્ષનો તો ગાળો રાખવો જેથી સગાઈ થયેલ યુગલોને એકબીજાને ઓળખવા પૂરતો અવકાશ મળી શકે. ખ્રિસ્તી લગ્ન એક સંસ્કાર છે અને સંસ્કાર તરીકે એકતા અને અખંડિતતાના નાતે તેઓ એકબીજાને વફાદારીથી આજીવન બંધાયેલ રહેશે.

છૂટાછેડા, હિંસા, લગ્નપૂર્વે ગર્ભાધાન, ગર્ભપરીક્ષણ, ગર્ભપાત, ગરીબી, સ્થળાંતર જેવા વિપરિત પરિબળોની હકીકત વધે પણ કુટુંબ એક માનવી અભ્યાસનો વિષય રહેશે. પૈસા અને ટેકનોલોજીને પ્રાધાન્ય મળવાથી કુટુંબ સંસ્થાને માણસે છેવાડે મૂકી દીધી છે. હવે આપણે ફરીથી અને અગ્રસ્થાને મૂકીને માનવજાતની નવનિર્મિતની ક્રાંતિકારી પ્રક્રિયા શરૂ કરવી રહી.

મુશ્કેલીગ્રસ્ત કુટુંબ માટે ધર્મસભા દયાળુ-માયાળુ બાપના ઘર જેવી હોય. એમને દયા અને પ્રેમથી ધર્મસભામાં આવકારવા પણ ધર્મસભાના સત્ય અને ન્યાયના ભોગે નહિ. પરિણીત દંપતીઓનો પરસ્પર પ્રેમ મંદ પડી જાય કે મરી જાય અને તેઓ છૂટા પડીને અલગ રહે તોયે તેઓ દંપતી જ ગણાશે. ખ્રિસ્તી લગનસંસ્કાર સમાગમથી પૂર્ણત્વ પામે છે. પરિણામે છૂટા થયેલાઓને ધર્મસભામાં બીજા ખ્રિસ્તી લગ્નની કોઈ શક્યતા જ નથી. એ સિવાય છૂટાછેડા લીધેલા, અધિકૃત લગ્ન વગર સાથે રહેતા, સિવિલ મેરેજ કરી ચૂકેલાઓ માટે પાળકીય રીતે કઈ રીતે એ વિશે ધર્મસભા વિચારી રહી છે. સમસ્યાને સમગ્ર રીતે જોવાના બદલે માત્ર પરમપ્રસાદ લેવા ઉપર જ ધ્યાન કેન્દ્રિત ન કરાય. પાસ્ટરલ સેન્ટર, પેરીશ, નિષ્ણાંતો અને સક્ષમ કાઉન્સિલ દ્વારા તંદુરસ્ત કુટુંબનું અભિયાન સક્રિય કરી શકાય. લગ્નવિચ્છેદના મૂળમાં જઈને દંપતીઓને કેમ એવું થાય છે એ સમજાવીને યથોચિત ઉપચારો કરી શકાય. આમ લગ્ન અંગે પૂરેપૂરી પૂર્વતૈયારી અને પાળકીય અભિગમ અપનાવી શકાય. છૂટાછેડા લઈને સિવિલ લગ્ન કરી ચૂકેલા દંપતીઓમાંથી બેઉમાંથી કોઈ છૂટાછેડા માટે અપરાધી છે અને કોણ નિર્દોષ છે એનું તારણ કાઢવું પડે. બેઉ પાર્ટીઓને જુદી જુદી રીતે પાળકીય રીતે મદદરૂપ થવું પડે. છૂટાછેડાનું માનસ ધરાવતા લોકોને ખ્રિસ્તી લગ્નસંસ્કારની ઝાઝી ખબર પણ ન હોય.

અંતમાં કાર્ડિનલ એરદોએ જીવનના શુભસંદેશની વાત કરી. માનવી જીવનયાત્રા ગર્ભાધારણથી શરૂ થઈને મૃત્યુ સુધી પૂર્ણ થાય છે. સંતાન પ્રાપ્તિ એ લગ્નજીવનનો અવિભાજ્ય ભાગ છે. અમુક કુટુંબો બાળકો પેદા કરતાં નથી અને અમુક તો ગમે તે ભોગે બાળકો પેદા કરે છે. બેઉ પ્રકારમાં સ્વઅધિકારની વાત આવે છે. આવનાર બાળક પ્રત્યે દંપતીએ એનો સ્વીકાર, અને એના જતનની જવાબદારી લેવી પડે. એટલું તો સમજી લઈએ કે કુટુંબ સમાજથી અલગ બાબત નથી પણ એ સમાજના આંતરસંબંધીય માળખા સાથે એના તાણાંવાણાં ગૂંથાયેલ છે. પ્રેમ, પ્રોત્સાહન, પ્રેરણા અને માર્ગદર્શન વડે આપણે કુટુંબના સંગાથે સહમુસાફરી કરતા ચાલીએ તો કુટુંબમાં ચૈતન્ય પ્રગટશે.

કોઈ કુટુંબની એકલતા, અસહાયતા, છૂપા વેદનામય રૂદન પ્રત્યે સંવેદનના અભાવે અજાણ રહેવાથી આપણે એમના સુધી જરૂર હોય ત્યારે મદદ અર્થે પહોંચી શકતા નથી. ભરૂચમાં હમણાં હમણાં આખું કુટુંબ જ સ્વર્ગસ્થ થયું. આ અતિકરુણ પ્રસંગ પછી એક સિસ્ટરે મને કહ્યું કે એમને મદદરૂપ થવા અર્થે જવું જવું કરતી હતી અને દર વખતે કંઈ ને કંઈ કારણસર મુલાકાત લેવાની માંડી વાળતી અને જોતજોતામાં આખા કુટુંબે સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.

પ્રેમના ખાનગીકરણની પ્રક્રિયા કુટુંબને સાવ ખાલીખમ કરી દે છે. કુટુંબમાં તંદુરસ્ત પ્રેમની કેળવણીના અભાવે સ્વચ્છંદી, સગવડિયું અને વ્યક્તિગત રીતે મનસ્વી પ્રેમ વ્યક્ત કરવાની શૈલીથી કુટુંબમાં કે મઠમાં કોઈ ભર પડતી નથી. બહેતર છે કે આપણે સાથે મળીને સમભાવ અને સર્વગ્રાહી પ્રેમભાવથી કુટુંબની સશક્ત બાંધણી કરીએ. એ માટે આપણી સંસ્થાઓમાં કે પેરીશમાં અવારનવાર બાળકો, યુવાનો, મહિલામંડળો, દંપતીઓ, વડીલો અને જયેષ્ઠ ધર્મજનોના પ્રાસંગિક સ્નેહસંમેલનો રાખીએ. સાથે સાથે યુવાનો અને દંપતીઓ માટે પ્રેમ કરવાની કળા, સેક્સ એજ્યુકેશન અને દંપતી શિબિરો રાખીને એમને આ બાબતે કેળવણી આપીએ. આજની દુનિયાની આંટીઘૂંટી સંકુલ છે એ હકીકતને સમજી લઈને મુશ્કેલીમાં મૂકાયેલા લોકો સાથે આપણે વિશે સચ્ચાઈ અને આકર્ષક રીતે રજૂઆતો કરીને, એમના પ્રશ્નોના જવાબો ઉદ્ધતાઈથી નહિ પણ વિનય, અનુકંપા અને સચ્ચાઈથી આપીએ. મજબૂરીમાં સંપડાયેલા લોકો સાથેની ગુરુઓની ઉદ્ધતાઈ, ઉગ્રતા, ગુસ્સો, ઉપેક્ષા અને અપમાન એમના પવિત્ર, સમજદાર, પ્રેમાળ અને વિનયી એવા ગુરુપદને ન શોભે. આપણે હંમશ યાદ રાખીએ કે લોકોને આપણામાં પ્રતિત થતા ઈસુ જોઈએ છે. આપણે એમના શબ્દો યાદ રાખીને ચાલીએ, “ઓ થાક્યા પાક્યા અને ભારથી કચડાયેલા, તમે મારી પાસે આવો હું તમને શાતા આપીશ.”

ધર્માધ્યક્ષ પરિષદની સ્થાપના કરી ૧૯૬૫માં પોપ પોલ છઠ્ઠાએ કરી હતી. ધર્મસભાને લગતી સવિશેષ બાબતને લગતી ચર્ચાવિચારણા અને નિર્ણય લેવા માટે આવી પરિષદ બોલાવવામાં આવે છે. અત્યાર સુધીની આ માત્ર ત્રીજી પરિષદ. એને સામાન્ય પરિષદથી અલગ તારવવા આવે છે અને એ સવિશેષ ગણાય છે કારણ એમાં બોલાવવામાં આવે છે માત્ર બિશપ્સ કોન્ફરન્સના પ્રેસિડન્ટસ, ઈર્સ્ટન ચર્ચેસના પ્રમુખો, રોમન કુરિયાના કાર્ડિનલ પ્રિફેક્ટસ, રોમન કુરિયાના પ્રમુખો અને પરિષદના વિષય અંગે વિશેષ પાંડિત્ય ધરાવતા આમંત્રિત નિષ્ણાંત ગુરુઓ ને ગૃહસ્થ ધર્મજનો.

આ પરિષદ બે વિભાગમાં આયોજિત થઈઃ ઓક્ટોબર ૫ થી ૧૯ સવિશેષ અને ૨૦૧૫માં સામાન્ય પરિષદ. સવારની પ્રાર્થના પછી તરત જ ગૃહસ્થ દંપતીઓની તેમના કુટુંબની સાક્ષીથી બેઠકની શરૂઆત થાય. પરિષદના આરંભે પોપશ્રી ફ્રાન્સિસના વક્તવ્યે અનુકૂળ વાતાવરણ સર્જાયું. એમણે કહ્યુંઃ પ્રામાણિકતા અને નમ્રતાથી બોલો. ખરેખર લાગે તે જ ખુલ્લા દિલથી બોલો. ખુલ્લા મનથી અને વિનયથી સાંભળો. બોલો એવી રીતે કે બીજાઓને સાંભળવાનું મન થાય અને સાંભળીએ એવી રીતે કે બીજાઓને બોલવાનું મન થાય. હકીકતમાં અમુક વિષયો વિવાદાસ્પદ હોવાને કારણે અમુક વખતે ‘ગુરુ વિનયે ન શોભતે’ એવા ગુરુધર્મને નેવે મૂકનાર પુણ્યપ્રકોપી ગુરુઓને સવિનયથી શાંત તો રાખવા જ પડ્યા.

પરિષદના પ્રથમ સપ્તાહમાં ગુરુઓ અને નિષ્ણાંતોના સઘન રીતે તૈયાર કરલા માત્ર સભ્ય દીઠ ચાર મિનિટ પૂરતા સિમીત ભાષણો થયાં. ચાર દિવસમાં ૧૭૦ ભાષણો સાંભળવા પડ્યાં. યુરોપના ઉદ્‌બોધનમાં છૂટાછેડા, પુનઃલગ્ન અને કુંવારા દંપતીઓ અંગેની છાંટ હતી. આફ્રિકન ઉદ્‌બોધનમાં બહુ પતિ/પત્નીત્વની ચિંતા પ્રગટ થઈ. એશિયાના વક્તવ્યોમાં વૈવિદ્ધ જોવા મળ્યું. કારણ એશિયામાં કેટકેટલી ભિન્નવિભિન્ન જ્ઞાતિજાતિ, વર્ણ, સંસ્કૃતિઓ અને રીતરિવાજો અને માન્યતાઓ છે. કુટુંબ જીવનને બાધક પરિબળોમાં ગરીબી, નોકરી-મજૂરી, કોમી રમખાણો, યુદ્ધો, સિવિલ વોર, કોમવાદ, આભડછેટ, આર્થિક અસ્થૈર્ય, દુષ્કાળ, અતિવૃષ્ટિ, સોશ્યલ મીડિયાની માઠી અસરો, આંતરજાતીય-આંતરધર્મીય લગ્નો, ગરીબ-શ્રીમંત, કાળા-ગોરાના તેમ જ ઊંચનીચના ભેદભાવ વગેરેનો સમાવેશ થાય છે. ૨૧મી સદીમાં પણ ભારતમાં ચુસ્ત રીતે ગોઠવાયેલા લગ્ન થાય છે એ સાંભળીને વિદેશી ગુરુઓને અને લોકોને આશ્ચર્ય થયું. ભારતમાં વધતા આંતરધર્મીય લગ્ન અંગે કાર્ડિનલ ઓસવાલ્ડ ગ્રેસિયસ ભાર દઈને કહ્યું કે, આ બાબતે તત્કાળ નિષ્ણાંત પાળકીય સેવાની જરૂર છે. ભારતનું પ્રતિનિધિત્વ કાર્ડિનલ બાસેલીઓસ, કાર્ડિનલ જ્યોર્જ એલેંનચેરી, આર્ચબિશપ અનિલકુટ્ટો, કાર્ડિનલ ગ્રેસિયસ, બે ધર્મગુરુઓ ફાધર અરૂલ ગલી અને નિષ્ણાંત ફાધર કેજીટન મીનીઝેસ. પરિષદમાં ૧૯૧ ધર્મગુરુઓ, બીજા ક્રિશ્ચિયન ચર્ચેસમાંથી ૮ પ્રતિનિધિઓ, ૧૪ દંપતીઓ, ૧૪ નિષ્ણાંતો અને ૧૫ ઓડિટરો.

સમગ્ર વિષયવસ્તુને વણી લેતું પરિષદનું આરંભનું મુખ્ય ઉદ્‌બોધન યુરોપિયન બિશપ્સ કોન્ફરન્સના પ્રમુખશ્રી કાર્ડિનલ પીટર એર્દોએ કર્યું. એમાં સમગ્ર વિશ્વમાંથી આવેલા પ્રતિભાવોનો સાર પ્રગટ કરવામાં આવ્યો. ત્યારબાદ મુખ્ય ઉદ્‌બોધન અંગેના પ્રતિનિધિઓના પ્રતિભાવોનો સાર પ્રગટ કરવામાં આવ્યો. એ મીડિયા દ્વારા જાહેર થયું. આ રિપોર્ટને ફાઈનલ રિપોર્ટ તરીકે માનીને મીડિયાએ એ વિશે બહુ હલચલ મચાવી.

આ રિપોર્ટ તૈયાર કરવા કમિટીએ ભારે જહેમત ઉઠાવી હતી. છતાંય આ રિપોર્ટ અમુક ફાધરો તરફથી અપેક્ષિત વિધાયક પ્રતિભાવ ન મળી શક્યો. પરિણામે ફાઈનલ વોટિંગમાં અમુક ફકરાઓને બે તૃત્તિયાંસ બહુમતી ન મળી. પરિષદમાં ત્રણ દિવસ ઈંગ્લીશ, સ્પેનિશ, ઈટાલી અને ફ્રેન્ચ ભાષા અનુસાર ગ્રુપ્સમાં સમૂહચર્ચા માટે ફાળવેલા. ફાઈનલ દસ્તાવેજ તૈયાર સભા આગળ રજૂ કરવામાં આવી ગયો. પ્રતિનિધિઓએ સુધારા-વધારાઓના સૂચનો કર્યા અને દસ્તાવેજ કમિટીએ જાગરણો કરીને ફાઈનલ અહેવાલ તૈયાર કર્યો. આખરી ઉદ્‌બોધન કે સંદેશ કરતાં અહેવાલ મહત્ત્વના હતો છતાંય વિષયવસ્તુના અહેવાલ કરતાં આખરી સંદેશને વધુ પ્રસિદ્ધિ મળતાં જાણે કે સૂરજ ચંદ્ર આગળ ઢંકાઈ ગયો!

આ આખરી અહેવાલ ૨૦૧૫માં થનાર સામાન્ય પરિષદ માટે તૈયાર કરવામાં આવ્યો છે. પરિષદનો હેતુ પણ એ જ હતો અને એ હેતુ સાર્થક પણ થયો. પરિષદમાં બધાંએ નિખાલસતાથી આપ-લે કરી. સૈદ્ધાંતિક રીતે કોઈ મતભેદ ન થયા. બધાં બિશપના મનમાં લોકો પ્રત્યેની પાળકીય ભલાઈ જ હતી. તેઓ ચર્ચના લગ્ન બાબતના સિદ્ધાંતો જાણે જ છે અને સાથે સાથે સ્થાનિક કક્ષાએ હકીકતમાં લગ્નજીનની વાસ્તવિક પરિસ્થિતિ વિશે પણ સભાન છે. દંપતીઓની કફોડી હાલતમાં તેમને કઈ રીતે પાળકીય કક્ષે મદદરૂપ થવું એ

વિશે તેમને આસ્થા છે. તેમને ફરીથી ઈસુની જેમ હૂંફ, કદરદાનિ, અનુકંપા, સમજદારી, અને ઔદાર્યથી આવકારીને ધર્મસભામાં ફરીથી બેઠા કરવા બાબતે તેમને ચિંતા છે.

છૂટાછેડા લઈને પુનઃ લગ્ન કરેલા દંપતીઓને પરમપ્રસાદ અપાય કે નહિ એ વિશે ચર્ચા-વિચારણા થઈ. એ સંદર્ભે ચર્ચના પરંપરાગત નીતિધોરણો સાથે આ બાબતે વધુ અભ્યાસ કરીને ચર્ચના નવેસર અભિગમથી એમને મદદરૂપ થવાની આસ્થા વ્યક્ત કરવામાં આવી. સમલિંગી દંપતીઓ અંગે ચર્ચા થઈ. ચર્ચમાં તેમની હાજરી આવકાર્ય છે પણ લગ્ન અને કુટુંબ અંગેના ઈશ્વરના નીતિધોરણોમાં બાંધછોડ ન જ કરાય. લગ્ન એ ધર્મસભાનો એક ઈશ્વરદીક્ષિત દૈવી ખ્રિસ્તી સંસ્કાર છે અને એમાં કોઈ જાતનું પરિવર્તન ન કરાય. લગ્નસંસ્કાર લીધા વગર સહજીવન ગાળતા અવિવાહિત લોકોનો પણ એક ગહન અને વણ ઉકેલાયેલ પ્રશ્ન છે જ. પરિષદના સહભાગીઓને એક નગ્ન હકીકત સ્વીકારવી જ પડે કે એમની પાસે બધા જ પ્રશ્નોના ઉકેલ ન જ હોય એટલે જ ન જ હોય. વધતા જતા છૂટાછેડા મધ્ય ગુજરાતમાં કેથોલિક સમાજ માટે મહાકાય સમસ્યા છે અને સંતતિ-નિયમનના કારણે સંન્યસ્ત સંસ્થાઓનું અસ્તિત્વ જ જોખમાયું છે તો આ બાબતે સમાજપરિષદ કે ધર્મપરિષદ પાસે કોઈ ઉકેલો ખરાં? અમુક સમસ્યાઓનું નગ્ન વાસ્તવ જ એવું હોય કે એના ઉકેલમાં પડશો તો ઉત્તરો કરતાં પ્રશ્નો ઊભાં થશે.

આ પરિષદની વિશેષ નોંધ લેવા જેવી સવિશેષ વાત એ છે કે પરિષદમાં બધી જ બેઠકોમાં પોપ ફ્રાન્સિસની ઉસ્ફૂર્ત હાજરી અને સંનિષ્ઠ સક્રિયતા. એમનું અધિવેશન શરૂ થાય તે પહેલાં જ આવવું, ઉસ્ફૂર્ત રીતે બધાં સાથે હળવું, ભળવું અને મળવું. માત્ર અધિવેશનની શરૂઆતમાં અને અંતમાં જ બોલવું પણ પૂરી એકાગ્રતાથી બધાંયનું ખંતથી સાંભળવું, પૂર્ણાહુતિના એમના અંતિમ સંદેશમાં સભા-ગૃહમાં બધાંયે એમને ઊભાં થઈને સ્ટેડિંગ ઓવેશન આપીને એમની સાદગીમાં કેવી ભવ્યતા, ચારિત્ર્યમાં કેવી પ્રતિભા, વ્યક્તિત્વમાં કેવી પ્રભાવકતા અને નેતૃત્વમાં કેવો અદ્‌ભુત કરિશ્મા છે એની પ્રતિતી કરીને કદર કરી બતાવી.

આ પરિષદે ચર્ચના નીતિનિયમોમાં કોઈ પરિવર્તન કર્યું ખરું? અહો આશ્ચર્યમ! હરગીજ નહિ. પરિષદે કોઈ નવતર શિક્ષણ આપ્યું જ નહિ. પૂર્ણાહુતિ વેળાએ આપેલો અંતિમ સંદેશ એ જ એનો અધિકૃત દસ્તાવેજ. એનાથી ચર્ચના નીતિધારણો વધુ દૃઢ થયા. અવનવા પાળકીય અને ચર્ચના અભિગમ સૂચિત થયા. તેમ જ ચર્ચના અભિગમો બાબતે ચર્ચ પોતાની જડતા ખંખેરીને કુટુંબ બાબતે વધુ અભ્યાસમાં લાગી જાય. કુટુંબ અંગેની સવિશેષ પરિષદ ૨૦૧૫માં આગામી સામાન્ય પરિષદ માટેની પૂર્વતૈયારીરૂપે આયોજિત કરવામાં આવ્યું હતું. તે પૂર્વે પોપશ્રી ફ્રાન્સિસ કુટુંબનાં પાળકીય જતન અંગે માર્ગદર્શન પર સૂચનો પ્રગટ કરશે. કુટુંબ અંગેની આગામી સામાન્ય પરિષદ બોલાવવા આવશે ત્યાં સુધી પારિવારિક ધર્મસભાના ભાઈભાંડું તરીકે આપણે એકબીજાને સાથે રાખીને ચાલીએ. ●

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. રાયમુન્દભાઈ ગાબ્રિયેલભાઈ | અમદાવાદ | ૧,૦૦૦ |
| હરિશભાઈ જી. ક્રિશ્ચિયન | નડીઆદ | ૫૦૦ |
| જોયસ સુરાગ ગોહિલ | યુ.એસ.એ. | ૫૦૦ |
| અનામી દાતા | | ૫૦૦ |
| સ્વ. પુષ્પાબેન ચીમનલાલ શ્યામલ | પેટલાદ | ૩૦૦ |
| કેથરીન એફ. ડિસોઝા | સાબરમતી-અ'વાદ | ૨૫૦ |
| માયકલ પી. ભાટિયા | મણીનગર-અ'વાદ | ૨૫૦ |
| સ્વ. બીમલ પાઉલભાઈના સ્મરણાર્થે | નડીઆદ | ૨૫૦ |
| સ્વ. મરીયમબેન જોસેફભાઈ રાઠોડ | ખંભોળજ | ૨૦૦ |
| રમણભાઈ અંબાલાલ મેકવાન | પેટલાદ | ૧૫૧ |
| રાજેશકુમાર મગનલાલ પરમાર | ઓડ | ૧૦૧ |
| જેમ્સ જોનભાઈ | આણંદ | ૧૦૧ |
| ફ્રીદેસબેન રાયમુન્દભાઈ પરમાર | ગામડી | ૧૦૧ |
| સુરેશભાઈ સમુભાઈ મેકવાન | આણંદ | ૧૦૧ |
| સ્વ. આલોઈસભાઈ દાનાભાઈ વાઘેલા | આમોદ | ૧૦૧ |
| મરિયામબેન એમ. વાઘેલા | રાતલાવ | ૧૦૧ |
| થેરેસ્યાબેન ફિલિપભાઈ મેકવાન | મણીનગર(અ'વાદ) | ૧૦૧ |
| સ્વ. દાઉદભાઈ કુબેરભાઈ રાઠોડ | નડીઆદ | ૧૦૦ |
| કનુભાઈ વી. પરમાર | નડીઆદ | ૧૦૦ |
| શૈલેષભાઈ ઈગ્નાસભાઈ પરમાર | વડોદરા | ૧૦૦ |
| ડો. આર્થર ફ્રાન્સિસ મેકવાન | વડોદરા | ૧૦૦ |
| માયકલ એસ. વાઘેલા | વડોદરા | ૧૦૦ |
| માર્થાબેન ડાભી | વડોદરા | ૧૦૦ |
| વિનુભાઈ કેશવભાઈ મેકવાન | ડભાણ | ૧૦૦ |
| રસિકભાઈ જી. મેકવાન | ડભાણ | ૧૦૦ |
| સ્વ. વિલિયમ એ. પરમાર | કરમસદ | ૧૦૦ |
| અતુલભાઈ પાઉલભાઈ પરમાર | નડીઆદ | ૧૦૦ |
| મહેન્દ્રભાઈ ડી. રાઠોડ | નડીઆદ | ૧૦૦ |
| રમેશભાઈ એન. પરમાર | આણંદ | ૧૦૦ |
| સુશિલાબેન જેકબભાઈ મેકવાન | આણંદ | ૧૦૦ |
| સ્વ. બ્રધર પોલ એસ.જે. | વડોદરા | ૧૦૦ |
| હિતેષ એસ. મેકવાન | ચાવડાપુરા-આણંદ | ૧૦૦ |
| ઈસબ મોજીસ ક્રિશ્ચિયન | મણીનગર | ૧૦૦ |
| સ્વ. શ્રી અશોકભાઈના સ્મરણાર્થે | મણીનગર | ૧૦૦ |
| વિક્ટરભાઈ માયકલ ક્રિશ્ચિયન | ભાલેજ | ૧૦૦ |
| સ્વ. પીટરભાઈ પી. મેકવાન | આણંદ | ૧૦૦ |
| અરૂણ જે. ડાભી | નડીઆદ | ૧૦૦ |
| સ્વ. કુલકેરીયાબેન | ગામડી | ૧૦૦ |
| રવિકાન્ત ખોડાભાઈ | પાદરા | ૧૦૦ |
| ચંદ્રકાન્ત બી. સોલંકી | ખંભાત | ૧૦૦ |
| નટુભાઈ ભીખાભાઈ ચૌહાણ | પેટલાદ | ૧૦૦ |
| પીટરભાઈ આમ્રોસભાઈ પરમાર | કરમસદ | ૧૦૦ |
| અનામી દાતા | | ૧૦૦ |
| માર્થાબેન એસ. ડાભી | મણીનગર | ૧૦૦ |
| કમળાબેન ગોરધનભાઈ વાઘેલા | મેમનગર | ૧૦૦ |
| પાઉલભાઈ આઈ. શાહ | ઉમરેઠ | ૧૦૦ |
| રાજુભાઈ આઈ. શાહ | ઉમરેઠ | ૧૦૦ |



# કિશોરમિત્ર

ફેબ્રુઆરી, ૨૦૧૫

– રાજેશ ક્રિશ્ચિયન

**ત્યાગ જીવન બક્ષે :**

એક કુટુંબ હતું, કુટુંબના સભ્યોમાં ચાર બહેનો અને તેમનાં માતા-પિતા. સમગ્ર કુટુંબ ધાર્મિક કેથલિક અને ઈશ્વરપરાયણ. એક વર્ષના સમયગાળામાં જ વારાફરતી માતા અને પિતા બંનેનું દુઃખદ અવસાન નીપજ્યું. હવે ઘરની બધી જવાબદારી મોટી બહેન પર આવી પડી હતી. મોટી બહેને હાલમાં જ શાળાકીય શિક્ષણ પૂરું કર્યું હતું.

તેની મહેનત અને પ્રત્યત્નો વડે મોટી બહેનને એક કોલેજમાં ક્લાર્કની નોકરી મળી. ઓછા પગારવાળી નોકરી હોવા છતાં ખૂબ મુશ્કેલી વેઠીને પણ તેણે ત્રણેય નાની બહેનોને સારી રીતે ભણાવી. અને તેમનાં લગ્ન પણ કરાવી આપ્યાં. આમ ત્રણે નાની બહેનોને જીવનમાં સ્થાયી કરી. બહેનોની કાળજી માટે તે પોતે કુંવારી રહી. તાજેતરમાં જ આ મોટી બહેનનું અવસાન થયું. સમગ્ર જીવન પોતે મુશ્કેલી વેઠીને પણ તેણે ત્રણે બહેનોને માતા જેવી હૂંફ પૂરી પાડી હતી. મોટી બહેનના ત્યાગે ત્રણ જીંદગી ઉગારી લીધી અને ત્રણ કુટુંબની કાળજી લેવામાં આવી.

સાચે જ, એક વ્યક્તિનો ત્યાગ, બીજાને નવજીવન બક્ષે છે.
વ્હાલાં કિશોરમિત્રો, તમે પણ ત્યાગ કરતાં શીખજો.

**ત્યાગનાં ઉત્તમ ઉદાહરણો :**

**૧. સંત થોમાસ :** પ્રભુ ઈસુના શિષ્ય એવા પ્રેષિત સંત થોમાસ બહાદુર અને નીડર વ્યક્તિ હતા. સત્ય જાણવાની જીજ્ઞાસાએ પ્રભુ ઈસુને પણ પ્રશ્ન કરતાં. તેઓ ત્યાગ અને અને બલિદાન મૂર્તિ હતા. તેમને ભારતના પ્રેષિત સંત તરીકે ઓળખવામાં આવે છે. તામિલનાડુ રાજ્યમાં ચેન્નાઈ શહેરમાં સંત થોમા પર્વત ઉપર તેમની હત્યા કરવામાં આવી હતી.

**૨. પૂજ્ય એન્થની ક્રિમિનાલી (૧૫૦૨-૧૫૪૯) :** ઈસુસંઘના પ્રથમ શહીદ ગણાય એવા પૂજ્ય એન્થનીની નિમણૂંક સંત ફ્રાન્સિસ ઝેવિયરે સમુદ્ર તટવિસ્તારમાં સેવાકાર્ય અર્થે કરી હતી. તામિલનાડુ રાજ્યમાં થેથાલ્લાઈ ખાતે તેમણે શહાદત વહોરી હતી.

**૩. સંત જોન દે બ્રિતો (૧૬૪૭-૧૬૯૩) :** જોન દે બ્રિતો તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થી હતા. ભારતમાં મિશનરી તરીકે સેવા કરવી એવી તેમની અદમ્ય ઈચ્છા. ભારતના સંત તરીકે ઓળખાતા જોન દે બ્રિતોની હત્યા તામિલનાડુના ઓરિયુર ખાતે કરવામાં આવી હતી.

**૪. પુનિત દેવસહાયમ્ (૧૭૧૨-૧૭૫૨) :** અત્યંત ચૂસ્ત હિંદુ કુટુંબમાં જન્મેલ દેવસહાયમ્ તામિલનાડુ રાજ દરબારમાં અગત્યનું ઉચ્ચ પદ શોભાવતા હતા. ખ્રિસ્તી ધર્મ અપનાવ્યા પછી ઊંડી શ્રદ્ધા અને ધાર્મિકતાને જીવનપર્યંત અનુસર્યા અને ધર્મને કાજે શહાદત પણ વહોરી. સામાન્ય ધર્મજન તરીકે તેઓ ભારતના પ્રથમ 'પુનિત' જાહેર થયા. અને સમગ્ર ધર્મજનો માટે દિશારૂપ બન્યા.

## ત્યાગ અને બલિદાન વડે આઝાદી :

આઝાદીની ચળવળના આપણાં બધાં જ આગેવાનોએ દેશની આઝાદી કાજે પોતાની આઝાદી દાવ ઉપર લગાવી દીધી હતી. તેમનાં ત્યાગને લીધે જ આપણને આઝાદીનાં ફળ ચાખવા મળ્યાં છે.

એજ રીતે નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાની સ્વતંત્રતાના મુખ્ય હીરો ગણાય. દક્ષિણ આફ્રિકાને ગોરી હકુમતના ક્રૂર શાસનમાંથી તેમણે સ્થાનિક પ્રજાને મુક્તિ અપાવી. આ લડત દરમિયાન તેમની યુવાનીના અમૂલ્ય ૨૭ વર્ષો તેમણે જેલની કાળકોટડીમાં વિતાવ્યાં. ૪૪ વર્ષની ઉંમરે તેમની ધરપકડ થઈ હતી અને છેક ૭૧ વર્ષની જૈફ વયે તેમનો છૂટકારો થયો. જેલમાં હોવા છતાં તેમણે પોતાના ભાષણો અને લખાણો દ્વારા સ્થાનિક શ્યામ પ્રજાને સ્વતંત્રતા ચળવળ દરમિયાન દોરવણી પૂરી પાડી હતી. અનન્ય ત્યાગ અને બલિદાન વડે જ તેમણે ધીરજ અને પ્રેમથી આઝાદી મેળવી. નેલ્સન મંડેલા કહેતા કે સમાજમાં બધા લોકો માટે સમાનતા અને આઝાદી માટે તેઓ પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરવા પણ તૈયાર છે.

આપણા દેશમાં મણિપુરના ઈરોમ ચાન શર્મિલા, જેઓ 'મણિપુરની લોખંડી મહિલા' તરીકે ઓળખાય છે તેમના બલિદાનની કથા પણ ખૂબ પ્રેરણાદાયક છે. આસામ રાયફલ્સની બહેરમી સામે તેઓ પોતાનો વિરોધ પ્રગટ કરી રહ્યાં છે. વિરોધ માટે તેમણે છેલ્લાં દસેક વર્ષોથી ઉપવાસનું શસ્ત્ર અપનાવ્યું છે. તેમનાં ત્યાગે જ સરકારને પગલાં ભરવા મજબૂર કરી છે.

ન્યાયી સમાજની રચના કરવા ઈરોમ શર્મિલા આપણને ત્યાગ અને બલિદાન માટે પ્રેરે છે.

## ગળાના રક્ષક સંત


સંત બ્લેસ ગળાના રક્ષક સંત ગણાય છે. તેમના પર્વના દિવસે દેવળોમાં પુરોહિત આર્શિવાદિત કરેલ બે મીણવત્તીઓ વડે ધર્મજનોને આશીર્વાદ આપે છે. બે મીણબત્તીઓ એકબીજા પર રાખીને તેને ધર્મજનોના ગળે અડાડી પ્રાર્થના કરી આશીર્વાદ આપવામાં આવે છે. આ આર્શીવાદ અને પ્રાર્થના દ્વારા ગળાને લગતી ઘણી બીમારીમાંથી સાજાપણું મળે છે. ગળાની ખારાશ, શુદ્ધ ધ્વનિ, ઉચ્ચ અવાજ વગેરેમાં સહાય પ્રાપ્ત થાય છે.

ગરદનની આ કૃપા સંત બ્લેસની મધ્યસ્થી વડે પ્રાપ્ત થાય છે. તેઓ એશિયાખંડના વતની હતા અને ત્રીજી-ચોથી સદીના મધ્યકાલીન યુગના મહાન ચમત્કારિક સંત ગણાય છે. તેઓ પોતે દાક્તર હતા અને તેમના દ્વારા અનેક લોકોને સાજાપણું મળતું. જ્યારે તેઓ બિશપ હતા તે સમય દરમિયાન રાજા લિસિનીયુસે તેમને કારાવાસમાં નાંખી દીધા. અને સતત સતામણી પછી તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો. ધર્મને ખાતર સંત બ્લેસે શહાદત સ્વીકારી.

આપણું ગળુ, આપણો અવાજ એ સંવાદનું મુખ્ય અંગ છે. તેના રક્ષણ માટે સંત બ્લેસને પ્રાર્થીએ....

(નોંધ : ધર્મસભા ૨ ફેબ્રુઆરીએ સંત બ્લેસનું પર્વ મનાવે છે.)

## ગેથશેમાની વાડીમાં પ્રભુ ઈસુ :



ચાલુ માસે ૧૮ ફેબ્રુઆરીના દિવસે ભસ્મ બુધવારના દિવસથી તપઋતુનો આરંભ થાય છે. તપઋતુ આપણને આપણી ભૂલો તરફ દૃષ્ટિપાત કરવા યાદ અપાવે છે તથા તપ અને પ્રાર્થના દ્વારા ઈશ્વર પરાયણ જીવન જીવવા પ્રેરણા આપે છે.

આપણા પ્રભુ ઈસુએ ત્યાગ અને બલિદાનનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. યહૂદી સિપાઈઓએ તેમની ધરપકડ કરી તે પહેલાં આવી પડનાર આપત્તિ વિષે ઈસુ જાણતા હતા. ધરપકડ પહેલાં ગેથશેમા વાડીમાં ઘૂટણે પડી તેઓ પ્રાર્થના કરતા હતા ત્યારે તેમને અત્યંત માનસિક પરિપાત વેઠવો પડ્યો હતો. બીજે દિવસે આવી પડનાર ક્રૂર મૃત્યુની ઈસુને અનુભૂતિ થઈ. ભય અને ઉદ્વેગ તેમને ઘેરી વળ્યાં. માનસિક પરિતાપને લીધે તેમને લોહીનો પસીનો થયો. અને મોટાં ટીપાંની પેઠે ભોંય ઉપર ટપકવા લાગ્યો. નમ્ર હૃદયે તેમણે ઈશ્વરપિતાને પ્રાર્થના કરી : "હે પિતા, જો

તમારી ઈચ્છા હોય તો મારી આગળથી આ પ્યાલો લઈ લો. તેમ છતાં મારી નહિ પણ તમારી જ ઈચ્છા પૂર્ણ થાઓ." (લૂક ૨૨:૪૨)

ઈશ્વરપુત્ર હોવા છતાં પ્રભુ ઈસુ પરમેશ્વરની ઈચ્છાને આધીન રહી માનવજાતની મુક્તિ કાજે ક્રોસ ઉપર પીડાદાયક મૃત્યુ સ્વીકાર્યું. સમગ્ર માનવજાત કાજે આ મહાનતમ્ બલિદાન હતું.

પ્રવૃત્તિ : ઉપરોક્ત પ્રસંગ વાંચો : લૂક ૨૨:૩૯-૪૪

## સ્વની ભાવનાથી પર બલિદાન

નાનકડા રમણીય ગામમાં એક સાધુ પુરુષ પોતાના શિષ્યો સાથે રહેતા હતા. ગામના પાદરે મંદિરની બાજુની ઝૂંપડીમાં તેઓ રહેતા. અને ગ્રામજનોને કથા સંભળાવતા અને ઉપદેશ આપતા. ગ્રામજનોએ ભેટ આપેલ સીધુસામાન અને ફળફળાદિ દ્વારા ગુરુજી અને તેમના શિષ્યોનો જીવનનિર્વાહ થતો.

એક દિવસ એક વૃદ્ધ સ્ત્રી ગુરુજીના દર્શને આવી. ગુરુજી સાથે વાતચીત કરી ગુરુના આશીર્વાદ મેળવ્યા. પછી દક્ષિણારૂપે થાળી ભરીને દ્રાક્ષ તેણે ગુરુજીના ચરણે ધરાવી. ગુરુજીએ પ્રેમપૂર્વક વૃદ્ધની ભેટ સ્વીકારી અને પોતે ખાવા લાગ્યા. દ્રાક્ષ ખાતાંખાતાં ગુરુજીના ચહેરા પર પ્રસન્નતા ચમકી ઊઠી. ગુરુજીએ પોતાની ભેટ સ્વીકારી અને આનંદપૂર્વક આરોગી રહ્યાં છે તે જોઈ વૃદ્ધા ખૂશ થઈ ઉઠી. ત્યાર પછી ગુરુજીનો આભાર માની તેણે વિદાય લીધી.

વૃદ્ધાની વિદાય પછી શિષ્યોએ ગુરુજીને પૂછ્યું, "ગુરુજી આપ કોઈપણ ભેટ સ્વીકાર્યા પછી દર વખતે અમને વહેંચી આપો છો. જ્યારે આજે વૃદ્ધએ આપેલી દ્રાક્ષ અમને વહેંચવાને બદલે બધી દ્રાક્ષ આપે ખુદ આરોગી. આનું કારણ જાણી શકીએ?"

ગુરુજીએ પ્રત્યુત્તર વાળ્યો, "મારા વ્હાલા શિષ્યો, વૃદ્ધાએ થાળી ભરીને દ્રાક્ષ ભેટ ધરી એટલે મેં તેંમાથી એક દ્રાક્ષ ચાખી જોઈ. દ્રાક્ષ ખૂબ જ ખાટી હતી. જો મેં તમને દ્રાક્ષ ખાવા આપી હોત તો ખટાશને લીધે તમારાંમાંથી કોઈકનું તો મોં વાંકુ થયું હોત. અને પેલી સ્ત્રીને માઠું લાગ્યું હોત. તેથી જ મેં પોતે મોં પર અણગમાનો કોઈપણ ભાવ આવવા દીધા વગર જ બધી ખાટી દ્રાક્ષ ખાઈ લીધી અને વૃદ્ધા પણ ખૂબ ખૂશ થઈ ગઈ."

એક દંતકથા મુજબ બાળ પેલિકનને દુકાળના સમયમાં ભોજન પૂરું પાડવા માતા પેલિકન પક્ષીએ ચાંચ વડે પોતાના શરીરે ઈજા પહોંચાડી પોતાના રક્તનું ભોજન બાળ પક્ષીને પૂરું પાડ્યું હતું અને આમ કરતાં પોતાના બાળ માટે જીવન ન્યોછાવર કીધું.

સાર : સાચો ત્યાગ પ્રેમ અને આનંદ આપે છે. અને બીજાને નવજીવન બક્ષે છે.

## બાઈબલ ક્વિઝ

૧) વસ્તી ગણતરીમાં નોંધાયેલ કેટલા વરસની ઉંમરના માણસે જકાત આપવી જરૂરી છે?
૨) હિબ્રુ ગુલામની સેવા કેટલા વરસ લઈ શકાય?
૩) શા માટે પરદેશીને સતાવવો કે તેના ઉપર જુલમ કરવો નહિ?
૪) વાછરડાને માથે કોણ હાથ મૂકશે?
૫) વિશ્રામનું વરસ કેટલા વર્ષે ગણાય?
૬) ઈસ્રાયલીઓમાંથી પુરોહિત થવા કોને આહ્વાન અપાય છે?
૭) પવિત્ર નિવાસસ્થાન - થાનક - બાંધવા બાવળના કેટલાં પાટિયાં જોઈએ?
૮) ધૂપવેદીનું મથાળું શા વડે મઢી લેવું જોઈએ?
૯) "ઈસ્રાયલીઓને મારે માટે ભેટ ઉઘરાવવા કહેજે" - આમ પ્રભુએ કોને આદેશ આપ્યો હતો?
૧૦) સિનાઈ પર્વત ઉપર પ્રભુએ કોને પોતાની પાસે એકલા જ આપવા આદેશ આપ્યો હતો?



**(નોંધ : જવાબની વિગત માટે જુઓ - 'પંખીની પાંખે' વિભાગમાં)**

**વિશેષ કે જરૂરી?**

શિક્ષકે વર્ગમાં પરિણામ વહેંચ્યું એક બાળકી ડુસકાં ભરતાં રડી પડી.

**શિક્ષક :** તું કેમ રડે છે? શું તને ઓછા માર્કસ મળ્યા છે?

**બાળકી :** ના સર, પણ હું ૧૦૦માંથી ૧૦૦ માર્કસ ઈચ્છતી હતી અને મને ૯૮ માર્કસ જ મળ્યા.

છેલ્લી પાટલીનો વિદ્યાર્થી : સર, મેં મારું પેપર કોરું છોડી દીધું હતું.

છતાં તમે મને ૨ માર્કસ આપ્યા છે. આ છોકરી માટે હું મારા બે માર્કસનો ત્યાગ કરવા તૈયાર છું.

**શિક્ષક :** (આશ્ચર્યથી) હેં?!!!

સાર : આપણી બિનજરૂરી વસ્તુમાંથી વહેંચવું એ ત્યાગ નથી. પરંતુ ન્યુનતમ વસ્તુમાંથી બીજાને વહેંચતાં શીખવું જોઈએ.

**ઉચ્ચ ધ્યેય - ઊંચી ઊડાન :**

વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા રાજેશ સરે કહ્યું, “આપણે હંમેશા ઉચ્ચ ધ્યેય તરફ નજર માંડવી જોઈએ. આકાશ જ આપણું અંતિમ ધ્યેય હોવું જોઈએ. તેનાથી જસ પણ ઓછું નહીં.”

અભ્યાસમાં સામાન્ય એવા આનંદે વિચાર્યું કે રાજેશ સરની સલાહ કોઈ કામની છે કે નહીં? કારણ જ્યારે પણ રિઝલ્ટ જાહેર થતું ત્યારે તેનો નબળો દેખાવ વર્ગના બીજા વિદ્યાર્થીઓને મજાકનું કારણ પૂરું પાડતો.

શાળા છૂટ્યા પછી આનંદ ભારે હૈયે ઘર તરફ જતો હતો. શિક્ષકની વાત પર વિચાર કરતાં તેણે ઊંચે આકાશ તરફ જોયું. સ્વચ્છ ભૂરું નભ જોતા તેને આનંદ થયો. આકાશમાં રંગબેરંગી ફૂગ્ગા ઉડતા હતા. અને આકાશ તરફ ઊંચે ઊડી રહ્યા હતા. આનંદમાં મનમાં વિચાર ઝબક્યો, “ફક્ત ગેસ અને હવા ભરેલા ફૂગ્ગા જો ઊંચે આકાશ તરફ ઊડી શકતા હોય તો હું કેમ નહીં?”

અને સફળતા પ્રાપ્ત કરવાના દૃઢ નિશ્ચય સાથે આનંદે ડગ માંડ્યા.



## ચિંતન પુષ્પ :

નિશાન ચૂક માફ,

નહિ માફ નીચું નિશાન!





# SOLDIERS OF GOD

**February, 2015**

## SACRIFICE SAVES

I knew a family of four daughters. They were devout Catholics. Unfortunately and unexpectedly both their parents died, one after the other, within a year. The whole burden of the family fell on the shoulder of the eldest daughter who had just completed her schooling. By her persistent effort and persevering spirit she managed to get a clerical job in a Government College. With her meagre salary, with a lot of dutiful love and concern for her three younger sisters, she educated them and settled them in life. But she remained single till she breathed her last recently.

She was a dutiful mother to her younger sisters. The sacrifice of one person moulded three persons and built three families.

Yes, SACRIFICE of one gives life to many. What about you?

## MEGA MODELS

**1. St. Thomas :** He was one of the Apostles of Jesus. He was very bold, questioning and, at the same time, self-sacrificing. He is known as the Apostle of India. He was martyred at St. Thomas Mount, Chennai, Tamil Nadu.

**2. Venerable Antony Criminali, SJ (1520-1549) :** He is the proto-martyr (the First) of the Society of Jesus – SJ. He was appointed by St. Francis Xavier to be a missionary in coastal areas. He was martyred at Vethalai, Tamil Nadu.

**3. St. John De Britto, SJ (1647-1693) :** He was a serious, studious and sincere student. He was bent on becoming a missionary in India. He was martred at Oriyur, Tamil Nadu. He is a well known Saint in India.

**4. Blessed Devasahayam (1712-1752) :** He was from an orthodox Hindu family. He held a high post in the Government. But when he embraced Christianity, he was very staunch in his faith. He was persecuted and killed by non-believers. He is a model for all laity.

## SACRIFICE OF OUR FREEDOM FIGHTERS

All our freedom fighters have sacrificed their 'today' for our 'tomorrow'. In our contemporary time we have many great leaders who are role models for sacrifice. One such person is Nelson Mandela. He is the champion of the Blacks' freedom against apartheid in South Africa.


He spent more than 27 years in prison to get the Black people their due rights. He was 44 when he was arrested and was released only at the age of 71 His sacrifice of life and enkindling speeches and writings made him a great leader. By doing so he made the Blacks realize their need for freedom. In his long walk for freedom he set an example of patience, love and sacrifice in order to achieve wonders.

He even commented that he was ready to lay down his life for the sake of a society in which everybody is free and treated as equal. In our country we have Ms. Irom Chann Sharmila, also popularly called the Iron Lady of Manipur. She has been fighting against the atrocities of the Assam Rifles in Malom. She has been protesting for more than 500 weeks without consuming food. Her sacrifice has been threatening the governments to deliver justice for the tribals. She is a role model and invites us to persevere in our sacrifice and struggle for justice.

## JESUS AT GETHSEMANE

We are starting the Lenten season this month. This is an occasion for us to make an inward journey, analyse, accept ourselves as we are and rectify our shortcomings and renew our strengths for a richer and more sacrificial life after the model of Our Lord Jesus!

Jesus is the MODEL par excellence of SACRIFICE. Before He was arrested, He foresaw what was going to happen to Him that night and the following day. When He knelt in prayer in Gethsemane garden He realised the pain and ignominy He had to undergo. He trembled. His body reacted. He sweated blood. "My Father, if it is possible, may this cup be taken from me. Yet not as I will, but as you will be done." (Mt 26:39).



Though God and Creator, Jesus accepted the passion and death in obedience to His heavenly Father and as the price for our redemption. This has been the greatest sacrifice for mankind.

## SPECIALIST IN THROAT

When I was in the Novitiate (early religious formation) our Novice Master administered a simple ceremony. He blessed candles and held them crossed. He said a prayer to St. Blaise. Each one touched his throat with those crossed candles. A few of us started practising voice-culture from that day. Miraculously and marvelously one of my companions, who had a shrill voice developed a strong voice. I myself could get a clear and metallic voice.

This is a witness of the miraculous intercession of St. Blaise. He was from Asia Minor. He was of noble birth, He was one of the most popular medieval saints (3rd & 4th centuries). He was a physician with extraordinary healing power. As bishop, he caught the attention of the emperor Licinius and was imprisoned, persecuted and beheaded.

Traditionally St. Blaise is considered as the patron saint of the sufferers from throat diseases and as one of the Fourteen Holy Helpers. Your throat is vital for communication. Pray to St. Blaise for its proper functioning.

## SACRIFICE BEYOND CONCERN

There was a Guru living in a beautiful village along with his disciples. People in the village sought the guru's preaching and blessings. They used to offer the guru and disciples a lot of edibles and fruits.

One day there came an aged woman to visit the guru. After getting some counseling and blessings from the guru she offered him a plateful of grapes. The guru got it with love and started to taste the fruits. He then continued to enjoy the grapes with a happy smile. The old lady was very much pleased that the guru accepted her offering and enjoyed eating them. The disciples found that the guru had acted a little differently that day. And so they asked him, "Master! whenever you received anything from the people you shared it with us. But, today on the contrary, you ate them all yourself. Is there anything behind your doing this today?"

The Master replied, "My dear disciples, as the woman gave me the plate of grapes I tasted one and found it was very sour. Had I given you all, anyone of you might have shown that the fruits were sour. And the lady would have felt bad. Now I have eaten them all myself without any negative facial expression.

She was very happy. That is why I ate them all myself."In Christianity we have a legend of the symbolism of the mother pelican feeding her little baby pelicans. The legend was that in time of famine, the mother pelican wounded herself, striking her breast with the beak to feed her young ones with her blood to prevent starvation.



Moral: The real sacrifice will give deep love and happiness and revive life.

## Excess or Essential ?

A teacher was giving the answer sheets in a class - room. All the students got theirmarks. There was a sound of a cry from a girl.

Teacher : Why are you crying? Have you got low marks?

Girl : No, sir, I thought I would get 100 marks but I have got only 98, sir.

Aboy from the last bench : Excuse me, sir. Sir, I did not write anything on the answer sheet but you have given me 2 marks for it. Now I want to sacrifice my 2 marks for that girl. Teacher : ! ! !

We don't sacrifice by offering our excess, but, by giving up our essential. Our sacrifice needs participation on our part.

## SOAR HIGH

Mr. Rajesh waxed eloquent in his class, motivating his 7th standard students. He said, "Only the sky should be our limit, nothing short of it". Anand, a below - average boy, wondered whether the words of his teacher made any sense to him. He could only recall to his mind the negative comments and foolery of his classmates whenever marks were given. After the class, he was walking back home with a heavy heart. On the way he looked up to see a beautiful blue sky. There were colourful balloons soaring high, with an aspiration to reach the blue sky. A rare thought flashed in his mind. "When these feeble balloons, filled with air, could fly so high, why NOT I?" Yes, Anand marched faster with determination.

## Bible Quiz (Exodus : Chapters 20-30)

Fill in the blanks :

1. The Starting age for offering is ............
2. The male Hebrew should serve ............ years!
3. One should not wrong a resident alien, for ............
4. Those who should lay hands on the heads of the bull are ............
5. Sabbath comes once in ............ years
6. The priests from among Israelites are ............
7. Total number of bars of acacia wood for the tabernacle ............
8. "You shall overlay poles with ............
9. You shall make a mercy seat of ............
10. ............ alone shall come near the Lord !



Mail your Answers on a post - card to reach our office on/before 15.03.2015. Best 3 respondents will be chosen by lot, for prize.



# એક યુવકનું મનોમંથન

✍ રેવ. ડૉ. ચંદ્રકાન્ત પથિક

ઈસુ ફરી પ્રવાસે નીકળતા હતા એવામાં કોઈ એક માણસે દોડતા આવી પગે પડી તેમને કહ્યું, "ભલા ગુરુદેવ, મને શાશ્વત જીવન મળે એ માટે મારે શું કરવું?" ઈસુએ તેને કહ્યું, "તું મને ભલો શા માટે કહે છે? એક ઈશ્વર સિવાય કોઈ ભલું છે જ નહિ. આજ્ઞાઓ તો તું જાણે છે : 'ખૂન કરવું નહિ, વ્યભિચાર કરવો નહિ, ચોરી કરવી નહિ, ખોટી સાક્ષી પૂરવી નહિ, છેતરપિંડી કરવી નહિ, માતાપિતાને માન આપવું.' " પેલાએ કહ્યું, "પણ ગુરુદેવ, એ બધી આજ્ઞાઓ તો હું નાનો હતો ત્યારથી પાળતો આવ્યો છું." ઈસુએ એના ઉપર નજર ઠેરવી, અને તેમના હૃદયમાં પ્રેમ પ્રગટ્યો. પછી તેમણે કહ્યું, "તારામાં એક વસ્તુ ખૂટે છે; જા, તારી પાસે જે કાંઈ છે તે બધું વેચી નાખ, અને જે ઊપજે તે ગરીબોને આપી દે, તો સ્વર્ગમાં તને ભર્યા ભંડાર મળશે. ત્યાર પછી આવ, મારે પગલે ચાલ." આ સાંભળીને તેનું મોઢું પડી ગયું અને ભારે હૈયે તે ચાલ્યો ગયો, કારણ, તે ભારે સંપત્તિનો ધણી હતો. માર્ક ૧૦:૧૭-૨૨)

હું મારા નિવાસસ્થાને પાછો આવ્યો છું પરંતુ આજના જેવી નિરાશા મને ક્યારેય મળી નથી. હું તો એમ ધારતો હતો કે પ્રભુ ઈસુ મારા પ્રશ્નનો ઉત્તર આપશે. 'અનંતજીવનનો વારસો પામવા માટે હું શું કરું?' આ પ્રશ્ન મને ઘણાં વર્ષોથી મુંઝવતો રહ્યો છે. હું તો વિચારતો હતો કે મારા આદર્શજીવન વિષે સાંભળીને ઈસુ કહેશે કે તેં તો અનંતજીવન પ્રાપ્ત કરી જ લીધું છે, ત્યારે હવે કંઈ પણ કરવાનું બાકી નથી. પરંતુ... તેમણે તો મને કહ્યું કે, શું પ્રભુ ઈસુની એ ખરેખરી ઈચ્છા હશે કે હું મારી સઘળી માલમિલ્કત વેચી નાખું? જો એ પ્રમાણે હોય તો એ નરી મૂર્ખતા કહી શકાય. મારી પાસે તો આલિશાન બંગલા છે, જમીન-જાગીર છે, ધનના ભંડાર, મૂલ્યવાન હીરા, માણેક, મોતી છે. એને શું હું વેચી નાખું? સામાન્ય લોકો એની શી કિંમત કરી શકે? વળી જો હું આ માલ-મિલ્કત દરિદ્રીઓને આપી દઉં તો તે ભૂંડની આગળ મોટી વેરવા જેવું લાગશે. બાઈબલ તો આ પ્રમાણે કરવાનું ના કહે છે.

પ્રભુ ઈસુએ મારી મિલ્કતનો અમૂક હિસ્સો માગ્યો હોત તો શું તે ન આપત? હું તો એટલી મોટી ઉદાર સખાવત કરત કે જેથી તેમને બીજા કોઈની આગળ હાથ લંબાવવાની જરૂર પણ ન પડત. પરંતુ એમણે તો મને કહ્યું : 'તારું જે છે તે બધું જઈને વેચી નાખ.' આ આજ્ઞા તો ઘણી બધી કપરી છે, મારા માટે તો પાળવાની આ શરત તદ્દન અશક્ય છે. જો હું એ પ્રમાણે કરું તો મારો સમાજ મને શું કહે? લોકો મને હસી કાઢે. મારા મિત્રો મને મૂર્ખની પંક્તિમાં મૂકી દે. કુટુંબમાં મારો વિરોધ થાય. અને... હું વિચાર કરું છું કે શું પ્રભુ ઈસુની પાછળ પાછળ એલિયાની માફક ચાલવું જરૂરી છે? શું અનંતજીવનની પ્રાપ્તિ માટે એ અનિવાર્ય બાબત છે? મને તો બધું અતાર્કિક, અવાસ્તવિક અને અવ્યવહારું લાગે છે. વળી મારા જીવનમાં એવી કઈ બાબત છે કે હું અનંતજીવનની પ્રાપ્તિ માટે ગેરલાયક ઠરું? હું નાનપણથી આદર્શ જીવન જીવતો આવ્યો છું. કોઈ આંગળી ચીંધે એવું મેં કશું કર્યું નથી. મારું જીવન તો ઉઘાડા પુસ્તક જેવું છે. નથી મારામાં બીડી, સીગારેટ, દારૂ તે અન્ય કોઈ ખરાબ વ્યસન, મારામાં ઉચ્ચકક્ષાના ચારિત્રનું ઘડતર થયેલું છે. મેં બધા નિયમોનું ચુસ્ત પાલન કર્યું છે. આહ... પ્રભુ ઈસુએ મારા પ્રશ્નનો ઉત્તર તો ના આપ્યો પણ મને પ્રશ્નોના ગૂંચવાડામાં મૂકી દીધો.

હા, પણ... હું એ પ્યારા પ્રભુ ઈસુના પ્રેમ, અને એમની દયા તથા નિર્મળતાને વીસરી શકું તેમ નથી. હું જ્યારે તેમને મળ્યો ત્યારે તેમની આંખો મારા તરફ એકી નજરે મંડાયેલી હતી. તેમની આંખોમાંથી દયા અને પ્રેમનું ઝરણું વહેતું હતું. મને તો એમ લાગે છે કે મારી આંખો દ્વારા તેમણે નક્કી પણ કરી લીધું હશે કે હું તેમની વાત માની લઈશ. અને, આમ તો હું પણ તેમની વાત ઉથાપવા ઈન્કાર કરું છું? પણ તેમની શરત ઘણી કઠિન છે. કદાચ હું આવો ગરીબ માછીમાર હોત તો એવો ત્યાગ જરૂરી કરી શકત. પણ... હું ધનવાન છું. હું કેવી રીતે સર્વસ્વનો ત્યાગ કરી શકું?

મને પ્રશ્ન થાય છે કે પ્રભુ ઈસુએ મારી માલ-મિલ્કત અંગે આ શા માટે સવાલ ઉભો કર્યો? મને ઊંડે ઊંડે એમ લાગે છે કે ઈસુને ધનવાનો પ્રત્યે ખોટી ગ્રંથિ ભરાઈ ગઈ છે. અને ઓમ તો એમનું સેવાકાર્ય પણ ગરીબો મધ્યે જ છે ને! ધનવાન માણસ માટે ઉચ્ચારેલું એમનું વચન મારા હૃદયમાં સતત ઘોળાયા કરે છે. ધનવાનને ઈશ્વરના રાજ્યમાં પેસવું કઠણ છે. ધનવાનને ઈશ્વરના રાજ્યમાં પેસવા કરતાં સોયના નાકામાં થઈને ઊંટને જવું સહેલું છે. આ કેવું અતાર્કિક અને અવ્યવહારુ લાગે છે? પ્રભુ ઈસુ ધનવાનોને આટલો મોટો અન્યાય શા માટે કરતા હશે? ક્યારેક એવું પણ લાગે છે કે ઈસુ પરમેશ્વરના દીકરા હોવા છતાં જ્યારે કંઈક વિરોધાભાસી બોલે છે ત્યારે એમના પુત્રપણાના દાવા વિષે શંકા-કુશંકા ઊભી થાય છે. પણ... એમનાં આચરણો અને ચમત્કારો તો મે મારી સગી આંખે જોયાં છે. અને એ દ્વારા એમના દૈવી અધિકારો અંગે સંદેહ લાગતો નથી. તો પછી મારી આંખોએ ઊંધા ચશ્મા પહેર્યા છે કે શું? મારી આંખોમાં જ કમળો હોય તો મને બધું પીળું જ દેખાય ને?

પણ હું મારા ધન પર ભરોસો રાખું છું અને રાખીશ. સ્વર્ગની કોઈપણ બાબત માટે આ જગતની બાબતો છોડવા માટે હું હરગીઝ તૈયાર નથી. 'ઊંટને સોયના નાકામાંથી નીકળવું સહેલું છે પણ ધનવાન માણસને ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ આપવો અઘરો છે.' અરે, આ વિચારે તો મને પાગલ બનાવી દીધો છે. મને થાય છે ઈશ્વરથી અલગ કરનારી આ ધનની દીવાલને હું તોડી નાખું. શું હું પ્રભુ ઈસુ પાસે પાછો જાઉં? ના... ના... નોકર-ચાકર વગર હું કેમનો રહી શકું? આ જગતની સુખ-સાહબીને છોડીને હું કેમનો પાછો જાઉં? પ્રભુ ઈસુએ મારી પાસે અમર્યાદિત માગ્યું છે, હું મૂર્ખ અને કાયર છું; પણ એ પ્રમાણે નહિ કરી શકું.

'ઈસુ ગુરુ... મને માફ કરો, હું તમારી આજ્ઞા પાળી શકું એમ નથી. મારે હવે અનંતજીવન પ્રાપ્ત કરવા બીજો કોઈ માર્ગ... બીજો કોઈ માર્ગ?' ●

# સ્વ. ફાધર બાસીલ પરમાર એસ.જે.

✍ સંકલન : સહતંત્રી

૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સ્વ. ફાધર બાસીલના જન્મનાં સો વર્ષ પૂરાં થયા છે. અને માતા ધર્મસભા આ વર્ષને 'સંન્યસ્તજીવન વર્ષ' તરીકે ઉજવે છે ત્યારે ગુજરાતમાંથી પાંગરેલા પ્રથમ સમર્પિત ઈસુસંઘી પુરોહિતને પ્રણામ.

ગુજરાતની તળભૂમિના પ્રથમ ઈસુસંઘી પુરોહિત તરીકે ફાધર બાસીલ લાલભાઈ પરમાર એસ.જે.નું નામ ઈતિહાસના પાનાં પર કાયમ રહેશે. ૪ જૂન, ૧૯૩૮માં જ્યારે તેઓએ શેમ્બાંગનુરમાં નોવિશિયેટમાં પ્રવેશ કર્યો ત્યારે ભાગ્યે જ કોઈએ આ મહાન ઘટનાની નોંધ લીધી હોય, કે ગુજરાતની ભૂમિના પ્રથમ સપૂતે ઈસુસંઘમાં પ્રવેશ કર્યો છે.

તેમના ઓછાબોલા સ્વભાવને કારણે ભાગ્યે જ કોઈ તેમને ઓળખતું હોય! ૧૨ ફેબ્રુઆરી, ૧૯૧૪માં ખેડા જિલ્લાના સલુણમાં તેમનો જન્મ થયો હતો. બાળપણમાં જ પિતાનું છત્ર ગુમાવ્યું એટલે તેમના મોસાળ-ઉત્તરસંડામાં તેનું લાલનપાલન થયું હતું. તેના સંગીતથી પ્રભાવિત ફાધર ગ્રાઉએ તેને આણંદ છાત્રાલયમાં મૂક્યો હતો. જોકે સંગીત આવડતને કારણે આણંદ છાત્રાલયમાં તેઓ થોડા જાણીતા થયા હતા. પુરોહિત બનવાની ઈચ્છા જ્યારે તેમણે દર્શાવી ત્યારે સેંટ મેરીસ હાઈસ્કૂલ, બોમ્બેમાં તેમને ભરતી કરવામાં આવ્યા હતા. અહીં આરંભના દિવસો તેમના માટે કપરાં ચઢાણ સાબિત થયાં.

ગુજરાતના ગામડાંના એક છોકરડાને મુંબઈ મહાનગરમાં, ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં સીધો દાખલ કરી દેવામાં આવે તો કેવી વિકટ સ્થિતિ સર્જાય, તેનો મુકાબલો ફાધર બાસીલને કરવાનો થયો, પણ તેમણે એક જ ફાળમાં-પ્રયાસમાં પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો. નવી શાળા, નવું માધ્યમ અને અજાણ્યું શહેર, બધાની સાથે અનુકૂલન સાધ્યું. રમતગમત, અભ્યાસ તેમજ ખંડાલામાં રજાના દિવસો વગેરેથી તેઓ પરિચિત થઈ ગયા. ઉત્સાહપૂર્વક તેઓ ખંડાલા પ્રવાસના દિવસો ઘણીવાર યાદ કરતા : પર્વતનાં શિખર સર કરવાનો રોજનો આનંદ, ઊંડી ખીણોમાં ગરકાવ થઈ જવાનું આકર્ષણ, જીત માટે કંઈપણ કરી નાખવા માટે ઉત્સુકતાથી ભરપૂર રમતો, ધોબી ટેન્કના ઠંડાગાર પાણીની છલંગો વગેરે... પાણી પ્રત્યે અનહદ આકર્ષણ... અને એવું જ ઊંચાઈ પ્રત્યે, ઉત્તરાવસ્થામાં ઝઘડિયા કેન્દ્રથી ખડકોના ડુંગરો પરની આવનજાવન જ તેમના ઝડપી મૃત્યુનો મર્મ બની રહ્યા હતા!

શેમ્બાગનુરના ચારેક વર્ષના રોકાણ દરમિયાન પર્વતો પ્રત્યેની ચાહનામાં વધારો થયો હતો અને એ જ રીતે ફાધર જો બ્રાગાન્ઝા જેવા સહાધ્યાથી સાથે મૈત્રી અને આત્મીયતા કેળવી હતી. જમ્યા પછી થાળી ધોવાની હોય કે સંડાસની સફાઈ કરવાની હોય, વરંડામાં ઝાડું મારવાનું હોય કે પછી પવિત્ર ખ્રિસ્તયજ્ઞ માટે વેદી તૈયાર કરવાની હોય, મેદાન પર વોલીબોલ રમવાનો હોય કે વરંડામાં ડગ માંડતાં આધ્યાત્મિક વાંચન કરવાનું હોય, બધે જ તનમનની જોશીલી સ્ફૂર્તિ જોવા મળે.

૧૯૪૨માં તેમનું સ્વાસ્થ્ય બગડવું, પેટની બીમારીએ તેમના તન-મનને ગંભીર પણે અસર કરી. પ્રગતિમાં અટકાવ ઊભો થયો અને તેમને મિશન કેન્દ્રમાં અનુભવ( રીજન્સી ) માટે પરત મોકલવાનો આદેશ થયો. બે વર્ષ પછી શેમ્બાગનુરમાં અધૂરો અભ્યાસ પૂરો કરવા પાછા ફર્યા, અનિચ્છાએ પણ ફરી રીજન્સી પૂર્ણ કરી, થિયોલોજીના અભ્યાસને અંતે ૩જી ડિસેમ્બર, ૧૯૨૫માં - આણંદ ખાતે પુરોહિત દીક્ષા ગ્રહણ કરી.

ફાધર કાર્લ ફોન્સેકાએ નોંધ્યું હતું: "તે યાદગાર સવારે માનવ મહેરામણ આણંદ મિશન કમ્પાઉન્ડમાં ઉમટી પડ્યો. મુંબઈ, ભરૂચ, વડોદરા, અમદાવાદ જેવા મોટાં શહેરોમાંથી તેમજ અંતરિયાળ ગામડાંમાંથી લોકો પધાર્યા હતા. ઉપાસનાવિધિ દરમિયાન વાતાવરણ ગંભીર-શાંત હતું. નવદિક્ષિત પુરોહિતના હાથ ચુંબન કરવા ચારેક હજાર લોકો કતારબદ્ધ ઊભા હતા! ફાધર બાસીલની પરોહિત દીક્ષાની આતુરતાથી રાહ ફાધર આર. ગ્રાઉ જોઈ રહ્યા હતા જે આજે પૂર્ણ થઈ હતી..."

તાલીમના આ તબક્કામાં આ વર્ષો દરમિયાન ગુજરાતી શીખવાડવા તેમને કહેવામાં આવતું પરંતુ ૧૯૫૪ થી ૧૯૬૫ સુધીના ગાળામાં સાથી ઈસુસંઘીઓને ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવું તેમનું પ્રમુખ કામ રહ્યું. હકીકતમાં ગુજરાતની ધર્મસભાના વિકાસમાં સ્થાનિક ભાષામાં આપ લે કરવામાં સહાયભૂત બનીને ફાધર બાસીલે એક ભગીરથ કામ સિદ્ધ હસ્ત કર્યું હતું. નિરાશા અને હતોત્સાહ વચ્ચે ઈસુસંઘીઓને ભાષા દ્વારા સજ્જ કરીને ફાધરે ગુજરાતી કેથોલિકમાં એક મોટી ક્રાંતિના મંડાણ કર્યા હતાં.

બરાબર એ જ સમયે, પંદર વર્ષ કરતાંયે વધારે સમયગાળા માટે 'દૂત'ના તંત્રી તરીકે કાર્યભાર સંભાળી તેઓ ગુજરાતી કેથલિકોના ઘેર ઘેર પહોંચ્યા. નવોદિત લેખકોના ઉદય સાથે જ મરણતોલ પરિસ્થિતિમાંથી 'દૂતે' જાણે ઉગારી લીધા હતા. સમય જતાં ફાધરે આ કામગીરીમાંથી મુક્ત થવા વિનંતી કરી, પણ તત્કાલીન ઈસુસંઘીઓમાં ફાધર જેટલા કાર્યદક્ષ કોઈ ન મળતાં ફરી એકવાર ઉપરીની આજ્ઞા માથે ચડાવતાં આ જવાબદારી તેમણે સ્વીકારી.

કરમસદમાં રહીને બે વર્ષ સુધી 'દૂત'ના તંત્રી તરીકે કામગીરી

પૂર્ણ કર્યા બાદ, મહેમદાવાદમાં સભાપુરોહિત તરીકે તેમની નિમણૂંક કરી. જનસમુદાયને ધર્મોપદેશ આપવાની ઉત્કંઠાવાળા ફાધરની ઝંખના હવે પૂર્ણ થશે. પોતાના નાનકડા ધર્મવિભાગમાં ધર્મજનોની આધ્યાત્મિક જરૂરિયાત પૂરી કરવાનો ભરપૂર સફળ પ્રયત્ન તેમણે ૧૯૬૬ થી ૧૯૭૮ સુધી કર્યો. મહેમવાદમાં નિમણૂંક પામ્યાના બીજા જ વર્ષે, તેમની કામગીરીના ઈનામરુપે ઈસુસંઘે ચાર વ્રત અંગીકાર માટે આમંત્રણ પાઠવ્યું.

મહેમદાવાદમાં સેવાકાર્યના આરંભે જ માલૂમ પડ્યું હતું કે મહેમદાવાદ તો એક ઉપકેન્દ્ર હતું. વાસ્તવમા કેન્દ્ર-ધર્મવિભાગ તો કઠલાલ નગર હતું. ધીમે ધીમે કઠલાલ ધર્મવિભાગનો તેમણે ક્રમિક વિકાસ કર્યો. ત્યાં દેવળ, છાત્રાલય તેમજ પુરોહિતોનું રહેઠાણનું બાંધકામ કર્યું. તેમના નવા કાર્યક્ષેત્રનો તેમણે આરંભ કર્યો. ખ્રિસ્તીઓ ઉપરાંત અન્ય લોકોમાં ઈસુની ઓળખ કરાવવી, તેમનો નવો પડકાર હતો. ફુડ ફોર વર્ક જેવી યોજનાઓ દ્વારા નાના ખેડૂતો અને ખેતમજૂરોનો તેમણે વિશ્વાસ સંપાદન કર્યો, કઠલાલનું દેવળ અને મકાન તેમનું સંભારણારૂપ છે. એ સાચું છે કે ફાધરના પાર્થિવ દેહની કઠલાલમાં દફનવિધિ થઈ હતી.

ફાધર બાસીલ કઠલાલ પહોંચ્યા તે પહેલાં જ મધુપ્રમેહ (ડાયાબિટિશ)નું આક્રમણ થયું હતું, જે કાળ બનીને તેમને ભરખી જનાર હતો! રોગને નિયંત્રણમાં રાખવા રોજરોજ ઈન્સ્યૂલિન લેવાની જરૂરિયાતના સમયે ઓગસ્ટ ૧૯૮૦ સુધી તો તેઓ દવાની ગોળીથી કામ ચલાવતા, પરિણામે રોગ વધી ગયો અને હવે ઈંજેક્શન વિના કોઈ ઉપાય બચ્યો ન હતો. આ કારણે જ તેઓ હતાશામાં આવી ગયા. હજુ એક રોગ ડામી શક્યા ન હતા ત્યાં ટી.બી. એ દેખો દીધો. ડેડિયાપાડામાં નવા દેવળના ઉદ્દ્ઘાટન બાદ તરત જ સેંટ મેરીસ નર્સિંગ હોમ ગોમતીપુર અમદાવાદમાં તેમને દાખલ કર્યા. સિસ્ટર નાત્તિવિતા તેમની સંભાળ લીધી અને ટી.બી.ને અંકુશમાં લાવ્યાં, પણ ડાયાબિટીશે તેમનો પીછો કર્યો નહીં, તે જીવલેણ પૂરવાર થયો.

ઓક્ટોબરના અંતે તો તેઓ ઝઘડિયાનાં ગામડાંમાં જઈ શકે તેટલું સારું થયું. ડિસેમ્બર સુધીમાં તો કઠલાલ પાછા જવાશે તેવી તેમની ધારણા હતી, તેઓએ ઝઘડિયાના ગામડાંઓની મુલાકાત શરૂ કરી, પરિણામ ખરાબ આવ્યું. તેમની માંદગી વધી ગઈ. તેઓ ડેડિયાપાડા પાછા ફર્યા અને પરિસ્થિતિ કાબૂ બહાર લાગતાં અવર લેડી ઓફ પિલાર હોસ્પિટલ, વડોદરામાં સારવાર અર્થે દાખલ કર્યા. હોસ્પિટલમાં દાખલ કર્યાની થોડીક વારમાં જ તેઓ ડાયાબેટિક કોમામાં જતા રહ્યા. બન્ને કીડની ખરાબ થઈ ગઈ હતી અને એ જ એમના જીવનનો અંત. ૮ નવેમ્બર, ૧૯૮૧ના રોજ સાંજે ૭.૨૫ કલાકે તેમણે છેલ્લો શ્વાસ લીધો.

સ્વ. ફાધર બાસીલના વિદાય ખ્રિસ્તયજ્ઞની ઉજવણી કેથોલિક ચર્ચ નડીઆદમાં બિશપ ગોમ્સના અધ્યક્ષપદે, ૬૦ પુરોહિત, અસંખ્ય સાધ્વીબહેનો તેમજ વિશાળ ધર્મજનોની હાજરીમાં કરવામાં આવી, પણ અંત્યોષ્ઠિ કઠલાલામાં થઈ. ખ્રિસ્તયજ્ઞ દરમિયાન બ્રધર આગ્નેલો વાઝની હૃદયસ્પર્શી જબાને અનેકની આંખોમાં આંસું છલકાવ્યાં હતાં. ફાધર બાસીલનું મૃત્યુ નવા ક્ષેત્રોના વિકાસમાં નિમિત્ત બનશે. 'જ્યાં સુધી ઘઉંનો દાણો મરી જતો નથી તયાં સુધી એકલો રહે છે, પણ જ્યારે તે જમીનમાં દટાઈ છે, ત્યારે મબલક પાક તૈયાર કરે છે.' પ્રભુ ફાધરના આત્માને શાશ્વત શાંતિ આપે. ●

સંદર્ભ : The Ahmedabad Missionary Jan;1981

The Catholic Church in Gujarat Hedwig lewis SJ.

## જાન્યુઆરી 'દૂત' ૨૦૧૫નો સુધારો

પેજ નંબર પાંચ પર સ્વ. એડવર્ડ પર્વતરાય ઓડેદરાની **જન્મ તારીખઃ ૨૦-૦૯-૧૯૨૮** વાંચવી

પેજ નંબર ૬૨ પરના નામ સુધારીને આ પ્રમાણે વાંચવા વિનંતી.

**જશુભાઈ, નિર્મળાબેન, ડો. જેનીફર, માલ્ટ**
**શેરલોટ, કેસ્પર, જનેશ, ગ્રેબીયેલા, એમા (જર્મની)**

**અનીલભાઈ, જ્યોતિકાબેન**
**અંજન, ચિરશ્રી (અમેરિકા)**

**અતુલભાઈ, નિશા**
**અંકુલ**

આપની અસુવિધા માટે અમે દિલગીર છીએ.


## મકાન વેચવાનું છે

પવનચક્કીરોડ, મિશન વિસ્તારમાં બે માળનું સંપૂર્ણ સગવડ સાથે સ્વતંત્ર માલિકીનું. ૬ રૂમ, ઉપર-નીચે કુલ બાંધકામ ૧૦૦૦ ચો. ફૂટ. ઉપર-નીચે. દવાખાનું તથા બજાર નજીક અને બંન્ને મેથોડિસ્ટ ચર્ચની વચ્ચે સંપૂર્ણ સગવડ સાથે વેચવાનું છે. તો રસ ધરાવનાર વ્યક્તિઓએ રૂબરૂ અથવા ફોન ઉપર સંપર્ક કરી શકો છો.

**કોન્ટેક્ટ નંબરઃ**
**૯૪૨૬૬ ૫૫૪૮૩**
**૯૨૨૮૧ ૩૨૨૭૪**

# અપરાધની તીવ્ર લાગણી

✍ **ફાધર વર્ગીસ પૉલ એસ.જે.**

પૂર્વ તંત્રી 'દૂત'

થોડા વખત પહેલાં એક બહેનનો ફોન હતો. એમણે મને પૂછ્યું, "ફાધર, હું આપની પાસે 'કન્ફેશન' કરી શકું?" એમણે 'કન્ફેશન' વિશે ક્યાંક વાંચ્યુ કે સાંભળ્યું હતું. કન્ફેશન એટલે કેથલિક ખ્રિસ્તી ધર્મનો પ્રાયશ્ચિત સંસ્કાર. પ્રાયશ્ચિત સંસ્કાર ખ્રિસ્તી ધર્મના સાત સંસ્કારોમાંનો એક છે. પ્રાયશ્ચિત સંસ્કાર સમાધાન સંસ્કાર તરીકે પણ ઓળખાય છે.

ફોન કરનાર બહેને મને કહ્યું, "ફાધર, હું આપની પાસે મારા 'કન્ફેશન' માટે આવી શકું?"

એ બહેનના પ્રશ્ન પરથી મને લાગ્યું કે, પ્રશ્ન પૂછનાર બહેન કેથલિક ખ્રિસ્તી તો નથી. કેથલિક ખ્રિસ્તી હોત તો તેઓ મને પૂછ્યા વિના મારી પાસે સમાધાન સંસ્કાર માટે આવી શકે છે. એટલે જ મેં માન્યું કે, એ બહેન કોઈ ઈતર ધર્મની વ્યક્તિ છે.

બધા માણસો નાનાંમોટાં પાપ કરે છે. પાપ એક બાબત છે તો પાપનું પરિણામ કે પાપ પ્રત્યેનો પ્રતિભાવ બીજી બાબત છે. પાપ અંગે દરેકનો પ્રતિભાવ ભિન્ન ભિન્ન હોય છે. અમુક લોકો કરેલા પાપનો દિલથી પસ્તાવો કરી જીવન આગળ ધપાવે છે; તો અમુક લોકો પોતે કરેલા પાપના અપરાધની લાગણીથી ખૂબ પીડાય છે. આમ પાપનો પશ્ચાતાપ અને પાપના અપરાધની લાગણી બે ભિન્ન બાબત છે.

મને ફોન કરનાર બહેનની વાતથી મને ખ્યાલ આવ્યો કે એ બહેન પાપના અપરાધના ભારથી ખૂબ પીડાય છે. આવી પરિસ્થિતિમાં ખ્રિસ્તી લોકો સામાન્ય રીતે પ્રાયશ્ચિત સંસ્કારનો આશ્રય લઈને પ્રાયશ્ચિત સાંભળનાર પુરોહિત પાસે જઈને પોતાનાં પાપનો એકરાર કરવા સાથે યોગ્ય સલાહ સૂચન કે કાઉન્સિલિંગ મેળવે છે. સમાધાન સંસ્કાર અંગે આવા સ્પષ્ટ ખ્યાલ વિના એ બહેને મને કન્ફેશન વિશે પૂછ્યું હશે એવું હું માનું છું.

પાપ અંગેના સ્પષ્ટ ખ્યાલ અને પશ્ચાતાપ સાથે પ્રાયશ્ચિત કરનાર વ્યક્તિ પ્રાયશ્ચિત સંસ્કાર માટે પ્રભુ ઈસુના પ્રતિનિધિ ધર્મગુરુ પાસે જાય છે અને પાપનો એકરાર કરે છે. પોતે કરેલા પાપ માટે માણસ મનમાં દુઃખ અનુભવીને પાપને ધિક્કારવા અને સુધારવાના નિર્ણય લે છે. આમ પશ્ચાતાપ કરનાર વ્યક્તિ પુરોહિત આગળ પોતાના પાપનો એકરાર કરે છે.

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં પશ્ચાતાપ, અપરાધની લાગણી અને પ્રાયશ્ચિતનો સુંદર દાખલો આપણને વાંચવા મળે છે. ગાંધીજીએ બાળપણમાં બીડી પીવા, માંસ ખાવા અને ચોરી કરવા જેવાં પાપ કર્યા હતાં અને એને કારણે કિશોર ગાંધીએ અપરાધની ઊંડી લાગણી અનુભવી હતી. અને એટલી હદ સુધી ગાંધીજી અપરાધની ઊંડી લાગણી અનુભવતા હતા કે ગાંધીજી મૌખિક રીતે પોતાનાં પાપનો એકરાર કરી શકતા નહોતા. એટલે તેમણે પાપના અપરાધના ભારથી પિડાઈને પોતાની આત્મકથામાં લખ્યું છે, "અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો!" (નવજીવન ટ્રસ્ટ ૨૦૦૬, પૃ.-૨૨).

ગાંધીજીનું સદ્‌ભાગ્ય કે એમના અંતરાત્માની પ્રેરણાથી એમણે બધાં પાપ એક કાગળ ઉપર લખીને એકરાર કર્યા અને બીમાર બાપુજીના હાથમાં લખેલી એ ચિઠ્ઠી આપીને પોતાના પાપનાં કબૂલાત કરી. અને માંદા બાપુજીના પગે પડીને ગાંધીજી રડી પડ્યા અને પાકો નિર્ણય કર્યો કે ભવિષ્યમાં આવું પાપ ન કરવું. સમાધાન સંસ્કારમાં ફરી પાપ ન કરવાનો દૃઢ નિર્ણય હોય છે.

મને ફોન કરનાર બહેનનાં પાપ કે 'કન્ફેશન'ના ખ્યાલ અંગે મને કંઈ ખબર નથી. પ્રાયશ્ચિત સંસ્કાર તો એ સંસ્કારને બરાબર સમજનાર ખ્રિસ્તી લોકો સુધી જ સીમિત છે. પણ હું માનું છું કે એ બહેન પણ પોતાનાં પાપથી કે પોતાના અપરાધથી ઊંડા લાગણીથી મુક્તિ મેળવવા અંગે યોગ્ય સલાહ સૂચન મેળવી શકે છે. જરૂર લાગે તો માર્ગદર્શન કરનાર કોઈ પુરોહિત કે સલાહ સૂચન આપનાર કોઈ કાઉન્સિલના માર્ગદર્શનથી પાપમાંથી મુક્તિ મેળવીને સુધારાના રસ્તે પોતાનું જીવન આગળ ધપાવી શકે છે.

ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર વ્યક્તિ માટે શ્રદ્ધા જ યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી શકે છે. ખ્રિસ્તી લોકો ઈશ્વરને બાપ કે પિતા કહીને સંબોધે છે અને પોતાને ઈશ્વરપિતાનાં જ સંતાનો સમજે છે. ઈશ્વરપિતા અને ખ્રિસ્તીધર્મ સાથેના સંબંધની વાત છે.

બાઈબલમાં કહ્યું છે તેમ, ખ્રિસ્તી લોકો ઈશ્વર પિતાને પ્રેમ સ્વરૂપ માને છે, પ્રેમની પ્રતિમૂર્તિ માને છે. ઈસુ ખ્રિસ્તના સમગ્ર જીવનનો સંદેશ હતો કે ઈશ્વર આપણા પિતા છે અને આપણે બધાં એનાં સંતાનો છીએ. આપણે પાપ કરીએ ત્યારે આપણને ખોટું કર્યાનું ભાન થાય છે. આપણને અંતરાત્માના અવાજથી દુઃખ થાય છે. પીડા થાય છે. એ રીતે આપણી ઉપર અઢળક પ્રેમ રાખનાર ઈશ્વર પિતાને પણ દુઃખ અને અપરાધની તીવ્ર લાગણી અનુભવનાર વ્યક્તિના દયાળુ પિતા તરીકે સમજી શકીએ.

ભારે ગુનો કે અત્યાચાર કર્યાની ઊંડી લાગણી માણસને હચમચાવી શકે છે. અપરાધ અને હતાશાની લાગણીથી પીડાતો માણસ જીવનમાં જ આશા ખોઈ શકે છે અને આત્મહત્યા જેવાં પગલાં ભરી શકે છે. આવા લોકો બધા માણસો વિશેષ તો પાપી લોકો ઈશ્વરનો અનહદ પ્રેમ પામી શકતા નથી. એટલે ઈશ્વર પર ભરોસો રાખી શકતા નથી. ભારે અપરાધની લાગણીથી નિરાશાની ગર્તામાં સપડાયેલા માણસે પોતાના માટે પ્રેમસ્વરૂપ ઈશ્વરના અચલ પ્રેમને પારખવા અને સ્વીકારવાની તાતી જરૂર છે. કોઈપણ પાપી માણસ પાપ અને હતાશાનો રસ્તો છોડીને પ્રેમસ્વરૂપ ઈશ્વરપિતા તરફ વળી શકે છે. તેઓ બાઈબલમાં આપેલા ઉડાઉ દીકરાની જેમ પોતાના ગુનાનો પશ્ચાતાપ કરીને પૂરા ભરોસાથી પોતાના ઈશ્વર પિતા તરફ

# શ્રદ્ધાંજલિ : સ્વ. ફાધર પીટર ફર્નાન્ડીઝ

✍ **રમેશ પી. મેકવાન**

*મ.શિ. સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, જિંટોડિયા-ચાવડાપુરા*

જન્મ : ૨૯ જૂન, ૧૯૪૩, સ્વર્ગવાસ : ૧૨ ડિસેમ્બર, ૨૦૧૪, પુરોહિત દીક્ષા : ૯ ડિસેમ્બર, ૨૦૧૪

સ્વ. ફાધર પીટર ફર્નાન્ડીઝ એક દીર્ઘદૃષ્ટા હતા. ધર્મજનોના સશક્તિકરણ માટે તેઓ ચીલાચાલુ પરંપરાઓથી એક અલગ અંદાજમાં જ કાર્યરત રહ્યા. જ્યાં પણ તેઓ ગયા ત્યાં ધર્મજનોના ખભે જવાબદારીઓ વહન કરવા, તેમને કાર્યક્ષમ બનાવ્યા. તેઓ પ્રાર્થનાના માણસો હતા. અદના આદમીને અંતરથી ચાહ્યા હતા.

તેઓનું માદરે વતન હોનાવર, કર્ણાટક રાજ્ય. પુરોહિતદીક્ષા બાદ ગોમતીપુર-અમદાવાદ ધર્મવિભાગમાં પ્રૈષિતિક કાર્યનો તેમણે શુભારંભ કર્યો. ત્યાંથી તેમની નિમણૂંક અવર લેડી ઓફ ફાતિમા ધર્મવિભાગ ઉમરેઠમાં થઈ જ્યાં તેઓએ ૧૮ વર્ષ સુધી સેવા કરી. અહીં તેઓએ ધર્મજનો સાથે ખભે ખભા મિલાવીને જબજસ્ત કામ કર્યું. સેંટ જોસફ ઈંટ ઉત્પાદક સહકારી મંડળી, સેંટ મેરીસ ડ્રેસ મેકિંગ કો-ઓપરેટિવ સોસાયટીનો આરંભ કર્યો. દીનદયાનંદ કુમાર છાત્રાલય-ઉમરેઠ, કૃપાદર્શન કુમાર છાત્રાલય - લીમડાપુરા અને જગપ્રકાશ કન્યા છાત્રાલય - પણસોરાનો આરંભ અને તે પણ સરકારી અનુદાન મેળવતી બક્ષિપંચ છાત્રાલયનો શ્રેય ફાધર પીટરને જાય છે, દર મહિને પ્રગટ થતું ‘ઝેવિયર પરિવાર’ ધર્મવિભાગની ગતિવિધિઓને પ્રકાશિત કરતું. કમનસીબે તેમની બદલી થતાં સહકારી મંડળીઓ તેમજ સામયિક બંધ પડી ગયાં!

સરકારની વિવિધ યોજના-સહાયનો લાભ સમાજના છેવાડાના આદમી સુધી પહોંચે તે માટે તેમણે કાર્યકર્તાઓની નિમણૂંક કરી હતી અને વખતો વખત લૉનમેળાઓ યોજી લોકોને રાહત પહોંચાડી હતી. ઉમરેઠમાં નાતાલ-નૂતનવર્ષ જાગરણ તેમની પહેલ છે. બાઈબલનાં દૃશ્યનો અભિનય, ગરબા કે ભજન મંડળી સ્પર્ધાનું આયોજન કરી વખતોવખત ધર્મજનોમાં ઉત્સાહ જાગૃત કરતા.



ઉમરેઠથી તેમની બદલી નિર્મળ મિરિયમ દેવાલય-નડિયાદ થઈ. પાંચ વર્ષ બાદ જીસસનગર-જિંટોડિયા, લીમડાપુરા અને અમદાવાદ ધર્મપ્રાંતમાંથી ગાંધીનગર મહાધર્મપ્રાંતની રચના થતાં તેઓ ગાંધીનગર ગયાં અને વર્ષો સુધી પાલનપુરમાં સેવા આપી, કેટલોક સમય પરદેશગમન કર્યા પછી માદરે વતનમાં બેલગામ ધર્મપ્રાંતની માંગણી કરતાં, ગ્રાહ રાખી હતી. છેલ્લે તેઓ સેંટ માયકલ સેમિનરી મારચે બેલગાંવમાં કાર્યરત છે.

સ્વ. ધર્માધ્યક્ષ ચાર્લ્સ ગોમ્સના કાળમાં તેમણે ધર્મપ્રાંતીય પુરોહિતના ઉમેદવાર માટે તનતોડ કરી હતી. અસંખ્ય પુરોહિત આજે કહી શકે કે તેઓના હૃદયરોગના હુમલામાં તેમનું અવસાન થયું. પુરોહિત બનવા પાછળનું પ્રેરકબળ સ્વ. ફાધર પીટર ફર્નાન્ડીઝ છે. પરમાત્મા ફાધરના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. ●


---

વળી શકે છે. ઈશ્વર પિતા તો ઉડાઉ દીકરાના પિતાની જેમ પહોળા હાથે પાપી માણસને આવકારવા હમેશાં તત્પર રહે છે.

સમાધાન સંસ્કાર દ્વારા ખ્રિસ્તી ધર્મગુરુ પાપી માણસ માટેની ઈશ્વરની દયા અને બિનશરતી પ્રેમનો અને માફીનો સંદેશ આપે છે. ઈશ્વરનાં પ્રેમ, દયા અને માફીમાં અટલ શ્રદ્ધા રાખીને પાપી માણસ પશ્ચાતાપી દિલે પોતાના પાપમાંથી મુક્તિનો અનુભવ કરે છે. સમાધાન સંસ્કારનું એ હાર્દ છે.

પાપી માણસ ઈશ્વર પરની પોતાની શ્રદ્ધાથી જાણે છે કે એના પરનો ઈશ્વરનો પ્રેમ એનાં પાપ કે પુણ્ય પર આધારિત નથી. ઈશ્વરનો માણસ પરના પ્રેમનો આધાર ખુદ ઈશ્વર પોતે છે. કારણ, ઈશ્વરે બિનશરતી પ્રેમથી એને સર્જ્યો છે. તે સ્વીકારે કે ના સ્વીકારે પણ ઈશ્વરનો એના માટેનો પ્રેમ હરહમેશાં એની સાથે છે જ. એક માનવપિતા ખૂબ પ્રેમ અને સમજૂતીથી પોતાના બાળકની સંભાળ રાખે છે. એથીય વિશેષ પ્રેમ અને દયાથી ઈશ્વર પિતા પાપી માણસની સારસંભાળ રાખે છે, એને માફી આપે છે.

આ શ્રદ્ધાને પોષવા માટે અને ગમે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે બાઈબલની કેટલીક ઉક્તિઓ કોઈપણ માણસ માટે મદદરૂપ થઈ શકે છે. “બીશો નહિ”, “ડરીશ નહિ”, “ગભરાશો નહિ” બાઈબલની એવી ઘણી ઉક્તિઓમાંથી માણસ પ્રેરણા અને હિંમત મેળવી શકે છે. અહીં મારે માટે પ્રેરણારૂપ ચારેક ઉક્તિઓ ઉતારું છું. “જો, મેં તારા નામનું છૂંદણું મારી હથેળી ઉપર છૂંદાવ્યું છે. તારા કોટકાંગરાને હું સતત સંભાર્યા કરું છું” (યશાયા ૪૯, ૧૬). “ખાતરી રાખજો કે યુગના અંત સુધી સદા તમારી સાથે છું” (માથ્થી ૨૮, ૨૦). “તમે મારા મિત્ર જ છો” (યોહાન ૧૫, ૧૪). “હિંમત રાખો, એ તો હું છું, બીશો નહિ” (માથ્થી ૧૪, ૨૭). ●



# સ્કાઉટિંગ અને વિશ્વબંધુત્વ

✍ પ્રકાશ પી. પરમાર

સ્કાઉટ એન્ડ ગાઇડ, સેન્ટ મેરીસ હાઇસ્કૂલ - નડિયાદ

સ્કાઉટિંગની પ્રવૃત્તિ વિશ્વના ૨૧૬ દેશમાં ચાલતી આંતર રાષ્ટ્રીય પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિની શરૂઆત આદ્યસ્થાપક લોર્ડ રોબર્ટ સ્ટીવન્સન સ્મિથ બેડન પોવેલે ઇંગ્લેન્ડમાં કરી હતી. સ્કાઉટિંગમાં તેઓ બી.પી.ના હુલામણા નામથી પ્રખ્યાત છે. સ્કાઉટિંગ એ માત્ર સામાન્ય પ્રવૃત્તિ નથી પણ વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને સાચે માર્ગે વાળી સર્વાંગી વિકાસ કરનાર અભિયાન છે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીનું ચારિત્ર્ય ઘડતર, શિસ્ત, સાહસ, નડીરતા, પ્રામાણિકતા અને વિશ્વબંધુત્વની ભાવના જેવા ગુણોનો વિકાસ થાય છે. ચારિત્ર્ય, આરોગ્ય, કળા કૌશલ્યો અને સેવા આ પ્રવૃત્તિના આધાર સ્તંભ છે. 'સેવા સબસે મહાન' આ પ્રવૃત્તિનો મંત્ર છે. આ ઉપરાંત સ્કાઉટિંગ માત્ર વર્ગખંડનું શિક્ષણ નથી પણ જીવન જીવવાનું શિક્ષણ છે. ખુલ્લી હવામાં પ્રકૃતિની ગોદમાં વિહરવાની, પ્રકૃતિના વિવિધ સૌંદર્યનો અનુભવ કરવાની, પર્વતારોહણ કેમ્પ, હાઇકિંગ, પોલીસના સહકાર દ્વારા ટ્રાફિક જાગૃતિ અભિયાન, ફાયરિંગ, સાયકલ પ્રવાસ, હાઇકિંગ, લાકડીઓ દ્વારા ઉપયોગી ગેજેટસ્ બનાવવા, ઐતિહાસિક સ્થળની મુલાકાત, ઔદ્યોગિક સંસ્થાની મુલાકાત, સામાજિક સમસ્યાઓ અંગે જાગૃતિના કાર્યક્રમ, વિશ્વ પર્યાવરણ દિન, વિશ્વ વન દિવસ, વિશ્વ શાંતિ દિન, વિશ્વ આરોગ્ય દિન, ભારત સ્કાઉટ ગાઇડ સ્થાપના દિન અને ફ્લેગ ડે, સ્કાઉટ ગાઇડ સપ્તાહ, તરવાનું શીખવાની, કુદરતના સાનિધ્યમાં ભ્રમણ કરવાની શિબિર જીવન દ્વારા અણમોલ તકો વગેરે ઘણી બધી પ્રવૃત્તિઓનું આયોજન સ્કાઉટ ગાઇડ દ્વારા કરવામાં આવે છે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થી રાજયપાલ એવોર્ડ તેમજ રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરી શકે છે અને આ પ્રમાણપત્ર તેમને જીવનમાં ખૂબ જ ઉપયોગી થાય છે તે આ પ્રવૃત્તિનું શ્રેષ્ઠ જમા પાસુ છે. વિદ્યાર્થીઓને રાજય બહાર સ્કાઉટ ગાઇડના કેમ્પમાં ભાગ લેવાની તેમજ વિદેશમાં સ્કાઉટ ગાઇડના કેમ્પમાં જવાની તક આ પ્રવૃત્તિ દ્વારા મળી શકે છે.

સ્કાઉટ ગાઇડ પ્રવૃત્તિના આદ્યસ્થાપક લોર્ડ રોબર્ટ સ્ટીવન્સન સ્મિથ બેડન પોવેલ હતા. તેઓ અંગ્રેજ સૈન્યના એક અધિકારી હતા. તેમનો જન્મ ૨૨મી ફેબ્રુઆરી ૧૮૫૭ ના રોજ સ્ટેન હોપ સ્ટ્રીટ - લંડન (ઇંગ્લેન્ડ)માં થયો હતો. બચપણથી જ બેડન પોવેલને ખુલ્લામાં રહેવું, ભ્રમણ, નૌકા વિહાર, સાહસિક પ્રવાસો તેમજ શિકાર જેવી સાહસિક પ્રવૃત્તિમાં રસ હતો. તેઓ સૈનિકની તાલીમ લઇને ઇ.સ. ૧૮૭૬માં ઉત્તીર્ણ થઇ સૈન્યમાં અધિકારી બન્યા. ભારતમાં મેરઠમાં ઘોડે સવારી પલટનમાં તેમને મૂકવામાં આવ્યા બાદ તેમને જુદા જુદા દેશમાં કામગીરી માટે મોકલવામાં આવ્યા.

ઇ.સ. ૧૮૯૫ માં 'અસાન્તિ' જાતિનો સામનો કરવા પશ્ચિમ આફ્રિકામાં ગયા. ત્યાંના રાજા પ્રેમફ્રોહને હરાવ્યો અને નરબલિદાનની પ્રથા બંધ કરાવી. ત્યાં ૨૫૦ કિ.મી. લાંબી સડકો બંધાવી અને આ રાજા પાસેથી ડાબો હાથ મેળવવાનું (લેફ્ટ હેન્ડ શેક) શીખ્યા.

ઇ.સ. ૧૮૯૭માં તેમને ભારત મોકલવામાં આવ્યા. ભારતમાં શાંતિના સમયગાળા દરમિયાન સૈન્યને નાની ટુકડીઓમાં વહેંચી તેમને તાલીમ, રમત ગમત, સ્પર્ધાઓ વગેરે શીખવ્યા અને સૈન્યમાં તે અતિ લોકપ્રિય બની ગયા. રજાઓ ગાળવા તેઓ કાશ્મિર પણ ગયા અને ત્યાંજ 'એઇડ્ઝ ટુ સ્કાઉટિંગ' પુસ્તક લખ્યું. આ પુસ્તક સૈનિકોને તાલીમ આપવાની વિશિષ્ટ પદ્ધતિ માહિતીથી સભર હતું.

ઇ.સ. ૧૮૯૯ માં બોઅર લોકો મેફકિંગ નામના નગર પર આક્રમણ કરવાના હતા. બેડન પોવેલ સૈન્યના એક હજાર સૈનિકો સાથે મેફકિંગ પહોંચી ગયા. ત્યાં નવ હજાર લોકોએ મેફકિંગને ઘેરી લીધું. યુદ્ધ શરૂ થઇ ગયું. બહારથી મદદ મેળવવી અને અંગ્રેજ સૈન્ય તથા નગરનું રક્ષણ કરવું એમ બેવડી જવાબદારી તેમને શિરે આવી હતી. બેડન પોવેલે યુદ્ધ નિપૂણતાનો પરિચય આપ્યો. નકલી સર્ચલાઇટ, નકલી દારૂગોળો, જાસૂસી વિદ્યા વગેરે દ્વારા તેમણે નગરનું રક્ષણ કરાવ્યું. નગરના છોકરાઓને ચોકી, સંદેશવાહક, પ્રાથમિક સારવાર જેવા વિષયોની ટૂંકા ગાળાની તાલીમ આપી. પરિણામે બહારની મદદ સમયસર મળી શકી. મેફકિંગનો ઘેરો હઠાવવામાં બેડન પોવેલને સફળતા મળી. ૨૧૭ દિવસના આ યુદ્ધ અને ઘેરાનો અંત ૧૬ મી મે ૧૯૦૦ ના દિવસે આવ્યો. ઇંગ્લેન્ડ પાછા ફર્યા ત્યારે લોકોએ આ સૈન્યના હીરોનું ભવ્ય સ્વાગત કર્યું. આ દરમિયાન તેમનું 'એઇડ્ઝ ટુ સ્કાઉટિંગ' ઘણાં બાળકોએ પણ વાચ્યું હતું. સર વિલિયમ દ્વારા ચાલતી 'બોયઝ બ્રિગેડ'માં બાળકોની રેલી પણ તેમણે નિહાળી. સર વિલિયમે બેડન પોવેલને બાળકો માટે એક પુસ્તક લખવા સૂચન કર્યું.

બેડન પોવેલે ભારતની આશ્રમપ્રથા, આધ્યાત્મિક વિચારસરણી, બોરનો અનુભવ, પ્રકૃતિનું અવલોકન, વિશ્વમાં અનેક પ્રકારના આદિવાસી અને સંસ્કૃત લોકોના રીતરીવાજો વગેરેનો અભ્યાસ કર્યો હતો. તેમણે ઘણા શિક્ષણશાસ્ત્રીઓની સાથે ચર્ચા વિચારણા પણ કરી અને પરિણામસ્વરૂપ તેમણે ઇ.સ. ૧૯૦૭માં ૨૯ જુલાઇથી ૯ ઓગષ્ટ સુધી જુદા જુદા વર્ગોના અમીર-ગરીબ વીસ છોકરાઓને પસંદ કરી તેમને માટે ૧૨ દિવસના સ્કાઉટ કેમ્પનું આયોજન બ્રાઉન-સી ટાપુએ કર્યું. છોકરાઓને આ કેમ્પમાં અવલોકન, જીવન રક્ષણ, રસોઇ બનાવવી, શિબિર જીવન, હાઇકિંગ, નૌકા ચલાવવી વગેરે

વિષયોની તાલીમનો અનુભવ આપવામાં આવ્યો. આ ઘટનાને સ્કાઉટ પ્રવૃત્તિની શરૂઆત ગણવામાં આવે છે. બેડન પોવેલે પોતાના અનુભવો 'સ્કાઉટિંગ ફોર બોયઝ' નામની લેખમાળા દ્વારા એક પખવાડિકમાં પ્રસિદ્ધ કર્યા. તે વાંચીને બાળકોએ પણ તે પ્રકારની પ્રવૃત્તિ શરૂ કરી. અંગ્રેજો જે જે બીજા દેશમાં રહેતા હતા તેમણે પણ આવી તાલીમ બાળકો માટે શરૂ કરી. જોતજોતામાં આ પ્રવૃત્તિ વિશ્વમાં ફેલાવા લાગી. ઈ.સ. ૧૯૧૦માં બેડન પોવેલે લશ્કરમાંથી નિવૃત્તિ લઈને સંપૂર્ણ સમય આ પ્રવૃત્તિના સર્વાંગી વિકાસમાં તથા સ્કાઉટની તાલીમમાં ધ્યાન આપવા માંડયું.

કુ. ઓલેવ સેન્ટ કલેચર સોમ્સ સાથે ઈ.સ. ૧૯૧૨માં સાથે બેડેન પોવેલ લગ્નગ્રંથી જોડાયાં. આ આદર્શ દંપતીએ સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિના વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આ માટે તેમણે સમગ્ર વિશ્વમાં પ્રવાસ ખેડયો. ઈ.સ.૧૯૪૧ની ૮ મી જાન્યુઆરીના દિવસે વિશ્વ વ્યાપી પ્રવૃત્તિનો આ દેદીપ્યમાન સૂર્ય અસ્ત થયો. ૮૪ વર્ષની જૈફ ઉંમરે આફ્રિકામાં નૈરોબી પાસે ન્યારી ગામમાં તેઓના દેહવિલય થયો.

ગાઈડિંગ : ઇંગ્લેન્ડમાં સ્કાઉટ પ્રવૃત્તિ છોકરાઓએ શરૂ કરી ત્યારે કેટલીક છોકરીઓને પણ તેમાં રસ પડયો. પોતાની જાતે તેઓ પણ આ પ્રવૃત્તિ શીખવા લાગી. ઈસ ૧૯૦૯માં ક્રિસ્ટલ પેલેસ નામના સ્થળે ઈંગ્લેન્ડના સ્કાઉટની પ્રથમ રેલી ભરાઈ. આ પ્રસંગે કેટલીક છોકરીઓએ પણ સ્કાઉટ જેવો ગણવેશ પહેરી રેલીમાં હાજરી આપી. તેમણે બી.પી.ને છોકરીઓને પણ આ પ્રવૃત્તિમાં દાખલ કરવા વિનંતી કરી. બી.પી.એ પોતાની બહેન કુ. એગ્નેસને ગાઈડિંગ પ્રવૃત્તિ શરૂ કરવાની કામગીરી સોંપી. આ રીતે ગાઈડિંગ પ્રવૃત્તિ શરૂ થઈ. બી. પી.એ લગ્ન પછી ગાઈડિંગનું સંચાલન પોતાની પત્નીને સોંપ્યું. આ કામગીરી તેમણે આજીવન ઉત્તમ રીતે અદા કરી.

ભારતમાં સ્કાઉટિંગ : ઈ.સ. ૧૯૦૯ થી ભારતમાં આ પ્રવૃત્તિની શરૂઆત થઈ. ઇન્ડિયન નેવીના રિટાયર ઓફિસર ટી. એચ. બાકરે પહેલી સ્કાઉટ ટ્રુપ બેંગ્લોર પાસે શરૂ કરી અને તે સ્કાઉટ ટ્રુપ લંડન ખાતેની ઈમ્પીરીયલ હેડક્વાટર્સ સાથે ૧૯૦૯ માં રજીસ્ટર થઈ હતી. તેમણે જુદી જુદી સંસ્થાઓના વડાઓની મુલાકાત લઈ સ્કાઉટ એસોસિએશનની સ્થાપના કરી. તે લોકલ ઓર્ગેનાઈઝેશનને ઈમ્પીરીયલ હેડકવાર્ટસ સાથે નવેમ્બર ૧૯૦૯માં રજીસ્ટર કરાવ્યું.

ઓકટોબર ૧૯૧૦માં લોકલ એસોસિએશન શરૂ થયું. પુના પાસે ખીડકી ખાતે બીજી સ્કાઉટ ટ્રુપ કેપ્ટન ટી. ટોડ્ડે શરૂ કરી. ત્રીજી ટ્રુપ જબલપુર ખાતે ક્રાઈસ્ટ ચર્ચ બોયઝ હાઈસ્કૂલમાં શરૂ થઈ. ૯મી નવેમ્બર ૧૯૧૦ માં મેજબ ડબલ્યુ પી. પાકેન્હમ વોલ્સ, જે. એસ. વિલ્સન અને સર આલ્ફ્રેડ પીકે કલકત્તા (કોલકાત્તા)માં સ્કાઉટિંગ ખાતુ સુંદર કામ કર્યું હતું. બેંગ્લોર, જબલપુર, કલકત્તા (કોલકાત્તા), ખીડકી વગેરે ટ્રુપો શરૂ થતાં ઈમ્પીરીયલ હેડકવાર્ટર્સે ભારતમાં ચીફ કમિશ્નરની નિમણૂંક કરી. ડિસેમ્બર ૧૯૧૧માં કિંગ માર્ગે વી. ની મદદથી કલકત્તા (કોલકાત્તા)માં મોટી રેલી અને કોન્ફરન્સ ભરાઈ. ૧૯૧૨માં ઈન્ડિયન હેડકવાટર્સ શરૂ થયું. તેના સ્કાઉટ કમિશ્નર જનરલ એફ - જી - બોન્ડ મદ્રાઈ (ચેન્નઈ) ખાતે થયા. જનરલ સેક્રેટરી કેપ્ટન બાકર બન્યા. આ સમયે ભારતમાં એંગ્લો ઈન્ડીયન અને યુરોપિયન બાળકો માટે પ્રવૃત્તિ ચાલતી હતી. ભારતના બાળકોને તેનો લાભ મળતો ન હતો અને ઈંગ્લેન્ડ ખાતેની ઈમ્પીરિયલ હેડકવાર્ટર્સ આ બાળકો માટે કંઈ કરતું નહીં. ભારતના કેટલાક સેવાભાવી વ્યક્તિઓએ પોતાની સ્વતંત્ર સ્કાઉટ ટ્રુપો શરૂ કરી ભારતના બાળકોને પ્રવૃત્તિમાં સામેલ કરવાનું શરૂ કર્યું. ૧૯૧૩માં મિસ્ટર વિવિયન બોઝે (જસ્ટીસ) પોતાની સ્કાઉટ ટ્રુપ શરૂ કરી, ૧૯૧૫માં એની બિસન્ટ અને જી.એસ. એરૂન્ડેલે મદ્રાસમાં ઈન્ડિયન બોય સ્કાઉટ એસોસિએશન શરૂ કર્યું અને પ્રથમ સ્કાઉટ માસ્ટર તાલીમ કોર્સ મે - ૧૯૧૮માં મી. પીયર્સે કર્યો હતો. ૧૯૧૫માં બેંગ્લોરમાં સ્કાઉટિંગ શરૂ થયું.

ભારતની મુખ્ય સંસ્થા ઈન્ટરનેશનલ બ્યુરો સાથે જોડાઈ ગઈ. ભારતના વાઈસરોય લોર્ડ કલેમ્સ ફોર્ડે બેડેન પોવેલને ભારત આવવા આમંત્રણ આપ્યું. ૧૯૨૧માં મુંબઈ સ્કાઉટ રેલીમાં તે આવ્યા અને ભારતના બાળકોનું કામ જોઈને તેઓ ખૂબ પ્રભાવિત થયા. તેમણે અલ્હાબાદ, જબલપુર, લખનૌ, રાંચી, મદ્રાસ વગેરેની રેલીમાં ભાગ લીધો. તે સમયે ડો. એની બેસન્ટે બધી સંસ્થાઓને એક બનીને કામ કરવાનું સૂચવ્યું અને મદ્રાસમાં કોન્ફરન્સ બોલાવી. ૧૯૨૧માં ૯ ફેબ્રુઆરીએ આ કોન્ફરનસમાં બધાએ ભેગા થઈ કામ કરવાનું નક્કી કર્યું. આ સમયે કેટલીક સંસ્થાઓ મળીને એક સંસ્થા બની. પરંતુ સેવા સમિતિ સ્કાઉટ એસોસિએશન જુદું રહ્યું. બ્રિટિશ શાસનમાં સ્કાઉટિંગ પ્રવૃત્તિમાં હું મારા રાજાને વફાદાર રહીશ તેવી પ્રતિજ્ઞા લેવાની હતી તે બાબતે પ્રજાનો વિરોધ હતો. ૧૯૩૭માં ઓલ ઈન્ડિયા સ્કાઉટ એસોસિએશને દિલ્હી ખાતે પ્રથમ જામ્બોરી બોલાવી. તેમાં બેડન પોવેલ અને લેડી બેડન પોવેલ પધાર્યા હતાં. તેમણે એવી ટીકા કરી કે, ભારતમાં સંપ નથી અને ભારતના બાળકો તંદુરસ્ત નથી અને પ્રતિજ્ઞામાં ફેરફાર કરવા માટે તેમણે સંમતિ ના આપી. એટલે કેટલીક વ્યક્તિઓ આ પ્રવૃત્તિમાંથી નીકળી ગઈ.

૧૯૪૭માં ભારત આઝાદ થયો. તે વખેત લેડી માઉન્ટ બેટલે ત્રણે એસોસિએશનની જોઈન્ટ મીટિંગ બોલાવી અને તે વખતે ભારતના એજયુકેશન મિનિસ્ટર શ્રી બુલકલામ આઝાદને હાજર રાખ્યા. તે સમયે કેટલાક મતભેદો ભૂલીને બધા એસોસિએશનો ભેગા થયા અને ૭ મી નવેમ્બર ૧૯૫૦ના દિવસે ભારત સ્કાઉટ ગાડઈની સ્થાપના થઈ. તે પછી ઓલ ઈન્ડિયન ગર્લ્સ એસોસિએસન પણ ૧૫ મી ઓગષ્ટ ૧૯૫૧માં આ સંસ્થા સાથે મળી ગયું.

સ્કાઉટ વિભાગ વર્લ્ડ એસોસિએશન સાથે (જીનીવા) અને ગાઈડ વિભાગ ગર્લ ગાઈડ એસોસિએશન (લંડન) સાથે રજીસ્ટર થયેલ છે. ભારત સકાઉટ્સટિ-ગાઈડ્સના નેજા હેઠળ આ સુંદર પ્રવૃત્તિ ચાલે છે, તેનું મુખ્ય મથક દિલ્હી થાતે છે અને તેનું ટ્રેનિંગ સેન્ટર પંચમઢી ખાતે છે. આ સંસ્થા રજીસ્ટર્ડ થયેલી સ્વૈચ્છિક સંસ્થા છે. જે સમગ્ર રાષ્ટ્રમાં સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિનું સંચાલન કરે છે. તેનો સ્કાઉટ વિભાગ વિશ્વની સ્કાઉટ સંસ્થા 'વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ ધી સ્કાઉટ મુવમેન્ટ' (WOSM) સાથે સંલગ્ન છે અને ગાઈડ વિભાગ

વિશ્વની ગાઈડ સંસ્થાઓ 'વર્લ્ડ એસોસિએશન ઓફ ગર્લ ગાઈડ્ઝ અને ગર્લ સ્કાઉટ્સ' (WAGGGS) સાથે સંલગ્ન છે. આપણા સ્કાઉટ ગાઈડ માત્ર રાષ્ટ્રીય જ નહીં પણ આંતરરાષ્ટ્રીય ભાઈચારાની પ્રવૃત્તિમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ હવે ભાગ લે છે અને ગૌરવ મેળવે છે.

ગુજરાતમાં સ્કાઉટીંગનો આરંભ ભારત દેશ સ્વતંત્ર થયો તે વખતે ગુજરાતનો પ્રદેશ મુંબઈ ઈલાકાનો એક ભાગ હતો. ભારતમાં સ્કાઉટિંગ પ્રવૃત્તિ ઈ.સ. ૧૯૦૯માં શરૂ થઈ. શરૂઆતમાં અંગ્રેજો અને એંગ્લો ઈન્ડિયન બાળકો માટે આ પ્રવૃત્તિ સિમિત હતી. સમય જતાં અન્ય ભારતીય અને દેશી રજવાડાંઓએ પણ આ પ્રવૃત્તિ અપનાવી. દક્ષિણ ગુજરાતમાં પારસીઓ પણ આ પ્રવૃત્તિમાં જોડાયા હતા. વડોદરા, ભાવનગર વગેરેમાં રાજા-મહારાજાઓ નવાબો વગેરે આ પ્રવૃત્તિમાં રસ લેતા હતા અને તેમણે સ્કાઉટ માટે કેન્દ્રો, મથકો તૈયાર કરાવ્યા હતાં જે આજે પણ હયાત છે.

ગુજરાતમાં ભરૂચ જિલ્લાના અવિધા ગામના વતની શ્રી ગુણવંતરાય મંગળાદાસ ભટ્ટ (દાદા) (૧૮૯૩-૧૯૯૧) જેઓ થિયોસોફિસ્ટ હોવાને નાતે ઈ.સ. ૧૯૨૦માં અડયાર (મદ્રાસ) ડો. એની બેસન્ટ પાસે ગયા હતા. ત્યાં તેમણે સ્કાઉટ માસ્ટરની તાલીમ અને પ્રેરણા મેળવી. તેઓ ત્યાર પછી મુંબઈમાં ઈન્ડિયન બોય સ્કાઉટ એસોસિએશન (IBSA) માં જોડાઈ મદદનીશ આયોજક તરીકે મુંબઈ ઈલાકાના ગુજરાત વિભાગમાં સ્કાઉટ માસ્ટરની તાલીમ શિબિરો યોજવા લાગ્યા. તેઓ જુદી જુદી શાળાઓમાં જતા અને ત્યાં છોકરા - છોકરીઓને એકત્ર કરી સ્કાઉટ - ગાઈડ પ્રવૃત્તિની મહિતી આપતા અને શિક્ષક ભાઈ બહેનોને તાલીમ શિબિરોમાં બોલાવી તૈયાર કરતા. તેઓ અને તેમનાં પત્ની લત્તાબેન તથા પાછળથી તેમના પુત્ર સનતકુમાર અને પુત્રવધૂ લક્ષ્મીબેન પણ આ પ્રવૃત્તિમાં સક્રિય રસ લેતાં અને તેમને સહાય કરતાં.

શ્રી ભટ્ટ સાહેબે ગુજરાતીમાં સિગ્નલિંગની, કરપલ્લવી તથા ધ્વજસંજ્ઞાઓ શોધી અને તેનો ખૂબ પ્રચાર કર્યો. તેઓ સ્કાઉટ ગાઈડ, (કબ) બટુક-બુલબુલ માટેના અનેક ગીતો, અભિનય ગીતો, હર્ષનાદો, કૂચ ગીતો, સ્કાઉટીંગના વિષયોને લગતાં ગીતો લખ્યાં-ગાયાં-ગવડાવ્યાં. સ્કાઉટની તાલીમમાં ભારતીય પ્રણાલિ પ્રમાણે શબ્દ રચના કરી તે માટે ગુજરાતીમાં સ્કાઉટિંગનાં પાઠય પુસ્તકો પણ લખ્યાં - છપાવ્યાં અને પ્રચલિત કર્યા.

તે જમાનામાં જયારે સ્કાઉટીંગ માટે કોઈ વિશેષ તાલીમ કેન્દ્રો ન હતાં ત્યારે પણ તેમણે જયાં માત્ર સ્વચ્છ પાણીની સગવડ હોય ત્યાં તાલીમ કેમ્પોનું આયોજન કરતા. તેવા સ્થળોમાં વાસદ પાસે મહી નદીનાં કોતરો, પાવાગઢ-માંચી, મહમેદાવાદ વાત્રક નદીના કિનારે, આણંદ નજીક ખેતીવાડી, જૂનાગઢ તળેટી વગેરે સ્થળઓએ જંગલો, કોતરો, પર્વતીય સ્થળે વગેરે કુદરતી વાતાવરણમાં ઝૂંપડીઓ, તંબૂ વગેરે તાલીમાર્થી, શિક્ષકો પાસે જ બનાવડાવી, રસોઈ વગેરેની વ્યવસ્થા પણ પેટ્રોલ પદ્ધતિથી કરાવતા, પ્રકૃતિની ગોદમાં સર્વધર્મ સમભાવ, આધ્યાત્મિક અને સેવા ભાવનાના પાઠ શીખવતા. સ્કાઉટિંગના ચારેય આધાર સ્તંભો - ચારિત્ર્ય, આરોગ્ય, કૌશલ્યો અને સેવાને પોતાના જીવનમાં પણ વિકસાવ્યાં હતાં. તેમનું જીવન જ તેમનો સંદેશ હતો. તેમની પાસેથી તાલીમ મેળવવી એ જીવનો અદ્‌ભુત લ્હાવો હતો. તેમણે રચેલાં પુસ્તકો સ્કાઉટનો સાથી ભાગ - ૧,૨, સ્કાઉટ માસ્ટરની માર્ગદર્શિકા, બાલવીર-બાળાનાં ગીતો, બટુકનો બંધુ ઉપરાંત રાજયસંઘના મુખપત્ર 'બાલવીર'માં લેખો, કવિતાઓ વગેરે અવારનવાર પીરસતાં

ગુજરાત રાજયની રચના થયા પછી ઈ.સ. ૧૯૬૦માં ગુજરાત રાજય ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સ્થાપના થઈ. શ્રી ગુણવંતરાય ભટ્ટ રાજયમાં રાજય આયોજન કમિશ્નર (સ્કાઉટ) તથા રાજય તાલીમ કમિશ્નર (સ્કાઉટ) તરીકે જોડાયા અને તેમનાં પત્ની શ્રીમતી લત્તાબેન પણ ગાઈડ વિભાગમાં નિમાયાં, નિવૃત્તિ પછી પણ દંપત્તીએ લાંબો સમય શિક્ષકોના પ્રશિક્ષક તરીકે સુંદર કામગીરી કરી.

ગુજરાતમાં સરકારશ્રી તરફથી શાળાઓને સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ માટે સીધી કોઈ ગ્રાન્ટ મળતી ન હોવાને કારણે અન્ય રાજ્યોની સરખામણીમાં આપણા રાજયમાં આ પ્રવૃત્તિનો વિકાસ ધીમો રહયો છે. પરંતુ સેવાની પ્રવૃત્તિના હિતેચ્છુઓ તેમજ સેવાભાવી સ્કાઉટ માસ્ટર અને ગાઈડ કેપ્ટન દ્વારા આ પ્રવૃત્તિ મક્કમ ગતિએ આગળ ધપી રહી છે. જો સરકાર તરફથી આ પ્રવૃત્તિ માટે સહાય કરવામાં આવે તો સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ ગુજરાતમાં પણ હરણફાળ ભરીને સમગ્ર દેશમાં અગ્રેસર બની રહે તેવી આશા છે. ●

Email: prakash.scout@yahoo.com (M. 94281 14069)


## લગ્ન વિષયક

*મૂળ દક્ષિણ ગુજરાતના, ગામ ધનોલી (ભીલાડ) હાલ આણંદમાં સ્થાયી થએલ ગુજરાતી કેથલિક (એસ.ટી.) યુવક, જન્મ ૧૬-૧૦-૧૯૭૮, અભ્યાસ બી.ઈ. કેમીકલ ડિગ્રી એન્જિનીયર. હાલમાં યુ.એસ.એ. (અમેરીકા)ના H1વીઝા ધરાવતા અને સારી કંપનીમાં નોકરી કરતા સ્માર્ટ યુવક માટે સુંદર, સંસ્કારી અને કૌટુંબિક ભાવના ધરાવતી અને ઉચ્ચ ડિગ્રી અભ્યાસ ધરાવતી યુવતીઓના વાલીઓએ નીચે આપેલ સરનામે સંપર્ક કરવો. એસ.ટી.ને પ્રથમ પસંદગી.

**મોહનભાઈ ડી. - ૨૭, ઝેવિયરનગર, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ-૩૮૮૦૦૧**

* * *

*Gujarati RC parents invite proposals for their daughter 1988, Height 5'3", MCA, working with well reputed IT company in Mumbai. The interested parents of well qualified/settled boy in Mumbai or abroad may please contact.

Mobile: **+91 98695 48881** / Res.: **+ 91 22 28908412**

**Email: parmars.edu@gmail.com**

* * *

*We are looking for a good & suitable match from Gujarati Catholic family for our MSW (Mumbai University) qualified, working daughter, age 28 years, height 5'1", fair skin. Interested parents of well-qualified boy may please contact:

**M. 74053 25324**

# વિશેષ અહેવાલ

## સેંટ મેરીસના રજત જયંતી મહોત્સવે

સેંટ મેરીસ! મારી કર્મભૂમિ તેના આયખાની રજતજયંતી ઉજવી રહી છે. ઈતિહાસ કર્મોનો ન્યાય કરતો હોય છે અને ઈતિહાસને ઠુકરાવી શકાતો નથી. આ શાળા અને તેના પચ્ચીસ વર્ષોની એની ઉપલબ્ધિએ તેને ઘડી છે. એનું સંવર્ધન કર્યું છે. શિક્ષણ અને કેળવણીના ક્ષેત્રે પછાત એવા વિજયનગર તાલુકાના સરસવ ગામમાં પૂજ્ય ફાધર દીનયાલ એસ્પાસાએ એક છાત્રાલયની સ્થાપના કરી. જ્યાં રહી વિદ્યાર્થીઓ આજુબાજુની શાળામાં જઈ અભ્યાસ કરતા. ત્યાંથી વિજયનગરના ઊપલી ઘોડિયા વિસ્તારમાં થોડી જમીન ખરીદી ફાધરે ત્યાં છાત્રાલય, દવાખાનું ખોલી સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરી.

ઈ.સ. ૧૯૮૦માં ફાધર એસ્પાસાના અનુગામી ફાધર લારૂમ્બેનું વિજયનગર પેરિશમાં આગમન થયું. ફાધર લારૂમ્બે સ્વભાવે ખૂબજ ખૂબ જ ઉત્સાહી, સાહસી હોઈ તેમનું સ્વપ્ન પણ વિશાળ હતું. ઉપલી ઘોડિયામાં જગ્યા મર્યાદિત હતી. પોતાના સ્વપ્નને સાકાર કરવા વિશાળ જગ્યાની જરૂર હતી. તેમણે વિજયનગરથી ઈડર જવાના રસ્તે વિજયનગરથી બે કિ.મી. દૂર સારોલી ગામે પંદર એકર જમીન ખરીદી લીધી. જમીન અસમતલ અને ડુંગરાળ હતી જેને સમતલ કરવા ઘણી મહેનતની જરૂર હતી અને એ જ સમયે નવદિક્ષિત યુવા ફાધર પીટર ડિસોઝાની તેમની સાથે નિમણૂંક થતાં, બંનેના સખત પુરુષાર્થથી અહીંની આ ધરતી નંદનવન બની ગઈ. ફાધરાનું ઘર, કુમાર છાત્રાલય, પ્રભુમંદિર, સેંટ મેરીસ સ્કૂલ, રમતનું વિશાળ મેદાન, આશ્રમશાળા, સિસ્ટરોનું ઘર, કન્યા છાત્રાલય, દવાખાનાનું મકાન, શિક્ષકોના નિવાસસ્થાન તેમજ અન્ય ખેતરો આવેલા છે. ૧૯૮૦થી પ્રાથમિક શાળા તેમજ છાત્રાલય ચાલતાં જ હતાં, પરંતુ ૧૯૮૯માં ફાધર પીટરના અથાક પ્રયત્નોના પરિણામે ધોરણ ૮ થી ૧૦ની ગ્રાન્ટેબલ હાઈસ્કૂલની મંજૂરી મળતાં આદિવાસી પ્રાથમિક શાળાની સાથે હાઈસ્કૂલ વિભાગ શરૂ થતાં સેંટ મેરીસ સ્કૂલનો પ્રારંભ થયો.

૧૯૯૯ થી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની પણ શરૂઆત કરવામાં આવી. શાળામાં હાલ એકથી બાર ધોરણના વર્ગો ચાલે છે અને તેમાં ૭૫૦થી પણ વધારે વિદ્યાર્થીઓ પોતાની શૈક્ષણિક કારકીર્દી ઘડી રહ્યા છે. જે પચ્ચીસ વર્ષની ઊજવણીના આ પર્વે શાળાનું અહોભાગ્ય છે. પચ્ચીસ વર્ષના શાળાના વિકાસમાં વિજયનગર પંથકમાં ટોચના સ્થાને પહોંચાડવામાં તેમના પાંચ સુકાનીઓનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. સિ. થેરેસ, સિ. લુસિયા, ફાધર તંગમ, ફાધર કમજી અને ફાધર વિન્સેન્ટ જેવા આચાર્યોએ શાળાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે અથાક પુરુષાર્થ કર્યો છે. શાળાના સંચાલકશ્રીઓ ફાધર પીટર, ફાધર લારૂમ્બે, ફાધર સોબર્સ હંમેશા શાળામાં ભણતા વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે કોઈ તકલીફ રહી ના જાય તે માટે સતત શાળામાં જરૂરી સુવિધાઓ પૂરી કરતા રહ્યા છે અને કરે છે. હાલ શાળાના પ્રિન્સિપાલ પૂજ્ય ફાધર પીટર ફ્રાન્સિસ શાળાનું સુકાન સુયોગ્ય રીતે નિભાવી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ સેંટ મેરીસ શાળા પરિવાર શાળાનું મહાપર્વ ઉજવતાં અનહદ આનંદની લાગણી અનુભવે છે.

છેલ્લા પચ્ચીસ વર્ષ શાળા તેના શૈક્ષણિક કાર્ય અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમી રહી છે. શાળામાં વિશાળ પુસ્તકાલય, પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. એક પ્રાર્થના હોલની કમી હતી તે પણ પીટરના પ્રયત્નોથી પૂરી થઈ ચૂકી છે. શાળા શિક્ષણક્ષેત્રે તો અગ્રસ્થાને છે જ પણ સાથે સાથે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે રમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, વિજ્ઞાન-ગણિત પ્રદર્શનો વગેરેમાં ભાગ લે તે માટે શિક્ષકગણ સતત પ્રયત્નશીલ રહ્યા છે. તાલુકા કક્ષાની સ્પર્ધાઓ, રમતોત્સવો, યુવામહોત્સવ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન જેવા તાલુકાકક્ષાની પ્રવૃત્તિઓનું યજમાનપદ પણ આ શાળાએ શોભાવ્યુ છે. શાળામાં અક્ષરજ્ઞાન સાથે ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન થાય તે માટે પણ યોગ્ય માર્ગદર્શન શિબિરોનું પણ આયોજન થતું રહે છે. જેના ફળ સ્વરૂપે આ જ શાળામાંથી ભણીને ગયેલા ફાધર શાંતિલાલ આ તાલુકાના પ્રથમ પુરોહિત બન્યા છે. અહીં જ ભણેલા બ્રધર લક્ષ્મણ પણ અમારી શાળાનું ગૌરવ છે. છેલ્લા પચ્ચીસ વર્ષમાં આ શાળામાંથી ભણીને ઘણા યુવાનો દેશસેવાર્થે સરહદ પર સેવા આપી રહ્યા છે. રાષ્ટ્રભક્તિના પાઠ ભણતા ભણતા ઘણા યુવાનો દેશ માટે શહીદ પણ થાય છે. એનું એક ઉદાહરણ છે નિનામા શૈલેષ. જેણે કારગિલ યુદ્ધમાં દેશ માટે શહાદત વહોરીને શાળાનું નામ રોશન કર્યું છે. પચ્ચીસ વર્ષની મંઝિલ કાપતી કાપતી આ શાળા માત્ર વિજયનગર તાલુકામાં જ નહીં પરંતુ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં એક નામાંકિત શાળા તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી ચૂકી છે.

— આલોઈસભાઈ પરમાર

**સારોલી (વિજયનગર):** આદિવાસી સેવાલય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સેંટ મેરીસ સ્કૂલ સારોલી વિઝયનગરની તા.૨૦-૧૨-૨૦૧૪ના રોજ ભવ્ય રીતે રજતજયંતીની ઉજવણી કરવામાં આવી. રજતજયંતી ઉજવણીના દિવસે સવારે 'શિશુપ્રેમી ઈસુમંદિર'માં શાળાના બાળકો માટે ભવ્ય ખ્રિસ્તયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. બપોરથી જ આસપાસના ગામોમાંથી જનસૈલાબ ઉમટી રહ્યો હતો. સાંજના ચાર વાગ્યા સુધી મંડપ ખીચોખીચ ભરાઈ ગયો. સાંજે ૪.૩૦ વાગ્યે આદિવાસી વિસ્તારનું નાચગાન લેજીમ, ઢોલ તેમજ કળશમાં સુસજ્જ નારીઓ મહેમાનોને દોરી રહ્યા હતા. વાતાવરણ એકદમ ગૂંજી ઉઠ્યું. સ્ટેજ પર ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ, ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ, DEO ઓફિસથી પધારેલ શ્રી સ્મિતાબેન, શાળાના પ્રવર્તમાન તેમજ ભૂતપૂર્વ મેનેજર ઉઠ્યું હતું. પ્રાર્થના ડાન્સ પણ ખૂબ જ સુંદર હતો. શાળાના મેનેજર તેમજ પ્રિન્સિપાલે પધારેલ મહેમાનોનો પરિચય તેમજ શાબ્દિક આવકાર આપ્યો હતો. કાર્યક્રમના ઉદ્‌ઘાટક તેમજ મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ મહેમાનોનું ફૂલહાર, શાલ તેમજ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું. ભૂતપૂર્વ મેનેજર તેમજ પ્રિન્સિપાલશ્રીઓનું પણ

ફૂલહાર, શાલ તેમજ મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું. ધીરે ધીરે કાર્યક્રમ કરવટ બદલતો હતો. સરસ મજાનું 'જ્યોત સે જ્યોત….' શ્રી સ્મિતાબેને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં. કોઈપણ હિચકિચાહટ વગર જે મિશનરીઓ સંવેદનાસભર જરૂરતમંદ બાળકોની શિક્ષણ, આરોગ્ય તેમજ અન્ય ક્ષેત્રમાં કામગીરી કરી રહ્યા છે તે અજોડ છે તેવું તેમને પ્રવચનમાં જણાવ્યું. ત્યારબાદ શાળાના સુકાની ફાધર પીટર ફ્રાનસિસે શાળાનો ઈતિહાસ, પ્રવૃત્તિઓ અને સફળતાઓનો ચિતાર રજૂ કર્યો. આ બધી બાબતોમાં દર વર્ષે ૧૦-૧૨ ધોરણનું ૧૦૦% પરિણામ ઊડીને આંખે વળગતું હતું. એકાદ દોઢ વર્ષમાં સ્કૂલમાં 'લારૂમ્બે હોલ'નું નિર્માણ, સ્ટાફ તેમજ ઓફિસ-વર્ગોનું રિનોવેશન, ગાર્ડન વગેરે બાબતો પ્રતિબિંબ પાડતી હતી.

પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસે શાળામાં શિક્ષણની સેવા આપીને ગયેલ ભૂતપૂર્વ સ્ટાફને શાલ તેમજ મોમેન્ટો આપી સન્માનિત કર્યા. તેમણે સંદેશમાં જણાવ્યું કે, કોઈપણ કાર્ય શરૂ કરીએ ત્યારે પ્રથમ તબક્કો ગધાપચ્ચીસી જેવો હોય છે. ખૂબ તનતોડ મહેનત કરવી પડે છે પણ વિજયનગરનો ઈતિહાસના લેખાંજોખાં જોતા અહીં ખૂબ જ સુંદર વિકાસનો તબક્કો રહ્યો છે. શિક્ષણ, આરોગ્ય, સામાજિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે વિજયનગરના આદિવાસી વિસ્તારે નોંધપાત્ર પ્રગતિ સાધી છે. ઈસુસંઘી ફાધરોની તપચર્યા ફળી છે, ફૂલીફાલી છે એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો. ત્યારબાદ આ વિસ્તારમાં ૩૫ વર્ષથી સેવાની ધૂણી ધખાવી સેવાનું કાર્ય કરી રહ્યા છે તેવા પૂજનીય ફાધર લારૂમ્બેનો ઈન્ટરવ્યુ સ્ક્રિન પર બતાવવામાં આવ્યો. તેમણે શરૂઆતમાં કેવી કઠિનાઈઓ, પરિસ્થિતિ હતી તે વિશે જણાવ્યું. હાલ જ્યાં આખું પેરીશ ઊભું છે તે કેવી રીતેબ ની ગયું તેની ઝાંખી કરાવી.

'૩૫ વર્ષ પહેલાં જેની કલ્પના કરી તે સાકાર બનતા હું ઈશ્વરપિતાનો ખૂબ ખૂબ આભાર માનું છું' એ વાત સાથે તેમનો સંદેશ પૂરો થયો. આદરણીય આર્ચબિશપ સ્ટેનીસલાઉસ ફર્નાન્ડીઝ એસ.જે. વિજયનગરના વિકાસ માટ જેને જેને યોગદાન આપ્યું અને આ સુંદર અવસર સજાવ્યો તે દરેકનો આભાર માન્યો હતો. પછી ભારત દેશના વિવિધ પ્રાંતના ડાન્સ-નૃતય રજૂ થયા. કોળીનૃતય, બંગાળી, કાશ્મીરી, તમિલ હોય કે રાજસ્થાની અને ખૂશ્બુ ગુજરાતની વિડિયો ક્લિપ વગેરેએ હાજર ઠઠ માનવમેદનીને ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું. સેંટ મેરીસના સમગ્ર સ્ટાફને પણ શાલ તેમજ મોમેન્ટો આીપ એ.ડી.આઈ.એ સન્માન કર્યું. બધી જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સુપેરુ આયોજન સફળ નીવડ્યું. સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, આણંદ તેમજ વડોદરાથી પણ ખાસ આમંત્રિતોએ અચૂક હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ શાળાનો પરિવારનો હતો. બધાએ ખૂબ જ મહેનત કરી હતી પરંતુ પ્રિન્સિપાલ ફાધર પીટર ફ્રાન્સિસ એક વર્ષથી અથાક પ્રયત્નોને લીધે સાર્થક થયું તેમ કહેવામાં કંઈ અતિશયોક્તિ નથી. કાર્યક્રમના બાળકો આ સિલ્વર જ્યુબીલીના હીરો રહ્યા. નેપથ્ય પાછળ બહેનોનો આશીર્વાદ… સુવર્ણજયંતી તરફ પ્રયાણ તેમજ ફલશ્રુતિ માટે પ્રાર્થના.

— અસારી રેશ્માબેન પ્રકાશભાઈ


## મકાન વેચવાનું છે

બી-૩૨, જે.કે. પાર્ક-૨, મીશન રોડ, નડીઆદ
૩ રૂમ, રસોડા સાથે - ગેસ લાઈન, ગટર કનેક્શન, R.O.ની લાઈન, પાણીનો સ્વતંત્ર બોર, રસોડામાં ફર્નિચર, બે રૂમમાં લોખંડની અત્યાધુનિક સુવિધાઓ સહિતનું ફર્નિચર, કેથોલિક ચર્ચની તદ્દન નજીક, સંપૂર્ણ ખ્રિસ્તી વિસ્તારમાં.
**સંપર્કઃ સંજય જે. વાઘેલા (મો. ૯૫૫૮૧ ૩૫૫૩૮)**

## ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

વડોદરા નવાયાર્ડ ઝેવિયરનગરમાં 4BHK, ડુપ્લેક્ષ વેચવાનું છે. મકાનની ત્રણ બાજુ જગ્યા. ઉપર-નીચે સેપરેટ ટોયલેટ, બાથરૂમની સુવિધા સાથે.
**સંપર્કઃ ૯૯૯૮૭ ૩૦૬૧૯**
**નોંધઃ** ખ્રિસ્તી સમુદાયને પ્રથમ પસંદગી.

## મકાન વેચવાનું છે

સ્નેહસાગર સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ,
પાધરિયા, આણંદ
**સંપર્ક નંબરઃ ૯૮૨૫૭ ૭૮૫૧૪**

## ટેનામેન્ટ મકાન વેચવાનું છે

૩ રૂમ, રસોડા સાથેનું મકાન વેચવાનું છે.
પ્રાર્થના પાર્ક સોસાયટીમાં, પવિત્ર મારિયાની ટેકરી સામેનું,
ચાવડાપુરા-જિંટોડિયા, આણંદ
**સંપર્કઃ ૯૦૩૩૪ ૨૭૯૪૮**



## બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ

લગ્ન માટે મેક્સી બનાવનાર
કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ
**પારૂલ જે. મેકવાન** (ડિઝાઈનર)
ફોનઃ (૦૨૬૯૨) ૨૫૦૫૯૫, ૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫
*ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી, પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧*



## શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.
શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ
**પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર**
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**
*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

# ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સિલ - ગુજરાત વિભાગ

સહર્ષ આનંદ સાથે જણાવવાનું કે સમગ્ર ભારત દેશના લઘુમતી ખ્રિસ્તી સમાજના બંધારણીય અધિકારો માટે સેવા આપતી અને યુનાઈટેડ નેશન્સમાં સ્પેશ્યલ કેટેગરીમાં રજીસ્ટર્ડ થયેલી સંસ્થા કે જે સને ૧૯૯૯નાં વર્ષમાં શરૂ કરવામાં આવેલ હતી. તે **૧૫ વર્ષ** પૂરાં કરી **૧૬માં વર્ષમાં પ્રવેશ** કરતાં સંસ્થા સહર્ષ લાગણી અનુભવે છે. અને આજ દિન સુધી આપના તરફથી પ્રાપ્ત થયેલ સાથ અને સહકાર બદલ ઈશ્વરપિતવાનો પુષ્કળ આભાર માનીએ છીએ.

ઑલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ એ માતૃ સંસ્થા છે અને તેની નીચે મુજબની દેશવ્યાપી સંસ્થાઓ કાર્યરત છે.

**(૧) ઓલ ઈન્ડીયા ટ્રાઈબલ યુનિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સીલ.**
**(૨) ઓલ ઈન્ડીયા મેડીકલ વેલ્ફેર કાઉન્સીલ.**
**(૩) ઓલ ઈન્ડીયા લિગલ સર્વિસ સોસાયટી.**
**(૪) ઓલ ઈન્ડીયા એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુશન્સ મેનેજમેન્ટ એસોસીએશન.**
**(૫) ગ્લોબલ એન્વાર્યમેન્ટ મિશન.**

જો આપ મેડીકલ ફિલ્ડમાં હોય અને સમાજ માટે સ્વૈચ્છીક સેવા આપવા માંગતા હોવ તો સંસ્થાનો અચૂક સંપર્ક કરશો, જેથી સંસ્થા આપની ભાવનાની કદર કરી આપના થકી સેવાનો અવશ્ય લાભ સમાજ સુધી પહોંચાડશે.

## સ્ટાફ અંગેની જાહેરાત

| | | |
|---|---|---|
| (૧) પ્રોજેક્ટ રિપોર્ટર | (૧ પોસ્ટ) | **M.S.W.** ગ્રેજ્યુએટ |
| (૨) રિસેપ્શનિસ્ટ | (૧ પોસ્ટ) | ગ્રેજ્યુએટ વીથ ઈંગ્લીશ |
| (૩) ઑફિસ બૉય | (૧ પોસ્ટ) | ધોરણ ૧૨ પાસ (ડ્રાયવીંગ લાઈસન્સ ફરજીયાત) |

**નોંધઃ** ઉપરોક્ત સ્ટાફની તાત્કાલિક ધોરણે ભરતી કરવાની હોય જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે સંસ્થામાં ફોન કરી એપોઈન્મેન્ટ લઈ નીચે જણાવ્યા મુજબનાં સરનારે બપોરે ૧૨ થી ૭ કલાક દરમિયાન સંપર્ક સાધવો.

**ખાસ જાહેરાતઃ** સંસ્થા છેલ્લા ૧૫ વર્ષથી સમાજનાં પ્રશ્નોના નિરાકારણ માટે કાર્યરત છે. જો આપને નોકરીના, મિલકતનાં, સામાજિક સમસ્યાના પ્રશ્નો હોય તો સંસ્થાનો જરૂરથી સંપર્ક સાધશો. સંસ્થા દ્વારા આજ દિન સુધી હજારો કેસોના નિરાકરણ લાવવામાં આવેલ છે.

**અગત્યની સૂચના :**

૧. જો આપ ખ્રિસ્તી ધર્મગુરુ હોય અને મેરેજ લાઈસન્સ ન હોય તો સંસ્થાનો તાકીદે સંપર્ક કરશો.
૨. જો આપને કબ્રસ્તાનની વ્યવસ્થા મળતી ન હોય કે આપના શહેરમાં કે ગામમાં કબ્રસ્તાન ન હોય તો સંસ્થાનો તાકીદની અસરથી સંપર્ક કરશો.


**સંસ્થાનો સંપર્ક કરવાનું સરનામું :**

**સેમસન સી. ક્રિશ્ચિયન**

*નેશનલ એક્ઝીક્યુટીવ મેમ્બર અને જનરલ સેક્રેટરી*

એ/૩, પ્રથમ માળ, શારોન એપાર્ટમેન્ટ, ક્રિશ્ચિયન કોલોની, મહાત્મા ગાંધી કોલોની સામે, બહેરામપુરા, અમદાવાદ - ૨૨.

મો. ૯૮૨૪૨ ૬૨૬૨૬ ● ફોન : ૦૭૯-૨૫૩૮૪૭૦૯ ● Email: samsonaicc1311@gmail.com


**મુલાકાતનો સમય : સવારે ૧૧ થી સાંજના ૭ કલાક**

# ગેથશેમાની વાડીથી ગુલગાથાની ટેકરી સુધી...

૧૪ સ્થાનોની

## કાલવારીની મુક્તિ સાધના યાત્રા

(લક્ઝરી બસ દ્વારા)

**તમે મુશ્કેલીમાં છો? તમે પારીવારિક સમસ્યામાં છો?**

**તમે માંદગીમાં છો? તમે વિચલિત છો?**

**તો ચાલો... વારાણસી (બનારસ) મુક્તિ સાધના યાત્રામાં સર્વે શ્રદ્ધાળુ ભાઈબહેનોને આમંત્રણ**

**જોવાલાયક સ્થળોઃ** ઉજ્જૈન, ખજૂરાહો, ચિત્રકૂટ, અલ્હાબાદ, છપૈયા, બનારસ, આગ્રા, જયપુર, અજમેર, ચિતોડગઢ, ઉદયપુર, નડિયાદ પરત.

કારણ, ઈશ્વરનું વચન છે...

**'મારી પ્રસન્નતાની ઘડીએ મેં તારી ધા સાંભળી હતી અને મુક્તિને દિવસે મેં તમને મદદ કરી હતી.'**

અત્યારે જ ઈશ્વરની પ્રસન્નતાની ઘડી છે અને આજે જ મુક્તિનો દિવસ છે.

| યાત્રાની પુણ્યશાળી શરૂઆત | યાત્રાની પૂર્ણાહુતિ | દિવસ |
|---|---|---|
| તા.૦૨-૦૩-૨૦૧૫, સોમવાર | તા. ૧૩-૦૩-૨૦૧૫, શુક્રવાર | ૧૨ |
| ટિકિટનો દર રૂા. ૬,૫૦૦/- રહેશે. (રહેવા-જમવા સાથે) | | |

એડવાન્સ રૂપિયા ત્રણ હજાર આપવાના રહેશે.

**બસ ઉપડવાવની તારીખ : ૦૧-૦૩-૨૦૧૫, રવિવારના રોજ રાત્રે ૧૦.૦૦ કલાકે.**

યુગના અંત સુધી ઈસુ આપણી સાથે છે, આભાર.

**:: સંપર્ક ::**

: આયોજક :

**વિનુભાઈ એસ. મકવાણાઃ** મોબાઈલ : ૯૮૨૪૩ ૧૫૯૫૭

: સહઆયોજક :

**ભુપેન્દ્રભાઈ એસ. પરમાર**
અર્બુદાનગર, નડીઆદ
મો. ૯૭૨૩૭ ૫૮૬૦૮

**પ્રવિણાબેન ટી. મેકવાન**
ઝેવિયરનગર, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ
મો. ૯૩૭૭૭ ૧૬૨૧૩

# આભાર પ્રભુજી...



શ્રી કાનજીભાઈ પી. બોખાણી (પિતા) ● શ્રી વિજયાબેન કે. બોખાણી (માતા)
વીંછિયા, તા. જસદણ, જિ. રાજકોટ
મો. ૯૪૨૮૩ ૪૭૦૭૬
(મૂળ નિવાસી : સરપદડ, તા. પડધરી, જિ. રાજકોટ)
સુપરવાઈઝર : શ્રી એમ.બી. અજમેરા હાઈસ્કૂલ, વીંછિયા.

**શ્રી વ્યોમેશકુમાર કે. બોખાણી**
બ્રાન્ચ મેનેજર – બેંક ઓફ બરોડા (રાજકોટ ઝોનલ)
માધ્યમિક શિક્ષણઃ સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ઉમરેઠ
ઉચ્ચ માધ્યમિક શિક્ષણઃ સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, આણંદ
બી.એસ.સી. (BT) : ક્રાઈસ્ટ કોલેજ – રાજકોટ / જૂનાગઢ
એમ.બી.એ. : સંટ આલ્બર્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ – કોંચી (કેરલ)
શ્રીમતી જિગ્નાસા વ્યોમેશ બોખાણી (MCA)





**ડૉ. કું. સંગીતા કે. બોખાણી**
ધોરણ ૬ થી ૯ : કેથોલિક આશ્રમ, ધંધુકા
એસ.એસ.સી.: સંત આન્ના હાઈસ્કૂલ, નડીઆદ
એચ.એસ.સી.: શાન્તવન હાઈસ્કૂલ, રાજકોટ
B.A.M.S. : નાઝર આયુર્વેદિક કોલેજ, સુરત
હાલમાં – મેડિકલ ઓફિસર, રૂપાખેડા,
તા. ઝાલોદ, જિ. દાહોદ

**ડૉ. કુ. નેહા કે. બોખાણી**
ધોરણ ૪ થી ૯ : કેથોલિક આશ્રમ, ધંધુકા
એસ.એસ.સી.: એમ.બી. અજમેરા હાઈસ્કૂલ, વીંછિયા
એચ.એસ.સી.: શાન્તવન હાઈસ્કૂલ, રાજકોટ
B.H.M.S. : બી.એ. ડાંગર હોમિ. કોલેજ, રાજકોટ
હાલમાં – ઈન્ટરશિપ ક્રાઈસ્ટ હોસ્પિટલ અને
વોકહાર્ડ હોસ્પિટલ, રાજકોટ



અમારા સંતાનોની સફળતા માટે અમે પ્રભુ ઈસુ સાથે પરમપૂજ્ય (પૂર્વ) ધર્માધ્યક્ષશ્રી ગ્રેગોરી સ્વામી અને વર્તમાન ધર્માધ્યક્ષશ્રી જોસ સ્વામી (રાજકોટ ધર્મપ્રાંત), પરમપૂજ્ય ધર્માધ્યક્ષશ્રી થોમસ સ્વામી (અમદાવાદ ધર્મપ્રાંત), વંદનીય સ્વ. ગુરુજી ગોરસબાપુ અને માનનીય પુરોહિતગણ અને પૂજ્ય સાધ્વીગણનો હાર્દિક આભાર.

**ઉજ્જવળ ભાવિ માટે હાર્દિક શુભેચ્છાઓ. 'સ્નેહધારા' આશ્રમ, સંત ફ્રાન્સિસ ઝેવિયરની નાની દીકરીઓનો સાધ્વીસંઘ - સરપદડ.**

**હાર્દિક અભિનંદન : જિજ્ઞાસા બોખાણી અને સમગ્ર બોખાણી પરિવાર**

# સ્મરણાંજલિ



**સ્વ.શ્રી રમેશ વાઘેલા**

**ફેબ્રુઆરી ૨, ૧૯૫૦ – ફેબ્રુઆરી ૮, ૨૦૧૪**

રમેશજી દૃઢપણે માનતા હતા, ગ્રેવિટી કે પ્રકાશની જેમ, પ્રેમ દરેક પરિમાણોને, સ્થળકાળને અતિક્રમી જાય છે. પ્રેમ કર્યો હોય એ વ્યક્તિ સદાય સામે ના હોય, તો પણ દિલમાં ચિરંજીવ રહે છે. મૃત્યુ પણ પ્રેમને મારી શકતું નથી. વર્ષોનો ગાળો એને ઝાંખો પાડી શકતો નથી. અંતર એને નડતું નથી. પ્રેમ પ્રકાશની જેમ ભીતર ઝળહળે છે અને ગુરુત્વાકર્ષણની જેમ ખેંચે છે. તારાઓની રાખ હોય કે બ્લેક હોલનું પોલાણ – પ્રેમ કરે છે એને જુદા પાડી શકાતા નથી. કારણ, પ્રેમને લીધે બોન્ડિંગ રચાય છે, આપણો એક ટૂકડો, જેને ચાહતા હોય એની પાસે રહી જતો હોય છે, અને એનો કોઈક અંશ, આપણે જઈએ ત્યાં, આપણી સાથે ચાલતો હોય છે.

પ્રેમની લાગણી કોઈપણ સ્વરૂપે હોય, પ્રિય પાત્રથી શારીરિક રીતે વિખૂટા પડી દૂર જઈએ, એટલા માનસિક રીતે, વધુ નિકટ આવતા હોઈએ છીએ.


વરસ વહી ગયું, અમારાથી દૈહિક રીતે જુદા પડીને, છતાંય તમને સાથે-સમીપે-નિકટ અનુભવી શકાય છે. મહેસુસ કરી શકાય છે.

કૈવલ ટાવર્સ
આણંદ

**શ્રીમતી આગ્નેસ રમેશ વાઘેલા**
**તથા પરિવાર**

# પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ

"જેને પ્રભુમાં શ્રદ્ધા છે તેનું કદી મૃત્યુ થતું નથી."



| જન્મ | અવસાન |
|---|---|
| ૧૪-૦૫-૧૯૬૦ | ૨૨-૦૨-૨૦૧૪ |

## સ્વ. શશીકાન્ત ત્રિકમભાઈ વાઘેલા

જિંદગીનો સમય ઓછો હશે, એ ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.

આપની જુદાઈમાં જોતજોતામાં એક વર્ષ વિતી ગયું. માન્યામાં નથી આવતું કે તમે નથી. તમારી હયાતીનો અહેસાસ હજી થયા કરે છે. તમારો ફોટો જોતાં લાગે છે કે હમણાં કંઈક કહેશો કે બોલશો. પણ બસ તમે અમોને જોયા જ કરો છો, નથી બોલતા કે કંઈ કહેતા અને આંખમાં આંસુ આવી જાય છે. તમારો સદાય હસતો ચહેરો, દુઃખથી ડરવાનું નહીં, સુખમાં છલકાવાનું નહીં, વહેવાર કદી ચૂકવાનો નહીં, ધર્મ કદી ભૂલવાનો નહીં, વાણીમાં મીઠાશ રાખવી, ઉડાઉ નહીં પણ ઉદાર બનવાનું એ જ તમારું જીવન. સુખ અને દુઃખમાં પ્રાર્થના જ તમારું સાધન. તમો જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે. થોડું જીવ્યા પણ ઘણું કરી ગયા. તમારાં કર્મો સદાય સૌના હૃદયમાં ગુંજ્યાં કરે છે. રહી ગઈ તમારી આશાઓ અધૂરી અને તમે આ દુનિયા છોડી ચાલ્યા ગયા પ્રભુધામમાં. બધું યાદ કરી રડે છે અમ સહુનાં હૃદય, દરેક પ્રસંગે સાલસે તમારી ખોટ, પણ પરમેશ્વરની આ યોજના સ્વીકારવી જ રહી. અમારા જીવનમાં સમયચક્ર ફરી ચલાવવા આપની પ્રેરણા અને પ્રાર્થના થકી હિંમત વરસાવજો, આશીર્વાદ તથા કૃપાઓ ઈશ્વર થકી અપાર... જેથી જીવીએ જીવન એક જ અમર આશાથી કે મળીશું આપણે પુનરુત્થાનની પ્રભાતે પ્રભુ સંગ.

**લિ. આપનો દુઃખી પરિવાર સુશીલાબેન શશીકાન્ત વાઘેલા**
**આપની દીકરીઓઃ સુનીતા, સંગીતા, પ્રતિક્ષા, અર્પિતા, આશા, ક્રિસ્ટીના, આપનો દીકરોઃ સેલ્વીન**
**તથા કુટુંબીજનો**
વંદનાપાર્ક સોસાયટી, મરિયમપુરા, પેટલાદ (મો. ૯૯૨૫૦ ૧૩૮૨૫)

# તૃતીય વાર્ષિક પુણ્યતિથિ

**"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."**



## સ્વ. મણીબેન મંગળભાઈ પરમાર

અવસાનઃ ૨૧-૦૨-૨૦૧૨

પૂજ્ય મા,

જીવનભર સખત પરિશ્રમ કરી, ખૂબ જ દુઃખો સહન કરી, દુઃખોથી જરા પણ ડર્યા સિવાય શૂન્યમાંથી સર્જન કરી પરિવારને તમામ રીતે સમૃદ્ધ બનાવી, સૌને સુખ અને શાંતિ આપતા ગયા. આપની ઉદારતા, લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના, નિખાલસતા, સહનશીલતા હૈયામાં અખંડ રહેશે. આપે આપેલ પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય મહેંકતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને કાયમ પરમ શાંતિ અર્પે એજ હૃદયપૂર્વકની પ્રાર્થના.

૧૧, નિલગીરી પાર્ક સોસાયટી
નવજીવન કોલોની પાસે
સેંટ ઝેવિયર્સ રોડ
પાધરીયા, આણંદ

**લિ.**
**રમેશભાઈ એમ. પરમાર**
**નૂતનબેન રમેશભાઈ પરમાર**
**જિજ્ઞાસુ, ઉન્નતિ-પ્રકાશ**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. આશીબેન લોરેન્સ મેકવાન**

જન્મઃ ૦૧-૦૬-૧૯૪૨

અવસાનઃ ૦૨-૦૨-૨૦૧૪

"પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું."

વ્હાલી મા,

આપની જુદાઈમાં એક વર્ષ વિતી ગયું. માન્યામાં નથી આવતું કે તમો પ્રભુના સાંનિધ્યમાં છો. પ્રભુ પાસે જવાનો સમય એક સત્ય છે પરંતુ અણધારી વિદાયથી અમો તમારા બાળકો દુઃખમાં સરી પડ્યા.

જીવન એવું જીવ્યા કે જોનારા દંગ થઈ ગયા. તમોએ આખી જિંદગી પરિશ્રમ કર્યો અને કુટુંબનો ઉદ્ધાર કર્યો. તમો કુટુંબની જ્યોત હતા. તમારા ગુણો જેવા કે વ્યવહાર, કુશળતા, કુટુંબ પ્રેમ, સમાજ કાર્ય, નિઃસ્વાર્થ સેવા અને ધાર્મિકતા અમારા માટે કાયમ આદર્શ બની રહેશે. કુટુંબમાં આગેવાની લઈ સહકારથી સર્વને એકતામાં રાખી પ્રસંગો શોભાવ્યા. તમો ઘરના દિવા હતા. દુઃખથી ડર્યા નહીં, ધરમ ભૂલ્યા નહીં અને વ્યવહાર કદી ચૂક્યા નહીં. કુટુંબની પ્રગતિનું પહેલું પગથિયું બનેલ તમને અમારા કોટિ કોટિ વંદન. પરમકૃપાળુ ઈશ્વરપિતા આપના અમર આત્માને ચિર શાંતિ અર્પે એજ તમારા બાળકોની અંતઃકરણની નિત્ય પ્રાર્થના.

**લિ. ગિરીશભાઈ લોરેન્સ તથા કુસુમબેન તથા બાળકો**

# ૯મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ ૧૬-૦૨-૧૯૪૪

અવસાન ૦૬-૦૨-૨૦૦૯

**સ્વ. થોમાસ પીટર**

"એમણે કોઈનું દેવું નથી રાખ્યું, એમણે બધાંને માફ જ કર્યા."

તમે રાખેલી અમારા પ્રત્યેની કાળજી ને હજુ અમે વિસરી શકતા નથી. દુનિયા ન જોઈ શકે એવા તમે આપેલ અમૂલ્ય વારસાને માટે અમે દેવની સ્તુતિ કરીએ છીએ.

**લિ. સુશીલા પીટર્સ**

**પ્રકાશ - રિપ્કા - રેમા    આનંદ - શ્વેતા - સ્કાય**

**વસંત - જેનીશ - આદિત**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ફૂલકેરિયાબહેન (બોનીબહેન) જોસેફભાઈ પરમાર**

જન્મઃ ૦૮-૦૬-૧૯૪૦

અવસાનઃ ૦૩-૦૨-૨૦૧૪

'વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ માડીનો મેઘ બારેમાસ.'


ટીપે ટીપે તેં સરોવર ભર્યું,
આપણા ઘરને તેં હર્યું-ભર્યું કર્યું!
'મા' કહેતાં જ અંજાઈ જાય આંખો,
જીવતરમાં એટલું તેં અજવાળું કર્યું!
અચાનક જ તેં લીધી એવી વિદાય,
અમારી આંખમાંથી આંસુ સર્યું!

'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.'

**લિ. આપના જોસેફભાઈ જેઠાભાઈ પરમાર**
**તથા સમગ્ર પરિવાર**

શ્રદ્ધાદીપ સોસાયટી, મરિયમપુરા, પેટલાદ (મો. ૮૪૬૦૧ ૬૦૦૩૧)

# પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**સ્વ. યાકુબભાઈ એલ. મેકવાન**

જન્મઃ ૦૪-૦૩-૧૯૨૯

અવસાનઃ ૧૫-૦૨-૨૦૧૪

પૂજ્ય પિતાજી,

તમે વરદાનિત હતા!

ઈસણાવ ગામના વરદાનિત શિક્ષક — એથી જ કેટલાય વિદ્યાર્થીઓનાં જીવન અજવાળ્યાં. આ અજવાળું તમારા જીવનને સાર્થકતા અર્પી ગયું. વાત્સલ્યસભર પિતાજીનો અહેસાસ તો અમે આજે પણ કરીએ છીએ. આપની ભક્તિ શૂચિતાની સુવાસ સાથે પરમને પહોંચતી હતી અને તેથી જ આપે ઇચ્છ્યું ત્યારે પ્રભુની પાસે પહોંચી ગયા! અને અમારે માટે રોજ આશીર્વાદ મોકલાવતા રહો છો.

**આપનાં બાળકો તેમજ સમગ્ર મેકવાન પરિવાર**

ઈસણાવ (પેટલાદ)

## શ્રદ્ધાંજલિ

**પાંચમી પુણ્યતિથિએ**



**સ્વ. માર્થાબેન મનુભાઈ પરમાર**

જન્મ: ૦૧-૧૦-૧૯૫૬ ★ અવસાન: ૨૪-૦૨-૨૦૧૦

**ત્રિમાસિક પુણ્યતિથિએ**



**સ્વ. મનુભાઈ મોતીભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૧-૧૯૫૩ ★ અવસાન: ૨૫-૧૧-૨૦૧૪

''મમ્મી-પપ્પા'' તમારો સદાય હસતો ચેહરો અમારી આંખો સામે હંમેશાં તરવરે છે.
આંખો હજી નિહાળે છે તમને, હૈયું હજી પુકારે છે તમને.
જ્યારે જ્યારે તમારું સ્મરણ થાય છે, ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને.
મન હજી માનતું નથી તમે અમારી વચ્ચે નથી, ક્ષણે ક્ષણે યાદ તમારી સતાવે છે અમને.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ તમારા વ્હાલાં બાળકોની પ્રાર્થના.

શિવમ સોસાયટી, પેટલાદ (મો. ૯૪૨૭૫ ૯૮૫૩૮)

**લિ. તમારાં બાળકો: સંદિપ, જ્યોતિ, વિલેસ**

## શ્રદ્ધાંજલિ

''પ્રભુમાં શ્રદ્ધા રાખનારનું કદાપી મૃત્યુ થતું નથી.''



**સ્વ. હેરી કિરીટકુમાર મેકવાન**

જન્મ: ૦૮-૦૬-૧૯૯૭

અવસાન: ૦૨-૧૨-૨૦૧૪

સનાતન સત્ય છે કે જે આવે તે જાય છે. પરંતુ આટલું જલ્દી જવું, તે જચતું નથી. સત્તર વર્ષની ટૂંકી જિંદગી, આવજો કહેવા રોકાયો નહીં. સંસ્મરણો સદા હૈયે લાગેલાં છે, વિસરાશે નહીં. માતા, પિતા અને બહેનોના કોડ અધૂરા રહ્યા. સમય તો પાક્યો નહોતો, ને પકડી રાહ સ્વર્ગની. વિનવીએ પ્યારા પ્રભુને સંભાળજો અમારા પિન્ટૂને.

**લિ. તારાં માતા-પિતા**
**કિરીટ - ધર્મિષ્ઠા, નિકીતા - અંકિતા**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મર્સી થોમસ જોન**

જન્મઃ ૧૫-૦૭-૧૯૩૭

અવસાનઃ ૦૩-૦૨-૨૦૧૪

પૂજ્ય મમ્મી,

શૂન્યમાંથી સર્જન કર્યું, દુઃખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં. ઘેઘૂર વડલો બની છવાયેલાં હતા - કુટુંબને શીતળ છાયામાં રાખતા હતાં, આપે પાથરેલી શીતળ છાયામાં જીવીએ છીએ સહુ.

દ્રવી ઉઠે છે દિલ અમારું તમારાં સ્મરણમાં, છતાંય તમારું વાત્સલ્ય આપે છે સાંત્વના અમને. નહીં ભૂલી શકીશું તારો એ સ્નેહાળ, હૂંફાળો પ્રેમ, અંતરનાં અજવાળાં પાથરતાં ગયા, માનવતાની મહેંક મૂકતા ગયાં. વંદન કરીએ છીએ તમને હરઘડી હરપળ અમો.

પરમકૃપાળુ પિતા પરમેશ્વર આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

| | |
|---|---|
| ૧૩, શાભઈરામ પાર્ક | **આપનો દુઃખી પરિવાર** |
| તુલસી ટોકીઝ, ગરનાળા રોડ, | **દિપક - સરોજ** |
| આણંદ | **કેવીન - નોએલ** |

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મરિયમબેન માઈકલભાઈ પરમાર**

જન્મઃ ૦૬-૧૨-૧૯૩૩

અવસાનઃ ૦૫-૦૨-૨૦૧૪

"જિંદગી પણ કેવી કમાલ છે? પહેલા આંસું આવતા ત્યારે
મા યાદ આવતી ને આજે, મા યાદ આવે છે ને આંસું આવી જાય છે."

વ્હાલી મા,

સાચે જ તું અમારી મરિયમ હતી, અમારી સેવિકા, રક્ષિકા અને માર્ગદર્શિકા. આટલા બહોળા પરિવારનું સંવર્ધન અને સંસ્કાર સિંચન અમારી મરિયમ જ કરી શકે. પપ્પાનો ટૂંકો પગાર પણ તારી બહોળી આવડત સામે હારી ગયો, અને જીતમાં અમારી ઝળહળતી કારકિર્દી. તારી પવિત્રતા આજે પણ અમને સ્પર્શે છે અને તારું હેત અમને આજે લીલાછમ રાખે છે, તારી હયાતીની જેમ.

**એજ અમો આપના વ્હાલા બાળકો તથા પરિવાર**

પેટલાદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કાશીબેન ખુશાલભાઈ મેકવાન**

જન્મઃ ૧૫-૦૨-૧૯૩૩

અવસાનઃ ૨૧-૦૨-૨૦૧૪

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

પૃથ્વી ઉપર મનુષ્યને મળેલી અણમોલ ભેટ એટલે "મા". અમારી અણમોલ ભેટ વ્હાલી મા તમારી વિદાયને એક વર્ષનું વહાણું વિતી ગયું છતાં અમારું મન હજી માનવા તૈયાર નથી કે તમે અમારી સાથે નથી. તમારો અમારી માટેનો માતૃપ્રેમ, હૂંફ તથા યાદ હંમેશાં અમારા દિલમાં રહેશે. તમારો સ્મિતભર્યો હસતો ચહેરો હંમેશાં અમારી સાથે રહેશે. પ્રભુ પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અમારા અંતઃકારણની પ્રાર્થના.

**તમારી યાદમાં આંસું સારતાં**

**દીકરા - દીકરીઓ**

## ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સ્મૃતિ સંજય મેકવાન**

જન્મઃ ૦૫-૧૦-૧૯૭૯

અવસાનઃ ૦૬-૦૨-૨૦૧૧

"અંજલિ આપતા શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતા પુષ્પો ખૂટે છે."

પ્રિય સ્મૃતિ,

તારો સદાય હસતો ચહેરો અમારી આંખો સમક્ષ તરવરે છે અને આંખોમાંથી અનરાધાર અશ્રુ સતત વહેતા રહે છે. અમને ખબર ન હતી કે તું અલ્પ સમય માટે જ આવી છું. તારું સ્મરણ થતાં જ તારો સદાય પ્રફુલ્લિત ચહેરો નજર સમક્ષ તરી આવે છે. હૃદયનો ઘા રુઝાશે નહિ, સમયનું વહેણ વીતતું જશે પણ તારી યાદ અમારા હૃદયમાં સદાય જીવંત રહેશે. પરમ કૃપાળુ પરમેશ્વર તારા આત્માને શાંતિ બક્ષે.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એજ આશાએ શ્રદ્ધાંજલિ.

**તારી યાદમા અને પ્રાર્થનામાં**

**અશોક તિમોથી વાઘેલા અને સમસ્ત પરિવાર - ગાંધીનગર**

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### શ્રીલંકામાં વડાધર્મગુરુ

**કોલામ્બો :** ૧૩-૧-૨૦૧૪ના રોજ એક આંતરધાર્મિક સંમેલનમાં બોદ્ધ ધર્મના નેતાએ વડાધર્મગુરૂશ્રીને નિમંત્રણ આપેલ. જેના અનુસંધાનમાં વડાધર્મગુરૂશ્રીએ મહાબોધિ બોદ્ધ મંદિરની મુલાકાત લીધી હતી. તેમ વેટિકન પ્રવક્તા ફાધર ફેડેરિક લોમ્બાર્ડીએ જણાવ્યું હતું.

આ સમયે બૌદ્ધ ધર્મગુરૂઓએ જે પ્રાર્થના અને જે ભક્તિ ગીત ગાયાં તે વડાધર્મગુરૂશ્રીએ આદરપૂર્વક સાંભળ્યાં હતાં. સામાન્ય રીતે બૌદ્ધના અવશેષો વર્ષમાં એક જ વાર ખોલવામાં આવે છે પરંતુ વડાધર્મગુરુના આદરમાં તેમના માટે આ અવશેષો ખોલવામાં આવેલ. આ મુલાકાત લગતગ ૨૦ મિનિટ જેટલી ચાલી હતી. મુલાકાતની વિશેષતા એ હતી કે, આ એક અણધારી અને નક્કી કરેલ મુલાકાત ન હતી. બૌદ્ધની પ્રતિમા જે ખંડમાં હતી ત્યાં એક ધર્મગુરૂએ વડાધર્મગુરૂશ્રીને બૌદ્ધ ધર્મના કેટલાંક પાસાંઓ અંગે જણાવ્યું હતું જે તેમણે ઉત્સુકતાપૂર્વક સાંભળ્યું હતું.

૧૪ જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ કોલામ્બો ૨૫૦ કિ.મી. દૂર મધુનગરમાં મરિયમમાતાના તીર્થસ્થાને વડાધર્મગુરૂશ્રીએ શ્રદ્ધાસુમન અર્પણ કરીને પ્રાર્થના કરી હતી. મધુનગર શ્રીલંકાના ઉત્તર ભાગમાં આવેલ છે, જ્યાં તમિલ લોકોનો પ્રભાવ છે. આ તીર્થસ્થાન મન્નાર ધર્મપ્રાંતના તાબામાં આવે છે. અહીં એક લાખ જેટલા કેથોલિક રહે છે. પરંતુ આ તીર્થસ્થાને કેથોલિક ઉપરાંત બૌદ્ધ, હિન્દુ અને મુસલમાન લોકો આવે છે.

તીર્થસ્થાનનો ઈતિહાસ ચાર સદી જૂનો છે. સન ૧૫૪૪માં જાફ્તાના રાજા સાંકિલીએ પોર્ટુગિઝ મિશનરીઓનાં પ્રભાવથી ખ્રિસ્તી ધર્મ અપનાવનાર ૬૦૦ કેથોલિકોને મારી નાંખ્યા હતા. આ નરસંહારમાંથી છટકીને કેટલાક કેથોલિક જંગલમાં ચાલ્યા ગયા હતા. ૧૫૮૩માં ફ્રરીથી તેઓને મન્નારમાંથી ભાગવું પડ્યું અને તેઓએ જંગલમાં જુદાં જુદાં દેવળો સ્થાપ્યાં. તેમાનું એક દેવળ એ મધુનગરનું જે માતા મરિયમના તીર્થસ્થાન તરીકે પ્રખ્યાત બન્યું. સને ૧૬૫૬માં ફ્રરીથી હોલેન્ડના પ્રોટેસ્ટેન્ટ મિશનરીઓએ કેથોલિક દમન શરૂ કર્યા ત્યારે ૩૦ કેથોલિક પરિવારોએ માતા મરિયમની પ્રતિમા લઈને ગામેગામ સંતાતા રહ્યા. સને ૧૬૭૦માં દમન સમાપ્ત થતા તેઓએ પુનઃ મધુનગરમાં માતા મરિયમની પ્રતિમાની સ્થાપના કરી ત્યારથી આજ સુધી સમગ્ર ધર્મના અનુયાયીઓના શ્રદ્ધાનું કેન્દ્ર બનેલ છે. ૧૪ જાન્યુઆરીએ વડાધર્મગુરુના આશીર્વાદ લેવા માટે લગભગ આઠ લાખ શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

(વેટિકન રેડિયો દ્વારા)

### ખિસ્સામાં શુભસંદેશ રાખો

**વેટિકન :** પોતાના બાળકોને પોષણયુક્ત ખોરાક પૂરો પાડવા અસમર્થ માતાઓને સહયોગ કરવા, આગળ આવવા વડાધર્મગુરુ ફ્રાન્સિસે આમજનતાને સાદ કર્યા છે અને માતાઓને પોતાના બાળકોને નીડર બની જાહેરમાં પણ દૂધ આપવા અનુરોધ કર્યો હતો. સિસ્ટાઈન ચેપલમાં ૧૧ જાન્યુઆરી, ૨૦૧૫ ખ્રિસ્તયજ્ઞ દરમિયાન તેમણે ૩૩ બાળકોને સ્નાનસંસ્કાર આપતાં આ સંદેશ આપ્યો હતો. મહાશ્રીપોપનો ઉપદેશ સ્નાનસંસ્કાર પર પ્રકાશ પાડતો હતો. વળી પ્રબોધક યશાયાના ગ્રંથમાંથી વાંચીને એક આદર્શ માબાપથીએ વધારે કાળજીથી ઈશ્વર પોતાનાં સંતાનોને સુખસંતોષ આપશે, તેની યાદ અપાવી હતી. પરમેશ્વરે ભગવાન ઈસુના વચનો દ્વારા આ સુખસંતોષ પ્રદાન કર્યો છે. હવે બાળકના માબાપ, ધર્મમાબાપ અને સગાંવગાલાંએ આ જ કરવાનું છે. તેમણે ખિસ્સામાં આવી શકે તેવા શુભસંદેશને સાથે રાખવો અને અવારનવાર સમય મળતાં વેંત વાચન કરવું, બાળકોને વાંચી સંભળાવવો, ક્યારેક સમજ આપવી જેથી બાળકો માબાપ; દાદા-દાદીનો 'શુભસંદેશ પ્રેમ' જોઈ અનુસરવા દાખલો લઈ શકે. — CNS

### બાળકોની વહારે

**આર્માઘ: (ઉત્તર આર્યલેન્ડ) :** સરકાર સાથેના વાર્તાલાપમાં, આર્ચબિશપ ઈમોન માર્ટિન અને સાથીદારોએ 'માતાના ગર્ભમાં બીમાર બાળકના ગર્ભપાત માટેની સરકારની સહમતીનો જોરદાર વિરોધ કરશે' એમ જણાવ્યું હતું. 'બાળક અને માતાના સ્વાસ્થ્ય અને જીવનની ચિંતા કરતાં ધર્મસભા સરકારના કાયદાનો વિરોધ કરે છે. સરકારે માતાના ઉદરના ખોડખાંપણવાળા બાળકનો ગર્ભપાત માટે મુક્તિ આપી છે. પોતાના વિધાનની ગંભીરતા અંગે જણાવતાં આર્ચ બિશપે ઉમેર્યું કે, 'ખોડખાંપણવાળા બાળકનો નિકાલ કરવો એટલે કે, શું માતાના ઉદરમાંથી ખોડખાંપણ-વાળા બાળકના જીવનનો અધિકાર પૂરો થાય છે? કોઈ ખોડખાંપણવાળા બાળક કે વ્યક્તિને મળતી તબીબી સારવારથી પણ તેને વંચિત રાખવા એ અન્યાય નથી શું?'

આર્યલેન્ડના ન્યાયમંત્રી ડેવીડે ફોડે દ્વારા બંધારણમાં સંશોધન કરી, ખોડખાંપણવાળા અને જીવલેણ રોગવાળા બાળકના સંજોગોમાં ગર્ભપાત કરવાની છૂટ આપી ગંભીર ભૂલ કરે છે. જીવનરક્ષા એ બાળક માત્રનો અધિકાર છે, તે મળવો જ જોઈએ એમ આર્ચબિશપે આગ્રહ રાખ્યો હતો. – catholic culture org.

**બાઈબલ ક્વિઝના જવાબની વિગત :**

**નોંધ :** પ્રિય વાચકો, અહીં જવાબ તરીકે બાઈબલ સંદર્ભ આપેલ છે જવાબ જાણવા જે તે સંદર્ભ મહાપ્રસ્થાન ગ્રંથના આપેલ અધ્યાયમાં જોવા વિનંતી.

૧. અધ્યાય ૩૦:૧૪ ૨. અધ્યાય ૨૧:૨ ૩. અધ્યાય ૨૨:૨૦ ૪. અધ્યાય ૨૯:૧૦ ૫. અધ્યાય ૨૩:૧૦-૧૧ ૬. અધ્યાય ૨૮:૧ ૭. અધ્યાય ૨૬:૨૫ ૮. અધ્યાય ૩૦:૩ ૯. અધ્યાય ૨૫:૧ ૧૦. અધ્યાય ૨૪:૧-૨

**એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરાતના નવા દર અમલમાં આવ્યા છે તેની વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવા વિનંતી.**

# ધર્મભારતી

## રાષ્ટ્રપતિનો સંદેશ

**ન્યુ દિલ્હીઃ** ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ખ્રિસ્તજયંતીની પૂર્વસંધ્યાએ નાગરિકોને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતુંઃ 'માનવજાત વચાળે શાંતિ સદ્દભાવનાની સ્થાપના માટે આપણે થાક્યા વિના તનતોડ મહેનત કરીએ. મારા દેશવાસીઓને, વિશેષમાં ખ્રિસ્તી ભાઈબહેનોને નાતાલપર્વ ટાણે શુભેચ્છા પાઠવું છું. સૌને આનંદી નાતાલ.' તેમણે ઉમેર્યું હતુંઃ 'ખ્રિસ્તજયંતી પર્વે મીણબત્તી પ્રગટાવતી વખતે ભગવાન ઈસુના પ્રેમ અને સૌહાર્દનું સ્મરણ કરીએ. રોજબરોજના જીવનમાં ભગવાન ઈસુનો સંદેશ અનુસરવા સંકલ્પ કરીએ. પૃથ્વી પર કૃપાપાત્ર લોકોમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા નેકદિલ પ્રયત્ન કરીએ.'

(www.mattersindia.com)

## પ્રથમ શ્રાવ્ય બાઈબલ

**ઈટાનગર (અરુણાચલ પ્રદેશ):** સાક્ષર તેમજ નિરક્ષર જનતાને ઉપયોગી બને તે રીતે આદિજાતિ સાહિત્યમાં, ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડોન બોસ્કો સ્કૂલ, દોઈમુખના વિદ્યાર્થીઓ અને ગુરુજનોએ સાથે મળીને, સમગ્ર નવા કરારને અરુણાચલ પ્રદેશની નીશિ ભાષામાં શ્રાવ્ય (ઓડિયો) રૂપ આપ્યું છે. ઉત્તરપૂર્વ ભારતના મીઓ ધર્મપ્રાંતના સલેશિયન ધર્માધ્યક્ષ જ્યોર્જ પાલ્લીપરામ્પીલે ૧૫ નવેમ્બર, ૨૦૧૪ના રોજ એક કાર્યક્રમમાં ડીવીડી અને પેન ડ્રાઈવ વર્સનનું વિમોચન કર્યું હતું. રાજધાનીના કલેક્ટર મિત્રે કામકીને 'ઓગેડા ગે ચાલે' (સ્વર્ગીય આમંત્રણ)ની પ્રથમ નકલ અર્પણ કરી હતી.

નીશિ ભાષામાં બાઈબલનું પ્રકાશન સુલભ નથી એ સંજોગોમાં, ધર્મજનોની બાઈબલ વાચન ભૂખ સંતોષવા આ શ્રાવ્ય સ્વરૂપનું આયોજન ફાધર જોસકુટ્ટિર થોમાસે કર્યું હતું. દોઈમુખના સભાયાજ્ઞિકના માર્ગદર્શનમાં છ સભ્યો અને ટેકનીકલ સહાયકની મદદથી સમગ્ર નવા કરારનું વાચન શક્ય બન્યું હતું. ઉત્તરપૂર્વ ભારતમાં 'શ્રાવ્ય બાઈબલ'નો આ પ્રથમ પ્રયોગ છે. 'ડોન બોસ્કોની દ્વિશતાબ્દી જન્મજયંતી વર્ષમાં આ પ્રમાણે સલેશિયન સંઘ દ્વારા ધર્મજનોને તેમને પોતાની જબાનમાં પ્રભુવાણી સાંભળવાનો અનેરો લ્હાવો મળશે. એથી વધારે રૂડું શું!' એમ ફાધરે જણાવ્યું હતું.

(www.mattersindia.com)

## પ્લાસ્ટિકના કચરામાં બાળપણ

**વારાણસી (ઉત્તરપ્રદેશ):** 'ડ્રગ એબ્યુઝ રેઝિસ્ટન્સ એજ્યુકેશન' સંગઠનના નેજા હેઠળ ફાધર અભિ અને સિસ્ટર મંજુએ ૫૦ થીયે વધારે બાળકોને નશાની આદતમાંથી છૂટકારો અપાવી, શિક્ષણ માટે પ્રયાસ આદર્યા છે. મોટાભાગે આ બાળકો ખોરાકની શોધમાં રેલ્વે કે રેલ્વેસ્ટેશન પર આશ્રમ શોધતા હોય છે. ફાધરે તેમનો સંપર્ક સાધ્યો અને શેરીઓમાં રઝળપાટ કરતાં બાળકોને તેમના પરિવારજનો સાથે મેળાપ કરાવી આપ્યો છે. આ સંદર્ભમાં વાત કરતાં ફાધરે જણાવ્યું હતું કે, 'વહેલી સવારે વારાણસીના રેલ્વે સ્ટેશન પર સેંકડો બાળકો પ્લાસ્ટિક વીણતાં નજરે ચડશે, જે ૪૦/- રૂપિયે કિલોના ભાવે વેચે છે. બાળ સંભાળ કેન્દ્રમાં હાલમાં ૨૬ બાળકો પરિવારની જેમ રહે છે અને ૫૩ બાળકોને સમજાવી તેમના ઘેર મોકલી આપ્યાં છે.' (AF)

## ન્યાય માટે વલખાં

**ન્યુ દિલ્હીઃ** દલિત ખ્રિસ્તી અને મુસલમાનોને, રોજગારીની તકમાં દલિત તરીકે મળતા લાભ આપવાોન ઈન્કાર કેન્દ્ર સરકારે કર્યા છે ત્યારે માત્ર સુપ્રિમ કોર્ટ જ એકમાત્ર આધાર, ન્યાય મેળવવા માટે બાકી રહ્યો છે! સંસદમાં બીલ અંગે પ્રત્યુત્તર વાળતાં, સામાજિક ન્યાય અને સશક્તિકરણના મંત્રી તવારચંદ્ર ગેહલોતે જણાવ્યું હતું કે, 'દલિત જનજાતિનો દરજ્જો, દલિત ખ્રિસ્તીઓ તથા મુસલમાનોને આપવા માટે સરકાર સંમત નથી.' અછૂત તરીકે ઓળખાતા દલિતોની સામાજિક ઉન્નતિ માટે બંધારણે અનામત પ્રથાની જોગવાઈ કરી છે, જેના આધારે ખાસ સરકારી નોકરીમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિશેષ લાભ આપવામાં આવે છે. ખ્રિસ્તી અને મુસલમાનને આ અધિકારથી વંચિત રાખવામાં આવે છે. તેમ કરવા માટે સરકાર કારણ આપે છે કે, તેઓ હિન્દુ ધર્મની બહાર હોવાથી આ લાભ આપવો શક્ય નથી, જોકે શીખ અને બૌદ્ધ ધર્મીઓને ઘણા લાંબા સમયથી આ લાભ આપવામાં આવ્યા છે.

હવે ખ્રિસ્તીઓ અને મુસલમાનો સુપ્રિમ કોર્ટ તરફ મીટ માંડીને તાકી રહ્યા છે. 'ક્રિશ્ચિયન્સ દલિત રાઈટ્સ ગ્રૂપ્સ, કેસ ૨૦૦૪થી અનિર્ણીત પડ્યો છે. ૨૦૧૧માં સુપ્રિમ કોર્ટ, કેન્દ્ર સરકારને આ અંગે પ્રત્યુત્તર આપવા આદેશ કર્યો હતો. કોર્ટે, કેન્દ્ર સરકારને પ્રત્યુત્તર આપવા કોઈ નિશ્ચિત તારીખ-સમયગાળાનો આદેશ કર્યા નથી, પરિણામે આ ચુકાદામાં અક્ષમ્ય વિલંબ થઈ રહ્યો છે. આ વિષયમાં કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંગનાથ મિશ્રાના અધ્યક્ષપદે પંચની નિમણૂંક કરી હતી, પંચે પોતાના અહેવાલમાં અનામત લાભનું વિસ્તરણ કરી દલિત ખ્રિસ્તીઓ અને મુસલમાનોને સમાવી લેવા ૨૦૦૭માં ભલામણ કરી હતી. વળી સમાન અધિકારની જોગવાઈમાં આ પ્રમાણે લાભ ન આપીને સરકાર બંધારણનો અનાદર કરે છે, તેમ પણ જણાવ્યું હતું. (ucanindia.in)

## ધર્માંતરનો કાયદો

**તિરુવન્તપુરમ્:** તા. ૨૩-૧૨-૨૦૧૪ - ભારતીય કેથલિક ધર્માધ્યક્ષ સંમેલનનાં કાર્ડિનલ બેસિલિયોસ ક્લેમિસે કહ્યું હતું કે બળજબરીથી ધર્માન્તર પર નિયંત્રણ રાખવા માટે કોઈ નવા કાયદાની જરૂર નથી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આગ્રહ કર્યો છે કે બળજબરીથી ધર્માંતરના કિસ્સામાં ભોગ બનેલ લોકોની ચિંતા દૂર કરવા મદદરૂપ બને. કાર્ડિનલ જણાવ્યું હતું કે ધર્માંતર સંબંધી નવો કાયદો એ ભારતીય બંધારણના મૂળભૂત અધિકારોના ઘોર ઉલ્લંઘન સમાન છે. તેમણે સરકારને આહ્વાન કર્યું હતું કે પ્રવર્તમાન કાયદા થકી બળજબરીથી થતી ધર્માંતરની પ્રક્રિયાઓ રોકવામાં આવે.

# ધર્મગુર્જરી

## બાળકોની માવજત અને સુરક્ષા

**નડીઆદઃ** ૧૫ નવેમ્બર, ૨૦૧૪ના રોજ જિલ્લા પંચાયત ભવન હોલ, નડીઆદ ખાતે બાળ અધિકાર અને તરુણાવસ્થા ન્યાય - બાળકોની માવજત અને સુરક્ષા અંગે એક દિવસીય સેમિનાર યોજાયો જેમાં ૭૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. પ્રોગ્રામ મેનેજર મીનાબેને સૌનો આવકાર કર્યો હતો.

અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને પ્રારંભિક વ્યાખ્યાનમાં બાળકોને ઈશ્વરદત્ત બક્ષિસ તરીકે ઓળખાવ્યાં હતાં. 'બાળકોને મારી પાસે આવવા દો' એવા ભગવાન ઈસુનાં વચન ટાંકીને છાત્રાલયના ગૃહપતિઓને શીખ આપી હતી :

"પ્રેમ અને અનુકંપાથી સભર બાળકોની કાળજી રાખો. પોષણયુક્ત ખોરાક પૂરો પાડો, તેમના સ્વાસ્થયની ચિંતા કરો, બીમારની વિશેષ કાળજી લો. બાળકોના જાતિય શોષણની હરકત કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસમાં માનવમૂલ્યોનં સંવર્ધન થાય તેવું વાતાવરણ ઊભું કરો. વર્તમાન જાતિય શોષણ અને બાળ અત્યાચારના વિશ્વમાં, તે અંગે સમજ આપવા ખેડા સોશ્યિલ સર્વિસ સોસાયટીએ આ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું છે. બાળકોની માવજત અને સુરક્ષા સંદર્ભમાં ૧૪ મૂળભૂત સિદ્ધાંતોનો ખ્યાલ આપ્યો હતો. બાળ સંભાળ અંગે સંસ્થાને પ્રમાણપત્ર, ગૃહપતિ અને ગૃહમાતાની ભૂમિકા અને જવાબદારી. સુવિધાગ્રસ્ત માળખું, પ્રાથમિક જરૂરિયાત, તંદુરસ્તી અને સંભાળ, પોષણ, તબીબી સારવાર, શિક્ષણ, રેકોર્ડની સાચવણી વગેરેની પ્રમાણભૂતતા."

'માબાપની છત્રછાયાથી દૂર બાળકોની વિશેષ સારસંભાળ, હકારાત્મક અભિગમથી રાખવી જોઈએ' એવી વાત માતૃછાયા-નડીઆદના સિસ્ટર શીતલ પરમારે રજૂ કરી હતી. સિવિલ હોસ્પિટલ નડીઆદના મેડિકલ ઓફિસર ડો. દિનેશ મધુકરે આ પ્રસંગે જણાવ્યું હતુંઃ "બાળ સ્વાતંત્ર્ય, બાળકોનું યોગ્ય ઘડતર કરે છે. પ્રત્યેક બાળક અને માબાપને આ અંગે સલાહસૂચન મળવાં જોઈએ, બાળકની સંભાળ રાખતા સંચાલકોએ બાળકના પરિવારનું પર્યાવરણ, ઈતિહાસ વગેરેનું ધ્યાન રાખવું જોઈએ. શિક્ષણ, સ્વાસ્થ્ય, મનોરંજન બાળકને મળવાં જોઈએ, પ્રેમાળ વાતાવરણમાં તેનો વિકાસ થાય તે જરૂરી છે."

"કોઈપણ જાતની હિંસાને સ્થાન ન હોય, શારીરિક, મનોવૈજ્ઞાનિક, જાતિય કે સાંર્વેગિક શોષણ રહિત છાત્રાલયમાં બાળકનો સર્વાંગી વિકાસ શક્ય છે. બાળકો જ સમાજ, દેશ અને ધર્મસભાનું ભાવિ છે, પ્રેમ, માવજત અને અનુકંપાથી તેઓનો ઉછેર થાય એજ આપણો ધ્યેય છે" એવો મત સૌએ સ્વીકાર્યો. — સ્નેહાબેન દ્વારા

## પાંચમાં વર્ષમાં પ્રવેશ

**આંકલાવઃ** સોસાયટી ઓફ સેંટ વિન્સેન્ટ દે પોલ અંકલપુર કાલવારી કોન્ફરન્સે પાંચમા વર્ષના પ્રવેશને ૧૬ નવેમ્બર, ૨૦૧૪ના રોજ વિશેષ રીતે ઉજવ્યો. અમદાવાદ ધર્મપ્રાંતના વિકર જનરલ પૂજ્ય ફાધર રોકી પિન્ટો અને સ્થાનિક સોસાયટી આધ્યાત્મિક સલાહકાર, સભાપુરોહિત ફાધર સુનિલ એસ.જે.એ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. આરંભ સેન્ટ્રલ કાઉન્સિલ, એરિયા કાઉન્સિલ અને સ્થાનિક કોન્ફરન્સના હોદ્દેદારોએ, પુરોહિતગણ સાથે સરઘસાકારે દેવળમાં પ્રવેશ કર્યો. ફાધર રોકીએ પ્રભુ ઈસુના જીવનમૂલ્યો આધારિત, માનસેવામાં મંડ્યા રહેવાનો સંદેશ વિન્શેન્શિયન પરિવારને આપ્યો.

ખ્રિસ્તયજ્ઞ બાદ આર.સી. મિશન શાળા હોલમાં રાજેશભાઈ અંકલપુરિયાના અધ્યક્ષસ્થાને વાર્ષિક અધિવેશન યોજાયું. ક્લોડિન છાત્રાલયની બાળાઓના પ્રાર્થના નૃત્યથી શરૂ થયેલ આ કાર્યક્રમનું, દીપ પ્રાગટ્ય, મહેમાન પરિચય અને સ્વાગત સન્માન, વાર્ષિક અહેવાલ વાંચન, આવક-જાવકના હિસાબની રજૂઆત, તબીબી અને શિક્ષણ સહાય, પ્રવચન, આર્શીવચન, આભારદર્શન અને ભોજન સાથે સમાપન થયું હતું.

આ ઉજવણીમાં દાનિયેલ ક્રિસ્ટી (પ્રમુખ, સેન્ટ્રલ કાઉન્સિલ, અમદાવાદ) જોન મેક્વાન (પ્રમુખ, એરિયા કાઉન્સિલ આણંદ) અને સેન્ટ્રલ કાઉન્સિલના પૂર્વપ્રમુખ સુરેશ પરમાર સાથે નજીકના ધર્મવિભાગના પુરોહિતગણ, સાધ્વીબેનો તથા આંકલાવ ધર્મવિભાગના ધર્મજનો, કોન્ફરન્સના હોદ્દેદારો-સભ્યો હાજર રહ્યા હતા.

— શાંતિલાલ એચ. મેક્વાન દ્વારા

## ખ્રિસ્તરાજાનો જય હો

**અમદાવાદઃ** ૨૩ નવેમ્બર, ૨૦૧૪ના રોજ ખ્રિસ્તરાજાનો તહેવાર ભારે ઉત્સાહપૂર્વક વાતાવરણ અને ભક્તિભાવથી ઉજવવામાં આવ્યો. આ વર્ષે સોનામાં સુગંધ ભળે તેમ આનંદ બેવડાયો હતો, કારણ આજ દિવસે સેંટ પીટર ચોક, વેટિકન સિટીમાં આપણા વડાધર્મગુરુ ફ્રાન્સિસ પહેલાએ અન્ય ચાર સંતો સાથે બે ભારતીય સંત - સંત ફાધર કુરિયાકોસ ચાવરા (૧૮૦૫-૧૮૭૧) અને સંત સિસ્ટર યુફ્રેસિયા (૧૮૭૭-૧૯૫૨)ને સંતપદની પંક્તિમાં જાહેર કર્યા હતા. ભારતના પ્રેષિત સંત થોમાસે કેરલની ધરતી પર ઈસુની પ્રથમ સદીમાં જ ખ્રિસ્તીધર્મની ઘોષણા કરી હતી, જ્યાંથી ભારતની ધર્મસભાને ગૌરવ અપાવનાર સંત પેદા થયા છે, તે સમસ્ત ધર્મસભા માટે આનંદનું કારણ છે.

'ખ્રિસ્ત રાજા'ના તહેવાર નિમિત્તે અમદાવાદની આ વિજયયાત્રાનો રસ્તો પરંપરાગત કાર્મેલકોટ- ખાનપુરથી માઉન્ટ કાર્મેલ કથેડ્રલનો, બદલવામાં આવ્યો હતો. તહેવારની ઉજવણીનો પ્રસંગ સાબરમતીના પશ્ચિમ કિનારે યોજાયો. સેંટ ઝેવિયર્સ ચર્ચ નવરંગપુરામાં પરમપ્રસાદની આરાધના બાદ સાંજે ૪.૦૦ કલાકે, વેદીસેવકના પરંપરાગત પરિધાનમાં ક્રોસ અને મીણબત્તી સાથે વિજયયાત્રાનો આરંભ થયો, જેમાં વિશાળ સંખ્યામાં ધર્મજનો, પુરોહિતગણ, સાધ્વીબહેનો અને ખુલ્લી જીપમાં અમદાવાદ ધર્મપ્રાંતના ધર્મધ્યક્ષ પ્રીતસ્સ્કાર સાથે જોડાયા હતા.

ભજનગાન, ગુલાબમાળાની ભક્તિના રટણને કારણે આ વિજયયાત્રા અન્ય ધાર્મિક શોભાયાત્રાઓ કે રાજકીય રેલી કરતાં તદ્દન જુદા જ પ્રકારની હતી, જ્યાં સૂત્રોચ્ચાર, ટ્રાફિકજામ કે કોઈ વાદવિવાદ-તોડફોડને સ્થાન ન હતું. વિજયયાત્રામાં ચારેક હજારની મેદની હોવા છતાં ક્યાંય શોરબકોર ન હતો. રસ્તા પર જોનારની આંખ ઠરે એવી આ વિજયયાત્રા હતી. અંતે સેન્ટ ઝેવિયર્સ, લોયલા હોલમાં સાંજે ૬.૦૦ કલાકે ખ્રિસ્તયજ્ઞની ઉજવણી કરવામાં આવી હતી. ધર્માધ્યક્ષશ્રીએ સંત કુરિયાકોસને એક દીર્ઘદૃષ્ટા અને સમાજસુધારક અને સંત યુફ્રેસિયાને સતત પ્રાર્થનારત નમ્ર સાધ્વી તરીકે ઓળખાવ્યાં હતાં.

સંખ્યાબંધ ખબરપત્રીઓ ત્યાં ઉપસ્થિત હતા જેમણે બીજા દિવસના વર્તમાનપત્રમાં વિસ્તૃત માહિતી આપી હતી. અમદાવાદ શહેર ડિનરીના ડીન ફાધર વેલેરિયન ડાયસ એસ.જે.ની આગેવાનીમાં, અયાોજનબદ્ધ વિજયયાત્રા અને ખ્રિસ્તયજ્ઞ દ્વારા ખ્રિસ્તરાજાના તહેવારની ઉજવણી શાનદાર-જોરદાર રીતે થઈ.

— રાજેશ ક્રિશ્ચિયન દ્વારા સૌજન્ય: TAM

## ઝેવિયર પર્વ

**વડોદરાઃ** ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ, ઝેવિયરનગરમાં સંત ફ્રાન્સિસ ઝેવિયરના પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનનું સામૈયું કરવામાં આવ્યું હતું. ખ્રિસ્તયજ્ઞ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વડોદરા મહાનગર પાલિકાના મેયરશ્રી ભરતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. મેયરશ્રીએ ખ્રિસ્તીઓની દેશસેવાને બિરાદવી, ધર્માધ્યક્ષશ્રીનું બહુમાન કર્યું હતું.

પર્વની ત્રિદિવસીય ઉજવણીમાં પ્રથમ દિવસે ફાધર પરેશ પરમારના હસ્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો અને બીજા દિવસે વિનય મેકવાનની કથાનું આયોજન કર્યું હતું. પર્વ ટાણે ઝેવિયરનગરના રહેવાસીઓ અને આમંત્રિતોએ સમૂહભોજન કર્યું હતું. — રવિ મેકવાન દ્વારા

## 'પુષ્પવિહાર'ના પટાંગણેથી

**આણંદઃ** સંત ફ્રાન્સિસ ઝેવિયરની નાની દીકરીઓના સાધ્વીસંઘનું મુખ્યાલય (formation centre) એટલે ઝેવિયર્સ રોડ પરનું 'પુષ્પવિહાર'. સાધવીસંઘનાં સ્થાપિકા સ્વ. સિસ્ટર મારિયા ઝેવિયરની ૧૮મી પુણ્યતિથિ નિમિત્તે સંઘનાં વર્તમાન સુપીરિયર જનરલ રેવ. સિસ્ટર મેરી ડાભી એલ.ડી.ની નિશ્રામાં 'બાલિકા દિન'નું ઉલ્લાસભેર આયોજન કરવામાં આવ્યું. જેમાં સંઘ સંચાલિત કન્યા છાત્રાલય (પુષ્પવિહાર, પ્રેમજ્યોત, હિંગોરિઆ, લીમડાપુરા, વટવા અને નડીઆદ)ની બહેનોએ ભાગ લીધો હતો.

પુષ્પવિહારના પ્રાંગણમાં વિશાળ શમિયાણામાં રેવ. ફાધર સુનીલ મેકવાન એસ.જે.એ સિસ્ટર ઝાવિયેરના સ્મરણાર્થે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. આરંભે સિસ્ટર પ્રિસ્લ્લાએ પ્રસ્તાવનામાં આજના દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. દીપપ્રાગટ્ય, મહેમાન પરિચય, સ્વાગત બાદ છાત્રાઓએ કલાકૌશલ્ય - ઈસુની દિવ્ય દયાનું નાટક, સંત પુષ્પાવતી નૃત્યનાટિકા, ગરબો, ડાન્સ, રાસ વગેરે - રજૂ કર્યું હતું.

કાર્યક્રમના મહેમાન કુ.જેનીફર મેકવાન (પાણી પૂરવઠા વિભાગ - ગાંધીનગર), શ્રી યાકુબભાઈ (નિવૃત્ત બેંક કર્મચારી) અને શ્રીમતી કુસુમબેન (પ્રા. શિક્ષિકા)નું શાલ-બૂકેથી સન્માન કર્યું હતું. કુમારી જેનીફર મેકવાન, પોતાના છાત્રાલયનાં સંસ્મરણો રજૂ કરી, છાત્રાલયવાસને જીવનનો મહત્ત્વનો કાળ ગણાવી તેનો મહિમા કર્યો હતો. યાકુબભાઈ અને કુસુમબેને છાત્રાલય જીવનમાં ઉપયોગી સદ્‌ગુણોની છણાવટ કરી હતી. સિસ્ટર મેરીએ, સ્થાપિકા સિસ્ટર ઝાવિયેરની કાર્યશૈલી અને જીવન ઝરમર રજૂ કરી, ઉમદા ગુણોને અનુસરવા અનુરોધ કર્યો હતો. ઈનામ વિતરણ અને ભોજન બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

— સિસ્ટર પ્રિસિલ્લા એલ.ડી. દ્વારા

## સ્પર્ધાત્મક પરીક્ષામાં માર્ગદર્શન

**નડીઆદઃ** સેંટ મેરીસ પ્રાર્થના હોલ ખાતે ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે પી.એસ.આઈ., કારકુન, એ.એસ. આઈ.. તથા આસિસટન્ટ માટેની પૂર્વતૈયારી રૂપ એક દિવસીય માર્ગદર્શન શિબિર શ્રી રાજુલ આઝાદના માર્ગદર્શનમાં યોજયો. નિર્મલ મિરિયમ દેવાલયના સભાપરોહિત રેવ. ફાધર મારી જોસેફ આર્શીવચનો આપ્યાં ને શિબિરનો આરંભ થયો. તેમાં ૬૦ જેટલાં યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. શ્રી પ્રફુલ્લભાઈ ગઢવી, પ્રો. શ્રી ભાવિનભાઈ પરમાર, બાબુભાઈએ તેમજ રાજુલભાઈ આઝાદે પરીક્ષા અંગે, પરીક્ષાલક્ષી પ્રશ્નો અંગે અને માબાપનું ઋણ ચૂકવવા અંગે માર્ગદર્શન-પ્રેરણા આપ્યાં હતાં. અંતમાં પરીક્ષાલક્ષી પુસ્તક વિનામૂલ્યે પરીક્ષાર્થીઓને ભેટ આપ્યું હતું. રજની ભાટિયા અને જેમ્સ મેકવાને શિબિરાર્થીઓને ભોજન પૂરું પાડ્યું હતું. — દીપલ કનુભાઈ વાઘેલા દ્વારા

## મહિલાઓને માર્ગદર્શન

**કરમસદઃ** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સંત આલ્ફોન્સા વીમેન કોન્ફરન્સ દ્વારા, ધર્મવિભાગની જ્યોતિ સ્વરૂપ મહિલાઓ માટે ૨૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ 'મહિલાઓને માર્ગદર્શન' કાર્યક્રમ યોજાયો. જીવનસાથી વિનાના એકલવાયા જીવનમાં આનંદ-ઉત્સાહ કેવી રીતે મેળવવાં તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. 'પ્રતયેક વ્યક્તિનું જીવન કેવી રીતે જીવવું તે જે તે વ્યક્તિના હાથમાં છે. ઘરનાં કામકાજ સાથે બહારનાં કામ પણ શીખવાં જરૂરી છે' એવી શીખ સેવાભાઈ સંચાલક બહેનોએ આપી હતી. સભાયાજ્ઞિક ફાધર અંતોન અપ્પાએ, વહુને દીકરી ગણી વ્યહાર કરવા શીખ આપી હતી.

— અમિત ચૌહાણ દ્વારા

## સદ્‌ભાવના સરઘસ

**ઠાસરાઃ** છેલ્લા ચારેક વર્ષથી શરૂ થયેલી સેંટ ફ્રાન્સિસ દે સેલ્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના સંચાલકોએ - સલેશિયન સિસ્ટર્સ ઓફ મેરી ઈમાક્યુલેટ દ્વારા ખ્રિસ્તજયંતીની ઉજવણી નિમિત્તે ૨૨ ડિસેમ્બર, સોમવારના રોજ સદ્‌ભાવના સરઘસનું આયોજન કર્યું હતું, જેમાં અમદાવાદ ધર્મપ્રાંતના

ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન, સેલશિયન સિસ્ટર્સ - ગુજરાત કાઉન્સિલર સિસ્ટર વર્ષા, આચાર્યા સિસ્ટર ઈસપ્રિયા, આજુબાજુના ગામના સરપંચશ્રીઓ, ઠાસરા નગરપાલિકાના પ્રમુખ, પી.એસ.આઈ., વિદ્યાર્થીઓ અને વાલીગણ જોડાયાં હતાં. સરઘસમાં ઈસુના જન્મનું સુંદર દૃશ્ય 'જીવંત ગભાણ' દ્વારા ઊભું કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરંભમાં ધર્માધ્યક્ષશ્રીએ ઉપસ્થિત લોકોને શાંતિનો સંદેશ પાઠવ્યો હતો અને પરસ્પર ભાઈચારો રાખવા અનુરોધ કર્યા હતો. સચ્ચિદાનંદ આશ્રમના મુખ્ય પુરોહિત ફાધર એડવીન રાજકુમારે ધર્માધ્યક્ષશ્રીનું શાલ-ફૂલહારથી સન્માન કર્યું હતું. સરઘસના પ્રયાણ બાદ રસ્તામાં ઠેરઠેર ધર્માધ્યક્ષરીનું સન્માન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ જીવનજ્યોતના રહીશોએ પોતાના મહાગુરુનું શાલ-પુષ્પહારથી, ઈસ્લામ બિરાદરીના આગેવાન અને વેપારી મહાજન તરફથી ફૂલહારથી બિશપશ્રીનું સ્વાગત કર્યું હતું. ત્રણેક ટ્રેક્ટરમાં સજ્જધજ્જ આ સરઘસ ઠાસરા નગરના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ, શાંતિનો સંદેશ સદ્ભાવના દ્વારા ફેલાવી, શાળામાં પરત આવ્યું હતું.

— સિસ્ટર સ્મિતા પોલ મેકવાન દ્વારા

## વાર્ષિક રસોત્સવ

**ઝંખવાવ:** શાંતિ નિકેતન હાઈસ્કૂલે ૨૨ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ૧૬મો વાર્ષિકોત્સવ સુરત જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી મહેશભાઈ વસાવા અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. ધૃવિત ચૌધરીના મહેમાનપદે ઉજવ્યો. દીપપ્રાગટ્ય, પ્રાર્થના અને 'વસુંધરા નૃત્ય'ની રજૂઆત બાદ મહેમાનશ્રીઓનો પરિચય, સ્વાગત સન્માન સાથે માધ્યમિકને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષાના વિજેતાઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યાં હતાં. શાળાના શિક્ષણગણે 'અનેક રંગ, એક ઉમંગ' નાટક રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. 'મૂલ્ય હે અમૂલ્ય' નાટક, અહેવાલ અને 'જય હો' ડાન્સ તેમજ સર્વધર્મ સમભાવના પ્રતીક સમા 'ઉજવીએ ઉત્સવો' નૃત્યએ પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા.

વાર્ષિકોત્સવની પૂર્વ શાળાના વિજ્ઞાન વિષયના શિક્ષકોના માર્ગદર્શનમાં વિજ્ઞાનમેળાનું આયોજન કર્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ૨૨ કૃતિઓ રજૂ કરી હતી. ઝંખવાવ અને આસપાસની શાળાના વિદ્યાર્થીઓએ પ્રદર્શન નિહાળ્યું હતું. શાળાના અનુભવી આચાર્ય ફાધર પેટ્રિક અને ઉત્સાહી ગુરુજનોએ વિજ્ઞાનમેળો અને વાર્ષિકોત્સવની ઉજવણીમાં અનોખી ભાત ઉપસાવી હતી. — રમેશભાઈ પરમાર દ્વારા

**કલોલ (ઉત્તર ગુજરાત):** સેંટ ઝેવિયર્સ શાળા પરિવારે ૨૩ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ૨૯મા વાર્ષિક દિનની ઉજવણી સંદેશાત્મક સભર કરી, જેમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ શ્રી આર.આઈ. પટેલ અધ્યક્ષસ્થાને, કલોલ નગરપાલિકાના પ્રમુખ અને ધી એ.એલ. ઝવેરી હાઈસ્કુલના આચાર્યશ્રી મહેન્દ્રભાઈ બાવરિયા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાર્થના દીપ પ્રાગટ્ય બાદ સહયોગ અને ભાગીદારીના સંદર્ભમાં કે.જી.ના બાળકોનો અભિનય, વાર્ષિક બહેવાલ, આવકાર અને ઈનામ વિતરણથી વાતાવરણ પ્રેરક બનયું. સહયોગ અને સેવા (ધો.૧ થી ૪), સહયોગ અને પ્રગતિ (ધો.૫,૬) સહયોગ અને સાહસ (ધો. ૭,૮) સહયોગ અને પરિવર્તન (માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક)ના વિદ્યાર્થીઓએ 'સહયોગ અને દૂરદૃષ્ટિ' કૃતિઓ રજૂ કરી 'સહયોગ વિના સિદ્ધિ નવી બાબત સિધ્ધ કરી હતી. આમંત્રિત મહેમાનો અને વાલીગણે કાર્યક્રમને આનંદથી માણ્યો અને વખાણ્યો હતો. ફાધર જેમ્સ, ગુરુજનો અને વિદ્યાર્થી કલાકારોને અભિનંદન.

— શ્રીમતી આનંદીબેન ઠાકોર દ્વારા

**આણંદ:** લોટેશ્વર ભાગોળ સ્થિત સેંટ જોસફ પ્રાથમિક શાળામાં ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સંધ્યાવંદના બાદ વાર્ષિક રમોત્સવની ઉજવણી કરવામાં આવી, જેમાં અધ્યક્ષસ્થાને અમદાવાદ ધર્મપ્રાંતના વિકર જનરલ રેવ. ફાધર રોકી પિન્ટો અને મુખ્ય મહેમાન પદે આણંદ વિધાનસભાના ધારા સભ્યશ્રી રોહિતભાઈ પોલ, રાજુભાઈ ફોટોગ્રાફર (પ્રમુખ-આણંદ કેથોલિક સમાજ) તેમજ અન્ય અતિથિ વિશેષશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ વિજેતા અશોકભાઈ સોલંકી, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા પ્રકાશચંદ્ર પરમાર અને શિક્ષણસેવાની રજતજયંતી ઉજવતા શાળાના આચાર્યશ્રી વિન્સેન્ટભાઈનું બહુમાન કરવામાં આવ્યું હતું. અભિનય ગીત, ઈસુજન્મ આધારિત નૃત્ય નાટિકા, દેશભક્તિના રંગનાં નૃત્ય, લોક-નૃત્ય, અહેવાલ, ઈનામ વિતરણ વગેરેએ વાર્ષિકોત્સવને ગતિ આપી હતી. છેલ્લા ત્રણ વર્ષથી શાળાને ગુણોત્સવમાં પરીક્ષાલક્ષી પ્રશ્નપત્રમાં એ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે ત્યારે ફાધર રોકીએ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં. રોહિતભાઈ પટેલે ભારતીય સંસ્કૃતિના ગૌરવ, વિકાસ અને શિક્ષણ પર પ્રકાશ પાડી, માર્ગદર્શન આપ્યું હતું.

— શાળા પરિવાર દ્વારા

## ટેલેન્ટ ઈવનિંગ

**આણંદ:** આઈ.સી.વાય.એમ. અમદાવાદ ધર્મપ્રાંત દ્વારા ધર્મપ્રાંતીય સ્તરે યુવાન-યુવતીઓ તથા બાળકોની છૂપી પ્રતિભાઓ તથા ગાયન-વાદન અને નૃત્ય કળાઓ વિકસે તથા યુવાનોમાં એકતા બને એ હેતુસર "ICYM ટેલેન્ટ ઈવનિંગ" કાર્યક્રમ તા.૨૭ ડિસેમ્બર, ૨૦૧૪ને રવિવારે બપોરે ૨.૩૦ થી ૯.૦૦ દરમિયાન ટાઉન હોલ, આણંદ ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનની હાજરી પ્રેરણારૂપ રહી હતી. અતિથિ વિશેષ તરીકે પેટલાદના બીપીનભાઈ પરમાર હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રૂપ ડાન્સમાં કુલ ૨૩ ગ્રૂપ તથા કરેલ સિંગિંગ કુલ - ૮ ગ્રૂપે સમગ્ર ધર્મપ્રાંતના વિવિધ ધર્મવિભાગોમાંથી પોતાની ભાગીદારી નોંધાવી હતી. પ્રેક્ષકોથી સંપૂર્ણ ભરેલા ટાઉનહોલમાં એકથી એક ચઢિયાતા ડાન્સ તથા ક્વાયર ગ્રૂપે સાચા અર્થમાં ક્રિસમસ ઉજવણીનો માહોલ સર્જ્યો હતો. સ્પર્ધાઓને અંતે ક્વાયર ગ્રૂપમાં કેરેલ સિંગિંગમાં પ્રથમ નંબર પેટલાદ પેરિશ ક્વાયર ગ્રૂપ, દ્વિતીય નંબરે જીસસનગર ક્વાયર ગ્રૂપ તથા તૃતીય નંબરે લીમડાપુરા તથા કરમસદ પેરીશ ક્વાયર ગ્રૂપે નંબર પ્રાપ્ત કરી અનુક્રમે રૂા.૧,૦૦૦/-, ૭૫૦/-,

૫૦૦/-નું રોકડ ઈનામ માનનીય શ્રી ધર્માધ્યક્ષશ્રીના હસ્તે પ્રાપ્ત કર્યાં હતાં.

તેજ રીતે યુથ ગ્રૂપ ડાન્સ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રીત એન્ડ ગ્રૂપ (આણંદ-ગામડી) બીજો નંબર રોઝીસ એન્ડ ગ્રૂપ(ગામડી) તથા હિતેશ એન્ડ ગ્રૂપ સેન્ટ મેરીસ નડીઆદ, વિજેતા બની અનુક્રમે રૂા.૧,૨૦૦/-, ૧,૦૦૦/-, ૭૦૦/-નું રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ હતું. ૧૪ વર્ષથી નાના બાળકોના વિભાગમાં ગ્રૂપ ડાન્સમાં પ્રથમ નંબર કિનિષા તથા ગ્રૂપ (ચાવડાપુરા), દ્વિતીય નંબર અક્ષિતા એન્ડ ગ્રૂપ(પેટલાદ) તથા તૃત્તીય નંબરે નિશા એન્ડ ગ્રૂપ (સામરખા)ના બાળકોએ ઈનામ પ્રાપ્ત કર્યાં હતાં, જેમને અનુક્રમે રૂા.૧,૨૦૦/- ૧,૦૦૦/-, ૭૦૦/- રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું વિચારબીજ તથા આયોજન યુથ ડાયરેક્ટર ફાધર સંદિપ મધુકરે કર્યું હતું, જેમાં ICYMની કોર કમિટિ તથા યુવાધનનો સતત સાથ તથા દાતાઓ અને શુભેચ્છકોનો સહકાર અભૂતપૂર્વ સફળતા અપાવી ગયો હતો. સૌને અભિનંદન તથા સૌનો આભાર.

— દિનેશ પરમાર દ્વારા

## કોમી સંવાદિતાની ઉજવણી

**ગોમતીપુર (અમદાવાદ):** હોલી ફેમીલી ધર્મગિભાગની નાતાલ-નૂતનવર્ષની ઉજવણીમાં રોશની, સ્ટાર, ગરબા, આતશબાજી ઉપરાંત કોમી સંવાદિતાથી ઉજવણીએ સૌમાં ભાઈચારાની ભાવના પ્રગટાવી હતી, જે ઉજવણીનું ઉજ્જવળ પાસું છે. નૂતનવર્ષે સત્કાર કાર્યક્રમમાં ખેડા સોશ્યિલ સર્વિસ સોસાયટીના નિયામક પૂજ્ય ફાધર જોસફ અપ્પાઉએ તેમજ ગોમતીપુર પોલિસ સ્ટેશનના પી. આઈ. શ્રી ડી.એચ. દેસાઈ અને સોસાયટી તથા પોલિસ સ્ટેશનના અન્ય હોદ્દેદારોએ પણ હાજરી આપી શુભકામના પાઠવી હતી. ઘણા વર્ષથી એકલે હાથે કોમી સંવાદિતાના આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવનાર ભદ્રેશભાઈ મેકવાનને અભિનંદન. — ખ્રિસ્તી પરિવાર દ્વારા

## યુવા નેતાઓ

**કરમસદ:** ઈન્ડિયન કેથોલિક યુથ મુવમેન્ટ, અમદાવાદ ડાયોસીસના યુવાનો માટે ૧૧ જાન્યુઆરીના રોજ નેતૃત્ત્વ તાલીમ અને ચૂંટણી કાર્યક્રમ યોજાયો. યુથ ડાયરેક્ટર ફાધર સંદિપ મધુકર તેમજ દિનેશ સરે પ્રસ્તાવના રજૂ કરી, બાદમાં ફાધર ચાલ્સે, નેતૃત્ત્વ તાલીમ આપી હતી. વિવિધ રમત અને પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને નેતૃત્વ સેવા અને સમર્પણની સમજ આપી હતી. યુવા પ્રતિનિધિ ચૂંટણીમાં આલ્ફોન્સ ફ્રાન્સિસ પરમાર (પ્રમુખ) શ્રુતિબહેન (ઉપપ્રમુખ) તેમજ કોર કમિટિના અન્ય સભયોની ચૂંટણી કરવામાં આવી હતી.

— લોરેન્સ જે. રાઠોડ દ્વારા

## બીબીએનની પ્રગતિ

**ભૂમેલ (વડતાલ):** બી.બી.એન (ભૂમેલ બ્રોડકાસ્ટિંગ નેટવર્ક), ખબર-પત્રીથી ધારે મોટી છલાંગ મારી તમારા ટેબલ કે ખોળામાંથી હવે હથેળીમાં આવી ગયું છે! ઘેર જઈને કોમ્પ્યુટરનો ઉપયગોગ કરી માહિતી મેળવવાની રાહ જોવી નહીં પડે. બી.બી.એન. એ પોતાની એપ એ તમને સાનુકૂળતા કરી આપી છે, માત્ર એનડ્રોપ મોબાઈલ પર ક્લીક કરો અને... અત્યાનુધિક કેથલિકની આધ્યાત્મિક જરૂરિયાતને પોષવા તે સજ્જધજ્જ બની રહ્યું છે. ‘સંપૂર્ણ બાઈબલ’ની કલમ વાંચવા બાઈબલ ગ્રંથ ઉઘાડવાને બદલે આંગળીના ટેરવાં પર વાંચી શકશો! તમે ક્યાં પણ હશો, ક્યારેક પણ પરમાત્માનાં વચન વાંચી શકો છો. આ સિવાય ભજનો પણ સાંભળી શકો છો. વિશ્વમાં પથરાયેલ ૧.૩ કરોડ એપ્સમાંથી માત્ર બીબીએમ જ ધર્મજનોને પરમાત્મા સાથે સેતુ બાંધવા સક્ષમ છે. જેનું ઉદ્‌ઘાટન ગુજરાત સાહિત્ય પ્રકાશના નિયામક રેવ. ફાધર જેરી સિક્વેરા, એસ.જે.એ નૂતન વર્ષના ખ્રિસ્તયજ્ઞ બાદ ઝેવિયર ચર્ચમાં કર્યું હતું. સૌએ ઉલ્લાસભેર તેને વધાવી લીધું હતું. — ફ્રાન્સિસ પરમાર દ્વારા

## સાબરકાઠામાં મહાધર્માધ્યક્ષશ્રી

**મેઘરજ:** તા.૧૧-૧-૨૦૧૫ના રોજ કેથોલિક ચર્ચ, મેઘરજ ખાતે ૧૪ બાળકોનો બળસંસ્કાર વિધિ થયો હતો. તેમજ ૧૨ બાળકોએ પ્રથમ ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આર્ચબિશપ સ્તાનીસલાઉસ ફર્નાન્ડીસે સૌને ધર્મશિક્ષણ આપી, ભક્તિમાં દ્રઢ રહેવા તથા પ્રભુ ઈસુના સાક્ષી બનવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે મેઘરજ તાબાના પાંચસો જેટલા ધર્મજનો હાજર રહ્યા હતા. ખ્રિસ્તયજ્ઞ પછી એક સાંસ્કૃતિક અને સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગરના માનવંતા આર્ચબિશપે પોતાના જીવનના ૭૫ વર્ષ પૂરાં કર્યાં છે, જેમાંથી ૬૦ વર્ષ ઈસુ સંઘમાં, યાજ્ઞિક તરીકે ૫૦ વર્ષ અને બિશપ તરીકે ૨૫ વર્ષની સેવા બજાવી છે. આર્ચબિશપનું મહાસન્માન કરતાં ફૂલહાર, શાલ વગેરે અર્પણ કરવામાં આવ્યાં હતાં. સભાપુરોહિત ફાધર આરોગ્યસ્વામીએ બિશપનો તેમજ સૌ ધર્મજનોનો આભાર માન્યો હતો. ધર્મજનો અને ઉપસ્થિત સૌએ બપોરના પ્રેમ ભોજનમાં ભાગ લઈ એકબીજાની વિદાય લીધી હતી. — પારગી જયંતીભાઈ દ્વારા

## નવા વર્ષની ઉજવણી

**બાલાશિનોર:** સેક્રેટ હાર્ટ ચર્ચ - ધર્મવિભાગમાં નવા વર્ષ જ ધર્માધ્યક્ષશ્રીની પધરામણીથી નવું વર્ષ યાદગાર બન્યું. ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને ખ્રિસ્તયજ્ઞ દરમિયાન અગિયાર બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ તથા અઢાર યુવક-યુવતીઓને બળસંસ્કાર પ્રદાન કર્યો હતો. માતા મારિયાની નવનિર્મિત ટેકરીનો આશીર્વાદ પણ ધર્માધ્યક્ષશ્રીએ આપયો હતો. સોસાયટી ઓફ સેંટ વિન્સેન્ટ દે પોલ, સેક્રેટ હાર્ટ કોન્ફરન્સ દ્વારા સૌ માટે રમતગમતનું આયોજન કર્યું હતું. ઈનામ વિતરણ અને સમૂહભોજન બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું. — ઈગ્નાસ કે. પરમાર દ્વારા

## નાતાલ સપ્તાહ

**વડોદરા:** રોઝરી પેરિશમાં નાતાલ સપ્તાહની ઉજવણી નમૂનારૂપ થઈ. એલ. કે. નગરના યુવાનોએ ખૂબ જ જહેમતથી બેનમૂન ગભાણ દૃશ્ય તૈયાર કર્યું હતું. ખ્રિસ્તજયંતીની પૂર્વસંધ્યાએ બ્રધર ફિલિપ ઓડિટેરિયામાં, વડોદરા ધર્મપ્રાંતના

ધર્માધ્યક્ષશ્રી ગોડફ્રી ડી રોઝારિયોએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ૨૬મીએ ધર્મશિક્ષણનાં બાળકો માટે રમતોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, નાતાલભેટ, ૨૭મીએ સીનિયર માટે વિવિધ રમતો, નાતાલ ભેટ તેમજ સમૂહભોજન, ૨૮મીએ ગુજરાતી પરિવાર તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ઉજવણી થઈ હતી.

નૂતનવર્ષ પૂર્વસંધ્યાના જાગરણ ખ્રિસ્તયજ્ઞ બાદ, રોઝરી ચર્ચના રજતજયંતી નિમિત્તે ખાસ કેલેન્ડર અને મુખપત્ર 'સ્પંદન'નું વિમોચન કર્યું હતું. સભાપુરોહિત, પુરોહિતગણ તેમજ પેરીશ કાઉન્સિલના સભ્યોના સહકારથી સમગ્ર સપ્તાહ આનંદમય બની ગયું.

— 'રાજબંધુ' જયંત પરમાર દ્વારા

## સર્વોત્તમ છાત્રાલય પુરસ્કાર

**ભરૂચઃ** તા.૭-૧૨-૨૦૧૪ના રવિવારના રોજ સવારના ૯ થી સાંજના ૪ વાગ્યા સુધી આદિવાસી કુમાર છાત્રાલય ઝંખવાવના પટાંગણમાં સેંટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદના આચાર્યશ્રી ફાધર રોબર્ટ આરોગ્ય સ્વામી અને સેંટ ઝેવિયર્સ લોયેલા હાઈસ્કૂલ અમદાવાદના આચાર્યશ્રી ફાધર દુરાઈ ફર્નાન્ડિના અધ્યક્ષતામાં દક્ષિણ ગુજરાત આંતર છાત્રાલય પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૧૪માં યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ઈસુસંઘી કુલ આઠ છાત્રાલયોનાં વિદ્યાર્થીઓ (૧) લોકગીત (૨) લોક-નૃત્ય (૩) નાટક (૪) વક્તૃત્વ સ્પર્ધા (૫) ક્વીઝ વગેરેની સ્પર્ધાનું સુંદર આયોજન કર્યું હતું.


શરૂઆત પ્રાર્થના ડાન્સ અને દિપ પ્રાગટ્યથી કરી હતી. શપત ગ્રહણ વિધિ બાદ સ્પર્ધા બાદ શરૂ કરવામાં આવી હતી. સ્પર્ધામાં સ્પીકર તરીકે સેજલ ટી. ચૌધરી અને રોનક ચૌધરીએ સુંદર સંચાલન કર્યું હતું.

દક્ષિણ ગુજરાત આંતર છાત્રાલય સ્પર્ધામાં ભરૂચ, અંકલેશ્વર, ઝંખવાવા, આશ્રમ શાળા ઝંખવાવ, ચિતલદા, નાની સિંગલોટી, દેવગઢ, દઢવાડા આમ આઠ છાત્રાલયોએ ભાગ લીધો હતો એમાં ઝંખવાવની છાત્રાલયનો શ્રેષ્ઠ દેખાવ હતો. જ્યારે હાઈસ્કૂલ વિભાગમાં અમૂલ્ય કુમાર છાત્રાલય ભરૂચને બેસ્ટ હોસ્ટેલ જાહેર કરી. ભરૂચ છાત્રાલયના ગૃહપતિ માનસીંગ વસાવાને શિલ્ડ એનાયત કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રાથમિક કક્ષાનું માટે આદિવાસી છાત્રાલય અંકલેશ્વરને બેસ્ટ છાત્રાલય જાહેર કરી અંકલેશ્વર છાત્રાલયનાં ગૃહપતિ શ્રી બકુલ વસાવાને શિલ્ડ એનાયત કરવામાં આવ્યું હતું.

અમૂલ્ય કુમાર છાત્રાલય ભરૂચને દક્ષિણ ગુજરાતીન છાત્રાલયનો બેસ્ટ હોસ્ટેલ જાહેર કરતા સંચાલકશ્રી ફાધર હિલેરી પરેરા, ફાધર ટોની ક્રૂસ, બ્રધર સુધીર બેક, ફાધર રોય મીરાન્ડા સર્વકર્મચારીઓ અને વિદ્યાર્થીઓમાં આનંદની લહેર ફેલાઈ જવા પામી છે.

— માનસીંગ ગૃહપતિ દ્વારા

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. ડહીબેન (મારીયા) થોમાસભાઈ પરમાર**
જન્મઃ ૨૮-૭-૧૯૩૨ ★ અવસાનઃ ૧-૧-૨૦૧૪


પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. તમારો દુઃખી પરિવાર**
**શીલુભાઈ અને જયંતીભાઈ પરમાર** (કરમસદ)

**સ્વ. ડેમીયાન જોન**
જન્મઃ ૧૯-૦૩-૧૯૧૬
અવસાનઃ ૧૨-૦૨-૨૦૧૪
**સ્વ. સરલાબેન ડેમીયાનભાઈ**
અવસાનઃ ૨૪-૧૦-૧૯૭૯

પૂજ્ય મા તથા બાપુજી

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારા દિલની પ્રાર્થના.



**લિ. આપનાં બાળકોઃ રોબર્ટ, શારદા, ધીરેન, અજય** (પોરડાવાળા)

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. વિપુલભાઈ વિલ્યમભાઈ પરમાર**
જન્મઃ ૧૯-૩-૧૯૭૩ ★ અવસાનઃ ૧૦-૧૨-૧૪


પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. વિલ્યમભાઈ કલ્યાણભાઈ પરમાર**
**તથા દુઃખી પરિવાર** ખ્રિસ્તી મહોલ્લો, બેડવા




**સ્વ. એલીસાબેત માયકલ**
જન્મઃ ૦૬-૧૧-૧૯૨૧
અવસાનઃ ૨૨-૦૨-૨૦૦૮

**સ્વ. માયકલ ખુશાલ**
જન્મઃ ૨૮-૦૯-૧૯૧૬
અવસાનઃ ૦૭-૦૧-૧૯૮૯



**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. પરમાર રામાભાઈ ટીસાભાઈ**
જન્મઃ ૧૦-૧૦-૧૯૩૩ ★ અવસાનઃ ૨૦-૨-૨૦૧૪

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. લલિતાબેન (બબુબેન) રામાભાઈ પરમાર**
**તથા પરિવાર**



**સ્વ. મોહનલાલ ગોવિંદલાલ પટેલિયા**
અવસાનઃ ૧૦-૦૨-૨૦૧૪
**સ્વ. માણેકબેન (માર્ગેટ) એમ. પટેલિયા**
અવસાનઃ ૦૧-૦૪-૨૦૦૬

જીવન જીવવાનો સાચો રસ્તો બતાવવા બદલ આભાર.

પ્રભુ પરમેશ્વર આપના આત્માને પરમ શાંતિ બક્ષે એજ પ્રાર્થના સહ



## ફ્લેટની કિંમતમાં તમારું પોતાનું ઘર

## N.A., N.O.C., Title Clear

# Purshottam Park

### ૨ બેડરૂમ + બેઠકરૂમ + રસોડાના અદ્યતન રો-હાઉસ



- દરેક રો-હાઉસની આગળ ૫'૬" જગ્યા.
- દરેક રો-હાઉસને પોતાનો સ્વતંત્ર પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત દાદર કેબિન સાથે.
- સોસાયટીની અંદરના P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીનો સુંદર મેઈન-ગેટ.
- દરેક રો-હાઉસના સ્વતંત્ર પાર્કિંગ એરિયામાં પેવર બ્લોક.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- શરતોને આધીન.

### ૩ બેડરૂમ + હોલ + કિચન + ડાઈનીંગના સુઆયોજિત બંગ્લોઝ



- દરેક બંગ્લોઝને પોતાનું સ્વતંત્ર કાર પાર્કિંગ.
- દરેક બંગ્લોઝને પોતાનો આગવો પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત R.C.C. દાદર કેબિન સાથે.
- સોસાયટીમાં P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- દરેક બંગ્લોઝના પાર્કિંગમાં પેવર બ્લોક ફિટિંગ.
- સોસાયટીનો સુંદર મેઈન ગેટ.
- શરતોને આધીન.

**વધારે વિગત માટેઃ**

**૮૮૬૬૧ ૬૮૯૨૭, ૯૯૨૪૬ ૮૬૬૦૦**

**સાઈટ એડ્રેસઃ**

પુરષોત્તમ પાર્ક, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં,
સરકારી વસાહત પાછળ,
મિશન રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨

# ✝ N.A. ટાઈટલ કલીયર પ્લોટોનું વેચાણ ચાલુ છે.

ફલેટના ભાવે મકાન. ✝ ૧૦૦% લોન પેપર્સ ઉપલબ્ધ તથા અન્ય સુવિધા સાથે.



**ખ્રિસ્તી કુટુંબીજનોને હાર્દિક શુભેચ્છા સહ...**
**ઈસુનું હૃદય એટલે બેથલેહેમ...**

ત્રણ રૂમ રસોડું, પાંચ રૂમ રસોડું, વિશાળ પાર્કિંગ અને અન્ય સુવિધાઓ સાથે...

## BETHLEHAM Park




**બુકિંગ ચાલુ છે.**

**બુકિંગ સંપર્ક**

નવિન ગણાત્રા – ૯૮૨૪૪ ૧૧૦૬૮
રમેશભાઈ પટેલ – ૯૮૨૪૪ ૯૧૭૨૯
અશોકભાઈ પટેલ – ૮૭૩૩૯ ૭૫૭૫૬

**સાઈટ**

સેંટ.ઝેવિયર્સ હાઈસ્કુલની પાછળ,
પ્રાર્થના વિહાર સોસાયટીની બાજુમાં,
ચાવડાપુરા, જીટોડીયા
તા. જી. આણંદ.

BETHLEHAM Park
Behind St. Xavier's School,
Chavdapura, JITODIA.
Tal./Dist. Anand.

NAVIN CONSULTANCY
98244 11068
NAVIN GANATRA (B.E.Civil)



# પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## વ્હાલા મોન્ટુ, (સ્વપ્નીલ)

પાંચ પાંચ વર્ષો તારા વિના પાંચ જન્મારા જેવા લાગ્યા છે. ઈશ્વરને તને પાસે બોલાવવાની ઉતાવળ હતી. એમાં તને ઝળહળતો જોવાની અમારી જ્યોતી બુઝાઈ ગઈ અને અમારે માટે કાળુધબ અંધારું મૂકતી ગઈ !

તારી ત્રણ બહેનોની વેદનાનો સરવાળો તું ભગવાનને પૂછી જોજે અને એ પણ પૂછજે કે અયન, આસ્થા, ભવ્યા પૂછે છે મામા ક્યાં ગયા ? - એ પ્રશ્નોના અમારે એમને આપવાનો જવાબ.

તું હોત તો ! ની કલ્પનાઓ કરીને અમે અમારા દિવસો પસાર કરીએ છીએ મોન્ટુ હોત તો આટલો મોટો થઈ ગયો હોત, નોકરીએ લાગી ગયો હોત અને તને હરખભેર પરણાવ્યો હોત ! અને તું હોત તો અમે દાદા-દાદી બની ગયાં હોત! આ તું હોત તો "અમને મધુરી કલ્પના કરાવતું નથી, પણ પારાવાર વેદના આપે છે. કારણ કે તું નથી, નથી ને નથી એ અમે માની શકતા જ નથી.

પુનરુત્થાનની પ્રભાતે અમારે મન ઈશ્વરના આશીર્વાદનું તોરણ છે. એટલે તો અમે જીવીએ છીએ !

લિ. તારા દુઃખી મમ્મી પપ્પા
તથા પરિવાર
રામબાગ સોસાયટી, પેટલાદ

જન્મ : ૧૧/૧૧/૮૪ • મરણ : ૦૯/૦૨/૨૦૧૦

PAVAN HRUDAYA DOOT, February, 2015 No. of Pages 64 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમાં છું."**







**સ્વ. લ્યુસિનાબેન મૂળજીભાઈ પરમાર**

જન્મ: ૦૯-૦૮-૧૯૩૭

અવસાન: ૧૨-૦૨-૨૦૧૩



સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી!
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી!
આપની વિદાયને જોતજોતામાં બે વર્ષ વીતી ગયાં!
પળનાં વિલંબ વિના તમે પહોંચી ગયાં પ્રભુના ધામમાં.
અંકુરીત જીવનની અંજલિ આપીને
આસમાનમાં તારો તમે બની ગયાં.
આખી જિંદગી પરિશ્રમ કર્યો, કર્તવ્યનિષ્ઠ,
વ્યવહાર કુશળતા અને કુટુંબ પ્રત્યેનો
પ્રેમ તમે આપતાં ગયાં.
આપના સદ્‌ગુણો અમારો,
આદર્શ બની રહે એજ પ્રાર્થના.
કુટુંબની પ્રગતિનું પહેલું પગથિયું બનેલ
તમને અમારાં કોટી કોટી વંદન.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે
એજ અમારી પ્રાર્થના.

**લિ.**
**ઈમાનુએલ (મૂળજીભાઈ) દેવજીભાઈ પરમાર**
**તથા આપનો સમગ્ર પરિવાર અને આપના બાળકો**
**સ્વપ્નીલ, બ્લેસી, બ્રાયન**
**ખ્રિસ્તી મહોલ્લો, પીપળાવ, સોજીત્રા.**

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan